

તૃતીયકર્મગ્રંથ

બંધસ્વામિત્વ

રમ્યરેણુ









શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી ગૌતમસ્વામિને નમઃ
શ્રી ભદ્ર-ઉંકાર-ચંદ્રયશગુરુભ્યો નમઃ

પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

તૃતીયકર્મગ્રંથ

બંધસ્વામિત્વ

તથા

પૂ. આચાર્ય શ્રી વીરશેખરસૂરિ મહારાજા વિરચિત

ઉદય-ઉદીરણાસ્વામિત્વ
સત્તાસ્વામિત્વ

(પર્યાયબોધપીઠિકા, પ્રશ્નોત્તરી, ટીપ્પણ, ચિત્ર વિવેચન સહ)

: લેખિકા :

સાધ્વી શ્રી સુયશરેણુ

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009.
Phone : (079) 23276252, 23276204-05

: પ્રકાશક :

શ્રી રાંદેર રોડ જૈન સંઘ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર

અડાજણ પાટીયા, મુ. સુરત.

: દ્રવ્ય સહાયક :

શ્રી રાંદેર રોડ જૈન સંઘ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર અડાજણ પાટીયા, મુ. સુરત.



: લેખિકા :
પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ.

સંવત ૨૦૬૨




સેવંતીભાઈ એ. મહેતા
શ્રીઓંકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-1.
ફોન : 0261-2596531



ડૉ. સંજયભાઈ બી. શાહ
10-એ-બી, અંજનશલાકા,
લાલ બંગલા દેરાસર સામે, અઠવા લાઈન્સ,
સુરત. ફોન : 3059444, 2214723



દ્વિતીય આવૃત્તિ



સી. મહેન્દ્ર એન્ડ કું.
18-એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ, ડુંગરશી રોડ,
વાલકેશ્વર, મુંબઈ. Ph. 23637897
1204, પંચરત્ન, ઓપેરા હાઉસ, મુંબઈ-4.
ફોન : 022-23642509



મનસુખભાઈ એસ. વોરા
104, સત્‌નામ, ઈરાની વાડી,
મથુરદાસ ક્રોસ રોડ, કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ-67. ફોન : 022-8074766



નકલ - ૧૦૦૦




શ્રી પાર્શ્વ ભક્તિનગર
વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
હાઈવે, ભીલડી.
ફોન : 02744-233129




ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ,
અમદાવાદ-380001.
ફોન : 079-22134176, 22124723



મૂલ્ય : રૂા. ૧૦૦-૦૦



જે. બી. પરીખ
વિજયઓંકારસૂરિ ધર્મોદ્યાન,
વાવપથક ધર્મશાળા, તળેટી રોડ,
પાલીતાણા-364270. (સૌ.)
ફોન : 02848-253253



પ્રવિણભાઈ વડેચા
C/o. પી. આર. એન્ડ કું.
પો.નં.-203, શાહુપુરી, કોલ્હાપુર, (મહા.)
ફોન : 0231-2658461, 2655443

(તા. ક. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી તૈયાર થયું હોવાથી ગૃહસ્થોએ મૂલ્ય આપીને જ માલિકી કરવી.)

મુદ્રક : ભરત ગ્રાફિક્સ, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



रम्यास्य दिव्यदीपस्य, हेमज्योति. सुहर्षदम् ।
स्यात्सदा भव्यलोकानां, श्रीशङ्खेश्वरपार्श्व ! ते ॥ १ ॥

વંદનાવલિ.....

પૂ. પંન્યાસ શ્રી ભાગ્યેશવિજય મ.

પૂ. આ. યશોવિજયસૂરિ મ.

પૂ. આ. શ્રી ઉંકારસૂરિ મ.

પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરિ મ.


પૂ. આ. શ્રી રામસૂરિ મ.

પૂ. આ. ભદ્રગુપ્તસૂરિ મ.

પૂ. શ્રી મુનિચંદ્રસૂરિ મ.

વંદિતાસૂત્ર.....

સમર્પણ





વત્સલ મૂરત
પૂ. પિતાશ્રી મહારાજ !
સદેહે આપની
કૃપામયી દૃષ્ટિ પથે શરૂ થયેલી
અને આજે આપના સહેલા
માત્ર દિવ્ય કૃપામય અસ્તિત્વના
આધારે પૂર્ણ થતી
આ લેખન-યાત્રા
સંવેદના સભર હૃદયથી
આપની સ્મૃતિને
સમર્પિત કરું છું.

આપની બાલિકા
હર્ષગુણાશ્રીજી



સંસ્મરણીય જીવનયાત્રાના સ્વામી તપસ્વી પૂ. ચંદ્રયશવિજયજીમહારાજા...

પિતાશ્રી : ડોસાભાઈ **માતુશ્રી : હરકોરબેન...**



૨૫-૫-૧૯૨૭ના દિવસે આ પૃથ્વી પર આપે પગ માંડ્યા... ઝીંઝુવાડાનગરી ધન્ય બની.....

સંયમતરફની દૃઢશ્રદ્ધાનું જાણે પ્રાગટ્ય થયું... કૌટુંબિક, જીવન વ્યવહારની ફરજો વચ્ચે પણ નીતિમત્તા, ભક્તિ, ત્યાગ, સંસાર પ્રત્યે ઉદાસીન વલણ, અને પરોપકાર જીવંત રાખ્યાં. 'ચંદુભાઈભગત' એક ધાર્મિક શ્રદ્ધાસભર નામ બન્યું.

ધર્મપત્ની સાથે સતત વૈરાગ્યમાર્ગની ચર્ચા... પથકના આજુબાજુના ગામોમાં ધર્મક્ષેત્રના વિવિધકાર્યોમાં સતત ઉત્સાહ સાથે ઉપસ્થિતિ... મહાપૂજનો, ભાવનાઓ..., સાંસ્કૃતિક કાર્યક્રમોની સંપૂર્ણ જવાબદારી..

સંયમની પ્રાપ્તિ માટે પાંચદ્રવ્યથી વધુ ન વાપરવા, તથા દર વર્ષે એક દ્રવ્યનો ત્યાગ કરતાં જવાના કઠોર અભિગ્રહના આરાધક બનતા છેલ્લે બે વર્ષ માત્ર બે દ્રવ્ય પર રહ્યાં પરિણામે સમહોત્સવ વિ.સં.૨૦૩૩ વૈ.સુ.૧૦ના અક્રમતપ સાથે આપ બન્યા.

પૂ. ચંદ્રયશવિજય મહારાજ

ચંદ્રયશવિજય
દીક્ષાદિન
અક્રમતપ

દીક્ષા દુર્લભ એ સમયમાં પણ આપે ધર્મપત્ની, બે પુત્રો, ચાર પુત્રી, ભત્રીજી વિગેરે બધાને સાથે લઈને સંયમયાત્રા શરૂ કરી પરિણામે પરિવારના.... ભાગ્યેશવિજય મ.સા., મહાયશવિજયમ.સા. (સુપુત્રો) રમ્યગુણાશ્રીજી મ.સા.(ધર્મપત્ની) હર્ષગુણાશ્રીજી મ.સા., હેમગુણાશ્રીજી મ.સા., દિવ્યગુણાશ્રીજી મ.સા., ભવ્યગુણાશ્રીજી મ.સા. (સુપુત્રીઓ) મહાયશાશ્રીજી મ.સા. (ભત્રીજી) દિક્ષીતરત્નો થયા. પૂજ્યપાદદાદા ગુરૂદેવ ભદ્રસૂરીશ્વરજી મહારાજાનાં પાવન આશિષ-વાસક્ષેપ અને પૂજ્યપાદ ગુરૂદેવ આ૦ભ૦શ્રી ઉંકારસૂરીશ્વરજી મહારાજાનાં ચરણે જીવન સમર્પિત કરી, ગુરૂપારતન્ત્યતા, પરમાત્મપ્રત્યે પૂર્ણશ્રદ્ધા, તપશ્ચર્યા અને જાપને આપે આપનાં તરવાનાં પ્રમુખ સાધન બનાવ્યા.



ગૃહસ્થ જીવનમાં માસખમણ, ૧૬ ઉપવાસ, વરસીતપ, ચત્તારિ-અટ્ઠ-દસ-દોય, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૩, ૯ ઉપવાસ, અનેક અટ્ઠાઈઓ છટ્ઠ, અટ્ઠમ આદિ તપશ્ચર્યા કરનાર આપશ્રી મુનિજીવનમાં પણ તપશ્ચર્યાના ક્ષેત્રે આગળ વધતા રહ્યા. વાકડીયા વડગામ નગરે(રાજ.) ૫૧ ઉપવાસ, ભદ્રતપ,, સિદ્ધિતપ, શ્રેણિતપ, સિંહાસન તપ, અટ્ઠાઈઓ, અટ્ઠમો, વીરગણધરતપ, ધર્મચક્ર તપ, ૬૫ વર્ધમાન તપની ઓળી, આયંબિલ સાથે સિદ્ધાચલની ૯૯ યાત્રા, નવપદની ઓળી... એ આપની તપશ્ચર્યા અપ્રમત્તતાનો આદર્શ હતો. ગૃહસ્થજીવનમાં પણ ૩૦મા ઉપવાસે આપ, સૌને ભાવનામાં-પ્રભુભક્તિમાં તન્મય બનાવતાં, ૫૧ ઉપવાસમાં પણ આપ કદી દિવસે ન સૂતાં, તેમ ક્યારેય દિવાલનો ટેકો પણ ન લીધો... જાપ... આપની આંગળી... નવકારવાળી... આપનું હૃદય... પરમાત્માનું નામ... બધું જ જાણે દિવસે કે રાત્રે એકાકાર હતું... વૈયાવચ્ચ આપનો અમર વૈભવ હતો, જીવનના છેલ્લા દિવસ સુધી આપ વડીલોનું અને સઘળા સ્થાપનાચાર્યજીનું પડિલેહણ કરવાનું ચૂક્યા નહિં.



તપસી મહારાજ, ભક્તિ-વૈયાવચ્ચી મહાત્મા તરીકે આપ સૌના જીભે હતાં અને વાત્સલ્યગુણથી આપ સૌનાં બાપા મહારાજ બન્યાં. આપ શંખેશ્વરદાદાના પરમભક્ત... ગમે તેવા વિકટ સંયોગોમાં પણ પૂનમે ઝીંઝુવાડાથી શંખેશ્વરની પગે ચાલીને પણ આપ દાદાની પૂજા કર્યા પછી જ પચ્ચક્ખાણ પારતાં... દીક્ષા પછી વર્ષો સુધી વિહારમાં આવતાં પાર્શ્વનાથ-દાદાના દરેક તીર્થોમાં આપને અઠ્ઠમ હોય... અને એ જ પ્રભુની આરાધનાને કાયમી સાથે રાખવા અચાનક જ ભીલડીયાજી તીર્થથી ૪ કિ.મીટર દૂર નેસડાનગરે મહિમાવંત મનમોહનપાર્શ્વનાથ પ્રભુના સાન્નિધ્યમાં... પૂ. અરવિંદસૂરિ મ.સા. અને પૂ. યશોવિજયજીસૂરિ મ. સા., ઉપા. મહાયશ વિ.મ. તથા ગણિ ભાગ્યેશ વિ.મ. મુ.મહાયશ વિ.મ.(સુપુત્રો)ની ઉપસ્થિતિમાં નવકાર મહામંત્રની ધૂન વચ્ચે, જયંતિલાલ કાળીદાસ પરિવાર આયોજીત અઠ્ઠમતપ પ્રસંગે આજુબાજુમાં રહેલાં ૧૧૧૦ અઠ્ઠમતપના તપસ્વીઓ વચ્ચે વિ. સંવત ૨૦૬૦ના પોષીદશમના દિવસે ૧૦ કલાકે છઠ્ઠતપ સાથે આપે વિદાય લીધી...



૧૦નો આંક આપની સાથે રહ્યો...

જન્મ વૈ.સુદ.૧૦...,

દીક્ષા વૈ.સુદ.૧૦...,

સ્વર્ગવાસ મા.વદ.૧૦ (પોષીદશમ)

સમય સવારે ૧૦ વાગે ૧૦ મીનિટે... નેસડાનગર પર આપની સ્મૃતિ કાયમી અંકિત બની નેસડા સંઘ ધન્ય બન્યો, ૫૦૦૦ ગુરૂભક્તો, ગ્રામ્યજનો વચ્ચે આપ આકાશમાં અમર જ્યોતિરૂપે છવાયાં...



પ્રકાશકીય

પરિવર્તનશીલ સંસાર છે. બધું પરિવર્તન પામી રહ્યું છે. આજના સંયોગો આવતીકાલે બદલાઈ જવાનાં છે. આજનો સમય આવતી કાલે ચાલ્યો જવાનો છે.

આજની સામગ્રી આવતી કાલે વિદાય લેવાની છે. આ એક વાસ્તવિકતાને સમજવી. એટલે જ જૈનશાસનના કર્મફિલોસીફીના હાર્દને સમજવું...

ગતિ બદલાય એટલે કેટલી ઝડપથી કર્મનો બંધ, કર્મનો ઉદય, ગુણસ્થાનક બદલાઈ જાય છે. તેની સુવિસ્તૃત સમજણ એટલે જ તૃતીય કર્મગ્રંથ...

પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી **દેવેન્દ્રસૂરિ મ. સા.** વિરચિત તૃતીયકર્મગ્રંથનું સરળ-સુબોધ ભાષામાં ગુજરાતી વિવેચન પૂ. સાધ્વીજી **શ્રી રમ્યગુણાશ્રીજી મ. સા.** ના શિષ્યા સાધ્વીજી **શ્રી હર્ષગુણાશ્રીજી**એ લખેલ છે. રમ્યરેણુના બધા કર્મગ્રંથના પુસ્તકો જૈન સમાજમાં આદરણીય અને આવકારપાત્ર બન્યા છે. પાઠશાળામાં પાઠ્યપુસ્તક તરીકેનું સ્થાન પામેલ આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ આજે ટૂંક સમયમાં રિપ્રિન્ટ કરવી પડી છે. તે જ તેની ગ્રાહકતાની પ્રતીતિ કરાવે છે.

આ પુસ્તક પ્રકાશનનો લાભ **શ્રી રાંદેર રોડ જૈન સંઘ**, સુરતે લીધો છે.

પ. પૂ. સૂરિમંત્રારાધક આ.ભ. **શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી** મહારાજાથી ઉપકૃત આ ક્ષેત્ર... **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય...** બે આરાધના ભવનો અને આયંબીલશાળાદિથી આરાધના/સાધનાથી સુસમૃદ્ધ બન્યું છે.

પૂજ્યપાદ સંઘ એકતાશિલ્પી આ.ભ. **શ્રી ઉંકારસૂરીશ્વરજી મ. સા.** ના શિષ્ય પૂજ્યપાદ તપસ્વીરત્ન **શ્રી ચંદ્રયશવિજયજી મહારાજા** તથા પૂ. પં. **શ્રી ભાગ્યેશવિજયજી** મહારાજે કરેલ ત્રણ-ત્રણ ચાતુર્માસોની અમીટ છાપ શ્રી સંઘમાં છે. પૂજ્યપાદ તપસ્વીરત્નશ્રી ચંદ્રયશવિજયજી મહારાજાની આ ઉપકાર સ્મૃતિ અર્થે શ્રી રાંદેર રોડ જૈન સંઘે શ્રુતજ્ઞાનની ભક્તિ કરેલ છે તે અનુમોદનીય છે.

શ્રી સંઘ દ્વારા શ્રુતજ્ઞાનના આવા કાર્યો થતાં રહે અને પૂજ્ય સાધ્વીજી મહારાજ કર્મગ્રંથના આવા સુંદર લેખન દ્વારા કર્મપિપાસુને પીયૂષ પાતા રહે એ જ અભ્યર્થના...

સંપાદકીય

પૂજ્યશ્રી દેવેન્દ્રસૂરિ મહારાજા વિરચિત બંધસ્વામિત્વનામતૃતીયકર્મગ્રંથની વિવેચના (દ્વિતીય આવૃત્તિ) પરમાત્મકૃપા તથા પૂજ્યશ્રી ગુરુદેવોની આશિષથી અભ્યાસુગણ સામે મૂકાઈ રહી છે. આ ગ્રંથની વિવેચનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અનેક પૂજ્યશ્રી સહાયક બન્યા છે. એ ઉપકારીઓના ઉપકારનું સ્મરણ કેમ વિસરાય ?

ઓ ઉપકારી ! સમરું ઉપકાર ! કરુ ચરણે નમન હજાર !

★ દિવ્યાશિષદાતા યુગમહર્ષિ દાદાગુરુદેવશ્રી **ભદ્રસૂરીશ્વરજીમહારાજા.**

★ સંયમના સોનેરી સ્વાંગ પહેરાવનાર પૂ. ગુરુદેવશ્રી **ૐકારસૂરિમહારાજા.**

★ અપ્રમત્તયોગી પરમ નિઃસ્પૃહી પૂ. શ્રી **અરવિંદસૂરિમહારાજા.**

★ અધ્યાત્મયોગી... ભક્તિયોગાચાર્ય પૂ. શ્રી **યશોવિજયસૂરિમહારાજા...**

★ સ્વરચિત ઉદય-ઉદીરણાસ્વામિત્વ અને સત્તાસ્વામિત્વની મૂળગાથાઓનું વિવેચન સૂક્ષ્મદૃષ્ટિએ અવલોકન કરીને, ક્ષતિરહિત કરનારા કર્મસિદ્ધાંત સંજ્ઞાતા અતીવાનુગ્રહિ પૂ. **વીરશેખરસૂરિમહારાજા...**

★ શાસ્ત્રસંશોધન પ્રેમી-સાહિત્યરસિક પૂજ્ય **મુનિચંદ્રસૂરિમહારાજા...**

★ આ ગ્રંથમાં પ્રશ્નોત્તરી વિભાગની સંપૂર્ણ શુદ્ધિ કરી આપનારા કર્મસાહિત્યજ્ઞ પરમોપકારિ પૂ. શ્રી **કુલચંદ્રસૂરિમહારાજા...**

★ સંશોધન કાર્યની વચ્ચે પણ અમૂલ્ય સમય ફાળવીને બંધસ્વામિત્વનું સંપૂર્ણ મેટર તપાસી આપનારા સ્વાધ્યાયૈકલક્ષી પૂ. શ્રી **અભયશેખરસૂરિમહારાજા...**

★ સંસ્કારસુધાનું સિંચન કરવા દ્વારા અમજીવનોદ્યાનને સ્વ-સાધનાની સૌરભથી સુવાસિત કરનારા પરમોપકારી પૂ. પિતા મુનિરાજશ્રી **ચંદ્રયશવિજયજી મહારાજ...**

★ લેખનકાર્યમાં આર્થિક સહયોગાદિની તમામ જવાબદારી પોતાના શિરે લઈને આ કાર્યમાં સતત પ્રોત્સાહિત કરનારા બન્ધુમુનિરાજ શ્રી પંન્યાસ **ભાગ્યેશ વિજયજી મહારાજ સાહેબ** તથા **મહાયશ વિજયજી મહારાજ સાહેબ**

★ અહર્નિશ શુભાશિષદાતા દાદી ગુરુણીજી પૂ. **મનકશ્રીજી મ.** તથા સંયમ શિક્ષાદાત્રી પરમોપકારિ ગુરુણીજી શ્રી **સુવર્ણાશ્રીજી મ.**

★ વિરતિવાટિકામાં સદાય આત્મારાધનના ઝુલે ઝુલાવીને આત્માનંદની આંશિક અનુભૂતિ કરાવનારા પૂ. ગુરુમાતાશ્રી **રમ્યગુણાશ્રીજી મ.**

સર્વે પૂજ્યશ્રીના પાવનપાદપદ્મમાં ભાવભીની વંદનવીથી...

પંડિતવર્યશ્રી **ચંદ્રકાન્તભાઈ** તથા આ પુસ્તકને પોતાનું માનીને સુંદર પ્રિન્ટીંગ કરી આપનારા **ભરત ગ્રાફિક્સને** કેમ ભુલાય ?

પુસ્તક લેખનમાં શ્રી વીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્... અજ્ઞતા અને છદ્મસ્થતાદિને કારણે રહી ગયેલી ક્ષતિઓને વિદ્વાન પૂજ્યશ્રીએ સુધારવી... એ વિજ્ઞપ્તિ સહ વિરમુ છું.

- કૃપાકાંક્ષી રમ્યરેણુ...

વિષયાનુક્રમ

વિષય	પૃષ્ઠ
પર્યાયબોધપીઠિકા	૭
મંગલાચરણ	૨૭
નરકગતિમાં બંધસ્વામિત્વ	૩૧
તિર્યંચગતિમાં બંધસ્વામિત્વ	૪૦
મનુષ્યગતિમાં બંધસ્વામિત્વ	૪૩
દેવગતિમાં બંધસ્વામિત્વ	૪૬
એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વી, જલ અને વનસ્પતિમાં બંધસ્વામિત્વ	૫૦
પંચેન્દ્રિય, ત્રસ, ગતિત્રસમાં બંધસ્વા૦	૫૪
મનોયોગ-વચનયોગમાં બંધસ્વામિત્વ	૫૫
ઔદારિકકાયયોગમાં બંધસ્વામિત્વ	૫૬
ઔદારિકમિશ્રમાં બંધસ્વામિત્વ	૫૭
કાર્મણકાયયોગમાં બંધસ્વામિત્વ	૬૩
આહારકદ્વિકયોગમાં બંધસ્વામિત્વ	૬૪
વૈક્રિયદ્વિકયોગમાં બંધસ્વામિત્વ	૬૫
વેદમાં બંધસ્વામિત્વ	૬૬
કષાયમાં બંધસ્વામિત્વ	૬૭
અવિરતિ, યથાખ્યાતમાં બંધસ્વા૦	૬૯
અજ્ઞાનત્રિકમાર્ગણામાં બંધસ્વામિત્વ	૭૦
ચક્ષુ-અચક્ષુમાં બંધસ્વામિત્વ	૭૧
મનઃપર્યવજ્ઞાનમાં બંધસ્વામિત્વ	૭૧
સામાયિક-છેદોપ૦માં બંધસ્વામિત્વ	૭૨
પરિહારવિશુદ્ધિમાં બંધસ્વામિત્વ	૭૨
કેવલદ્વિકમાં બંધસ્વામિત્વ	૭૩
મતિ-શ્રુત-અવધિદ્વિકમાં બંધસ્વામિત્વ	૭૩
ઉપશમસમ્યક્ત્વમાં બંધસ્વામિત્વ	૭૪
ક્ષયોપશમસમ્યક્ત્વમાં બંધસ્વામિત્વ	૭૬
ક્ષાયિકસમ્યક્ત્વમાં બંધસ્વામિત્વ	૭૬
મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, દેશ-વિરતિ, સૂક્ષ્મસંપરાયમાં બંધસ્વામિત્વ	૭૬
આહારીમાં બંધસ્વામિત્વ	૭૭
અશુભલેશ્યામાં બંધસ્વામિત્વ	૭૭
શુભલેશ્યામાં બંધસ્વામિત્વ	૮૦
ભવ્ય અને સંજ્ઞીમાં બંધસ્વામિત્વ	૮૩
અભવ્ય અને અસંજ્ઞીમાં બંધસ્વામિત્વ	૮૫
અણાહારીમાં બંધસ્વામિત્વ	૮૬
૬૨ માર્ગણામાં બંધસ્વામિત્વ	૮૯
ઉદયસ્વામિત્વ	
નરકગતિમાં ઉદયસ્વામિત્વ	૯૫
તિર્યંચગતિમાં ઉદયસ્વામિત્વ	૧૦૦
મનુષ્યગતિમાં ઉદયસ્વામિત્વ	૧૦૬
દેવગતિમાં ઉદયસ્વામિત્વ	૧૦૯
એકેન્દ્રિયમાં ઉદયસ્વામિત્વ	૧૧૩
વિકલેન્દ્રિયમાં ઉદયસ્વામિત્વ	૧૧૬
પંચેન્દ્રિયમાં ઉદયસ્વામિત્વ	૧૧૯
પૃથ્વીકાયાદિમાં ઉદયસ્વામિત્વ	૧૨૦
ત્રસકાયમાં ઉદયસ્વામિત્વ	૧૨૩
મનોયોગમાં ઉદયસ્વામિત્વ	૧૨૪
વચનયોગમાં ઉદયસ્વામિત્વ	૧૨૬
મતિ-શ્રુત અજ્ઞાનમાં ઉદયસ્વામિત્વ	૧૩૦
મતિ-શ્રુત-અવધિદ્વિકમાં ઉદયસ્વા૦	૧૩૦
મનઃપર્યવજ્ઞાનમાં ઉદયસ્વામિત્વ	૧૩૨
કેવળદ્વિકમાં ઉદયસ્વામિત્વ	૧૩૨
સામાયિક, છેદોપ૦, માં ઉદયસ્વા૦	૧૩૨
દેશ૦, સૂક્ષ્મ૦, સાસ્વા૦, મિશ્ર, મિથ્યા૦ યથા૦, અવિરતિમાં ઉદય૦	૧૩૩
અચક્ષુ, ભવ્ય, અભવ્ય અને ક્ષયોપશમમાં ઉદયસ્વામિત્વ	૧૩૪
ઔદારિકકાયયોગમાં ઉદયસ્વામિત્વ	૧૩૫
ઔદારિકમિશ્રમાં ઉદયસ્વામિત્વ	૧૩૮
વૈક્રિયકાયયોગમાં ઉદયસ્વામિત્વ	૧૪૨
વૈક્રિયમિશ્રયોગમાં ઉદયસ્વામિત્વ	૧૪૫

વિષય	પૃષ્ઠ
આહારકકાયયોગમાં ઉદયસ્વામિત્વ	૧૪૭
આહારકમિશ્રયોગમાં ઉદયસ્વામિત્વ	૧૪૮
કાર્મણકાયયોગમાં ઉદયસ્વામિત્વ	૧૪૯
પુરુષવેદમાં ઉદયસ્વામિત્વ	૧૫૨
સ્ત્રીવેદમાં ઉદયસ્વામિત્વ	૧૫૪
નપુંસકવેદમાં ઉદયસ્વામિત્વ	૧૫૭
કષાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ	૧૫૯
વિભંગજ્ઞાનમાં ઉદયસ્વામિત્વ	૧૬૨
પરિહારવિશુદ્ધિમાં ઉદયસ્વામિત્વ	૧૬૪
ચક્ષુદર્શનમાં ઉદયસ્વામિત્વ	૧૬૬
અશુભલેશ્યામાં ઉદયસ્વામિત્વ	૧૬૮
તેજોલેશ્યામાં ઉદયસ્વામિત્વ	૧૭૧
પદ્મલેશ્યામાં ઉદયસ્વામિત્વ	૧૭૩
શુક્લલેશ્યામાં ઉદયસ્વામિત્વ	૧૭૫
ક્ષાયિકસમ્યક્ત્વમાં ઉદયસ્વામિત્વ	૧૭૬
ઉપશમસમ્યક્ત્વમાં ઉદયસ્વામિત્વ	૧૭૯
સંજ્ઞીમાં ઉદયસ્વામિત્વ	૧૮૨
અસંજ્ઞીમાં ઉદયસ્વામિત્વ	૧૮૩
આહારીમાં ઉદયસ્વામિત્વ	૧૮૫
અણાહારીમાં ઉદયસ્વામિત્વ	૧૮૭
૬૨માર્ગણામાં ઉદયસ્વામિત્વ	૧૮૮
ઉદીરણાસ્વામિત્વ	**૧૯૪**
સત્તાસ્વામિત્વ	
સત્તા વિષે સમજુતિ	૧૯૬
ગુણઠાણામાં મોહનીયનાં સત્તાસ્થાનો	૧૯૯
ગુણઠાણામાં નામકર્મનાં સત્તાસ્થાનો	૨૦૦
નરકગતિમાં સત્તાસ્વામિત્વ	૨૦૧
તિર્યંચગતિમાં સત્તાસ્વામિત્વ	૨૦૭
દેવગતિમાં સત્તાસ્વામિત્વ	૨૧૨
આહારકદ્વિકમાં સત્તાસ્વામિત્વ	૨૧૮
મનુષ્યગતિમાં સત્તાસ્વામિત્વ	૨૧૮
પંચે૦, ત્રસ૦, ભવ્ય, સત્યમનો૦ વ્યવહારમનો૦, સત્યવચનયોગ, વ્યવહારવચનયોગ	
આહારી, ઔ૦કા૦માં સત્તા૦	૨૨૩

વિષય	પૃષ્ઠ
શુક્લલેશ્યામાં સત્તાસ્વામિત્વ	૨૨૪
અસત્યમનો૦ મિશ્રમનો૦ અસત્યવચનયોગ, મિશ્રવચનયોગ,	
ચક્ષુ-અચક્ષુ, સંજ્ઞી, લોભમાંસત્તા૦	૨૨૫
વૈ૦કાયયોગમાં સત્તાસ્વામિત્વ	૨૨૫
અવિરતિમાં સત્તાસ્વામિત્વ	૨૨૮
અશુભલેશ્યામાં સત્તાસ્વામિત્વ	૨૨૮
પુરુષવેદમાં સત્તાસ્વામિત્વ	૨૨૮
સ્ત્રીવેદમાં સત્તાસ્વામિત્વ	૨૨૯
ક્રોધ-માન-માયામાં સત્તાસ્વામિત્વ	૨૩૦
મતિ, શ્રુત, અવધિદ્વિકમાં સત્તા૦	૨૩૧
ક્ષયોપશમમાં સત્તાસ્વામિત્વ	૨૩૧
કેવળદ્વિકમાં સત્તાસ્વામિત્વ	૨૩૧
અજ્ઞાનદ્વિકમાં સત્તાસ્વામિત્વ	૨૩૨
વિભંગજ્ઞાનમાં સત્તાસ્વામિત્વ	૨૩૩
દેશવિરતિ, સૂક્ષ્મસં૦, સાસ્વાદન, મિશ્ર, મિથ્યાત્વ, યથાખ્યાત,	
તેજો-પદ્મમાં સત્તાસ્વામિત્વ	૨૩૪
એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વી, અપ્ વનસ્પતિમાં સત્તાસ્વામિત્વ	૨૩૪
તેઉ-વાઉમાં સત્તાસ્વામિત્વ	૨૩૬
ઔ૦ મિશ્રયોગમાં સત્તાસ્વામિત્વ	૨૩૭
વૈક્રિયમિશ્રયોગમાં સત્તાસ્વામિત્વ	૨૪૦
કાર્મણકાયયોગમાં સત્તાસ્વામિત્વ	૨૪૩
નપુંસકવેદમાં સત્તાસ્વામિત્વ	૨૪૫
મનઃપર્યવજ્ઞાનમાં સત્તાસ્વામિત્વ	૨૪૭
સામા૦, છેદો૫૦, પરિહારવિશુદ્ધિ અને અભવ્યમાં સત્તાસ્વામિત્વ	૨૪૮
ક્ષાયિકસમ્યક્ત્વમાં સત્તાસ્વામિત્વ	૨૪૯
ઉપશમસમ્યક્ત્વમાં સત્તાસ્વામિત્વ	૨૫૧
અસંજ્ઞીમાં સત્તાસ્વામિત્વ	૨૫૩
અણાહારીમાં સત્તાસ્વામિત્વ	૨૫૪
પ્રશ્નોત્તરી	૨૫૬
મૂળગાથા	૨૯૪

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
શ્રી ગૌતમસ્વામિને નમઃ
શ્રી ભદ્ર-ઉંકાર-ચંદ્રયશ ગુરુભ્યો નમઃ ।
ઐં નમઃ



પર્યાયબોધપીઠિકા

પર્યાયોનું વર્ગીકરણ

અનેકાંતવાદ એ પ્રભુ મહાવીરનો **મૌલિક સિદ્ધાંત છે....** જૈનદર્શનને વિશ્વની અજોડ ભેટ **અનેકાંતવાદ**ની છે....

અનેકાંતવાદ એટલે શું ?

જેનાથી સદ્‌વસ્તુ અનેકદૃષ્ટિકોણથી વિચારી શકાય છે, તેનું નામ છે અનેકાંતવાદ.

વસ્તુમાં એક બે ગુણધર્મો નથી. પણ વસ્તુ અનંતધર્માત્મક છે. એટલે એકદૃષ્ટિકોણથી વસ્તુને વિચારાય, તો ક્યારેય પૂર્ણતાથી વસ્તુનો બોધ ન થાય....

અનેકાંતવાદનું બીજું નામ છે **સાપેક્ષવાદ....**

દરેક વસ્તુનો અપેક્ષાથી વિચાર કરવો, તે સાપેક્ષવાદ.....

જેમકે, આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય પણ છે. એટલે જૈનદર્શન આત્માને નિત્યાનિત્ય માને છે. અર્થાત્ આત્માને નિત્ય-પરિણામી માને છે.

પૂજ્યપાદ **આનંદઘનજી** મહારાજે **વાસુપૂજ્યસ્વામી**ના સ્તવનમાં કહ્યું છે કે... **"ઘન-નામી પરિણામી રે"**

"આત્મા નિત્ય હોવા છતાં પરિણામી છે."

દ્રવ્યથી આત્મા નિત્ય છે.

પર્યાયથી આત્મા અનિત્ય છે.

પૂર્વાચાર્યોએ '**आत्मन्**' શબ્દની મઝાની વ્યુત્પત્તિ આપી છે.

अतति = सततं गच्छति अपरापर पर्यायान् इति आत्मा ।

જે સતત જુદા જુદા પર્યાયોને પ્રાપ્ત કરે છે, તે આત્મદ્રવ્ય...

દ્રવ્યનું જુદી જુદી અવસ્થામાં રૂપાંતરિત થવું, તે પર્યાય...

આત્મા ક્યારેક **મનુષ્ય-પર્યાય**ને પ્રાપ્ત કરે છે. તો કયારેક **તિર્યંચ-પર્યાય**ને પ્રાપ્ત કરે છે. તો ક્યારેક **નરક-પર્યાય**ને પ્રાપ્ત કરે છે. તો ક્યારેક **દેવ-પર્યાય**ને પ્રાપ્ત કરે છે. આત્મા ભૂતકાળમાં અનંત-પર્યાયને પામી ચૂક્યો છે. ભાવિમાં અનંતપર્યાયને પામવાનો છે. પણ બધા પર્યાયોમાં આત્મા અનુસ્યૂત છે. એટલે **આત્મા દ્રવ્યથી નિત્ય** છે. અને **પર્યાયથી અનિત્ય છે.**

તિર્યંચગતિમાં પણ કેટલાક તિર્યંચો એક જ સ્પર્શેન્દ્રિયવાળા હોય છે. તે પણ **પાણી, પૃથ્વી, વનસ્પતિ** વગેરે જુદી-જુદી જાતના અને જુદા-જુદા આકારવાળા હોય છે. **પાણી**માં પણ **ભૂમિનું પાણી, આકાશનું પાણી, ઝાકળ,** વગેરે અનેકજાતનું પાણી હોય છે. એ જ રીતે, **પૃથ્વીમાં પણ રત્નો, પારો, સોનુ વગેરે ધાતુ, ખડી, પાષાણ, માટી, મીઠું, ફટકડી,** વગેરે અનેક જાતની પૃથ્વી હોય છે. **વનસ્પતિ**માં પણ કેટલીક સાધારણ વનસ્પતિ હોય છે, કેટલીક પ્રત્યેક વનસ્પતિ હોય છે. **સાધારણ**માં પણ સેવાળ, પાંચે રંગની ફૂગ, લીલી હળદળ, આદુ, લસણ, બટાટા, ડુંગળી વગેરે અનેક જાતની વનસ્પતિ હોય છે. **પ્રત્યેક**માં પણ કાકડી, ભીંડો, તુરીયા વગેરે અનેક જાતની વનસ્પતિ હોય છે.

એ જ રીતે, કેટલાક તિર્યંચો સ્પર્શના અને રસના એ બે જ ઇન્દ્રિયોવાળા હોય છે. તે પણ **શંખ, કોડા, અળસીયા, કરમીયા** વગેરે અનેક જાતનાં અને અનેક આકારવાળા હોય છે.

કેટલાક તિર્યંચો સ્પર્શના, રસના અને ઘ્રાણ એ ત્રણ જ ઇન્દ્રિયવાળા હોય છે. તે પણ **જૂ, કીડી, માંકડ, ઇયળ, ઉધઈ** વગેરે જુદી-જુદી જાતના અને જુદા જુદા આકારવાળા હોય છે.

કેટલાક તિર્યંચો સ્પર્શના, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર જ ઇન્દ્રિયવાળા હોય છે. તે પણ **વીંછી, ભમરા, ભમરી, તીડ, ડાંસ, મચ્છર** વગેરે જુદી જુદી જાતના અને જુદા-જુદા આકારવાળા હોય છે.

કેટલાક તિર્યંચો સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચે ઇન્દ્રિયવાળા હોય છે. તેમાં પણ **કાચબો, માછલી, કબૂતર, પોપટ, કાગડો, હાથી, ઘોડો, ગાય** વગેરે જુદી-જુદી જાતના જીવો હોય છે.

પાંચે ઇન્દ્રિયવાળા તિર્યંચોમાં પણ કેટલાક **મન વિનાના** (અસંજ્ઞી) હોય છે. તો કેટલાક **મનવાળા** (સંજ્ઞી) પણ હોય છે. તેમાં પણ કેટલાક જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી **અજ્ઞાની** હોય છે. તેમાં પણ કેટલાક મોહનીયકર્મના ઉદયથી **ક્રોધી** હોય છે. તો કેટલાક **માની,** કેટલાક **માયાવી** અને કેટલાક **લોભી** હોય છે. તેમાં પણ કેટલાક **સ્ત્રી** હોય છે. તો કેટલાક **પુરુષ** હોય છે. તો કેટલાક **નપુંસક** પણ હોય છે. ઇત્યાદિ અનેક જાતના ઔદાયિકભાવવાળા જીવો હોય છે. તે જ જીવો તીવ્ર-મંદાદિ અસંખ્યભેદે ક્ષાયોપશમિકભાવવાળા પણ હોય છે. તે જ જીવો ક્યારેક ઔપશમિકભાવને પામે છે. ક્યારેક ક્ષાયિકભાવને પણ પામે છે. સમયે સમયે પર્યાયોનું પરિવર્તન થયા કરે છે. એટલે એક-એક ગુણઠાણામાં જુદી જુદી જાતના પર્યાયવાળા અનેક જીવો હોય છે. તે સર્વે જીવોનું વ્યક્તિગત રીતે બંધસ્વામિત્વ જાણવાને માટે છદ્મસ્થ જીવો અસમર્થ છે, એટલે મિથ્યાત્વાદિ એક-એક ગુણઠાણામાં રહેલા અનંતા-અસંખ્યાતા **કે સંખ્યાતા જીવોમાંથી કયા જીવો કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે છે. એ સહેલાઈથી જાણી શકાય, એ હેતુથી શાસ્ત્રકાર ભગવંતોએ એક સરખા પર્યાયવાળા જીવોનું વર્ગીકરણ કરીને, તે સર્વેનો કુલ ૬૨ વિભાગમાં સમાવેશ કરી આપ્યો છે. એ વિભાગને શાસ્ત્રીય પરિભાષામાં "માર્ગણા" કહે છે.**

એ ૬૨ માર્ગણાનું પણ વર્ગીકરણ કરીને, "સર્વે સંસારી જીવોનો એક-એક વિભાગમાં સમાવેશ થઈ જાય" એ રીતે, તે સર્વેનો (૬૨ માર્ગણાનો) પણ કુલ ૧૪ વિભાગમાં સમાવેશ કરી આપ્યો છે. તેને શાસ્ત્રમાં "મૂળ માર્ગણા" કહે છે. એટલે મૂળમાર્ગણા કુલ "૧૪" કહી છે. તેના પેટાભેદ કુલ ૬૨ થાય છે.

માર્ગણા

(૧) ગતિમાર્ગણા :-

સુખ-દુઃખના ઉપભોગને યોગ્ય જે અવસ્થા (પર્યાય)ની પ્રાપ્તિ થાય છે, તે ગતિ કહેવાય છે. તેનું કારણ ગતિનામકર્મ છે.

(1) નરકગતિ નામકર્મના ઉદયથી જીવને જે પર્યાયની પ્રાપ્તિ થાય છે, તે **નરકગતિ** કહેવાય.

(2) તિર્યંચગતિનામકર્મના ઉદયથી જીવને જે પર્યાયની પ્રાપ્તિ થાય છે, તે **તિર્યંચગતિ** કહેવાય.

(3) મનુષ્યગતિ નામકર્મના ઉદયથી જીવને જે પર્યાયની પ્રાપ્તિ થાય છે, તે **મનુષ્યગતિ** કહેવાય.

(4) દેવગતિ નામકર્મના ઉદયથી જીવને જે પર્યાયની પ્રાપ્તિ થાય છે, તે **દેવગતિ** કહેવાય.

(૨) ઇન્દ્રિયમાર્ગણા :-


(1) જેનાથી ઠંડી-ગરમી વગેરે સ્પર્શને અનુભવી શકાય છે, તે **સ્પર્શનેન્દ્રિય** કહેવાય છે અને જે જીવ એક જ સ્પર્શનેન્દ્રિયવાળો હોય છે, તે **એકેન્દ્રિય** કહેવાય.

(2) જેનાથી ખાટો-મીઠો વગેરે રસને અનુભવી શકાય છે, તે રસનેન્દ્રિય કહેવાય છે અને જે જીવ બે જ ઇન્દ્રિયવાળો (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિયવાળો) હોય છે, તે **બેઇન્દ્રિય** કહેવાય.

(3) જેનાથી સુગંધ-દુર્ગંધને અનુભવી શકાય છે, તે ઘ્રાણેન્દ્રિય કહેવાય

ગતિમાર્ગણા

નરકગતિમાર્ગણા



તિર્યંચગતિમાર્ગણા



મનુષ્યગતિમાર્ગણા



દેવગતિમાર્ગણા



ઇન્દ્રિયમાર્ગણા


એકેન્દ્રિયમાર્ગણા
ચઉરિન્દ્રિયમાર્ગણા
પંચેન્દ્રિયમાર્ગણા
બેઇન્દ્રિયમાર્ગણા
તેઇન્દ્રિયમાર્ગણા

કાયમાર્ગણા


પૃથ્વીકાયમાર્ગણા
વનસ્પતિકાયમાર્ગણા
અપ્કાયમાર્ગણા
ત્રસકાયમાર્ગણા
વાયુકાયમાર્ગણા
તેઉકાયમાર્ગણા

યોગમાર્ગણા







છે અને જે જીવ ત્રણ જ ઇન્દ્રિયવાળો (સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિયવાળો) હોય છે, તે **તેઇન્દ્રિય** કહેવાય.

(4) જેનાથી શ્વેત-પીતાદિ વર્ણો દેખી શકાય છે, તે **ચક્ષુરિન્દ્રિય** કહેવાય છે અને જે જીવ ચાર જ ઇન્દ્રિયવાળો (સ્પર્શનેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિયવાળો) હોય છે, તે **ચઉરિન્દ્રિય** કહેવાય.

(5) જેનાથી શબ્દો સાંભળી શકાય છે, તે **શ્રોત્રેન્દ્રિય** કહેવાય છે અને જે જીવો પાંચે ઇન્દ્રિયવાળા હોય છે, તે **પંચેન્દ્રિય** કહેવાય.

(૩) કાયમાર્ગણા :-

(1) જે જીવનું શરીર પૃથ્વી જ છે, તે **પૃથ્વીકાય** કહેવાય.

(2) જે જીવનું શરીર પાણી જ છે, તે **જલકાય** કહેવાય.

(3) જે જીવનું શરીર અગ્નિ જ છે, તે **અગ્નિકાય** કહેવાય.

(4) જે જીવનું શરીર વાયુ જ છે, તે **વાયુકાય** કહેવાય.

(5) જે જીવનું શરીર વનસ્પતિ જ છે, તે **વનસ્પતિકાય** કહેવાય.

(6) જે જીવો ઠંડી કે ગરમીથી ત્રાસ પામીને પોતાની જાતને બચાવવા માટે તડકે કે છાંયે જઈ શકે છે, તે **ત્રસકાય** કહેવાય.

(૪) યોગમાર્ગણા :-

વીર્યાન્તરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી ક્ષાયિક કે ક્ષાયોપશમિકભાવનું લબ્ધિવીર્ય પ્રાપ્ત થાય છે. તેમાંથી જેટલા અંશે વીર્યનો વ્યાપાર થઈ રહ્યો છે, તે કરણવીર્ય = યોગ કહેવાય છે.

લબ્ધિવીર્યનો વ્યાપાર મન-વચન અને કાયા દ્વારા જ થઈ શકે છે. તેથી લબ્ધિવીર્યના વ્યાપારનું સહકારી કારણ મન-વચન અને કાયા છે. એટલે કારણમાં કાર્યનો (વીર્ય વ્યાપારનો) આરોપ કરીને, કારણને (મન-વચન અને કાયાને) યોગ કહે છે. તેથી યોગ-૩ પ્રકારે છે. (૧) મનોયોગ (૨) વચનયોગ (૩) કાયયોગ.

(૧) માનસિક ક્રિયાને મનોયોગ કહે છે. તે ૪ પ્રકારે છે.

(1) સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે, તે વસ્તુ તે જ

સ્વરૂપે વિચારવી, તે સત્યમનોયોગ કહેવાય. દા.ત. દ્રવ્યાર્થિકનયથી જીવ નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી જીવ અનિત્ય છે એમ વિચારવું, તે સત્યમનોયોગ કહેવાય.

(2) **સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે તે વસ્તુ તે જ સ્વરૂપે ન વિચારવી પણ વિપરીત સ્વરૂપે વિચારવી, તે અસત્યમનોયોગ કહેવાય.** દા.ત. જીવ એક જ છે. નિત્ય જ છે. એમ વિચારવું, તે અસત્યમનોયોગ કહેવાય.

(3) **જે વિચાર કાંઈક અંશે સત્ય હોય અને કાંઈક અંશે અસત્ય હોય, તે સત્યાસત્ય (મિશ્ર) મનોયોગ કહેવાય.** દા.ત. **"આ આંબાનું વન છે."** એમ વિચારવું, તે સત્યાસત્યમનોયોગ કહેવાય. કારણકે તેમાં કેટલાક આંબાના વૃક્ષો હોવાથી સત્ય છે અને કેટલાક કેળાના વૃક્ષો હોવાથી અસત્ય પણ છે. તેથી તે વિચારને સત્યાસત્યમનોયોગ કહે છે.

(4) **જે વિચાર સત્ય ન હોય અને અસત્ય પણ ન હોય, તે અસત્ય-અમૃષા મનોયોગ કહેવાય છે.** દા.ત. હે દેવદત્ત ! તું ઘડો લાવ. ઇત્યાદિ વ્યવહારિક ચિંતન કરવું, તે અસત્ય-અમૃષા મનોયોગ કહેવાય.

(૨) **વાણીને વચનયોગ કહે છે.** તે. ૪ પ્રકારે છે.

(1) **સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે, તે વસ્તુ તે જ સ્વરૂપે કહેવી, તે સત્યવચનયોગ કહેવાય છે.** દા.ત. દ્રવ્યાર્થિકનયથી જીવ નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી જીવ અનિત્ય છે. એમ કહેવું, તે સત્યવચનયોગ કહેવાય.

(2) **સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે, તે વસ્તુ તે જ સ્વરૂપે ન કહેવી, પણ વિપરીત સ્વરૂપે કહેવી, તે અસત્યવચનયોગ કહેવાય.** દા. ત. જીવ નિત્ય જ છે. એક જ છે. એમ કહેવું, તે અસત્યવચનયોગ કહેવાય.

(3) **જે વચન કાંઈક અંશે સત્ય હોય અને કાંઈક અંશે અસત્ય**

હોય, તે સત્યાસત્ય (મિશ્ર) વચનયોગ કહેવાય. દા.ત. **"આ આંબાનું વન છે."** એમ કહેવું, તે સત્યાસત્યવચનયોગ કહેવાય. કારણકે તેમાં કેટલાક આંબાના વૃક્ષો છે અને કેટલાક કેળાના વૃક્ષો પણ છે. તેથી તે સત્યાસત્યવચનયોગ કહેવાય.

(4) **જે વચન સત્ય ન હોય અને અસત્ય પણ ન હોય, તે અસત્ય-અમૃષા વચનયોગ કહેવાય છે.** દા.ત. હે દેવદત્ત ! તું ઘડો લાવ. ઇત્યાદિ જે વ્યવહારિક ભાષા છે, તે અસત્ય-અમૃષા વચનયોગ કહેવાય.

(૩) શારીરિક ક્રિયાને "કાયયોગ" કહે છે.

કોઈપણ જીવ મૃત્યુ પામે છે. ત્યારે ભવાન્તરમાં કાર્મણશરીર અને તૈજસશરીર સાથે જાય છે. પણ ઔદારિકશરીર કે વૈક્રિયશરીર સાથે જતું નથી. એટલે વિગ્રહગતિમાં કાર્મણશરીરજન્ય પ્રવૃત્તિ હોય છે. તેથી તે વખતે માત્ર **"કાર્મણકાયયોગ[૧]"** જ હોય છે.

કાર્મણશરીરજન્ય પ્રવૃત્તિને કાર્મણકાયયોગ કહે છે.

---

(૧) કાર્મણશરીર અને તૈજસશરીર સદાકાળને માટે સાથે જ રહે છે. તે બન્ને શરીરથી થતી ગ્રહણ, પરિણમનાદિ પ્રવૃત્તિ પણ સમાન હોવાથી, કાર્મણ કાયયોગમાં તૈજસ કાયયોગનો સમાવેશ થઇ જાય છે. તેથી અહીં તૈજસ-કાયયોગ જુદો કહ્યો નથી.

(૨) ચૂર્ણીકારભગવંતોના મતે ઉત્પત્તિના પ્રથમસમયથી તિર્યંચ-મનુષ્યને ઔદારિકમિશ્ર અને દેવ-નારકને વૈક્રિયમિશ્રયોગ હોય છે અને ટીકાકાર ભગવંતોના મતે ઉત્પત્તિના બીજાસમયથી તિર્યંચ-મનુષ્યને ઔદારિકમિશ્ર અને દેવ-નારકને વૈક્રિયમિશ્રયોગ હોય છે.

ઉત્પત્તિના પ્રથમસમયે તિર્યંચ-મનુષ્યો કાર્મણકાયયોગથી શુક્ર, શોણિતાદિ ઔદારિકપુદ્ગલોનો આહાર કરીને, એ જ સમયે તે પુદ્ગલોને શરીર રૂપે પરિણમાવે છે. એટલે બીજાસમયથી તે બંન્ને [કાર્મણશરીર + ઔદારિકશરીર રૂપે પરિણત થયેલા પુદ્ગલો] ભેગા મળીને ઔદારિકપુદ્ગલોનો આહાર કરે છે. એટલે કાર્યરૂપે ઉત્પત્તિના બીજાસમયથી ઔદારિકમિશ્રયોગ હોય છે. અને કારણરૂપે ઉત્પત્તિના પ્રથમસમયથી ઔદારિકમિશ્રયોગ હોય છે.

જે જીવ મનુષ્યગતિ કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. તેને ઉત્પત્તિના પ્રથમ[૨] સમયથી માંડીને જ્યાં સુધી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔદારિકમિશ્રકાયયોગ** હોય છે અને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી **ઔદારિકકાયયોગ** હોય છે

કેટલાક આચાર્ય મ.સા.ના મતે શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ હોય છે અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ હોય છે.

ઔદારિકશરીરજન્ય પ્રવૃત્તિને ઔદારિકકાયયોગ કહે છે.

જે જીવ દેવગતિ કે નરકગતિમાં ઉત્પન્ન થાય છે. તેને ઉત્પત્તિના પ્રથમસમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **વૈક્રિયમિશ્રકાયયોગ** હોય છે અને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી **વૈક્રિયકાયયોગ** હોય છે અને કેટલાક આચાર્ય મ.સા.ના મતે શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિયમિશ્રયોગ હોય છે અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી વૈક્રિયકાયયોગ હોય છે.

વૈક્રિયશરીરજન્ય પ્રવૃત્તિને વૈક્રિયકાયયોગ કહે છે.

આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી મહાત્મા જ્યારે આહારકશરીર બનાવે છે ત્યારે આહારકશરીરની રચનાના પ્રથમ સમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકની સાથે આહારકનું મિશ્રણ થવાથી આહારકમિશ્રકાયયોગ[૩] હોય છે અને સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી **આહારકકાયયોગ** હોય છે.

---

(૩) સિદ્ધાંતનાં મતે આહારકશરીર બનાવતી વખતે જીવ ઔદારિકકાયયોગથી આહારકશરીરને યોગ્ય પુદ્‌ગલસ્કંધોને ગ્રહણ કરે છે. એટલે તે વખતે ઔદારિકશરીરની પ્રધાનતા હોય છે. તેથી આહારકશરીરના પ્રારંભકાળે ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે. એ જ રીતે, ઉત્તરવૈક્રિય શરીરના પ્રારંભકાળે પણ ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

આહારકશરીરજન્ય પ્રવૃત્તિને આહારકકાયયોગ કહે છે.

એ પ્રમાણે, કાયયોગ-૭ પ્રકારે છે.

(૫) વેદમાર્ગણા :-

વેદ-૨ પ્રકારે છે. (1) **દ્રવ્યવેદ** (2) **ભાવવેદ**

(1) **નામકર્મના ઉદયથી શરીરનો જે આકાર થાય છે, તે દ્રવ્યવેદ** કહેવાય છે. તેમાં જે વ્યક્તિમાં દાઢી, મુંછાદિ ચિહ્નો હોય છે, તે **પુરુષવેદી** કહેવાય છે. જે વ્યક્તિમાં સ્તનાદિચિહ્નો હોય છે, તે **સ્ત્રીવેદી** કહેવાય છે. જે વ્યક્તિમાં દાઢી, મુંછાદિ પુરુષના ચિહ્ન હોય છે અને સ્તનાદિ સ્ત્રીના પણ ચિહ્ન હોય છે, તે **નપુંસકવેદી** કહેવાય. કેવળીભગવંતને શરીરના આકાર રૂપ દ્રવ્યવેદ હોય છે પણ ભાવવેદ ન હોય.

(2) **મોહનીયકર્મના ઉદયથી સંસારના ભોગસુખની જે અભિલાષા ઉત્પન્ન થાય છે, તે ભાવવેદ કહેવાય છે.** તેમાં સ્ત્રીને પુરુષ સાથે સંસારના ભોગ સુખની જે અભિલાષા થાય છે, તે **સ્ત્રીવેદ** કહેવાય છે. પુરુષને સ્ત્રીની સાથે સંસારના ભોગ સુખની જે અભિલાષા થાય છે, તે **પુરુષવેદ** કહેવાય છે. જે વ્યક્તિને સ્ત્રી અને પુરુષ બન્નેની સાથે સંસારના ભોગ સુખની જે અભિલાષા થાય છે, તે **નપુંસકવેદ** કહેવાય છે. નવમા ગુણઠાણા સુધી જ ભાવવેદ હોય છે. ૧૦મા ગુણઠાણાથી મહાત્મા **અવેદી** હોય છે.

ભાવવેદની અપેક્ષાએ વેદમાર્ગણા સમજવી...

(૬) કષાયમાર્ગણા :-

(1) ક્રોધ (2) માન (3) માયા (4) લોભ એ ૪ પ્રકારે છે.

(૭) જ્ઞાનમાર્ગણા :-

(1) મતિજ્ઞાન (2) શ્રુતજ્ઞાન (3) અવધિજ્ઞાન (4) મનઃપર્યવજ્ઞાન (5) કેવળજ્ઞાન (6) મતિ-અજ્ઞાન (7) શ્રુત-અજ્ઞાન અને (8) વિભંગજ્ઞાન એ ૮ પ્રકારે છે.

(1) **મતિજ્ઞાન** :- યોગ્ય દેશમાં રહેલી વસ્તુનો ઇન્દ્રિય અને મનથી જે બોધ થાય છે, તે **મતિજ્ઞાન** કહેવાય.

(2) **શ્રુતજ્ઞાન** :- શાસ્ત્રાદિના શ્રવણથી કે વાંચનથી શબ્દની સાથે અર્થની વિચારણાવાળો જે બોધ થાય છે, તે **શ્રુતજ્ઞાન** કહેવાય.

દા.ત. શ્રોત્રેન્દ્રિય દ્વારા ઘટ શબ્દ સાંભળ્યા પછી ઘટશબ્દ એ ઘટપદાર્થનો વાચક છે અને જલધારણાદિ અર્થક્રિયા કરવામાં સમર્થ કંબુગ્રીવાદિમાન્ આકૃતિવાળી જે વસ્તુ છે, તે ઘટશબ્દથી વાચ્ય છે. એટલે ઘટશબ્દનો ઘટપદાર્થની સાથે વાચ્યવાચકભાવ સંબંધ છે. તેથી ઘટશબ્દથી ઘટપદાર્થનો જ બોધ થાય છે. અન્ય પદાર્થનો બોધ થતો નથી. એ રીતે, શબ્દની સાથે અર્થની વિચારણાવાળુ, મન અને ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય છે, તે શ્રુતજ્ઞાન કહેવાય છે.

(3) **અવધિજ્ઞાન** :- મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્મા દ્વારા માત્ર રૂપીદ્રવ્યોનો જે બોધ થાય છે, તે **અવધિજ્ઞાન** કહેવાય.


(4) **મનઃપર્યવજ્ઞાન** :- જેનાથી મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના વિચારો જાણી શકાય છે, તે **મનઃપર્યવજ્ઞાન** કહેવાય.


સંજ્ઞીપંચેન્દ્રિય જીવ કોઈપણ વસ્તુનો વિચાર કરતી વખતે કાયયોગથી પોતે જે આકાશપ્રદેશમાં રહેલો છે, તે જ આકાશપ્રદેશમાંથી મનોયોગ્ય પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરીને, ચિંતનીય વસ્તુને અનુસારે પરિણમાવે છે. તે પરિણત મનોદ્રવ્યને જોઈને મનઃપર્યવજ્ઞાની મહાત્મા વિચારે છે કે, આ વ્યક્તિ આ વસ્તુ સંબંધી અમુક પ્રકારનો વિચાર કરી રહ્યો છે.

દા.ત. કુંભાર ઘટ બનાવવાનો વિચાર કરી રહ્યો છે. તે વખતે તે કુંભારે ગ્રહણ કરેલું મનોદ્રવ્ય ઘટાકારે પરિણમે છે. તે પરિણત મનોદ્રવ્યને જોઈને મનઃપર્યવજ્ઞાની વિચારે છે કે, હાલમાં કુંભાર ઘટ સંબંધી અમુક પ્રકારનો વિચાર કરી રહ્યો છે.

જ્ઞાનમાર્ગણા



કેવળજ્ઞાન
અયો
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
અનિવૃત્તિગુણસ્થાનક
અપૂર્વકરણગુણસ્થાનક
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


મનઃપર્યવજ્ઞાન
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
અનિવૃત્તિગુણસ્થાનક
અપૂર્વકરણગુણ
અ
મત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક



મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
અનિવૃત્તિગુણસ્થાનક
અપૂર્વકરણગુણસ્થાનક
અપ્ર
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક

સંયમમાર્ગણા

ક્ષાયિકયથાખ્યાતચારિત્ર




ઔપશમિકયથાખ્યાતચારિત્ર



સૂક્ષ્મસંપરાયચારિત્ર




પરિહારવિશુદ્ધિચારિત્ર



સામાયિકચારિત્ર



છેદોપસ્થાપનીયચારિત્ર



જેમ બંધ મકાનમાં બેઠેલો માણસ ટી.વી. દ્વારા પરદેશમાં રમાતી મેચાદિનાં દૃશ્યોને જોઈ શકે છે. તેમ મનઃપર્યવજ્ઞાની મહાત્મા પોતાના સ્થાને બેઠા બેઠા મનઃપર્યવજ્ઞાનદ્વારા અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવોના વિચારને અનુસારે પરિણત મનોદ્રવ્યાકૃતિને સ્પષ્ટ જોઈ શકે છે. પણ ચિંતનીય ઘટાદિ વસ્તુને જોઈ શકતા નથી. તે ઘટાદિ વસ્તુ તો અનુમાનથી જણાય છે.

(5) **કેવળજ્ઞાન** :- સંપૂર્ણ લોકાલોકમાં રહેલા સર્વદ્રવ્યના સર્વપર્યાયોને એકી સાથે સાક્ષાત્ આત્મા દ્વારા જાણવા, તે **કેવળજ્ઞાન** કહેવાય છે.

કેવલીભગવંતો એકીસાથે સર્વદ્રવ્યના, ભૂતકાલીન સર્વપર્યાયોને ભૂતરૂપે, વર્તમાનકાલીન સર્વપર્યાયોને વર્તમાનરૂપે અને ભવિષ્યમાં થનારા સર્વે પર્યાયોને ભવિષ્યરૂપે જાણે છે.

દા.ત. **અ** નામની વ્યક્તિ ભૂતકાળમાં તિર્યંચ હતી. વર્તમાનકાળમાં મનુષ્ય છે અને ભવિષ્યમાં દેવ થશે. એ રીતે, સર્વદ્રવ્યોના ત્રિકાલવર્તી સર્વપર્યાયોને એકીસાથે જાણે છે.

અજ્ઞાન = કુત્સિતજ્ઞાન (સદ્-અસદ્ના વિવેક વગરનું જ્ઞાન)

(6) મન અને ઈન્દ્રિયથી વસ્તુના વિશેષધર્મને જણાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિકશક્તિને **મતિ-અજ્ઞાન** કહે છે.

(7) શાસ્ત્રાદિના શ્રવણથી કે વાંચનથી શબ્દની સાથે અર્થની વિચારણાવાળો બોધ કરાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિકશક્તિને **શ્રુત-અજ્ઞાન** કહે છે.

(8) મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના માત્ર રૂપી દ્રવ્યના વિશેષધર્મને જણાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિકશક્તિને **વિભંગજ્ઞાન** કહે છે.

(૮) **સંયમમાર્ગણા** :-

મન-વચન અને કાયાથી કોઈપણ પાપ કરવું નહી, કરાવવું નહીં અને અનુમોદવું નહીં. એ ૩ x ૩ = ૯ પ્રકારે જિંદગી સુધીનું

સામાયિકવ્રત સહિત પંચમહાવ્રતનું પચ્ચક્ખાણ કરવુ, તે સંયમ કહેવાય છે. તે પાંચ પ્રકારે છે.

(1) સામાયિકચારિત્ર (2) છેદોપસ્થાપનીયચારિત્ર (3) પરિહાર વિશુદ્ધિચારિત્ર (4) સૂક્ષ્મસંપરાયચારિત્ર (5) યથાખ્યાતચારિત્ર

(1) સામાયિકચારિત્ર :-

સમ્ + આય = સમાય

[સમાયને **ઇકણ્** પ્રત્યય લાગીને **સામાયિક** શબ્દ બન્યો છે.]

સમ = સમતા (રાગદ્વેષનો અભાવ)

આય = પ્રાપ્તિ

જેનાથી સમતા (રાગ-દ્વેષના અભાવ)ની પ્રાપ્તિ થાય છે, તે સામાયિક કહેવાય.

સામાયિકચારિત્ર-૨ પ્રકારે છે.

(૧) ઈત્વરકાલિક સામાયિકચારિત્ર (૨) યાવત્કથિકસામાયિકચારિત્ર.

(૧) જે ચારિત્ર અલ્પકાળ જ રહે છે, તે **ઈત્વરકાલિક** કહેવાય.

ભરત અને ઐરાવતક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં રહેલા દીક્ષાર્થીઓને દીક્ષા આપતી વખતે પાંચ મહાવ્રત ઉચ્ચરાવવામાં આવતા નથી. પણ જ્યારે યોગોદ્વહનાદિ પૂર્ણ થઈ જાય છે. ત્યારે પાંચ મહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે છે. તેને **વડીદીક્ષા** કહે છે. એટલે દીક્ષા દિનથી માંડીને વડીદીક્ષા સુધીનું અલ્પકાળ જ રહેનારૂ જે ચારિત્ર છે, તે **ઈત્વરકાલિકસામાયિકચારિત્ર** કહેવાય છે.

(૨) જે ચારિત્ર દીક્ષાદિનથી માંડીને મરણ સુધી રહે છે, તે યાવત્કથિકચારિત્ર કહેવાય.

ભરત અને ઐરાવતમાં પહેલા અને છેલ્લા સિવાયના વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુઓ તથા મહાવિદેહક્ષેત્રમાં રહેલા સાધુઓને દીક્ષા

આપતી વખતે જ ચાર મહાવ્રતો સહિત જિંદગી સુધીનું જે સામાયિકવ્રત ઉચ્ચરાવવામાં આવે છે, તે **યાવત્કથિકચારિત્ર** કહેવાય છે.

(2) છેદોપસ્થાપનીયચારિત્ર :-

જેમાં પૂર્વના દીક્ષા પર્યાયનો છેદ કરીને, ફરીવાર દીક્ષા આપતી વખતે મહાવ્રતોનું સ્થાપન કરવામાં આવે છે, તે છેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય છે. તે ૨ પ્રકારે છે.

(૧) સાતિચારછેદોપસ્થાપનીય (૨) નિરતિચારછેદોપસ્થાપનીય

(૧) મૂળગુણનો (મહાવ્રતનો) ઘાત કરનારા સાધુને ફરીવાર મહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે છે, તે **સાતિચારછેદોપસ્થાપનીયચારિત્ર** કહેવાય.

(૨) ભરત અને ઐરાવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં રહેલા દીક્ષાર્થીઓને દીક્ષા આપતી વખતે પાંચમહાવ્રત વિના જિંદગી સુધીનું સામાયિકવ્રત ઉચ્ચરાવવામાં આવે છે. પણ જ્યારે યોગોદ્વહન પૂર્ણ થઈ જાય છે. ત્યારે પૂર્વના દીક્ષા પર્યાયનો છેદ કરીને, ફરીવાર વડીદીક્ષા આપતી વખતે પાંચમહાવ્રતોનું સ્થાપન કરવામાં આવે છે, તે **નિરતિચારછેદોપસ્થાપનીયચારિત્ર** કહેવાય.

ભરત અને ઐરાવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં રહેલા સાધુભગવંતોને એક તીર્થંકરના શાસનમાંથી બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરતી વખતે ચાર મહાવ્રતોને છોડીને, પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરવો, તે **નિરતિચારછેદોપસ્થાપનીય** ચારિત્ર કહેવાય છે.

દા.ત. પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં રહેલા કેશિ, ગાંગેય વગેરે સાધુભગવંતે જ્યારે મહાવીરસ્વામીના શાસનમાં પ્રવેશ કર્યો હતો ત્યારે ચાર મહાવ્રતોને છોડીને પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરેલો, તે નિરતિચારછેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય.

(3) પરિહારવિશુદ્ધિચારિત્ર :-

જે ચારિત્ર પરિહારતપથી વિશુદ્ધ થઈ રહ્યું છે, તે

પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય. આ ચારિત્રનું પાલન કરનારા નવ સાધુઓ હોય છે. તેમાંથી ચાર સાધુ પરિહારતપ કરે છે અને ચાર સાધુ પરિહારતપ કરનારાની સેવા કરે છે અને એક સાધુ વાચનાચાર્ય થાય છે. તે બાકીના આઠ સાધુભગવંતને વાચના આપે છે. જો કે આ ચારિત્રનું પાલન કરનારા બધા જ સાધુ ભગવંતો શ્રુતાતિશયસંપન્ન હોય છે. તો પણ તેઓનો એવો આચાર હોવાથી એકને વાચનાચાર્ય તરીકે સ્થાપે છે.

પરિહારતપની વિધિ :- ઉનાળામાં જઘન્યથી **એક**, મધ્યમથી **બે** અને ઉત્કૃષ્ટથી **ત્રણ** ઉપવાસ કરે છે. શિયાળામાં જઘન્યથી **બે** મધ્યમથી **ત્રણ** અને ઉત્કૃષ્ટથી **ચાર** ઉપવાસ કરે છે. ચોમાસામાં જઘન્યથી **ત્રણ**, મધ્યમથી **ચાર** અને ઉત્કૃષ્ટથી **પાંચ** ઉપવાસ કરે છે અને પારણે આયંબિલ જ કરે છે. તેમાં પણ વિશિષ્ટપ્રકારના અભિગ્રહપૂર્વક જ ગોચરી લાવવાની હોય છે. આ તપ છ મહિના સુધી ચાલે છે. ત્યાર પછી જે સાધુભગવંતો તપસ્વીની સેવા કરનારા હતા. તે છ મહિના સુધી તપ કરે છે. અને જે સાધુભગવંતોએ તપ પૂર્ણ કર્યો છે. તે હવે તપસ્વીની સેવા કરે છે. ત્યાર પછી વાચનાચાર્ય છ મહિના સુધી તપ કરે છે. તે વખતે બાકીના આઠ સાધુમાંથી સાત સાધુ તપસ્વીની સેવા કરે છે અને એક વાચનાચાર્ય થાય છે. તથા જે સાધુભગવંતોને તપ ચાલુ ન હોય, તે સર્વે પણ આયંબિલ કરે છે. આ તપ ૧૮ મહિને પૂર્ણ થાય છે. પરિહારતપ પૂર્ણ થયા પછી તે સાધુભગવંતો ફરીવાર એ જ તપ કરે અથવા જિનકલ્પ કે સ્થવિરકલ્પ સ્વીકારે છે.

(4) સૂક્ષ્મસંપરાયચારિત્ર :-

સૂક્ષ્મસંપરાયગુણઠાણે રહેલા મહાત્માને સૂક્ષ્મલોભનો ઉદય હોવાથી સૂક્ષ્મકષાયોદય હોય છે તે **"સૂક્ષ્મકષાયોદયવાળા જીવનું જે**

ચારિત્ર છે, તે **સૂક્ષ્મસંપરાયચારિત્ર** કહેવાય.

(5) **યથાખ્યાતચારિત્ર** :-

જિનેશ્વરભગવંતે જેવા પ્રકારનું કહ્યું છે તેવા પ્રકારના ચારિત્રને **યથાખ્યાતચારિત્ર** કહે છે. તે ૨ પ્રકારે છે.

(૧) **છાદ્મસ્થિકયથાખ્યાતચારિત્ર** (૨) **કૈવલિકયથાખ્યાતચારિત્ર.**

(૧) છદ્મસ્થ-અવસ્થામાં મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય કે ઉપશમ થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે **છાદ્મસ્થિકયથાખ્યાતચારિત્ર** કહેવાય છે. તે ચારિત્ર બે પ્રકારે છે.

(1) **ઔપશમિકયથાખ્યાતચારિત્ર** (2) **ક્ષાયિકયથાખ્યાતચારિત્ર**

(1) મોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે **ઔપશમિકયથાખ્યાતચારિત્ર** કહેવાય છે. તે **૧૧**મા ગુણઠાણે જ હોય છે.

(2) મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે **ક્ષાયિકયથાખ્યાતચારિત્ર** કહેવાય છે. તે **૧૨**મા ગુણઠાણે જ હોય છે.

(૨) ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે **કૈવલિકયથાખ્યાતચારિત્ર** કહેવાય છે. તે ચારિત્ર **૨** પ્રકારે છે.

(1) **સયોગીકેવલીયથાખ્યાતચારિત્ર** (2) **અયોગીકેવલીયથાખ્યાત ચારિત્ર**

(1) સયોગીકેવલી-અવસ્થામાં જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે **સયોગીકેવલીયથાખ્યાતચારિત્ર** કહેવાય છે. તે **૧૩**મા ગુણઠાણે જ હોય છે.

(2) અયોગીકેવલીઅવસ્થામાં જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે **અયોગીકેવલીયથાખ્યાતચારિત્ર** કહેવાય છે. તે **૧૪**મા ગુણઠાણે જ હોય છે.

(6) અલ્પાંશે કે અધિકાંશે હિંસાદિ-પાપ પ્રવૃત્તિમાંથી અટકવું, તે **દેશવિરતિ** કહેવાય છે. અને (7) અલ્પાંશે પણ હિંસાદિ-પાપ

પ્રવૃત્તિમાંથી ન અટકવું, તે **અવિરતિ** કહેવાય છે.

(૯) દર્શનમાર્ગણા :-

દર્શન = સામાન્યબોધ.

દરેક વસ્તુમાં સામાન્યધર્મ અને વિશેષધર્મ હોય છે. તેમાંથી વસ્તુના સામાન્યધર્મનો બોધ થવો, તે **દર્શન** કહેવાય છે.

દા. ત. સામે એક પીપળાનું વૃક્ષ ઉભું છે તેમાં વૃક્ષ એ સામાન્યધર્મ છે અને પીપળો એ વિશેષધર્મ છે. તેમાંથી **આ વૃક્ષ છે.** એવો જે સામાન્યધર્મનો બોધ થવો, તે **દર્શન** કહેવાય.

(1) ચક્ષુની સહાયતાથી વસ્તુના સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિને **ચક્ષુદર્શન** કહે છે.

(2) ચક્ષુ સિવાયની બાકીની ઈન્દ્રિયોની સહાયથી વસ્તુના સામાન્ય ધર્મને જણાવનારી આત્મિકશક્તિને **અચક્ષુદર્શન** કહે છે.

(3) મન અને ઇન્દ્રિયની સહાયતા વિના માત્ર રૂપી દ્રવ્યોના સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિને **અવધિદર્શન** કહે છે.

(4) સંપૂર્ણ લોકાલોકમાં રહેલા સર્વદ્રવ્યના સર્વપર્યાયના સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિને **કેવળદર્શન** કહે છે.

(૧૦) લેશ્યામાર્ગણા :-

જેનાથી આત્મા કર્મની સાથે લેપાય છે, તે લેશ્યા કહેવાય છે.

લેશ્યા ૨ પ્રકારે છે. (૧) દ્રવ્યલેશ્યા (૨) ભાવલેશ્યા.

પંચસંગ્રહ[૪]માં આચાર્યશ્રી મલયગિરિસૂરીશ્વરજી મહારાજે અને દ્રવ્યલોકપ્રકાશમાં પૂ.વિનયવિજયજી મહારાજે યોગવર્ગણાની અંદર રહેલા કાળા વગેરે વર્ણના પુદ્ગલોને **દ્રવ્યલેશ્યા** કહી છે અને તેનાથી ઉત્પન્ન થતા આત્મિકપરિણામને **ભાવલેશ્યા** કહી છે. તે-૬ પ્રકારે છે.

---

(૪) (પંચસંગ્રહમાં પહેલા દ્વારની ગાથા નં૦ ૮ની ટીકા.)
द्रव्याण्येतानि योगान्तर्गतानीति विचिन्त्यताम्।
संयोगत्वेन लेश्यानामन्वयव्यतिरेकतः ॥ २८५॥ (द्रव्यलोकप्रकाश-सर्ग-३)

(1) **કૃષ્ણલેશ્યા** (2) **નીલલેશ્યા** (3) **કાપોતલેશ્યા** (4) **તેજોલેશ્યા** (5) **પદ્મલેશ્યા** અને (6) **શુક્લલેશ્યા.**

લેશ્યાની સમજુતિ :-

છ મુસાફરો એક જાંબુના વૃક્ષની નીચે આવ્યા. તેઓને જાંબુ ખાવાની ઈચ્છા થઈ. એટલે એક મુસાફરે કહ્યું કે, આપણે **જાંબુના વૃક્ષને** તોડીને નીચે પાડી દઈએ. પછી મનગમતા જાંબુ ખાઈએ. બીજા મુસાફરે કહ્યું કે, આખા જાંબુના વૃક્ષને તોડી નાંખવાની શી જરૂર છે ? તેની એક **મોટી ડાળીને** તોડવાથી આપણને જાંબુ મળી જશે. ત્રીજા મુસાફરે કહ્યું કે, મોટી ડાળીને પણ તોડવાની શી જરૂર છે. **નાની** ડાળીને તોડવાથી પણ આપણને જાંબુ મળી જશે. ચોથા મુસાફરે કહ્યું કે, મોટી કે નાની એકેય ડાળીને તોડવાની શી જરૂર છે ? તે ડાળીમાંથી **જાંબુવાળા ગુચ્છાને** તોડવાથી જ આપણને જાંબુ મળી જશે. પાંચમા મુસાફરે કહ્યું કે, મને તો એ વાત પણ યોગ્ય લાગતી નથી. કારણકે આપણે જાંબુ જ ખાવા છે. તો **ગુચ્છામાંથી** જ જાંબુ લઈ લેવા જોઈએ. છઠ્ઠા મુસાફરે કહ્યું કે, ગુચ્છામાંથી પણ જાંબુ લેવાની શી જરૂર છે ? આપણે જાંબુ જ ખાવા છે. તો અહીં જે **નીચે તાજા જ જાંબુ** ખરી પડેલા છે. તેને જ વીણીને લઈ લેવા જોઈએ...

અહીં પહેલા મુસાફરને કાજળ જેવા[૫] **કાળા,** લીંબડાના રસ જેવા **કડવા,** મરેલી ગાય જેવા **દુર્ગંધી,** કરવત જેવા **કર્કશ** પુદ્ગલોથી જે **હિંસક, અત્યંત ક્રૂર, નિર્દય, અતિ ક્રોધી** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"કૃષ્ણલેશ્યા"** કહેવાય છે. બીજા મુસાફરને પોપટ જેવા **લીલા,** મરચા જેવા **તીખા,** મરેલા કૂતરા જેવા **દુર્ગંધી,** બળદની જીભથી વધુ **કર્કશ** સ્પર્શવાળા લેશ્યાના પુદ્ગલોથી જે **માયાવી, રસ લોલુપી, ઈર્ષ્યાળુ** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"નીલલેશ્યા"** કહેવાય છે. ત્રીજા મુસાફરને કબૂતર જેવા **ભૂરા,** આમળા જેવા **ખાટા,** મરેલા સાપ

(૫) જુઓ દ્રવ્યલોકપ્રકાશ સર્ગ-૩માં શ્લોક નં૦ ૨૯૯.

જેવા **દુર્ગંધી,** સાગરવૃક્ષના પત્રથી વધુ **કર્કશ** પુદ્‌ગલોથી જે **અહંકારી, બીજાને દુઃખદાયક** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"કાપોતલેશ્યા"** કહેવાય છે. ચોથા મુસાફરને ઉગતા સૂર્ય જેવા **લાલ,** આમ્રફળ જેવા **મીઠા, સુગંધી** અને માખણ જેવા **કોમળ** પુદ્‌ગલથી જે **નમ્ર, સરળ, પાપભીરૂ** શુભ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"તેજોલેશ્યા"** કહેવાય છે. પાંચમા મુસાફરને સુવર્ણ જેવા **પીળા** વર્ણવાળા, દ્રાક્ષ જેવા **મીઠા** રસવાળા, **સુગંધી** અને માખણથી પણ વધુ **કોમળ** પુદ્‌ગલથી જે તીવ્ર શુભ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"પદ્મલેશ્યા"** કહેવાય છે અને છઠ્ઠા મુસાફરને ગાયના દૂધ જેવા **શ્વેતવર્ણવાળા,** શેરડીના જેવા **મીઠા** રસવાળા, **અત્યંત સુગંધી** અને **અત્યંત કોમળ** લેશ્યાના પુદ્‌ગલથી જે તીવ્રતમ શુભપરિણામ ઉત્પન્ન થાય છે, તે **"શુક્લલેશ્યા"** કહેવાય છે.

(૧૧) ભવ્યમાર્ગણા :- (1) ભવ્ય (2) અભવ્ય

(1) જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા છે, તે **ભવ્ય** કહેવાય છે અને (2) જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા જ નથી, તે **અભવ્ય** કહેવાય છે.

(૧૨) સમ્યક્‌ત્વમાર્ગણા :-

(1) ક્ષાયિક, (2) ક્ષયોપશમ, (3) ઉપશમ, (4) મિશ્ર, (5) સાસ્વાદન અને (6) મિથ્યાત્વ..... એ ૬ પ્રકારે છે.

(1) દર્શનમોહનીયકર્મના સંપૂર્ણ ક્ષયથી જે અત્યંત વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"ક્ષાયિકસમ્યક્‌ત્વ"** કહેવાય છે.

(2) દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"ક્ષયોપશમસમ્યક્‌ત્વ"** કહેવાય છે

(3) દર્શનમોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"ઔપશમિકસમ્યક્‌ત્વ"** કહેવાય છે.

(4) મિશ્રમોહનીયકર્મના ઉદયથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે **"મિશ્રસમ્યક્‌ત્વ"** કહેવાય છે.

લેશ્યામાર્ગણા


(૪)
તેજો લેશ્યા
ગુચ્છાનો છેદ
નાનીડાળીનો છેદ
(૨)
નીલલેશ્યા
મોટી ડાળીનો છેદ
(૫) પદ્મલેશ્યા
(૩) કાપોતલેશ્યા
(૧)
કૃષ્ણલેશ્યા
જં
બૂ
વૃ
ક્ષ
(૬) શુક્લલેશ્યા
જાંબુને
ચૂંટવા
જાંબુ માટે
મૂળમાંથી છેદ
નીચે પડેલા જાંબૂ-ભક્ષણ

સમ્યક્ત્વમાર્ગણા


ક્ષયોપશમસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિ
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


ક્ષાયિકસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


ઉપશમસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


મિશ્રસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


સાસ્વાદનસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
મિશ્રગુણ
મિથ્યાત્વગુણસ્થાનક
મિથ્યાત્વ

સંજ્ઞીમાર્ગણા






અસંજ્ઞીમાર્ગણા








સંજ્ઞીમાર્ગણા






આહારીમાર્ગણા

આહારીમાર્ગણા




કવલાહાર



લોમાહાર





વિગ્રહગતિમાં
જીવ
અણાહારી

અણાહારીમાર્ગણા



અયોગીકેવલીભગવંત
અણાહારી



કેવલીસમુદ્‌ઘાતમાં
ત્રીજા-ચોથા-પાંચમાં સમયે
જીવ અણાહારી

(5) ઉપશમસમ્યક્ત્વનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે, ત્યારે અનંતાનુબંધીકષાયનો ઉદય થવાથી ઉપશમસમ્યક્ત્વથી પડીને, મિથ્યાત્વ તરફ ઝુકી રહેલા જીવને, જેમ ખીરનું વમન થતી વખતે ખીરનો સ્હેજ સ્વાદ અનુભવાય છે. તેમ ઉપશમસમ્યક્ત્વનું વમન કરતી વખતે જે સમ્યક્ત્વનો સ્હેજ સ્વાદ અનુભવાય છે, તે **"સાસ્વાદનસમ્યક્ત્વ"** કહેવાય છે.

(6) જીવને મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી કુદેવમાં સુદેવ, કુગુરુમાં સુગુરુ અને અહિંસા પ્રધાન ધર્મમાં કુધર્મની બુદ્ધિ ઉત્પન્ન થવી, તે **"મિથ્યાત્વ"** કહેવાય છે.

(૧૩) સંજ્ઞીમાર્ગણા :- (1) સંજ્ઞી (2) અસંજ્ઞી.

(1) જે જીવો મનવાળા હોય છે, તે સંજ્ઞી કહેવાય.

(2) જે જીવો મન વિનાના હોય છે, તે અસંજ્ઞી કહેવાય.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંમુર્ચ્છિમપંચેન્દ્રિય જીવોને મન હોતું નથી. તેથી તે **અસંજ્ઞી** કહેવાય છે અને ગર્ભજ તિર્યંચ-મનુષ્યો, યુગલિક તિર્યંચ-મનુષ્યો તથા દેવ-નારકો મનવાળા હોવાથી **સંજ્ઞી** કહેવાય છે.

(૧૪) આહારીમાર્ગણા :- આહારીમાર્ગણા-૨ પ્રકારે છે.

(1) આહારક [2] અનાહારક.....આહાર "૩" પ્રકારે છે.

(૧) **ઓજાહાર** (૨) **લોમાહાર** (૩) **કવલાહાર**

ઓજ = દેહને યોગ્ય પુદ્‌ગલો

ઓજાહાર = દેહને યોગ્ય પુદ્‌ગલોનો આહાર

(૧) ઉત્પત્તિના પ્રથમસમયથી માંડીને શરીરપર્યાપ્તિની સમાપ્તિ સુધી[૬] જીવ જે સ્વશરીરને યોગ્ય પુદ્‌ગલોનો આહાર કરે છે, તે ઓજાહાર કહેવાય. દા. ત. મનુષ્ય અને તિર્યંચો ગર્ભમાં ઉત્પન્ન થતી વખતે પ્રથમસમયે કાર્મણકાયયોગથી અને બીજાસમયથી માંડીને

(૬) (દ્રવ્યલોકપ્રકાશ સર્ગ-૩માં શ્લોક નં૦ ૧૧૨૨)

શરીરપર્યાપ્તિની સમાપ્તિ સુધી ઔદારિકમિશ્રયોગથી જે શુક્ર, શોણિતાદિ ઔદારિકપુદ્ગલોનો આહાર કરે છે, તે **"ઓજાહાર"** કહેવાય.

(૨) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્પર્શનેન્દ્રિય (ચામડી) દ્વારા જે સ્વશરીરને યોગ્ય પુદ્ગલોનો આહાર કરાય છે, તે **"લોમાહાર"** કહેવાય.

(૩) મુખથી અન્નાદિનો આહાર કરે છે, તે **"કવલાહાર"** કહેવાય.

એકેન્દ્રિયજીવોને અને દેવ-નારકીને કવલાહાર હોતો નથી.

(1) જે જીવ ઓજાહારાદિ ત્રણમાંથી કોઈ પણ એક પ્રકારનો આહાર કરે છે, તે **"આહારક"** (આહારી) કહેવાય અને (2) જે જીવ ઓજાહારાદિ-ત્રણમાંથી કોઈપણ પ્રકારનાં આહારને કરતા નથી. તે **"અનાહારક"** (અણાહારી) કહેવાય છે.

એ પ્રમાણે, (૧) ગતિમાર્ગણા - ૪ પ્રકારે છે.
(૨) ઇન્દ્રિયમાર્ગણા - ૫ પ્રકારે છે.
(૩) કાયમાર્ગણા - ૬ પ્રકારે છે.
(૪) યોગમાર્ગણા - ૩ પ્રકારે છે.
(૫) વેદમાર્ગણા - ૩ પ્રકારે છે.
(૬) કષાયમાર્ગણા - ૪ પ્રકારે છે.
(૭) જ્ઞાનમાર્ગણા - ૮ પ્રકારે છે.
(૮) સંયમમાર્ગણા - ૭ પ્રકારે છે.
(૯) દર્શનમાર્ગણા - ૪ પ્રકારે છે.
(૧૦) લેશ્યામાર્ગણા - ૬ પ્રકારે છે.
(૧૧) ભવ્યમાર્ગણા - ૨ પ્રકારે છે.
(૧૨) સમ્યક્ત્વમાર્ગણા - ૬ પ્રકારે છે.
(૧૩) સંજ્ઞીમાર્ગણા - ૨ પ્રકારે છે.
(૧૪) આહારીમાર્ગણા - ૨ પ્રકારે છે.
કુલ ૬૨ માર્ગણા છે.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

બંધસ્વામિત્વનામતૃતીયકર્મગ્રન્થ

મંગલાચરણ :-

बंधविहाणविमुक्कं, वंदिय सिरिवद्धमाणजिणचंदं ।
गइयाइसु वुच्छं, समासओ बंधसामित्तं ॥१॥

बन्धविधानविमुक्तं, वन्दित्वा श्रीवर्द्धमानजिनचन्द्रम् ।
गत्यादिषु वक्ष्ये, समासतो बन्धस्वामित्वम् ॥१॥

ગાથાર્થ :- કર્મબંધના પ્રકૃતિબંધ વગેરે પ્રકારોથી મૂકાયેલા, શ્રી વર્ધમાન જિનચંદ્રને વંદન કરીને, ગત્યાદિમાર્ગણામાં બંધસ્વામિત્વને સંક્ષેપથી કહીશ.

વિવેચન :- ગ્રન્થકારભગવંત **શ્રીદેવેન્દ્રસૂરિમહારાજા,** પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધમાંથી મુક્ત થયેલા અને અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની જિનભગવંતોમાં ચંદ્રસમાન એવા શ્રી વર્ધમાનસ્વામીને **"वंदिय"** પદથી નમસ્કાર કરવા દ્વારા **મંગલાચરણ** કરી રહ્યાં છે.

ગ્રન્થકારભગવંતે ગ્રન્થની નિર્વિઘ્નતાથી સમાપ્તિ કરવાને માટે **वंदिय** પદથી મંગલાચરણ કરીને, **"गइयाईसु बंधसामित्तं"** પદથી વિષય બતાવ્યો છે. **"समासओ"** પદથી પ્રયોજન બતાવ્યું છે તથા ગર્ભિતપણે સંબંધ અને અધિકારીનું પણ સૂચન કર્યું છે.

(૧) **વિષય :-** આ ગ્રન્થમાં ગત્યાદિમાર્ગણામાં રહેલા જીવો કયા ગુણઠાણે કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે, એ જણાવેલું હોવાથી આ ગ્રન્થનો મુખ્ય વિષય ગત્યાદિમાર્ગણામાં **"બંધસ્વામિત્વ"** છે.

(૨) **પ્રયોજન** :- વર્તમાનકાળમાં મંદબુદ્ધિવાળા જીવોને **બંધસ્વામિત્વનો સંક્ષેપથી બોધ કરાવવો,** એ ગ્રન્થકર્તાનું અનંતર પ્રયોજન છે અને **બંધસ્વામિત્વનો બોધ થવો,** એ શ્રોતાનું અનંતર પ્રયોજન છે. તેમજ એ બન્નેનું પરંપર પ્રયોજન **મોક્ષ** છે.

(૩) **સંબંધ** :- આ ગ્રન્થ પોતાની બુદ્ધિથી બનાવેલો નથી. પરંતુ સૌ પ્રથમ ભગવાન મહાવીરસ્વામીએ ગત્યાદિમાર્ગણાને વિષે બંધસ્વામિત્વની દેશના આપી. તેની ભગવાન સુધર્મસ્વામીએ સૂત્રરૂપે રચના કરી એટલે ગુરૂની પરંપરાથી પ્રાપ્ત થયેલ અર્થની સાથે આ ગ્રન્થનો **"ગુરુપર્વક્રમ"** સંબંધ છે.

(૪) **અધિકારી** :- જે મોક્ષમાર્ગાભિમુખી ભવ્યજીવો બંધસ્વામિત્વને જાણવાની ઈચ્છાવાળા હોય અને તેનામાં બંધસ્વામિત્વને સમજવાની યોગ્યતા હોય, તે આ ગ્રન્થ ભણવાના અધિકારી છે.

એ રીતે, **અનુબંધચતુષ્ટ્ય** કહ્યું.

માર્ગણા :-

गइ इन्दिए य काए, जोए वेए कसाय नाणे य ।
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥

(બૃહદ્બન્ધસ્વામિત્વ ગાથા-૨)

ગતિ ઇંદ્રિય કાય યોગ વેદ કષાય જ્ઞાન
↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓
૪ + ૫ + ૬ + ૩ + ૩ + ૪ + ૮ +
સંયમ દર્શન લેશ્યા ભવ્ય સમ્યક્ત્વ સંજ્ઞી આહારી કુલ
↓ + ↓ + ↓ + ↓ + ↓ + ↓ + ↓ + ↓
૭ ૪ ૬ ૨ ૬ ૨ ૨ = ૬૨

માર્ગણા છે.

કર્મપ્રકૃતિઓનો સંગ્રહ :-

जिण सुरविउवाहारदु देवाउ अ नरयसुहुमविगलतिगं ।
एगिंदि थावरायवनपुमिच्छं हुंड छेवट्टं ॥२॥
अणमज्झागिइ संघयणकुखगइनियइत्थिदुहगथीणतिगं ।
उज्जोय तिरिदुगं तिरि-नराउ नर-उरलदुग रिसहं ॥३॥

जिनं सुरवैक्रियाहारद्विकं देवायुश्च नरक-सूक्ष्म-विकलत्रिकम् ।
एकेन्द्रिय-स्थावरा-तप-नपुंसक-मिथ्यात्वं हुंड सेवार्तम् ॥२॥
अनन्त-मध्याकृति-संहननं कुखगति-नीच-स्त्री दौर्भाग्य स्त्यानत्रिकम् ।
उद्योतं तिर्यग्द्विकं तिर्यग्-नरायुः नर-उदारद्विकं ऋषभम् ॥३॥

ગાથાર્થ :- જિનનામ, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવાયુ, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિય, સ્થાવર, આતપ, નપુંસક, મિથ્યાત્વ, હુંડક, છેવટ્ટું, અનંતાનુબંધીચતુષ્ક, મધ્યમસંસ્થાનચતુષ્ક, મધ્યમસંઘયણચતુષ્ક, અશુભવિહાયોગતિ, નીચગોત્ર, સ્ત્રીવેદ, દૌર્ભાગ્યત્રિક, થીણદ્ધિત્રિક, ઉદ્યોત, તિર્યંચદ્વિક, તિર્યંચાયુ, મનુષ્યાયુ, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણ.

વિવેચન :- ૬૨ માર્ગણામાંથી મનુષ્યગત્યાદિ કેટલીક માર્ગણામાં રહેલા જીવો **૧૨૦** કર્મપ્રકૃતિને બાંધી શકે છે. પરંતુ નરકગત્યાદિ કેટલીક માર્ગણામાં રહેલા જીવો ભવસ્વભાવે કે ગુણનિમિત્તે કેટલીક કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી. એટલે જે માર્ગણામાં જેટલી કર્મપ્રકૃતિ ભવસ્વભાવે કે ગુણનિમિત્તે ન બંધાતી હોય, તેને ઓઘબંધમાંથી કાઢી નાંખવાની હોય છે અને જે માર્ગણામાં જે ગુણઠાણે જેટલી કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થતો હોય, તે ગુણઠાણે તેટલી કર્મપ્રકૃતિને કાઢી નાંખવાની હોય છે અને જે ગુણઠાણે જેટલી કર્મપ્રકૃતિનો બંધ ચાલુ થતો હોય, તે ગુણઠાણે તેટલી કર્મપ્રકૃતિ ઉમેરવાની હોય છે, એટલે તે તે સ્થાને તે સર્વ કર્મપ્રકૃતિના નામ વારંવાર લખવામાં આવે,

તો ગ્રન્થ મોટો થઈ જવાથી, અભ્યાસુવર્ગ સહેલાઈથી બોધ કરી શકતો નથી એટલે સંક્ષેપમાં અનેક કર્મપ્રકૃતિઓનો બોધ કરી શકાય. એ હેતુથી, ગ્રન્થકાર ભગવંતે જે કર્મપ્રકૃતિને વારંવાર કાઢી નાખવાની હોય કે ઉમેરવાની હોય, તે સર્વને બીજી અને ત્રીજી ગાથામાં ક્રમશઃ ગોઠવી આપી છે.

અહીં (૧) **જિનનામ** (૨) **દેવગતિ** (૩) **દેવાનુપૂર્વી** (૪) **વૈક્રિયશરીર** (૫) **વૈક્રિયઅંગોપાંગ** (૬) **આહારકશરીર** (૭) **આહારકઅંગોપાંગ** (૮) **દેવાયુષ્ય** (૯) **નરકગતિ** (૧૦) **નરકાનુપૂર્વી** (૧૧) **નરકાયુષ્ય** (૧૨) **સૂક્ષ્મ** (૧૩) **અપર્યાપ્ત** (૧૪) **સાધારણ** (૧૫) **બેઈન્દ્રિય** (૧૬) **તેઈન્દ્રિય** (૧૭) **ચઉરિન્દ્રિયજાતિ** (૧૮) **એકેન્દ્રિય** (૧૯) **સ્થાવર** (૨૦) **આતપ** (૨૧) **નપુંસકવેદ** (૨૨) **મિથ્યાત્વ** (૨૩) **હુંડકસંસ્થાન** (૨૪) **છેવટ્ઠું સંઘયણ** (૨૫) **અનંઽક્રોધ** (૨૬) **અનંઽમાન** (૨૭) **અનંઽમાયા** (૨૮) **અનંઽલોભ** (૨૯) **ન્યગ્રોધ** (૩૦) **સાદિ** (૩૧) **વામન** (૩૨) **કુબ્જ** (૩૩) **ઋષભનારાચ** (૩૪) **નારાચ** (૩૫) **અર્ધનારાચ** (૩૬) **કીલિકા** (૩૭) **અશુભવિહાયોગતિ** (૩૮) **નીચગોત્ર** (૩૯) **સ્ત્રીવેદ** (૪૦) **દૌર્ભાગ્ય** (૪૧) **દુઃસ્વર** (૪૨) **અનાદેય** (૪૩) **થીણદ્ધિનિદ્રા** (૪૪) **નિદ્રાનિદ્રા** (૪૫) **પ્રચલાપ્રચલા** (૪૬) **ઉદ્યોત** (૪૭) **તિર્યંચગતિ** (૪૮) **તિર્યંચાનુપૂર્વી** (૪૯) **તિર્યંચાયુષ્ય** (૫૦) **મનુષ્યાયુષ્ય** (૫૧) **મનુષ્યગતિ** (૫૨) **મનુષ્યાનુપૂર્વી** (૫૩) **ઔદારિકશરીર** (૫૪) **ઔદારિક અંગોપાંગ** (૫૫) **વજ્રઋષભનારાચ સંઘયણ..... એ રીતે, કર્મપ્રકૃતિઓ ગોઠવેલી છે.**

આ ક્રમ પ્રમાણે જે સ્થળે જેટલી કર્મપ્રકૃતિ કાઢવાની કે ઉમેરવાની કહી હોય, ત્યાં તેટલી કર્મપ્રકૃતિ કાઢવી અને ઉમેરવી. દા.ત.

ગાથાનં૦૪માં દેવદ્વિકાદિ-૧૯ કર્મપ્રકૃતિ કાઢવાની કહી છે. એટલે જિનનામાદિ-**૫૫** કર્મપ્રકૃતિના ક્રમમાં જ્યાં દેવગતિ છે ત્યાંથી શરૂઆત કરીને આતપ સુધીની **૧૯** કર્મપ્રકૃતિ કાઢી નાંખવી. એ જ રીતે, ગાથાનં૦૪માં નપુંસકચતુષ્ક ઓછું કરવાનું કહ્યું છે એટલે જિનનામાદિ-**૫૫** કર્મપ્રકૃતિના ક્રમમાં જ્યાં નપુંસક છે ત્યાંથી છેવટ્ટું સુધીની-૪ કર્મપ્રકૃતિ કાઢી નાંખવી.

એ રીતે, આ ગ્રન્થમાં જ્યાં દેવદ્વિકાદિ-૧૯, નપુંસકચતુષ્ક વગેરે કહ્યું છે. ત્યાં તે સર્વે કર્મપ્રકૃતિના નામો ન લખેલા હોવા છતાં પણ તે તે પ્રકૃતિ જણાઈ જાય છે. તેથી અભ્યાસુવર્ગને બંધસ્વામિત્વનો બોધ સહેલાઈથી થઈ શકે છે.

નરકગતિ માર્ગણામાં બંધસ્વામિત્વ :-

નરકગતિમાં પહેલે-બીજે ગુણઠાણે બંધસ્વામિત્વ :-

सुरइगुणवीसवज्जं, इगसउ ओहेण बंधहि निरया ।
तित्थविणा मिच्छि सयं, सासणि नपुचउविणा छनुई ॥४॥

सुरैकोनविंशतिवर्जं एकशतमोघेन बध्नन्ति निरयाः ।
तीर्थं विना मिथ्यात्वे शतं, सास्वादने नपुंसकचतुष्कं विना षण्णवतिः ॥४॥

ગાથાર્થ :- પહેલી ત્રણ નરકમાં રહેલા નારકો સુરદ્વિકાદિ-૧૯ કર્મપ્રકૃતિ વિના ઓઘે ૧૦૧ કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાંથી તીર્થંકરનામકર્મ વિના ૧૦૦ પ્રકૃતિને મિથ્યાત્વગુણઠાણે બાંધે છે. અને નપુંસકચતુષ્ક વિના ૯૬ કર્મપ્રકૃતિને સાસ્વાદનગુણઠાણે બાંધે છે.

વિવેચન :- ગ્રંથકાર ભગવંત સૌ પ્રથમ સામાન્યથી નરકગતિમાં બંધસ્વામિત્વને કહે છે. ત્યાર પછી (૧) **રત્નપ્રભા,** (૨) **શર્કરાપ્રભા,** (૩) **વાલુકાપ્રભા,** (૪) **પંકપ્રભા,** (૫) **ધૂમપ્રભા** (૬) **તમઃપ્રભા** અને (૭) **તમસ્તમઃપ્રભા**માં બંધસ્વામિત્વને કહે છે.

ઓઘે ૧૦૧ કર્મપ્રકૃતિનો બંધ :-

નારકો ભવસ્વભાવે જ દેવદ્વિકાદિ-૧૯ કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી. કારણકે નારકો મરીને દેવગતિ કે નરકગતિમાં ઉત્પન્ન થતા નથી. એટલે દેવભવને યોગ્ય દેવત્રિક, વૈક્રિયદ્વિક અને નરકભવને યોગ્ય નરકત્રિકને બાંધી શકતા નથી.

આહારકદ્વિકના બંધનું કારણ અપ્રમત્તચારિત્ર છે. નારકો વધુમાં વધુ ચાર ગુણઠાણા પ્રાપ્ત કરી શકે છે. ત્યાંથી આગળ દેશવિરતિ વગેરે ગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી. એટલે અપ્રમત્તચારિત્ર પ્રાપ્ત થતું નથી. તેથી તેઓ આહારકદ્વિકને બાંધી શકતા નથી.

સૂક્ષ્મનામકર્મનો ઉદય સૂક્ષ્મએકેન્દ્રિયજીવોને જ હોય છે. સાધારણ નામકર્મનો ઉદય સાધારણવનસ્પતિકાયના જીવોને જ હોય છે. આતપ નામકર્મનો ઉદય બાદર પર્યાપ્તા પૃથ્વીકાયને જ હોય છે. સ્થાવર અને એકેન્દ્રિયજાતિ નામકર્મનો ઉદય એકેન્દ્રિયજીવોને જ હોય છે. એટલે સૂક્ષ્માદિ-**૫** પ્રકૃતિ એકેન્દ્રિયભવને યોગ્ય છે અને નારકો મરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી તેથી તેઓ એકેન્દ્રિયભવને યોગ્ય સૂક્ષ્માદિ-**૫** કર્મપ્રકૃતિને બાંધતા નથી. તેમજ નારકો મરીને વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. તેથી તેઓ બેઈન્દ્રિયભવને યોગ્ય બેઈન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયભવને યોગ્ય તેઇન્દ્રિયજાતિ અને ચઉરિન્દ્રિયભવને યોગ્ય ચઉરિન્દ્રિયજાતિને બાંધતા નથી.

નારકો મરીને સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. લબ્ધિ-અપર્યાપ્તા (અપર્યાપ્તનામકર્મના ઉદયવાળા) તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. તેથી તેઓ અપર્યાપ્તનામકર્મને બાંધતા નથી.

એ રીતે, નારકો ભવસ્વભાવે જ દેવગત્યાદિ-૧૯ કર્મપ્રકૃતિને બાંધતા નથી. એટલે **૧૨૦** માંથી **૧૯** પ્રકૃતિ કાઢી નાંખવાથી **૧૦૧** કર્મપ્રકૃતિ નરકગતિમાં **ઓઘે** બંધાય છે.

જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
↓	↓	↓	↓	↓	↓	↓	↓	↓
૫	+ ૯	+ ૨	+ ૨૬	+ ૨	+ ૫૦[૭]	+ ૨	+ ૫	= ૧૦૧

મિથ્યાત્વે ૧૦૦ કર્મપ્રકૃતિનો બંધ :-

તીર્થંકરનામકર્મના બંધનું કારણ સમ્યક્ત્વ હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવો જ તીર્થંકરનામકર્મને બાંધી શકે છે. મિથ્યાદૃષ્ટિ તીર્થંકરનામકર્મને બાંધી શકતા નથી. એટલે મિથ્યાત્વગુણઠાણે **૧૦૧**માંથી તીર્થંકરનામકર્મને કાઢી નાંખવાથી, ૧૦૦ પ્રકૃતિ નરકગતિમાં **મિથ્યાત્વગુણઠાણે** બંધાય છે.

જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
↓	↓	↓	↓	↓	↓	↓	↓	↓
૫	+ ૯	+ ૨	+ ૨૬	+ ૨	+ ૪૯	+ ૨	+ ૫	= ૧૦૦

સાસ્વાદને ૯૬ કર્મપ્રકૃતિનો બંધ :-

નપુંસકચતુષ્કના બંધનું કારણ મિથ્યાત્વનો ઉદય છે. એટલે જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં સુધી જ જીવ **નપુંસક, મિથ્યાત્વ, હુંડક** અને **છેવટ્ઠા**ને બાંધી શકે છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીયનો ઉદય ન હોવાથી ત્યાં નપુંસકચતુષ્ક બંધાતુ નથી. એટલે ૧૦૦માંથી નપુંસકચતુષ્ક કાઢી નાંખવાથી ૯૬ પ્રકૃતિ નરકગતિમાર્ગણામાં સાસ્વાદન-ગુણઠાણે બંધાય છે.

---

(૭) ગતિ-૨ (મનુ૦, તિ૦) + પંચે૦જાતિ + શ૦૩ + ઔ૦અં૦ + સં૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + આનુ૦૨ + વિહા૦ ૨ = ૨૭ + પ્ર૦૭ (અગુરુલઘુ-૪, નિર્માણ, ઉદ્યોત, જિનનામ) +ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = **૫૦**

(૮) કર્મસ્તવમાં મિથ્યાત્વગુણઠાણાના અંતે નરકત્રિકાદિ-૧૬ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. તેમાંથી નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક અને આતપ એ ૧૨ પ્રકૃતિ નારકો ભવસ્વભાવે જ બાંધતા નથી. તેથી તે પ્રકૃતિઓ ઓઘબંધમાંથી કાઢી નાંખેલી હોવાથી, તે સિવાયની બાકીની નપુંસકાદિ-૪ પ્રકૃતિનો મિથ્યાત્વના અંતે બંધવિચ્છેદ થાય છે.

જ્ઞા૦ દ૦ વે૦ મો૦ આ૦ નામ ગોત્ર અંત૦ કુલ
↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓
૫ + ૯ + ૨ + ૨૪ + ૨ + ૪૭ + ૨ + ૫ = ૯૬

નરકગતિમાં ત્રીજે-ચોથે ગુણઠાણે બંધસ્વામિત્વ :-

विणु अणछवीस मीसे, बिसयरि संमंमि जिण नराउ जुया ।
इय रयणाइसु भंगो, पंकाइसु तित्थयर हीणो ॥५॥

विनाऽन षड्विंशतिमिश्रे द्वासप्ततिः सम्यक्त्वे जिननरायुर्युता ।
इति रत्नादिषु भङ्गः, पङ्कादिषु तीर्थङ्करहीनः ॥५॥

ગાથાર્થ :- અનંતાનુબંધી વગેરે ૨૬ વિના મિશ્રગુણઠાણે ૭૦ કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાં જિનનામ અને મનુષ્યાયુ યુક્ત કરવાથી ૭૨ કર્મપ્રકૃતિ અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે બાંધે છે. એ જ પ્રમાણે, રત્નપ્રભાદિ-૩ નારકીમાં બંધસ્વામિત્વ જાણવું અને એ જ પ્રકારે તીર્થંકરનામકર્મ વિના પંકપ્રભાદિ-૩માં બંધસ્વામિત્વ જાણવું.

વિવેચન :- અનંતાનુબંધીથી તિર્યંચાયુ સુધીની કુલ ૨૫ કર્મપ્રકૃતિના બંધનું કારણ અનંતાનુબંધીકષાયનો ઉદય છે. તે સાસ્વાદનગુણઠાણાના અંત સુધી જ હોય છે. તેથી ત્યાં સુધી જ અનંતાનુબંધીક્રોધાદિ-૨૫ પ્રકૃતિ બંધાય છે. મિશ્રાદિ ગુણઠાણે અનંતાનુબંધી કષાયનો ઉદય હોતો નથી. તેથી ત્યાં અનંતા૦ વગેરે ૨૫ કર્મપ્રકૃતિ બંધાતી નથી અને મિશ્રગુણઠાણે ઘોલના પરિણામનો અભાવ હોવાથી મનુષ્યાયુષ્ય બંધાતું નથી. એટલે ૯૬માંથી અનંતા૦૨૫ + મનુષ્યાયુ = ૨૬ વિના ૭૦ કર્મપ્રકૃતિ મિશ્રગુણઠાણે બંધાય છે.

જ્ઞા૦ દ૦ વે૦ મો૦ આ૦ નામ ગોત્ર અંત૦ કુલ
↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓
૫ + ૬ + ૨ + ૧૯ + ૦ + ૩૨[૯] + ૧ + ૫ = ૭૦

---

(૯) મનુષ્યગતિ + પંચે૦જાતિ૦ + શ૦૩ + ઔ૦અં૦ + પ્રથમસં૦ + પ્રથમસંસ્થાન + વર્ણાદિ-૪ + મનુષ્યાનુપૂર્વી + શુભવિહા૦ = ૧૪ + પ્ર૦ ૫ [અગુરુ૦ ૪, નિર્માણ] + ત્રસ-૧૦ + અસ્થિર + અશુભ + અયશ = ૩૨

સમ્યક્ત્વે-૭૨ કર્મપ્રકૃતિનો બંધ :-

રત્નપ્રભાદિ-૩માં રહેલા અવિરતસમ્યગ્દૃષ્ટિ નારકો તીર્થંકર નામકર્મને બાંધી શકે છે અને ઘોલના પરિણામનો સદ્ભાવ હોવાંથી મનુષ્યાયુને પણ બાંધી શકે છે. એટલે ૭૦ પ્રકૃતિમાં તીર્થંકર નામકર્મ અને મનુષ્યાયુ ઉમેરવાથી નરકગતિમાં અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે-૭૨ કર્મપ્રકૃતિ બંધાય છે.

એ જ પ્રમાણે, રત્નપ્રભાદિ-૩ નરકમાં બંધસ્વામિત્વ જાણવું.

-: રત્નપ્રભાદિ ત્રણ નરકમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
	ઓઘબંધ	૫	૯	૨	૨૬	૨	૫૦	૨	૫	૧૦૧
૧	મિથ્યાત્વ	૫	૯	૨	૨૬	૨	૪૯	૨	૫	૧૦૦
૨	સાસ્વાદન	૫	૯	૨	૨૪	૨	૪૭	૨	૫	૯૬
૩	મિશ્ર	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦
૪	સમ્યક્ત્વ	૫	૬	૨	૧૯	૧	૩૩	૧	૫	૭૨

પંકપ્રભાદિ-ત્રણ નરકમાં બંધસ્વામિત્વ :-

શાસ્ત્રમાં કહ્યું છે કે, પંકપ્રભાદિ નરકમાંથી નીકળેલો જીવ તીર્થંકર ન થાય. કારણકે ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત થવા છતાં પણ ક્ષેત્રના માહાત્મ્યથી તથાવિધ વિશુદ્ધ અધ્યવસાયનો અભાવ હોવાથી, તીર્થંકરનામકર્મ બંધાતુ નથી. એટલે પંકપ્રભાદિ નરકમાં રહેલા નારકો તીર્થંકરનામકર્મ વિના **ઓઘે-૧૦૦, મિથ્યાત્વગુણઠાણે ૧૦૦, સાસ્વાદનગુણઠાણે-૯૬, મિશ્રગુણઠાણે-૭૦ અને સમ્યક્ત્વગુણઠાણે-૭૧** કર્મપ્રકૃતિને બાંધે છે.

-: પંકપ્રભાદિ-ત્રણ નરકમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ૦	ગોત્ર	અંત૦	કુલ
	ઓઘબંધ	૫	૯	૨	૨૬	૨	૪૯	૨	૫	૧૦૦
૧	મિથ્યાત્વ	૫	૯	૨	૨૬	૨	૪૯	૨	૫	૧૦૦
૨	સાસ્વાદન	૫	૯	૨	૨૪	૨	૪૭	૨	૫	૯૬
૩	મિશ્ર	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦
૪	સમ્યક્ત્વ	૫	૬	૨	૧૯	૧	૩૨	૧	૫	૭૧

તમસ્તમઃપ્રભાનરકમાં પહેલે-બીજે ગુણઠાણે બંધસ્વામિત્વ :-

अजिणमणुआउ ओहे, सत्तमिए नरदुगुच्च विणु मिच्छे ।
इगनवई सासणे, तिरिआउ नपुंसचउवज्जं ॥६॥

अजिनमनुजायुरोघे सप्तम्यां नरद्विकोच्चैर्विना मिथ्यात्वे ।
एकनवतिः सास्वादने, तिर्यगायुर्नपुंसकचतुष्कवर्जम् ।।६॥

ગાથાર્થ :- સાતમી નરકમાં તીર્થંકરનામકર્મ અને મનુષ્યાયુ વિના ઓઘે ૯૯ કર્મપ્રકૃતિ બંધાય છે. મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના મિથ્યાત્વે ૯૬ બંધાય છે. તિર્યંચાયુષ્ય અને નપુંસકચતુષ્ક વિના સાસ્વાદને ૯૧ પ્રકૃતિ બંધાય છે.

વિવેચન :- પંકપ્રભાદિ-૪ નરકમાં તીર્થંકરનામકર્મ બંધાતું નથી અને સાતમી નરકનો નારકી મરીને નિયમા સંજ્ઞીપંચેન્દ્રિયતિર્યંચ જ થાય છે. મનુષ્ય થતો નથી. તેથી ત્યાં મનુષ્યાયુ બંધાતુ નથી. એટલે ૧૦૧માંથી તીર્થંકરનામકર્મ અને મનુષ્યાયુ કાઢી નાંખવાથી ૯૯ પ્રકૃતિ ઓઘે બંધાય છે.

જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
↓	↓	↓	↓	↓	↓	↓	↓	↓
૫	+ ૯	+ ૨	+ ૨૬	+ ૧	+ ૪૯	+ ૨	+ ૫	= ૯૯

મિથ્યાત્વે ૯૬ કર્મપ્રકૃતિનો બંધ :-

મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર પુણ્યપ્રકૃતિ હોવાથી વિશુદ્ધઅધ્યવસાયે બંધાય છે. તદ્યોગ્ય વિશુદ્ધઅધ્યવસાય સાતમીનરકના નારકીને ત્રીજે અને ચોથેગુણઠાણે જ પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વ અને સાસ્વાદનગુણઠાણે તદ્યોગ્ય વિશુદ્ધઅધ્યવસાય હોતો નથી. તેથી ત્યાં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર બંધાતું નથી. એટલે મિથ્યાત્વગુણઠાણે ૯૯માંથી **મનુષ્યદ્વિક** અને **ઉચ્ચગોત્ર** કાઢી નાંખવાથી ૯૬ પ્રકૃતિ બંધાય છે.

જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
↓	↓	↓	↓	↓	↓	↓	↓	↓
૫	+ ૯	+ ૨	+ ૨૬	+ ૧	+ ૪૭	+ ૧	+ ૫	= ૯૬

સાસ્વાદને ૯૧ કર્મપ્રકૃતિનો બંધ :-

નપુંસકચતુષ્કના બંધનું કારણ મિથ્યાત્વનો ઉદય છે. એટલે જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હોય, ત્યાં સુધી જ નપુંસકચતુષ્ક બંધાય છે. સાસ્વાદનાદિગુણઠાણે મિથ્યાત્વનો ઉદય હોતો નથી. તેથી ત્યાં નપુંસકચતુષ્ક બંધાતુ નથી.

સાતમીનરકના નારકો પહેલેગુણઠાણે જ પરભવનું તિર્યંચાયુ બાંધે છે. કારણકે બીજેગુણઠાણે તિર્યંચાયુના બંધને યોગ્ય અધ્યવસાયનો અભાવ હોવાથી, તિર્યંચાયુ બંધાતું નથી. અને ત્રીજે-ચોથે ગુણઠાણે મનુષ્યભવને યોગ્ય (મનુષ્યપ્રાયોગ્ય) મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી વગેરે કર્મપ્રકૃતિને બાંધે છે. પણ સાતમીનરકમાંથી નીકળેલો જીવ મનુષ્ય થતો નથી. તેથી મનુષ્યાયુને બાંધતો નથી. એટલે સાતમીનારકીનો જીવ બીજા-ત્રીજા કે ચોથાગુણઠાણે આયુષ્યને બાંધી શકતો નથી. એટલે **સાસ્વાદનગુણઠાણે** ૯૬માંથી **નપુંસકચતુષ્ક** અને **તિર્યંચાયુ** કાઢી નાંખવાથી ૯૧ પ્રકૃતિ બંધાય છે.

જ્ઞા૦ દ૦ વે૦ મો૦ આ૦ નામ ગોત્ર અંત૦ કુલ

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓

૫ + ૯ + ૨ + ૨૪ + ૦ + ૪૫[૧૦] + ૧ + ૫ = ૯૧

સાતમીનરકમાં ત્રીજે-ચોથે ગુણઠાણે બંધસ્વામિત્વ :-

अण चउवीस विरहिया, सनरदुगुच्चा य सयरि मीसदुगे ।
सतरसउ ओहि मिच्छे, पज्जतिरिया विणु जिणाहारं ॥७॥

अनन्तचतुर्विंशतिविरहिताः सनरद्विकोच्चाश्च सप्ततिर्मिश्रद्विके ।
सप्तदशशतमोघे मिथ्यात्वे पर्याप्ततिर्यञ्चो विना जिनाहारम् ॥७॥

ગાથાર્થ :- મિશ્રે અને સમ્યક્ત્વગુણઠાણે અનંતાનુબંધી વગેરે ૨૪ વિના અને મનુષ્યદ્વિક તથા ઉચ્ચગોત્ર સહિત કરતાં ૭૦ કર્મપ્રકૃતિ બંધાય છે. પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિય ઓઘે અને મિથ્યાત્વે જિનનામ અને આહારકદ્વિક વિના ૧૧૭ કર્મપ્રકૃતિને બાંધે છે.

વિવેચન :- અનંતાનુબંધીથી માંડીને તિર્યંચાનુપૂર્વી સુધીની ૨૪ કર્મપ્રકૃતિના બંધનું કારણ અનંતાનુબંધીકષાયનો ઉદય છે. તે સાસ્વાદનગુણઠાણાના અંત સુધી જ હોય છે. તેથી ત્યાં સુધી જ અનંતાનુંબંધીક્રોધાદિ-૨૪ કર્મપ્રકૃતિ બંધાય છે. મિશ્રાદિગુણઠાણે અનંતાનુબંધીકષાયનો ઉદય હોતો નથી. તેથી ત્યાં અનંતાનુબંધી વગેરે-૨૪ કર્મપ્રકૃતિ બંધાતી નથી.

કર્મસ્તવમાં કહ્યાં મુજબ અનાદિકાળથી માંડીને ૮મા ગુણઠાણાના ૬ઠ્ઠા ભાગ સુધી ગતિપ્રાયોગ્ય કર્મબંધ ચાલુ જ હોય છે. તેમાં મિથ્યાત્વગુણઠાણા સુધી જ નરકગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓ બાંધી શકાય છે. સાસ્વાદનાદિ ગુણઠાણે નરકગતિપ્રાયોગ્ય કર્મબંધ થતો નથી. પહેલા બે ગુણઠાણા સુધી જ તિર્યંચગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓ બાંધી શકાય છે. ત્યાંથી આગળ મિશ્રાદિગુણઠાણે તિર્યંચગતિપ્રાયોગ્ય કર્મબંધ થતો નથી.

---

(૧૦) તિર્યંચગતિ + પંચે૦ + શ૦૩ + ઔ૦અં૦ + સં૦૫ + સં૦૫ + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી + વિહાયોગતિ-૨ = ૨૩ + પ્ર૦ ૬ (અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત) + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૪૫

૧ થી ૪ ગુણઠાણા સુધી જ મનુષ્યપ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓ બાંધી શકાય છે. ત્યાંથી આગળ દેશવિરતિ વગેરે ગુણઠાણે મનુષ્યગતિપ્રાયોગ્ય કર્મબંધ થતો નથી અને ૧થી૮મા ગુણઠાણાના છઠ્ઠા ભાગ સુધી જ દેવગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓ બાંધી શકાય છે. ત્યાંથી આગળ કોઈપણ ગતિપ્રાયોગ્ય કર્મબંધ થતો નથી. એ નિયમાનુસારે મિથ્યાદૃષ્ટિજીવ ચારેગતિપ્રાયોગ્ય કર્મને બાંધી શકે છે. સાસ્વાદની જીવ ત્રણ ગતિ પ્રાયોગ્ય કર્મકપ્રકૃતિને બાંધી શકે છે. પરંતુ સાતમીનરકનો નારક સાસ્વાદનગુણાઠાણા સુધી માત્ર તિર્યંચગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે. કારણકે નારક મરીને નરક કે દેવમાં ઉત્પન્ન થતો નથી. તેથી નરકગતિ પ્રાયોગ્ય કે દેવગતિપ્રાયોગ્ય કર્મને બાંધી શકતો નથી અને સાતમીનરકમાં મનુષ્યગતિ પ્રાયોગ્યકર્મ પ્રકૃતિઓ વિશુદ્ધ અધ્યવસાયે બંધાય છે. તથાવિધ વિશુદ્ધ અધ્યવસાય મિથ્યાત્વે અને સાસ્વાદને હોતો નથી. તેથી ત્યાં મનુષ્યગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે સાતમી નરકમાં સાસ્વાદન ગુણઠાણા સુધી માત્ર તિર્યંચગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિ બંધાય છે અને મિશ્રાદિ ગુણઠાણે મનુષ્યભવને યોગ્ય મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી અને ઉચ્ચગોત્રકર્મ બંધાય છે. એટલે ૯૧માંથી અનંતાનુબંધી વગેરે **૨૪** કર્મપ્રકૃતિ કાઢી નાંખવાથી **૬૭** રહે, તેમાં **મનુષ્યદ્વિક** અને **ઉચ્ચગોત્ર** ઉમેરવાથી **૭૦ કર્મપ્રકૃતિ મિશ્રગુણઠાણે** બંધાય છે. એ જ પ્રમાણે, **સમ્યક્ત્વે** પણ **૭૦ કર્મપ્રકૃતિ** બંધાય છે.

-: તમસ્તમઃપ્રભાનારકમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૧	૪૯	૨	૫	૯૯
૧	મિથ્યાત્વે	૫	૯	૨	૨૬	૧	૪૭	૧	૫	૯૬
૨	સાસ્વાદને	૫	૯	૨	૨૪	૦	૪૫	૧	૫	૯૧
૩	મિશ્રે	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦
૪	સમ્યક્ત્વે	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦

તિર્યંચગતિમાં બંધસ્વામિત્વ :-

પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયની જેમ સામાન્યથી તિર્યંચગતિમાર્ગણાનું બંધસ્વામિત્વ સમજવુ. તિર્યંચગતિમાં પણ કેટલાક **એકેન્દ્રિય**તિર્યંચ છે કેટલાક **બેઈન્દ્રિય**તિર્યંચ છે, કેટલાક **તેઈન્દ્રિય**તિર્યંચ છે, કેટલાક **ચઉરિન્દ્રિય**તિર્યંચ છે અને કેટલાક **પંચેન્દ્રિય**તિર્યંચ છે. તે સર્વે પણ **લબ્ધિ-પર્યાપ્તા** અને **લબ્ધિ-અપર્યાપ્તા** એમ-૨ પ્રકારે છે. તેમાંના સર્વે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચોનું બંધસ્વામિત્વ ગાથા**નં૦૯**માં કહેવાના છે અને ગાથા**નં૦૧૧**માં કહ્યાં મુજબ એકેન્દ્રિયમાર્ગણાની જેમ પર્યાપ્તા એકેન્દ્રિયતિર્યંચોનું, બેઇન્દ્રિયમાર્ગણાની જેમ પર્યાપ્તા બેઇન્દ્રિયતિર્યંચોનું, તેઇન્દ્રિયમાર્ગણાની જેમ પર્યાપ્તા તેઇન્દ્રિયતિર્યંચોનું, ચઉરિન્દ્રિયમાર્ગણાની જેમ પર્યાપ્તા ચઉરિન્દ્રિયતિર્યંચોનું બંધસ્વામિત્વ સમજવું. એટલે અહીં માત્ર પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયનું બંધસ્વામિત્વ કહે છે.

પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયનું બંધસ્વામિત્વ :-

શાસ્ત્રમાં તિર્યંચગતિમાં તીર્થંકરનામકર્મના બંધનો નિષેધ કરેલો છે અને આહારકદ્વિકના બંધનું કારણ અપ્રમત્તચારિત્ર છે તિર્યંચો વધુમાં વધુ પાંચગુણઠાણા જ પ્રાપ્ત કરી શકે છે ત્યાંથી આગળ પ્રમત્ત-અપ્રમત્તાદિ ગુણઠાણે જઈ શકતા ન હોવાથી, અપ્રમત્તચારિત્રની પ્રાપ્તિ થતી નથી. તેથી આહારકદ્વિકને બાંધી શકતા નથી. એટલે **૧૨૦**માંથી જિનનામ અને આહારકદ્વિક કાઢી નાંખવાથી પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિય **૧૧૭** કર્મપ્રકૃતિને **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** બાંધે છે.

પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયમાં ૨થી ૫ ગુણઠાણે બંધસ્વામિત્વ :-

વિણુ નિરયસોલ સાસણિ, સુરાઉ-અણએગતીસ વિણુ મીસે ।
સસુરાઉ સયરિ સમ્મે, બીયકસાએ વિણા દેસે ॥ ૮॥

વિના નિરયષોડશ સાસ્વાદને, સુરાયુરનન્તૈકત્રિંશતં વિના મિશ્રે।
સસુરાયુઃ સપ્તતિઃ સમ્યક્ત્વે, દ્વિતીયકષાયાન્ વિના દેશે ॥ ૮॥

ગાથાર્થ :- પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિય સાસ્વાદનગુણઠાણે નરકત્રિકાદિ-૧૬ કર્મપ્રકૃતિ વિના ૧૦૧ કર્મપ્રકૃતિને બાંધે છે. દેવાયુ અને અનંતાનુબંધીકષાયાદિ-૩૧ કર્મપ્રકૃતિ વિના મિશ્રગુણઠાણે ૬૯ કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાં દેવાયુ સહિત કરતાં ૭૦ કર્મપ્રકૃતિ અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે બાંધે છે અને બીજા (અપ્રત્યાખ્યાનાવરણીય) ચાર કષાય વિના દેશવિરતિગુણઠાણે ૬૬ કર્મપ્રકૃતિને બાંધે છે.

વિવેચન :- જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય હોય ત્યાં સુધી જ નરકત્રિકાદિ-૧૬ કર્મપ્રકૃતિઓ બંધાય છે. સાસ્વાદનાદિ ગુણઠાણે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી, ત્યાં નરકત્રિકાદિ-૧૬ કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે **૧૧૭**માંથી **૧૬** કર્મપ્રકૃતિ કાઢી નાંખવાથી **૧૦૧** કર્મપ્રકૃતિને પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિય સાસ્વાદનગુણઠાણે બાંધે છે.

મિશ્રે-૬૯ પ્રકૃતિનો બંધ :-

જ્યાં સુધી અનંતાનુબંધી કષાયનો ઉદય હોય ત્યાં સુધી જ અનંતાનુબંધીથી આરંભીને તિર્યંચાયુ સુધીની **૨૫** કર્મપ્રકૃતિઓ બંધાય છે. મિશ્રાદિ ગુણઠાણે અનંતાનુબંધીકષાયનો ઉદય ન હોવાથી, ત્યાં અનંતાનુબંધી વગેરે **૨૫** કર્મપ્રકૃતિ બંધાતી નથી.

મિશ્રાદિગુણઠાણે તિર્યંચ-મનુષ્યને વિશુદ્ધપરિણામ હોવાથી, નિયમા દેવગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિ બંધાય છે. તેથી ત્યાં મનુષ્યભવને યોગ્ય મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણ એ-૬ કર્મપ્રકૃતિ બંધાતી નથી.

મિશ્રગુણઠાણે ઘોલના પરિણામનો અભાવ હોવાથી, કોઈપણ જાતનું આયુષ્યકર્મ બંધાતુ નથી. તેથી મિશ્રદૃષ્ટિ તિર્યંચો દેવાયુને પણ બાંધી શકતા નથી. એટલે **૧૦૧**માંથી **૨૫ + ૬ + દેવાયુ = ૩૨** પ્રકૃતિ કાઢી નાંખવાથી **૬૯** કર્મપ્રકૃતિ મિશ્રગુણઠાણે બંધાય છે.

જ્ઞા૦ દ૦ વે૦ મો૦ આ૦ નામ ગોત્ર અંત૦ કુલ

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓

૫ + ૬ + ૨ + ૧૯ + ૦ + ૩૧[૧૧] + ૧ + ૫ = ૬૯

સમ્યક્ત્વે ૭૦ કર્મપ્રકૃતિનો બંધ :-

સમ્યક્ત્વગુણઠાણે ઘોલના પરિણામનો સદ્‌ભાવ હોવાથી દેવાયુ બાંધી શકાય છે. એટલે ૬૯માં દેવાયુ ઉમેરવાથી ૭૦ કર્મપ્રકૃતિ સમ્યક્ત્વગુણઠાણે બંધાય છે.

દેશવિરતિગુણઠાણે ૬૬ કર્મપ્રકૃતિનો બંધ :-

જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય હોય, ત્યાં સુધી જ અપ્રત્યાખ્યાનીય કષાય બંધાય છે. દેશવિરતિગુણઠાણે અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ન હોવાથી, ત્યાં અપ્રત્યાખ્યનીયક્રોધાદિ-૪ કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે **દેશવિરતિગુણઠાણે** ૭૦માંથી અપ્ર૦ક્રોધાદિ-૪ કાઢી નાંખવાથી કુલ-૬૬ કર્મપ્રકૃતિ બંધાય છે.

પર્યાપ્તા તિર્યંચો વધુમાં વધુ પાંચ ગુણઠાણા જ પ્રાપ્ત કરી શકે છે. તેથી તિર્યંચોને પાંચ ગુણસ્થાનક સુધી જ બંધસ્વામિત્વ કહ્યું છે.

-: પર્યાપ્તા તિર્યંચપંચેન્દ્રિયમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ	ગોત્ર	અંત૦	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૧૧૭
૧	મિથ્યાત્વગુણઠાણે	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૧૧૭
૨	સાસ્વાદનગુણઠાણે	૫	૯	૨	૨૪	૩	૫૧	૨	૫	૧૦૧
૩	મિશ્રગુણઠાણે	૫	૬	૨	૧૯	૦	૩૧	૧	૫	૬૯
૪	સમ્યક્ત્વગુણઠાણે	૫	૬	૨	૧૯	૧	૩૧	૧	૫	૭૦
૫	દેશવિરતિ ગુણઠાણે	૫	૬	૨	૧૫	૧	૩૧	૧	૫	૬૬

(૧૧) દેવગતિ + પંચેજાતિ૦ + શ૦૩ [વૈ૦, તૈ૦, કા૦] + વૈ૦અંગો૦ +સમચતુરસ્રસં૦ + વર્ણાદિ-૪ + દેવાનુપૂર્વી + શુભવિ૦ = ૧૩ + પ્ર૦૫ [અગુરુ૦૪, નિર્માણ] + ત્રસ-૧૦ + અસ્થિર૨ + અશુભ + અયશ = ૩૧

મનુષ્યગતિમાં બંધસ્વામિત્વ :-

મનુષ્યગતિમાં અને અપ૦તિ૦-મનુ૦માં બંધસ્વામિત્વ :-

इय चउगुणेसु वि नरा, परमजया सजिण ओहु देसाई ।
जिणइक्कारसहीणं नवसउ अपज्जत्ततिरिय नरा ॥९॥

इति चतुर्गुणेष्वपि नराः परमयताः सजिनमोघो देशादिषु ।
जिनेकादशहीनं नवशतमपर्याप्ततिर्यंङनराः ॥९॥

ગાથાર્થ :- એ જ પ્રમાણે, (પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયની જેમ) મનુષ્યગતિમાં પણ ચાર ગુણઠાણા સુધી બંધસ્વામિત્વ જાણવું. પરંતુ અવિરતસમ્યગ્દૃષ્ટિમનુષ્યો જિનનામ સહિત બંધ કરે છે. દેશવિરતિ વગેરે ગુણઠાણામાં ઓઘબંધ સમજવો અને લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો જિનનામાદિ-૧૧ વિના ૧૦૯ કર્મ પ્રકૃતિને બાંધે છે.

વિવેચન :- મનુષ્યો બે પ્રકારે છે. (૧) **ગર્ભજ મનુષ્યો** અને (૨) **સંમુર્ચ્છિમમનુષ્યો**..... તેમાંથી સંમુર્ચ્છિમમનુષ્યો સર્વે લબ્ધિ-અપર્યાપ્તા જ હોય છે અને ગર્ભજમનુષ્યો (૧) લબ્ધિ-પર્યાપ્તા અને (૨) લબ્ધિ-અપર્યાપ્તા એમ બે પ્રકારે છે. સર્વે લબ્ધિ-અપર્યાપ્તા મનુષ્યોને પહેલું જ ગુણસ્થાનક હોય છે અને પર્યાપ્તા મનુષ્યોને ચૌદ ગુણસ્થાનક હોય છે.

પર્યાપ્તામનુષ્યોનું બંધસ્વામિત્વ :-

પર્યાપ્તા મનુષ્યો ઓઘે **૧૨૦** અને મિથ્યાત્વગુણઠાણે **જિનનામ** અને **આહારકદ્વિક** વિના **૧૧૭** કર્મપ્રકૃતિને બાંધે છે. સાસ્વાદનગુણઠાણે **નરકત્રિકાદિ-૧૬** વિના **૧૦૧** કર્મપ્રકૃતિને બાંધે છે. મિશ્રાદિ ગુણઠાણે મનુષ્યો વિશુદ્ધ પરિણામવાળા હોવાથી, નિયમા દેવગતિ પ્રાયોગ્ય કર્મને બાંધે છે. તેથી ત્યાં મનુષ્યભવને યોગ્ય **મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક** અને **વજ્રઋષભનારાચસંઘયણ** એ-૬ કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે ૧૦૧માંથી મનુષ્યત્રિકાદિ-૬ + અનં૦૨૫ + **દેવાયુ** = ૩૨ વિના

૬૯ કર્મપ્રકૃતિને મિશ્રગુણઠાણે બાંધે છે. અવિરતસમ્યગ્દૃષ્ટિમનુષ્યો દેવાયુ અને જિનનામકર્મને બાંધી શકતા હોવાથી, ૬૯માં **દેવાયુ** અને **જિનનામ** ઉમેરવાથી સમ્યક્ત્વગુણઠાણે **૭૧** કર્મપ્રકૃતિ બંધાય છે અને દેશવિરતિથી માંડીને અયોગીગુણઠાણા સુધી ઓઘબંધ [કર્મસ્તવમાં કહ્યાં પ્રમાણે બંધ] જાણવો.

* સમ્યક્ત્વગુણઠાણાના અંતે અપ્ર૦ક્રોધાદિ-૪નો બંધવિચ્છેદ થવાથી **૭૧**માંથી ૪ કાઢી નાંખતા ૬૭ દેશવિરતિગુણઠાણે બંધાય છે.

* દેશવિરતિગુણઠાણાના અંતે પ્રત્યા૦ક્રોધાદિ-૪નો બંધવિચ્છેદ થવાથી ૬૭માંથી ૪ કાઢી નાંખતા ૬૩ પ્રમત્તગુણઠાણે બંધાય છે.

* પ્રમત્તગુણઠાણાના અંતે શોક, અરતિ, અસ્થિરદ્વિક, અયશ, અને અશાતા એ-૬ અથવા શોકાદિ-૬ + **દેવાયુ** = ૭નો બંધવિચ્છેદ થવાથી, ૬૩માંથી ૬ કે ૭ કાઢી નાંખતા અને આહારકદ્વિક ઉમેરતાં **૫૯** કે **૫૮** અપ્રમત્તગુણઠાણે બંધાય છે.

* અપ્રમત્તગુણઠાણે દેવાયુનો બંધવિચ્છેદ થવાથી **૫૯**માંથી દેવાયુ કાઢી નાંખતા અપૂર્વકરણના પહેલા ભાગે **૫૮** બંધાય છે. તેમાંથી નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થવાથી બીજાથી છઠ્ઠા ભાગ સુધી **૫૬** બંધાય છે. તેમાંથી દેવદ્વિકાદિ-૩૦નો બંધવિચ્છેદ થવાથી સાતમાભાગે ૨૬ બંધાય છે. તેમાંથી હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સાનો બંધવિચ્છેદ થવાથી અનિવૃત્તિગુણઠાણે-૨૨ બંધાય છે.

* અનિવૃત્તિગુણઠાણાના પહેલાભાગે પુ૦વેદ, બીજાભાગે સં૦ક્રોધ, ત્રીજાભાગે સં૦માન, ચોથાભાગે સં૦માયા અને પાંચમાભાગે સં૦લોભનો બંધવિચ્છેદ થવાથી ક્રમશઃ ૨૧, ૨૦, ૧૯, ૧૮ અને ૧૭ બંધાય છે.

* સૂક્ષ્મસંપરાયગુણઠાણે **જ્ઞા૦૫, દ૦૪, અંત૦૫, યશ, ઉચ્ચગોત્ર** એ-૧૬નો બંધવિચ્છેદ થવાથી ૧૧ થી ૧૩ ગુણઠાણા સુધી એક જ **શાતાવેદનીય** બંધાય છે. અયોગીગુણઠાણે યોગના અભાવે બંધ થતો નથી.

-: મનુષ્યગતિમાં બંધસ્વામિત્વ :-

	ગુણસ્થાનકનું નામ	જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૪	૬૭	૨	૫	૧૨૦
૧	મિથ્યાત્વગુણઠાણે	૫	૯	૨	૨૬	૪	૬૪	૨	૫	૧૧૭
૨	સાસ્વાદનગુણઠાણે	૫	૯	૨	૨૪	૩	૫૧	૨	૫	૧૦૧
૩	મિશ્રગુણઠાણે	૫	૬	૨	૧૯	૦	૩૧	૧	૫	૬૯
૪	સમ્યક્ત્વગુણઠાણે	૫	૬	૨	૧૯	૧	૩૨	૧	૫	૭૧
૫	દેશવિરતિગુણઠાણે	૫	૬	૨	૧૫	૧	૩૨	૧	૫	૬૭
૬	પ્રમત્તગુણઠાણે	૫	૬	૨	૧૧	૧	૩૨	૧	૫	૬૩
૭	અપ્રમત્તગુણઠાણે	૫	૬	૧	૯	૧/૦	૩૧	૧	૫	૫૯/૫૮
અપૂર્વકરણ	અપૂર્વકરણના૧લા ભાગે	૫	૬	૧	૯	૦	૩૧	૧	૫	૫૮
	બીજાથી છઠ્ઠાભાગસુધી	૫	૪	૧	૯	૦	૩૧	૧	૫	૫૬
	સાતમા ભાગે	૫	૪	૧	૯	૦	૧	૧	૫	૨૬
અનિવૃત્તિકરણ	અનિવૃત્તિના ૧લાભાગે	૫	૪	૧	૫	૦	૧	૧	૫	૨૨
	બીજા ભાગે	૫	૪	૧	૪	૦	૧	૧	૫	૨૧
	ત્રીજા ભાગે	૫	૪	૧	૩	૦	૧	૧	૫	૨૦
	ચોથા ભાગે	૫	૪	૧	૨	૦	૧	૧	૫	૧૯
	પાંચમા ભાગે	૫	૪	૧	૧	૦	૧	૧	૫	૧૮
૧૦	સૂક્ષ્મસંપરાયે	૫	૪	૧	૦	૦	૧	૧	૫	૧૭
	૧૧થી ૧૩ સુધી	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧

લબ્ધિ-અપર્યાપ્તાં તિર્યંચ-મનુષ્યોનું બંધસ્વામિત્વ :-

લબ્ધિ-અપર્યાપ્તા (અપર્યાપ્તનામકર્મના ઉદયવાળા) તિર્યંચ-મનુષ્યો દેવગતિ કે નરકગતિપ્રાયોગ્ય બંધ કરી શકતા નથી. તેથી દેવત્રિક, વૈક્રિયદ્વિક અને નરકત્રિક બંધાતું નથી અને તે જીવો મિથ્યાદૃષ્ટિ જ હોય છે. એટલે સમ્યક્ત્વના અભાવે જિનનામ અને અપ્રમત્તચારિત્રના અભાવે આહારકદ્વિક બંધાતું નથી. એટલે **લબ્ધિ-**

અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો **ઓઘે** અને **મિથ્યાત્વે** જિનનામાદિ-**૧૧** વિના **૧૦૯** કર્મપ્રકૃતિને બાંધે છે.

દેવગતિમાં બંધસ્વામિત્વ :-

દેવગતિમાં ૧થી ૪ ગુણઠાણે બંધસ્વામિત્વ :-

निरयव्व सुरा नवरं ओहे मिच्छे इगिंदितिग सहिया ।
कप्पदुगे वि य एवं, जिणहीणो जोइ-भवण-वणे ॥ १०॥

निरया इव सुरा नवरमोघे मिथ्यात्वे एकेन्द्रियत्रिक सहिताः ।
कल्पद्विकेऽपि चैवं जिनहीना ज्योतिष भवनवने ॥ १०॥

ગાથાર્થ :- સામાન્યથી દેવો નરકગતિની જેમ કર્મપ્રકૃતિને બાંધે છે. પરંતુ ઓઘે અને મિથ્યાત્વે એકેન્દ્રિયત્રિક સહિત બંધ જાણવો. એ જ પ્રમાણે (સામાન્યથી દેવગતિની જેમ) પહેલા બે દેવલોકમાં બંધ જાણવો અને જ્યોતિષ, ભવનપતિ અને વ્યંતરમાં તીર્થંકરનામકર્મ વિના બંધ જાણવો.

વિવેચન :- સામાન્યથી દેવગતિમાં નારકોની જેમ બંધસ્વામિત્વ જાણવું. કારણકે દેવો મરીને દેવગતિ કે નરકગતિમાં ઉત્પન્ન થતા નથી તેથી દેવત્રિક, વૈક્રિયદ્વિક કે નરકત્રિકને બાંધતા નથી અને દેવો પણ વધુમાં વધુ ચાર જ ગુણઠાણા પ્રાપ્ત કરી શકે છે તેથી અપ્રમત્તચારિત્ર પ્રાપ્ત થતું નથી. એટલે આહારકદ્વિકને બાંધી શકતા નથી.

દેવો મરીને સૂક્ષ્મએકેન્દ્રિય કે વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી. તેથી સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકને બાંધતા નથી. એટલે નારકોની જેમ દેવો પણ ભવસ્વભાવે જ દેવદ્વિકાદિ-**૧૬** કર્મપ્રકૃતિને બાંધતા

---

(૧૨)પર્યાપ્તનામકર્મના ઉદયવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અપર્યાપ્ત-અવસ્થામાં દેવદ્વિક અને વૈક્રિયદ્વિકને બાંધી શકે છે અને મનુષ્યો જિનનામકર્મને પણ બાંધી શકે છે. એટલે લબ્ધિ-પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યને કરણ-અપર્યાપ્તાવસ્થામાં **૧૧૩** અને **૧૧૪** કર્મપ્રકૃતિ બંધાય છે. પણ લબ્ધિ-અપર્યાપ્તા અવસ્થામાં-**૧૦૯** પ્રકૃતિ જ બંધાય છે.

નથી. અહીં સુધી દેવ-નારકોનું બંધસ્વામિત્વ સરખું છે. પણ હવે થોડો તફાવત પડે છે. કારણકે નારકો મરીને સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી અને દેવો મરીને માત્ર સૂક્ષ્મએકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી પણ બાદરએકેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકે છે. કારણકે જે દેવને રત્નોમાં અત્યંત આશક્તિ હોય છે, તે દેવ મરીને બાદર પૃથ્વીમાં (રત્નોમાં) ઉત્પન્ન થઇ શકે છે. જે દેવને વાવડીમાં અત્યંત આશક્તિ હોય છે, તે દેવ મરીને બાદરઅપ્કાયમાં ઉત્પન્ન થઈ શકે છે. અને જે દેવને કમળમાં અત્યંત આશક્તિ હોય છે, તે દેવ મરીને પ્રત્યેકવનસ્પતિમાં (કમળમાં) ઉત્પન્ન થઇ શકે છે. એટલે દેવો એકેન્દ્રિય ભવને યોગ્ય એકેન્દ્રિયજાતિ, સ્થાવર અને આતપ એ ત્રણ પ્રકૃતિ વધારે બાંધે છે. એટલે દેવો **ઓઘે ૧૦૪** બાંધે છે. **મિથ્યાત્વે** તીર્થંકરનામકર્મ વિના **૧૦૩** બાંધે છે. નારકોની જેમ **સાસ્વાદને-૯૬** બાંધે છે. **મિશ્રે-૭૦** બાંધે છે અને **સમ્યક્ત્વે-૭૨** બાંધે છે.

એ પ્રમાણે, સામાન્યથી દેવોનું બંધસ્વામિત્વ કહ્યું. હવે દેવોના અવાંતરભેદમાં બંધસ્વામિત્વ કહે છે.

સૌધર્મ-ઈશાન દેવોનું બંધસ્વામિત્વ :-

સામાન્યથી દેવગતિના બંધસ્વામિત્વની જેમ સૌધર્મદેવલોકમાં રહેલા દેવો અને ઇશાનદેવલોકમાં રહેલા દેવોનું બંધસ્વામિત્વ જાણવું. એટલે પહેલા બે દેવલોકમાં રહેલા દેવો ઓઘે **દેવત્રિકાદિ-૧૬** વિના **૧૦૪** કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાંથી **તીર્થંકરનામકર્મ** વિના **મિથ્યાત્વે ૧૦૩** કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાંથી **એકેન્દ્રિયત્રિક** અને **નપુંસકચતુષ્ક** વિના **સાસ્વાદને-૯૬** કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાંથી **અનંતાનુબંધી** વગેરે **૨૫** અને **મનુષ્યાયુ** વિના **૭૦** કર્મપ્રકૃતિને **મિશ્રે** બાંધે છે. તેમાં મનુષ્યાયુ અને જિનનામકર્મ ઉમેરવાથી **સમ્યક્ત્વે-૭૨** કર્મપ્રકૃતિને બાંધે છે.

-: સૌધર્મ-ઈશાનદેવોમાં બંધસ્વામિત્વ :-

	ગુણસ્થાનકનું નામ	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૨	૫૩[૧૩]	૨	૫	૧૦૪
૧	મિથ્યાત્વગુણ૦	૫	૯	૨	૨૬	૨	૫૨	૨	૫	૧૦૩
૨	સાસ્વાદનગુણ૦	૫	૯	૨	૨૪	૨	૪૭	૨	૫	૯૬
૩	મિશ્રગુણ૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦
૪	સમ્યક્ત્વગુણ૦	૫	૬	૨	૧૯	૧	૩૩	૧	૫	૭૨

ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્કદેવોનું બંધસ્વામિત્વ :-

પહેલા બે દેવલોકના દેવોની જેમ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કદેવો કર્મપ્રકૃતિને બાંધે છે. પણ તીર્થંકરનામકર્મને બાંધતા નથી. કારણકે તીર્થંકરનામકર્મની સત્તાવાળો જીવ ભવનપત્યાદિમાં ઉત્પન્ન થતો નથી અને ભવનપત્યાદિમાંથી નીકળેલો જીવ તીર્થંકર થતો નથી. તેથી ત્યાં તીર્થંકરનામકર્મ બંધાતું નથી. એટલે ભવનપત્યાદિ-૩ પ્રકારના તીર્થંકરનામકર્મ વિના ઓઘે ૧૦૩, મિથ્યાત્વે-૧૦૩, સાસ્વાદને-૯૬, મિશ્રે-૭૦ અને સમ્યક્ત્વે-૭૧ કર્મપ્રકૃતિને બાંધે છે.

-: ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્કદેવોમાં બંધસ્વામિત્વ :-

	ગુણસ્થાનકનું નામ	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૨	૫૨	૨	૫	૧૦૩
૧	મિથ્યાત્વગુણ૦	૫	૯	૨	૨૬	૨	૫૨	૨	૫	૧૦૩
૨	સાસ્વાદનગુણ૦	૫	૯	૨	૨૪	૨	૪૭	૨	૫	૯૬
૩	મિશ્રગુણ૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦
૪	સમ્યક્ત્વગુણ૦	૫	૬	૨	૧૯	૧	૩૨	૧	૫	૭૧

(૧૩) ગતિ-૨[મનુ૦ ગતિ, તિર્યંચગતિ] + જાતિ-૨ [પંચે૦, એકે૦જાતિ] + શ૦૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦ અં૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૨ [મનુષ્યાનુ૦ તિર્યંચાનુ૦] + વિહા૦૨ = ૨૮ + પ્ર૦૮+ ત્રસ-૧૦ + સ્થા૦૭ (સૂક્ષ્મત્રિક વિના) = ૫૩

सनत्कुमारादिदेवो, ईन्द्रिय अने कायमार्गणामां बंधस्वामित्व :-

रयणुव्व सणंकुमाराइ, आणयाई उज्जोय चउरहिया ।
अपज्जतिरियव्व नवसयमिगिंदि पुढविजलतरुविगले॥११॥

रत्नवत्सनतकुमारादय आनतादय उद्योतचतुष्करहिताः ।
अपर्याप्ततिर्यग्वन्नवशतमेकेन्द्रिय पृथ्वीजलतरुविकले ॥११॥

गाथार्थ :- सनत्कुमारादि देवो रत्नप्रभानारकीनी जेम कर्मप्रकृतिने बांधे छे. आनतादिदेवो उद्योतचतुष्क रहित बंध करे छे अने एकेन्द्रिय, पृथ्वीकाय, अप्काय, वनस्पतिकाय अने विकलेन्द्रिय जीवो अपर्याप्ता तिर्यंचोनी जेम कर्मप्रकृतिने बांधे छे.

विवेचन :- सनत्कुमारथी सहस्रार सुधीना देवो रत्नप्रभानी जेम कर्मप्रकृतिने बांधे छे. कारणके सनत्कुमारादि देवलोकमां रहेला देवो विशुद्ध परिणामवाळा होवाथी एकेन्द्रियमां उत्पन्न थता नथी. एटले एकेन्द्रियभवने योग्य एकेन्द्रियजाति, स्थावर अने आतप ए त्रण कर्मप्रकृतिने बांधता नथी. एटले सनत्कुमारादिदेवो रत्नप्रभा नारकीमां रहेला नारकोनी जेम **देवद्विकादि-१९** विना ओघे **१०१** कर्मप्रकृतिने बांधे छे. तीर्थंकरनामकर्म विना मिथ्यात्वे **१००**, नपुंसकचतुष्क विना सास्वादने-**९६**, अनंतानुबंधी वगेरे **२६** विना मिश्रे-७० कर्मप्रकृतिने बांधे छे तेमां मनुष्यायु अने जिननाम सहित करता सम्यक्त्वे-७२ कर्मप्रकृतिने बांधे छे.

-: सनत्कुमारथी सहस्रारदेवोनुं बंधस्वामित्व :-

गुणस्थानकनुं नाम		ज्ञा.	द.	वे.	मो.	आ.	ना.	गो.	अं.	कुल
	ओघे	५	९	२	२६	२	५०	२	५	१०१
१	मिथ्यात्वगुण०	५	९	२	२६	२	४९	२	५	१००
२	सास्वादनगुण०	५	९	२	२४	२	४७	२	५	९६
३	मिश्रगुण०	५	६	२	१९	०	३२	१	५	७०
४	सम्यक्त्वगुण०	५	६	२	१९	१	३३	१	५	७२

આનતાદિદેવોનું બંધસ્વામિત્વ :-

આનતાદિ દેવો મરીને નિયમા મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે. તિર્યંચગતિમાં ઉત્પન્ન થતા નથી. એટલે તિર્યંચભવને યોગ્ય તિર્યંચત્રિક અને ઉદ્યોતને બાંધતા નથી. તેથી **૧૦૧**માંથી ઉદ્યોતચતુષ્ક કાઢી નાંખવાથી **૯૭** કર્મપ્રકૃતિને **ઓઘે** બાંધે છે. **મિથ્યાત્વગુણઠાણે** તીર્થંકરનામકર્મ વિના **૯૬**, **સાસ્વાદનગુણઠાણે** નપુંસકચતુષ્ક વિના **૯૨**, **મિશ્રગુણઠાણે** અનંતાનુબંધી વગેરે ૨૧ + મનુષ્યાયુષ્ય =૨૨ વિના ૭૦ કર્મપ્રકૃતિને બાંધે છે. તેમાં જિનનામ અને મનુષ્યાયુ ઉમેરવાથી-૭૨ કર્મપ્રકૃતિને **સમ્યક્ત્વ**ગુણઠાણે બાંધે છે.

-: આનતાદિ દેવોમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૧	૪૭	૨	૫	૯૭
૧	મિથ્યાત્વગુણ૦	૫	૯	૨	૨૬	૧	૪૬	૨	૫	૯૬
૨	સાસ્વાદનગુણ૦	૫	૯	૨	૨૪	૧	૪૪	૨	૫	૯૨
૩	મિશ્રગુણ૦	૫	૬	૨	૧૯	૦	૩૨	૧	૫	૭૦
૪	સમ્યક્ત્વગુણ૦	૫	૬	૨	૧૯	૧	૩૩	૧	૫	૭૨

અનુત્તરદેવોનું બંધસ્વામિત્વ :-

અનુત્તર દેવો નિયમા અવિરતસમ્યગ્દૃષ્ટિ જ હોય છે. એટલે તેઓ **ઓઘે** અને **સમ્યક્ત્વ**ગુણઠાણે **૭૨** કર્મપ્રકૃતિને બાંધે છે.

ઇન્દ્રિય અને કાયમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

(૧) એકેન્દ્રિય (૨) બેઇન્દ્રિય (૩) તેઇન્દ્રિય (૪) ચઉરિન્દ્રિય અને (૫) પંચેન્દ્રિય..... એ પાંચ પ્રકારે ઇન્દ્રિયમાર્ગણા છે અને (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાઉકાય (૫) વનસ્પતિકાય..... (૬) ત્રસકાય એ છ પ્રકારે કાયમાર્ગણા છે.

તેમાંથી સૌ પ્રથમ (૧) **એકેન્દ્રિય** (૨) **બેઇન્દ્રિય** (૩) **તેઇન્દ્રિય** (૪) **ચઉરિન્દ્રિય** (૫) **પૃથ્વીકાય** (૬) **અપ્કાય** અને (૭) **વનસ્પતિકાય**..... એ સાતમાર્ગણામાં બંધસ્વામિત્વ કહે છે.

એકેન્દ્રિયાદિ સાત માર્ગણામાં રહેલા જીવો લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચની જેમ જિનનામાદિ-૧૧ કર્મપ્રકૃતિને ભવસ્વભાવે જ બાંધી શકતા નથી. કારણકે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયજીવોને મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણુ જ હોય છે. સમ્યક્ત્વગુણઠાણુ હોતું નથી. તેથી જિનનામકર્મ બંધાતું નથી. અને તે જીવો મરીને દેવગતિ કે નરકગતિમાં જતા નથી. તેથી દેવત્રિક, વૈક્રિયદ્વિક અને નરકત્રિક બંધાતું નથી અને એકેન્દ્રિયાદિ જીવો અપ્રમત્તગુણઠાણે જઈ શકતા ન હોવાથી, અપ્રમત્તચારિત્ર પ્રાપ્ત થતું નથી. તેથી આહારકદ્વિક બંધાતું નથી. એટલે **એકેન્દ્રિયાદિ** સાત માર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વે** જિનનામાદિ-**૧૧** વિના **૧૦૯** કર્મપ્રકૃતિ બંધાય છે.

એકેન્દ્રિયાદિમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે બંધસ્વામિત્વ :-

छनवइ सासणि विणु सुहुमतेर केइ पुण बिंति चउनवइ।
तिरियनराऊहिं विणा, तणुपज्जतिं न जंति जओ ॥१२॥

(तणु पज्जतिं न ते जंति) એવો પણ પાઠ છે.

षण्णवतिः सास्वादने विना सूक्ष्मत्रयोदश केचित्पुनर्बुवन्ति।
चतुर्नवतिः तिर्यग्नरायुभ्यां विना तनुपर्याप्तिं न ते यान्ति ॥१२॥

ગાથાર્થ :- એકેન્દ્રિયાદિ સાત માર્ગણાવાળા જીવો સાસ્વાદનગુણઠાણે સૂક્ષ્મનામકર્માદિ-૧૩ વિના ૯૬ કર્મપ્રકૃતિને બાંધે છે. વળી કેટલાક આચાર્ય મ. સા. એમ કહે છે કે, સાસ્વાદને તિર્યંચાયુ અને મનુષ્યાયુ વિના ૯૪ પ્રકૃતિ બંધાય છે કારણકે સાસ્વાદનગુણઠાણુ શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ હોય છે.

વિવેચન :- એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ સાતમાર્ગણામાં રહેલા જીવો મિથ્યાત્વે **૧૦૯** પ્રકૃતિને બાંધે છે. તેમાંથી સૂક્ષ્મનામકર્માદિ-૧૩ પ્રકૃતિ વિના **૯૬** કર્મપ્રકૃતિને **સાસ્વાદને** બાંધે છે.

કેટલાક આચાર્ય મહારાજા એમ કહે છે કે, એકેન્દ્રિયાદિ સાતમાર્ગણામાં રહેલા જીવો સાસ્વાદનગુણઠાણે તિર્યંચાયુ અને મનુષ્યાયુને બાંધી શકતા નથી. કારણકે તે જીવો ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી. એટલે ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદને આવવાનું હોતું નથી. અને જે પર્યાપ્તા સંજ્ઞીપંચેન્દ્રિય જીવે પૂર્વે પૃથ્વી, અપ્ કે વનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે એવું એકેન્દ્રિયતિર્યંચનું કે વિકલેન્દ્રિયતિર્યંચનું આયુષ્ય બાંધેલું હોય, તે જીવ કાલાન્તરે વિશુદ્ધિના વશથી ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્યાંથી પડીને, સાસ્વાદનગુણઠાણે આવ્યા પછી જો ચાલુ ભવનું આયુષ્ય પૂર્ણ થઈ જાય, તો તે જીવ મરીને બાદરપૃથ્વી, બાદરઅપ્, પ્રત્યેકવનસ્પતિ કે વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તે જીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. તે વખતે પરભવનું આયુષ્ય બંધાતું નથી. કારણકે લબ્ધિ-પર્યાપ્તા જીવો સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરભવનું આયુષ્ય બાંધી શકે છે. એટલે જ્યારે સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યારે આયુષ્ય બંધાતું નથી અને જ્યારે આયુષ્ય બંધાય છે ત્યારે સાસ્વાદનગુણઠાણુ હોતું નથી. તેથી એકેન્દ્રિયાદિ સાત માર્ગણાવાળા જીવો સાસ્વાદનગુણઠાણે તિર્યંચાયુ કે મનુષ્યાયુને બાંધી શકતા નથી. એટલે **૯૬**માંથી મનુષ્યાયુ અને તિર્યંચાયુ કાઢી નાંખવાથી **૯૪**[૧૪] કર્મપ્રકૃતિ સાસ્વાદનગુણઠાણે બંધાય છે.

---

(૧૪)પૂ.જયસોમસૂરિમહારાજાકૃતટબામાં અને જીવવિજયજીમહારાજાકૃત ટબામાં કહ્યું છે કે, એકેન્દ્રિયાદિ સાત માર્ગણામાં સાસ્વાદનગુણઠાણે **૯૪**નો બંધ વધારે યુક્તિ સંગત જણાય છે.

-: એકેન્દ્રિયાદિ સાતમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૨	૫૮[૧૫]	૨	૫	૧૦૯
૧	મિથ્યાત્વગુણઠાણે	૫	૯	૨	૨૬	૨	૫૮	૨	૫	૧૦૯
૨	સાસ્વાદનગુણઠાણે	૫	૯	૨	૨૪	૨	૪૭[૧૬]	૨	૫	૯૬
	મતાંતરે	૫	૯	૨	૨૪	૦	૪૭	૨	૫	૯૪

★ ગોમ્મટસાર ગ્રન્થની **ગાથાનં૦૧૩૩**માં એકેન્દ્રિયાદિ સાતમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે -૯૪નો બંધ જણાવ્યો છે.

★ પ્રસ્તુતગ્રન્થમાં **ગાથા નં૦૧૪**માં કહ્યું છે કે, ઔદારિકમિશ્રયોગ-માર્ગણામાં સાસ્વાદનગુણઠાણે તિર્યંચાયુ અને મનુષ્યાયુ વિના ૯૪ બંધાય છે.

આ સર્વે પાઠોને લીધે ૯૪ના બંધવાળો મત વધારે સંગત લાગે છે. છતાં પણ પ્રાચીન કર્મગ્રન્થ અને નવ્યકર્મગ્રન્થમાં ગ્રન્થકાર ભગવંતે બંધમાં ૯૬ કર્મપ્રકૃતિ કહી છે. તે કયા આશયથી કહી હશે ? તેનો ખુલાસો મૂળગ્રન્થમાં કર્યો નથી અને હાલમાં ત્રીજાકર્મગ્રન્થની સ્વોપજ્ઞટીકા મલતી નથી. પરંતુ અવચૂર્ણિમાં કહ્યું છે કે, તિર્યગ્નરાયુષોસ્તનુપર્યાપ્તા પર્યાપ્તૈરેવ બધ્યમાનત્વાત્ પૂર્વમતેન શરીરપર્યાપ્ત્યુત્તર-કાલમ્ સાસ્વાદનભાવસ્યેષ્ટત્વાદાયુર્બન્ધોઽભિપ્રેતઃ । ઇહ તુ પ્રથમમેવ તન્નિવૃત્તેર્નેષ્ટઃ ઇતિ ષણ્ણવતિઃ તિર્યગ્નરાયુષો વિના મતાન્તરેણ ચતુર્નવતિઃ ।

ભાવાર્થ :- શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા જીવો વડે જ તિર્યંચાયુ અને મનુષ્યાયુ બંધાતું હોવાથી પહેલા મત પ્રમાણે શરીરપર્યાપ્તિ પછી પણ સાસ્વાદનભાવ માનેલો છે. તેથી સાસ્વાદનગુણઠાણે આયુષ્યનો બંધ સંભવી શકે છે. વળી, અહીં (૯૪ના બંધવાળા મતમાં) પહેલેથી જ સાસ્વાદનભાવની નિવૃત્તિ માની લીધી હોવાથી, ત્યાં આયુષ્યનો બંધ માનેલો નથી. એટલે ૯૬માંથી તિર્યંચાયુ અને મનુષ્યાયુ વિના ૯૪નો બંધ અન્ય આચાર્યોએ માનેલો છે. તત્ત્વ કેવલિગમ્ય.

(૧૫) ગતિ-૨ (મનુ૦, તિર્યંચ) + જાતિ-૫ + શ૦૩ (ઔ૦, તૈ૦, કા૦) + ઔ૦અંગો૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૨+ વિહા૦૨=૩૧+પ્ર૦૭ (જિનનામ વિના) + ત્રસાદિ-૧૦ + સ્થા૦૧૦ = ૫૮

પંચેન્દ્રિય, ત્રસકાય, ગતિત્રસ અને યોગમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

ओहु पणिंदि तसे, गइतसे जिणिक्कार नरतिगुच्चविणा ।
मणवयजोगे ओहो, उरले नरभंगु तम्मिस्से ॥१३॥

ओघः पञ्चेद्रियत्रसे गतित्रसे जिनैकादश नरत्रिकोच्चं विना ।
मनवचोयोगे ओघ औदारिके नरभंगुस्तन्मिश्रे ॥१३॥

ગાથાર્થ :- પંચેન્દ્રિયજાતિ અને ત્રસકાયમાર્ગણામાં ઓઘબંધ જાણવો. ગતિત્રસમાં જિનનામકર્મ વગેરે ૧૧, મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્ર એમ કુલ ૧૫ વિના ૧૦૫ કર્મપ્રકૃતિ બંધાય છે. મનોયોગ અને વચનયોગમાં ઓઘબંધ જાણવો. ઔદારિકકાયયોગમાં મનુષ્યગતિ પ્રમાણે બંધસ્વામિત્વ જાણવું.

વિવેચન :- પંચેન્દ્રિય અને ત્રસકાય માર્ગણામાં ૧ થી ૧૪ ગુણઠાણા હોય છે અને તે જીવો મરીને ચારેગતિમાં જઈ શકે છે તેથી ૧થી૧૩ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું.

ગતિત્રસમાં બંધસ્વામિત્વ :-

ત્રસજીવો બે પ્રકારે છે. (૧) **લબ્ધિત્રસ** (૨) **ગતિત્રસ.**

(૧) જે જીવો ત્રસનામકર્મના ઉદયવાળા હોય છે, તે લબ્ધિ-ત્રસ કહેવાય છે અને (૨) જે જીવો સ્થાવરનામકર્મના ઉદયવાળા હોવા છતાં પણ સાહજિક રીતે જ ઉર્ધ્વગમનાદિ ક્રિયા કરવાના સ્વભાવવાળા હોય છે, તે ગતિત્રસ કહેવાય છે. તે જીવો ૨ પ્રકારે છે.

(૧) **તેઉકાય** (૨) **વાઉકાય....**

---

(૧૬) ગતિ-૨ (મનુ૦, તિર્યંચ) + પંચેજાતિ૦ + શ૦૩ + ઔ૦અં૦ + સં૦૫ + સં૦૫ + વર્ણાદિ-૪ + આનુ૦૨ + વિહા૦૨ = ૨૫ + પ્ર૦૬ (અગુરૂલઘુ-૪, નિર્માણ, ઉદ્યોત) + ત્રસ-૧૦ + સ્થા૦૬ (અસ્થિરષટ્ક) = ૪૭

તેઉકાય અને વાઉકાય મરીને નિયમા તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે તેથી તે તિર્યંચભવને યોગ્ય કર્મપ્રકૃતિને બાંધે છે પણ દેવ-નરક કે મનુષ્યભવને યોગ્ય કર્મપ્રકૃતિને બાંધતા નથી. તેથી **દેવત્રિક, વૈક્રિયદ્વિક, નરકત્રિક** અને **મનુષ્યત્રિક** બંધાતું નથી અને તિર્યંચગતિની સાથે નિયમા નીચગોત્ર જ બંધાય છે. **ઉચ્ચગોત્ર** બંધાતું નથી. અને ગતિત્રસજીવોને એક જ મિથ્યાત્વગુણઠાણુ હોય છે. તે સાસ્વાદનાદિ ગુણઠાણે જઈ શકતો નથી. તેથી **તીર્થંકરનામકર્મ** અને **આહારકદ્વિક** બંધાતું નથી. એટલે તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં **૧૨૦**માંથી **દેવત્રિક, વૈક્રિયદ્વિક, નરકત્રિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, જિનનામ અને આહારકદ્વિક..... એ ૧૫** વિના **૧૦૫ કર્મપ્રકૃતિ ઓઘે** અને **મિથ્યાત્વે** બંધાય છે.

-: ગતિત્રસ જીવોમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૧	[૧૭]૫૬	૧	૫	૧૦૫
૧	મિથ્યાત્વગુણ૦	૫	૯	૨	૨૬	૧	૫૬	૧	૫	૧૦૫

યોગમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

યોગ-૩ પ્રકારે છે. (૧) મનોયોગ (૨) વચનયોગ અને (૩) કાયયોગ..... તેના પેટાભેદ (૧) સત્યમનોયોગ (૨) અસત્યમનોયોગ (૩) સત્યાસત્યમનોયોગ (૪) અસત્ય-અમૃષામનોયોગ (૫) સત્યવચનયોગ (૬) અસત્યવચનયોગ (૭) સત્યાસત્યવચનયોગ (૮) અસત્ય-અમૃષાવચનયોગ (૯) ઔદારિકકાયયોગ (૧૦) ઔદારિક-

---

(૧૭)તિર્યંચગતિ + જાતિ-૫ + શ૦૩ (ઔ૦, તૈ૦, કા૦) + ઔ૦અં૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી + વિહા૦૨ + પ્રત્યેક-૭ (જિનનામ વિના) + ત્રસ-૧૦ + સ્થા૦૧૦ =૫૬

મિશ્રકાયયોગ (૧૧) વૈક્રિયકાયયોગ (૧૨) વૈક્રિયમિશ્રકાયયોગ (૧૩) આહારકકાયયોગ (૧૪) આહારકમિશ્રકાયયોગ અને (૧૫) કાર્મણ-કાયયોગ..... એમ કુલ **૧૫** છે.

સયોગીકેવલીભગવંતો **સત્યમનોયોગ, અસત્ય-અમૃષા મનોયોગ, સત્યવચનયોગ** અને **અસત્ય-અમૃષાવચનયોગવાળા** હોવાથી એ-૪ માર્ગણામાં **૧** થી **૧૩** ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું અને **અસત્યમનોયોગ, સત્યાસત્યમનોયોગ, અસત્યવચનયોગ** અને **સત્યાસત્યવચનયોગ** એ-૪ માર્ગણામાં **૧ થી ૧૨** ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું.

અહીં મનરહિત માત્ર વચનયોગવાળા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોમાં વિકલેન્દ્રિયની જેમ[૧૮] બંધસ્વામિત્વ જાણવું. તથા મનરહિત અને વચનયોગ રહિત માત્ર કાયયોગવાળા એકેન્દ્રિયજીવોમાં એકેન્દ્રિયમાર્ગણાની જેમ બંધસ્વામિત્વ જાણવું.

ઔદારિકકાયયોગ માર્ગણામાં બંધસ્વામિત્વ :-

ઔદારિકકાયયોગમાં મનુષ્યગતિની જેમ બંધસ્વામિત્વ જાણવું. કારણકે ઔદારિકશરીર તિર્યંચ-મનુષ્યને જ હોય છે. તેમાંથી તિર્યંચોને પાંચ જ ગુણઠાણા હોય છે અને મનુષ્યને ૧૪ ગુણઠાણા હોય છે. એટલે તિર્યંચ કરતાં મનુષ્યને ઘણા ગુણઠાણા હોય છે અને ઘણી કર્મપ્રકૃતિનો બંધ હોય છે. તેથી મનુષ્યગતિની જેમ ઔદારિકકાયયોગ માર્ગણાનું બંધસ્વામિત્વ કહ્યું છે.

---

(૧૮) મનોરહિત વાગ્યોગે વિકલેન્દ્રિયભઙ્ગઃ। કેવલકાયયોગે ત્વેકેન્દ્રિયભઙ્ગઃ । (ત્રીજાકર્મગ્રન્થની અવચૂર્ણિ.)

ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

ઔદારિકમિશ્રયોગમાં બંધસ્વામિત્વ :-

आहारछग विणोहे, चउदससउ मिच्छि जिणपणगहीणं ।
सासणि चउनवइ विणा, तिरिअ-नराऊ-सुहुमतेर ॥१४॥

आहारषट्के विनौघे, चतुर्दशशतं मिथ्यात्वे जिनपञ्चकहीनम् ।
सास्वादने चतुर्नवतिर्विना, तिर्यग्नरायुः सूक्ष्मत्रयोदश ॥१४॥

ગાથાર્થ :-ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં આહારકષટ્ક વિના ઓઘે ૧૧૪ કર્મપ્રકૃતિ બંધાય છે. મિથ્યાત્વે જિનનામાદિ પાંચ વિના ૧૦૯ કર્મપ્રકૃતિ બંધાય છે અને સાસ્વાદનગુણઠાણે તિર્યંચાયુ, મનુષ્યાયુ અને સૂક્ષ્મનામકર્માદિ-૧૩ વિના ૯૪ પ્રકૃતિ બંધાય છે.

વિવેચન :- મનુષ્ય અને તિર્યંચના ભવમાં ઉત્પત્તિના બીજા સમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે તે વખતે જીવ પહેલે, બીજે કે ચોથે ગુણઠાણે હોય છે અને કેવલીસમુદ્‌ઘાત કરતી વખતે **બીજા-છઠ્ઠા-સાતમા** સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. એટલે ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં **૧લું, ૨જું, ૪થું** અને **૧૩મું,** ગુણઠાણુ હોય છે.

ઓઘે-૧૧૪ પ્રકૃતિનો બંધ :-

ઔદારિકમિશ્રકાયયોગ અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. ત્યાં સંયમનો અભાવ હોવાથી આહારકદ્વિક બંધાતું નથી અને સામાન્યથી અપર્યાપ્તાવસ્થામાં અતિશય સંક્લેશ કે અતિશયવિશુદ્ધિ ન હોવાથી દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય કર્મબંધ થતો નથી. વિશેષથી સમ્યગ્‌દૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય દેવગતિ પ્રાયોગ્ય જ કર્મબંધ કરે છે. અન્યગતિ પ્રાયોગ્ય કર્મબંધ કરી શકતા નથી. તેથી તિર્યંચ-મનુષ્યને સમ્યક્ત્વગુણઠાણે અપર્યાપ્તાવસ્થામાં દેવદ્વિક અને વૈક્રિયદ્વિક બંધાય છે પણ મિથ્યાત્વગુણઠાણે અપર્યાપ્તાવસ્થામાં

અતિશય સંક્લેશનો અભાવ હોવાથી નરક પ્રાયોગ્ય કર્મબંધ થતો નથી. એટલે નરકદ્વિક બંધાતુ નથી. તથા દેવાયુ અને નરકાયુનો બંધ પર્યાપ્તાવસ્થામાં જ થઇ શકે છે. એટલે **ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં** ઓઘે **આહારકદ્વિક, નરકત્રિક અને દેવાયુ** એ ૬ વિના **૧૧૪** કર્મપ્રકૃતિ બંધાય છે.

મિથ્યાત્વે-૧૦૯ પ્રકૃતિનો બંધ :-

મિથ્યાત્વગુણઠાણે જિનનામકર્મ બંધાતું નથી અને અપર્યાપ્તાવસ્થામાં રહેલા મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો તથાવિધ વિશુદ્ધિના અભાવે દેવગતિપ્રાયોગ્ય કર્મને બાંધી શકતા નથી. તેથી દેવદ્વિક અને વૈક્રિયદ્વિક બંધાતું નથી. એટલે ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે ૧૧૪માંથી જિનનામ, દેવદ્વિક અને વૈક્રિયદ્વિક.... એ પાંચ કાઢી નાંખવાથી **૧૦૯**[૧૯] પ્રકૃતિ બંધાય છે.

---

(૧૯) શીલંકાદિ આચાર્ય મ. સા.નું એવું માનવું છે કે, તિર્યંચ-મનુષ્યના ભવમાં જીવને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. આ બાબતમાં કર્મગ્રન્થના ટબાકાર શ્રીજીવવિજયજી મહારાજે શંકા કરી છે કે, જો શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ ઔ૦મિ૦કાયયોગ હોય, તો ત્યાં મનુષ્યાયુ અને તિર્યંચાયુનો બંધ કેવી રીતે ઘટી શકે ? કારણકે પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ જીવ પરભવનું આયુષ્ય બાંધી શકે છે. એવો નિયમ હોવાથી જ્યારે ઔ૦મિશ્રકાયયોગ હોય છે. ત્યારે આયુષ્ય બંધાતુ નથી અને જ્યારે આયુષ્ય બંધાય છે. ત્યારે ઔ૦મિશ્રકાયયોગ હોતો નથી. એટલે ઔ૦મિશ્રકાયયોગમાર્ગણામાં મિથ્યાત્વે મનુષ્યાયુ અને તિર્યંચાયુનો બંધ કેવી રીતે ઘટે ? જો સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔ૦મિશ્રયોગ માનવામાં આવે, તો મિથ્યાત્વે મનુષ્યાયુ અને તિર્યંચાયુનો બંધ ઘટી શકે છે.

એ જ પ્રમાણે ગોમ્મટસારના કર્મકાંડની ગાથાનં.૧૧૬માં કહ્યું છે. અને ગ્રન્થકારભગવંતે ચોથાકર્મગ્રન્થની ચોથી ગાથાના "**तणुपज्जेसु उरलमन्ने**" પદની ટીકામાં પણ કહ્યું છે કે, શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પણ જ્યાં સુધી

સાસ્વાદને-૯૪ પ્રકૃતિનો બંધ :-

ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ કે તિર્યંચાયુ બંધાતું નથી. કારણકે જીવ પૂર્વભવમાંથી સાસ્વાદનગુણઠાણુ લઈને આવેલો હોવાથી, જ્યાં સુધી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. લબ્ધિ-પર્યામા જીવો સ્વયોગ્ય સર્વ પર્યામિ પૂર્ણ થયા પછી જ પરભવનું આયુષ્ય બાંધે છે.[૨૦] એટલે જ્યાં સુધી સાસ્વાદનગુણઠાણુ હોય ત્યાં સુધી આયુષ્ય બંધાતું નથી અને જ્યારે આયુષ્ય બંધાય છે ત્યારે સાસ્વાદનગુણઠાણુ હોતું નથી. તેથી ઔ૦મિશ્રકાયયોગ-માર્ગણામાં સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ કે તિર્યંચાયુનો બંધ હોતો નથી.

સૂક્ષ્મનામકર્માદિ-૧૩ કર્મપ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વનો ઉદય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વનો ઉદય હોતો નથી. તેથી ત્યાં સૂક્ષ્મનામકર્માદિ-૧૩ પ્રકૃતિ બંધાતી નથી. એટલે **૧૦૯**માંથી સૂક્ષ્મનામકર્માદિ-**૧૩** અને મનુષ્યાયુ-તિર્યંચાયુ એમ કુલ **૧૫** કર્મપ્રકૃતિ કાઢી નાંખવાથી ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં સાસ્વાદનગુણઠાણે ૯૪ કર્મપ્રકૃતિ બંધાય છે.

મિશ્રગુણઠાણે કોઈપણ જીવ મરણ પામતો નથી. તેથી મિશ્રગુણઠાણુ લઈને પરભવમાં જવાનું હોતુ નથી અને કોઈ પણ જીવ અપર્યાપ્તાવસ્થામાં મિશ્રસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં મિશ્રગુણઠાણુ હોતું નથી.

ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસાદિ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીરની રચના અપૂર્ણ હોય છે. તેથી શરીર પોતાનું સંપૂર્ણ કામ કરવાને માટે સમર્થ નથી. એટલે કાર્મણશરીરની પ્રવૃત્તિ પણ ચાલુ રહે છે. તેથી જ્યાં સુધી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔ૦મિશ્રકાયયોગ માનવો જોઈએ.

(૨૦) લબ્ધિ-અપર્યામાજીવો પણ પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ પરભવનું આયુષ્ય બાંધે છે.

अण चउवीसाइ विणा, जिणपणजुय सम्मि जोगिणो सायं।
विणु तिरिनराउ कम्मे वि, एवमाहारदुगि ओहो ॥१५॥

अनन्तचतुर्विंशत्यादिं विना, जिनपञ्चकयुताः सम्यक्त्वे योगिनः सातम्।
विना तिर्यङ्नरायुः कार्मणेऽप्येवमाहारकद्विके ओघः ॥१५॥

ગાથાર્થ :- ઔદારિકમિશ્રકાયયોગમાં સમ્યક્ત્વગુણઠાણે અનંતાનુબંધી ચોવીસ વગેરે કાઢીને, તીર્થંકરનામકર્માદિ-પાંચ પ્રકૃતિ યુક્ત કરવી. સયોગીગુણઠાણે શાતાવેદનીય એક જ બંધાય છે. એ જ પ્રમાણે, (ઔ૦ મિશ્રની જેમ) કાર્મણકાયયોગમાં પણ તિર્યંચાયુ અને મનુષ્યાયુ વિના બંધ જાણવો. આહારકકાયયોગ અને આહારકમિશ્રયોગમાં ઓઘબંધ જાણવો.

વિવેચન :- જ્યાં સુધી અનંતાનુબંધીનો ઉદય હોય ત્યાં સુધી જ અનંતાનુબંધીથી માંડીને તિર્યંચાનુપૂર્વી સુધીની ૨૪ કર્મપ્રકૃતિ બંધાય છે. સમ્યક્ત્વે અનંતાનુબંધીનો ઉદય નથી તેથી ત્યાં અનંતાનુબંધી ક્રોધાદિ-૨૪ પ્રકૃતિ બંધાતી નથી. તેથી ૯૪માંથી ૨૪ કાઢી નાંખવાથી ૭૦ રહે.

સમ્યક્ત્વગુણઠાણે અપર્યાપ્તાવસ્થામાં મનુષ્યો જિનનામને બાંધી શકે છે. અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો નિયમા દેવગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધતા હોવાથી, દેવદ્વિક અને વૈક્રિયદ્વિક બંધાય છે. તેથી ૭૦પ્રકૃતિમાં **જિનનામ, દેવદ્વિક** અને **વૈક્રિયદ્વિક** ઉમેરવાથી કુલ-૭૫ પ્રકૃતિ ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે બંધાય છે.

શંકા :- ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે ૭૫ કર્મપ્રકૃતિનો બંધ કહ્યો છે. તેમાં મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણ એ પાંચ પ્રકૃતિનો સમાવેશ કરેલો છે. પણ ત્યાં મનુષ્યગતિ પ્રાયોગ્ય મનુષ્યદ્વિકાદિ-૫ પ્રકૃતિ કેવી રીતે બંધાય ?
કારણકે ઔદારિકમિશ્રકાયયોગ તિર્યંચ-મનુષ્યને અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય નિયમા દેવગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને

બાંધે છે. તેથી મનુષ્યગતિ પ્રાયોગ્ય મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને પ્રથમસંઘયણ બંધાતું નથી. એટલે ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે **૭૫** પ્રકૃતિનો બંધ કેવી રીતે સંભવે ?

સમાધાન :- પૂજ્યશ્રી [૨૧]**પંન્યાસજી**જયસોમમહારાજ સાહેબે **કર્મગ્રંથના વિષમપદપર્યાય**ના **પત્ર ૧૦-૧૨** કર્યા છે. તેમાં લખ્યું છે કે, **સિદ્ધાંતના મતે** ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે **૭૫** પ્રકૃતિનો બંધ ઘટી શકે છે. કારણ કે, જે અવિરતસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યો ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે તે ઉત્તરવૈક્રિયશરીરી તિર્યંચ-મનુષ્યો વૈક્રિયદ્વિક અને દેવદ્વિકને બાંધતા નથી પણ ઔદારિકદ્વિક-મનુષ્યદ્વિક અને પ્રથમસંઘયણને બાંધે છે. તેઓને વૈક્રિયશરીર છોડતી વખતે સિદ્ધાંતના મતે ઔદારિકમિશ્રયોગ હોય છે એટલે સમ્યક્ત્વગુણઠાણે ઔદારિકમિશ્ર-કાયયોગી તિર્યંચ-મનુષ્યો ઔદારિકદ્વિક, મનુષ્યદ્વિક અને પ્રથમસંઘયણને બાંધે છે. તેથી **સિદ્ધાંતના મતે ઔદારિકમિશ્રયોગ-માર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે ૭૫ કર્મપ્રકૃતિનો બંધ સંભવે છે.**

અવચૂર્ણિકાર ભગવંતે પણ ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે **૭૫** પ્રકૃતિનો બંધ કહ્યો છે.

યશઃસોમસૂરિકૃતબાલાવબોધમાં કહ્યું છે કે, ગ્રન્થકાર ભગવંતે **"અણચઉવીસાઇ"** પદમાં **ચઉવીસ**ની પછી **આદિ** શબ્દ મૂકેલો છે. એટલે અણચઉવીસાઇ=અનંતાનુબંધી-૨૪ વગેરે કહ્યું છે. એટલે ગ્રન્થકારભગવંતનું મૂળગ્રન્થમાં **ચઉવીસ** પછી **આદિ** શબ્દ લખવાનું કારણ એવું જણાય છે કે, આદિ શબ્દથી મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને પ્રથમસંઘયણ એ-૫ પ્રકૃતિનું ગ્રહણ કરીને, ૨૪ ને બદલે ૨૯[૨૨] પ્રકૃતિ

(૨૧) જુઓ...શ્રીમદ્ દેવચંદ્ર ભાગ ૧ પેજનં. ૬૫૨

(૨૨) ગોમ્મટસારમાં કર્મકાંડની ૧૧૭મી ગાથામાં પણ ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે ૨૯ પ્રકૃતિ ઓછી કરવાનું કહ્યું છે.

ઓછી કરવી. એટલે ૯૪માંથી ૨૯ પ્રકૃતિ ઓછી કરવાથી **૬૫** રહે, તેમાં જિનનામ, દેવદ્વિક અને વૈક્રિયદ્વિક એ-**૫** પ્રકૃતિ ઉમેરવાથી **૭૦** પ્રકૃતિનો બંધ ઔદારિકમિશ્રકાયયોગમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે સંભવે છે અને ગ્રન્થકાર ભગવંતે મૂળ ગાથામાં ૭૫ પ્રકૃતિનો બંધ લેવો એવો કોઇ ઉલ્લેખ પણ નથી કર્યો...

સયોગીકેવલીભગવંતોને કેવલી સમુદ્‌ઘાતમાં **બીજા-છઠ્ઠા-સાતમા** સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. તે વખતે એક જ શાતાવેદનીય કર્મપ્રકૃતિ બંધાય છે.

-: ઔદારિકમિશ્રકાયયોગમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૨	૬૩	૨	૫	૧૧૪
૧	મિથ્યાત્વગુણઠાણે	૫	૯	૨	૨૬	૨	[૨૩]૫૮	૨	૫	૧૦૯
૨	સાસ્વાદનગુણઠાણે	૫	૯	૨	૨૪	૦	[૨૪]૪૭	૨	૫	૯૪
૪	સમ્યક્ત્વગુણઠાણે	૫	૬	૨	૧૯	૦	[૨૫]૩૭	૧	૫	૭૫
૧૩	સયોગીગુણઠાણે	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧

---

(૨૩) ગતિ-૨ (મનુ૦, તિ૦) + જાતિ-૫ + શ૦૩ (ઔ૦, તૈ૦, કા૦) + ઔ૦ અં૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૨ (મનુ૦, તિર્યંચાનુ૦) + વિહા૦૨ =૩૧ + પ્ર૦૭ (અગુરૂલઘુ-૪, નિર્માણ, આતપ, ઉદ્યોત) + ત્ર૦૧૦ + સ્થા૦૧૦ = ૫૮

(૨૪) ગતિ-૨ (મ૦,તિ૦) + પંચે૦ + શ૦૩ (ઔ૦, તૈ૦, કા૦) + ઔ૦ અં + સં૦૫ + સં૦૫ + વર્ણાદિ-૪ + આનુ૦૨ (મ૦, તિ૦) + વિહા૦૨ = ૨૫ + પ્ર૦૬ (અગુરૂલઘુ-૪, નિર્માણ, ઉદ્યોત) + ત્ર૦ ૧૦ + અસ્થિરષટ્‌ક = ૪૭

(૨૫) ગતિ-૨ (દેવગતિ-મનુષ્યગતિ) + પંચે૦ + શ૦૪ (ઔ૦, વૈ૦, તૈ૦, કા૦) + અંગોપાંગ-૨ (વૈ૦અંગો૦, ઔ૦અંગો૦) + પ્રથમ સંઘયણ + પ્રથમ સંસ્થાન + વર્ણાદિ-૪ + આનુ૦ ૨ (દેવાનુ૦, મનુષ્યાનુ૦) + શુભવિહા૦ = ૧૮ + પ્ર૦૬ (અગુરૂલઘુ-૪, નિર્માણ, જિનનામ)+ત્રસ-૧૦+અસ્થિર૨+ અશુભ+ અયશ =૩૭

કાર્મણકાયયોગમાં બંધસ્વામિત્વ :-

કાર્મણકાયયોગમાં ઔદારિકમિશ્રકાયયોગની જેમ બંધસ્વામિત્વ જાણવું. પરંતુ ઔદારિકમિશ્રકાયયોગી મનુષ્યાયુ અને તિર્યંચાયુને બાંધી શકે છે અને કાર્મણકાયયોગી મનુષ્યાયુ અને તિર્યંચાયુને બાંધી શકતો નથી. કારણકે કાર્મણકાયયોગ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે જ હોય છે અને આયુષ્યકર્મ પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ બંધાય છે. તેથી જ્યારે જીવ કાર્મણકાયયોગી હોય ત્યારે આયુષ્ય બાંધી શકતો નથી અને જ્યારે આયુષ્ય બંધાય છે ત્યારે કાર્મણકાયયોગ હોતો નથી. એટલે **કાર્મણકાયયોગમાર્ગણામાં ઓઘે ૧૧૪**માંથી મનુષ્યાયુ અને તિર્યંચાયુ વિના **૧૧૨, મિથ્યાત્વે-૧૦૭, સાસ્વાદને-૯૪** અને **સમ્યક્ત્વગુણઠાણે-૭૫** કર્મપ્રકૃતિ બંધાય છે.

ચારે ગતિના કાર્મણકાયયોગી જીવો મિથ્યાત્વ અને સાસ્વાદન-ગુણઠાણે મનુષ્યગતિ પ્રાયોગ્ય કે તિર્યંચગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધે છે. સમ્યક્ત્વગુણઠાણે દેવ-નારકો નિયમા મનુષ્યગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધે છે અને તિર્યંચ-મનુષ્ય નિયમા દેવગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધે છે. એટલે ૯૪માંથી અનંતાનુબંધી વગેરે ૨૪ પ્રકૃતિ ઓછી કરીને, જિનપંચક ઉમેરવાથી કુલ-૭૫ પ્રકૃતિ કાર્મણકાયયોગમાં **સમ્યક્ત્વ**ગુણઠાણે બંધાય છે.

-: કાર્મણકાયયોગમાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૦	૬૩	૨	૫	૧૧૨
૧	મિથ્યાત્વગુણઠાણે	૫	૯	૨	૨૬	૦	૫૮	૨	૫	૧૦૭
૨	સાસ્વાદનગુણઠાણે	૫	૯	૨	૨૪	૦	૪૭	૨	૫	૯૪
૪	સમ્યક્ત્વગુણઠાણે	૫	૬	૨	૧૯	૦	૨૬૩૭	૧	૫	૭૫
૧૩	સયોગીગુણઠાણે	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧

સયોગીકેવલીભગવંતને કેવલી સમુદ્‌ઘાતમાં **ત્રીજા-ચોથા-પાંચમા** સમયે કાર્મણકાયયોગ હોય છે. તે વખતે એક જ શાતાવેદનીય કર્મપ્રકૃતિ બંધાય છે.

આહારકદ્વિકમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર મહાત્મા જ્યારે આહારકશરીર બનાવે છે ત્યારે આહારકશરીર સંબંધી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આહારકમિશ્રકાયયોગ હોય છે. ત્યારપછી આહારકકાયયોગ હોય છે. આ બન્નેમાર્ગણામાં કર્મસ્તવની જેમ બંધસ્વામિત્વ જાણવું. એટલે આહારકકાયયોગમાં પ્રમત્તસંયત ગુણઠાણે-૬૩ અને અપ્રમત્ત-ગુણઠાણે-૫૯ કે ૫૮ કર્મપ્રકૃતિ બંધાય છે.

-: આહારકકાયયોગમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૬	૨	૧૧	૧	૩૪	૧	૫	૬૫
૬	પ્રમત્તગુણઠાણે	૫	૬	૨	૧૧	૧	૩૨	૧	૫	૬૩
૭	અપ્રમત્તગુણઠાણે	૫	૬	૧	૯	૧/૦	૩૧	૧	૫	૫૯/૫૮

આહારકમિશ્રકાયયોગમાર્ગણામાં માત્ર છઠ્ઠું જ ગુણઠાણુ હોય છે. કારણકે આહારકશરીર બનાવતી વખતે ઉત્સુકતા હોવાથી સ્વાધ્યાયાદિમાં એકાગ્રતા રહેતી નથી. તેથી તે વખતે મહાત્મા પ્રમાદદશાયુક્ત હોવાથી છઠ્ઠું જ ગુણઠાણુ હોય છે. ત્યાં ૬૩ કર્મપ્રકૃતિ બંધાય છે.

---

(૨૬) ગતિ-૨ (મનુ૦, દેવ૦) + પંચે૦ + શ૦૪ (ઔ૦, વૈ૦, તૈ૦, કા૦) + અં૦૨ (ઔ૦ અં૦ વૈ૦અં૦) + પ્રથમસંઘયણ + પ્રથમસંસ્થાન + વર્ણાદિ-૪ + આનુ૦૨ (મનુ૦, દેવાનુ૦) + શુભવિહા૦ = ૧૮ + પ્ર૦૬ (અગુરૂ૦૪, નિર્માણ, જિનનામ)+ત્ર૦૧૦+અસ્થિર૨ + અશુભ+ અયશ = ૩૭

વૈક્રિયદ્વિક, વેદ અને કષાયમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

सुरओहो वेउव्वे, तिरिय नराउ रहिओ य तम्मिस्से ।
वेयतिगाइम बियतिय कसाय नव दु चउ पंच गुणा ॥१६॥

सुरौघो वैक्रिये, तिर्यङ्नरायूरहितश्च तन्मिश्रे ।
वेदत्रिकादिमद्वितीय तृतीयकषाया नवद्विचतुष्पञ्चगुणाः ॥१६॥

ગાથાર્થ :- વૈક્રિયકાયયોગમાં દેવગતિની જેમ ઓઘબંધ જાણવો. વૈક્રિયમિશ્રકાયયોગમાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય વિના બંધ જાણવો. વેદત્રિક, પ્રથમ, દ્વિતીય અને તૃતીય કષાયમાં અનુક્રમે નવ-બે-ચાર અને પાંચગુણઠાણા હોય છે.

વિવેચન :- દેવ-નારકોને ઉત્પત્તિના બીજા સમયથી માંડીને સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. ત્યારબાદ વૈક્રિયકાયયોગ હોય છે પણ નારકો કરતાં દેવો એકેન્દ્રિય, સ્થાવર અને આતપ એ ત્રણ પ્રકૃતિ વધારે બાંધી શકે છે. તેથી દેવગતિની જેમ વૈક્રિયકાયયોગમાં બંધસ્વામિત્વ કહ્યું છે. એટલે **વૈક્રિયકાયયોગમાર્ગણામાં ઓઘે-૧૦૪, મિથ્યાત્વે-૧૦૩, સાસ્વાદને-૯૬, મિશ્રે-૭૦** અને **સમ્યક્ત્વગુણઠાણે-૭૨** કર્મપ્રકૃતિ બંધાય છે.

વૈક્રિયમિશ્રકાયયોગ દેવ-નારકોને અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. ત્યાં પહેલું, બીજું અને ચોથુ ગુણઠાણુ હોય છે. ત્રીજું ગુણઠાણુ હોતું નથી. અને દેવ-નારકો નિરુપક્રમી આયુષ્યવાળા હોવાથી, પોતાના ચાલુ ભવના ૬ માસ બાકી રહે, ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. તેથી વૈક્રિયમિશ્રકાયયોગમાં મનુષ્યાયુ અને તિર્યંચાયુ બંધાતું નથી. એટલે **વૈક્રિયમિશ્રકાયયોગમાર્ગણામાં ઓઘે ૧૦૪માંથી** મનુષ્યાયુ અને તિર્યંચાયુ વિના **૧૦૨, મિથ્યાત્વે ૧૦૧** અને **સાસ્વાદને-૯૪** બંધાય છે. તેમાંથી અનંતાનુબંધી વગેરે ૨૪ પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી ૭૦ રહે, તેમાં જિનનામ ઉમેરવાથી કુલ **૭૧ કર્મપ્રકૃતિ સમ્યક્ત્વ**ગુણઠાણે બંધાય છે.

-: વૈક્રિયમિશ્રકાયયોગમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૦	૫૩	૨	૫	૧૦૨
૧	મિથ્યાત્વગુણઠાણે	૫	૯	૨	૨૬	૦	૫૨	૨	૫	૧૦૧
૨	સાસ્વાદનગુણઠાણે	૫	૯	૨	૨૪	૦	૪૭	૨	૫	૯૪
૪	સમ્યક્ત્વગુણઠાણે	૫	૬	૨	૧૯	૦	[૨૭]૩૩	૧	૫	૭૧

વેદમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

"જ્યાં સુધી વેદનો ઉદય હોય છે ત્યાં સુધી જ વેદમાર્ગણા હોય છે." એ નિયમાનુસારે વેદનો ઉદય નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી હોવાથી, વેદમાર્ગણા નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી જ હોય છે. એટલે પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ત્રણે માર્ગણામાં કર્મસ્તવની જેમ નવમાગુણઠાણાના પહેલા ભાગ સુધી બંધસ્વામિત્વ જાણવું. ઓઘે **૧૨૦**, મિથ્યાત્વે **૧૧૭**, સાસ્વાદને **૧૦૧**, મિશ્રે **૭૪**, સમ્યક્ત્વે **૭૭**, દેશવિરતિગુણઠાણે **૬૭**, પ્રમત્તે **૬૩**, અપ્રમત્તે **૫૯** કે **૫૮**, અપૂર્વકરણે **૫૮**, **૫૬**, **૨૬** અને અનિવૃત્તિગુણઠાણાના પહેલા ભાગે-**૨૨** પ્રકૃતિ બંધાય છે. નવમાગુણઠાણાના બીજા ભાગથી જીવ અવેદી હોય છે.

અવેદમાર્ગણા :-

અવેદમાર્ગણામાં ૯મા ગુણઠાણાના **બીજા** ભાગે-**૨૧**, **ત્રીજા** ભાગે-**૨૦**, **ચોથા** ભાગે-**૧૯**, **પાંચમા** ભાગે-**૧૮**, ૧૦મા ગુણઠાણે-**૧૭** અને **૧૧** થી **૧૩** ગુણઠાણા સુધી **૧** કર્મપ્રકૃતિ બંધાય છે.

---

(૨૭) મનુષ્યગતિ + પંચે૦ + શ૦૩ (ઔ૦, તૈ૦, કા૦)+ઔ૦અં૦+પ્રથમ સંઘયણ +પ્રથમસંસ્થાન+વર્ણાદિ-૪+મનુષ્યાનુ૦ + શુભવિહા૦ = **૧૪** + પ્ર૦ ૬ (અગુરુલઘુ-૪, નિર્માણ, જિનનામ)+ત્રસાદિ-૧૦+અસ્થિર+અશુભ+અયશ=૩૩

કષાયમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

"જ્યાં સુધી જે કષાયનો ઉદય હોય ત્યાં સુધી તે કષાયમાર્ગણા હોય છે. જ્યારે જે કષાયનો ઉદયવિચ્છેદ થાય છે ત્યારે તે કષાય માર્ગણા પૂર્ણ થાય છે." એ નિયમાનુસારે અનંતાનુબંધી કષાયનો ઉદય બે ગુણઠાણા સુધી જ હોય છે તેથી અનંતાનુબંધી કષાયમાર્ગણા બે ગુણઠાણા સુધી જ હોય છે. ત્યાં જિનનામ અને આહારકદ્વિક વિના ઓઘે-**૧૧૭**, મિથ્યાત્વે-**૧૧૭** અને સાસ્વાદને-**૧૦૧** કર્મપ્રકૃતિ બંધાય છે.

અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય **૧** થી **૪** ગુણઠાણા સુધી જ હોય છે. તેથી અપ્રત્યાખ્યાનીયકષાયમાર્ગણા ચાર ગુણઠાણા સુધી જ હોય છે ત્યાં સમ્યક્ત્વ હોવાથી જિનનામ બંધાય છે પણ અપ્રમત્તચારિત્ર ન હોવાથી આહારકદ્વિક બંધાતું નથી. તેથી ત્યાં આહારકદ્વિક વિના ઓઘે-**૧૧૮**, મિથ્યાત્વે **૧૧૭** (જિનનામ વિના), સાસ્વાદને-**૧૦૧**, મિશ્રે-**૭૪** અને સમ્યક્ત્વે-**૭૭** કર્મપ્રકૃતિ બંધાય છે.

પ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય **૧** થી **૫** ગુણઠાણા સુધી જ હોય છે. તેથી પ્રત્યાખ્યાનીયકષાયમાર્ગણા પાંચ ગુણઠાણા સુધી જ હોય છે. ત્યાં આહારકદ્વિકે વિના **ઓઘે-૧૧૮, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, સમ્યક્ત્વે-૭૭** અને **દેશવિરતિગુણઠાણે-૬૭** કર્મપ્રકૃતિ બંધાય છે.

કષાય, અવિરતિ, અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ, યથાખ્યાતમાં બંધસ્વામિત્વ :-

संजलणतिगे नव दस लोभे, चउ अजइ दु-ति अनाणतिगे ।
बारस अचक्खु चक्खुसु, पढमा अहक्खाय चरमचउ ॥१७॥

संज्वलनत्रिके नव दश लोभे, चत्वार्ययते द्वे त्रिण्यज्ञानत्रिके ।
द्वादशाचक्षुश्चक्षुषोः, प्रथमानि यथाख्याते चरमचत्वारि ॥१७॥

ગાથાર્થ :- સંજ્વલનત્રિકમાં ૯, સં૦લોભમાં ૧૦, અવિરતિ-ચારિત્રમાં ૪, અજ્ઞાનત્રિકમાં ૨ અથવા ૩, ચક્ષુ-અચક્ષુદર્શનમાર્ગણામાં પહેલા ૧૨ અને યથાખ્યાતમાં છેલ્લા ચાર ગુણસ્થાનકો હોય છે.

વિવેચન :- સંજ્વલનક્રોધનો ઉદય નવમાગુણઠાણાના બીજાભાગ સુધી હોય છે. તેથી સં૦ક્રોધમાર્ગણા નવમાગુણઠાણાના બીજા ભાગ સુધી જ હોય છે એટલે તેમાં કર્મસ્તવની જેમ ઓઘે-૧૨૦, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, સમ્યક્ત્વે-૭૭, દેશવિરતિગુણઠાણે-૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯ કે ૫૮, અપૂર્વકરણે ૫૮, ૫૬, ૨૬, અનિવૃત્તિગુણઠાણાના ૧ લા ભાગે ૨૨ અને બીજા ભાગે ૨૧ કર્મપ્રકૃતિ બંધાય છે. ત્યાર પછી સં૦ક્રોધમાર્ગણા હોતી નથી.

એ જ રીતે, સંજ્વલનમાનનો ઉદય નવમાગુણઠાણાના ત્રીજાભાગ સુધી જ હોય છે. તેથી સં૦માનમાર્ગણા નવમાગુણઠાણાના ત્રીજા ભાગ સુધી જ હોય છે. એટલે તેમાં કર્મસ્તવની જેમ નવમા ગુણઠાણાના ત્રીજા ભાગ સુધી બંધસ્વામિત્વ જાણવું. ત્યાર પછી સં૦માનમાર્ગણા હોતી નથી.

સંજ્વલનમાયાનો ઉદય નવમાગુણઠાણાના ચોથા ભાગ સુધી જ હોય છે. તેથી સં૦માયામાર્ગણા નવમાગુણઠાણાના ચોથા ભાગ સુધી જ હોય છે. એટલે તેમાં કર્મસ્તવની જેમ નવમા ગુણઠાણાના ચોથા ભાગ સુધી બંધસ્વામિત્વ જાણવું. ત્યારપછી સં૦માયામાર્ગણા હોતી નથી.

સંજ્વલનબાદરલોભનો ઉદય નવમાગુણઠાણાના પાંચમા ભાગ સુધી હોય છે તેથી સં૦બાદરલોભમાર્ગણા નવમા ગુણઠાણાના પાંચમા ભાગ સુધી હોય છે. એટલે તેમાં કર્મસ્તવની જેમ નવમા ગુણઠાણાના પાંચમા ભાગ સુધી બંધસ્વામિત્વ જાણવું. ત્યારપછી બાદરલોભમાર્ગણા હોતી નથી.

સૂક્ષ્મસંજ્વલનલોભનો ઉદય દશમાગુણઠાણા સુધી હોય છે. તેથી સંઠલોભમાર્ગણા દશમાગુણઠાણા સુધી હોય છે. તેમાં ૧ થી ૧૦ ગુણઠાણા સુધી કર્મસ્તવની જેમ બંધસ્વામિત્વ જાણવું.

અકષાયમાર્ગણા :-

અકષાયમાર્ગણામાં ૧૧ થી ૧૩ ગુણઠાણા સુધી એક જ શાતાવેદનીય કર્મપ્રકૃતિ બંધાય છે. ૧૪મા ગુણઠાણે યોગના અભાવે કર્મબંધ થતો નથી.

સંયમમાર્ગણા :-

(૧) સામાયિકચારિત્ર, (૨) છેદોપસ્થાપનીયચારિત્ર, (૩) પરિહારવિશુદ્ધિચારિત્ર, (૪) સૂક્ષ્મસંપરાયચારિત્ર, (૫) યથાખ્યાત-ચારિત્ર, (૬) દેશવિરતિ અને (૭) અવિરતિ..... એ-૭ પ્રકારે સંયમમાર્ગણા છે. તેમાંથી **અવિરતિ** અને **યથાખ્યાતચારિત્ર** માર્ગણામાં બંધસ્વામિત્વ કહે છે.

અવિરતિમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

અવિરતિમાર્ગણામાં ૧ થી ૪ ગુણઠાણા હોય છે તેથી ત્યાં સમ્યક્ત્વ હોય છે. માટે જિનનામ બંધાય છે. પણ અપ્રમત્તચારિત્ર હોતું નથી માટે આહારકદ્વિક બંધાતું નથી. એટલે આહારકદ્વિક વિના ઓઘે-૧૧૮, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪ અને સમ્યક્ત્વે-૭૭ કર્મપ્રકૃતિ બંધાય છે.

યથાખ્યાતમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

યથાખ્યાતમાર્ગણામાં **૧૧મું, ૧૨મું, ૧૩મું** અને **૧૪મું**.... છેલ્લા ચાર ગુણઠાણા હોય છે. તેમાં ૧૧ થી ૧૩ સુધી એક જ **શાતાવેદનીયકર્મ** બંધાય છે. ૧૪મે ગુણઠાણે યોગનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી.

જ્ઞાનમાર્ગણા :-

(૧) મતિ-અજ્ઞાન, (૨) શ્રુત-અજ્ઞાન, (૩) અવધિ-અજ્ઞાન

(વિભંગજ્ઞાન), (૪) મતિજ્ઞાન, (૫) શ્રુતજ્ઞાન, (૬) અવધિજ્ઞાન, (૭) મનઃપર્યવજ્ઞાન અને (૮) કેવળજ્ઞાન એ-૮ પ્રકારે જ્ઞાનમાર્ગણા છે. તેમાંથી અહીં અજ્ઞાનત્રિકમાર્ગણામાં બંધસ્વામિત્વ કહે છે.

અજ્ઞાનત્રિકમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

અજ્ઞાનત્રિકમાર્ગણામાં બે કે ત્રણ ગુણઠાણા હોય છે. કારણકે મિથ્યાદૃષ્ટિજીવમાં મિથ્યાત્વની મલિનતાના કારણે જ્ઞાન એ અજ્ઞાનરૂપે હોય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે સમ્યક્ત્વની શુદ્ધિના કારણે અજ્ઞાનતા દૂર થઈને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે જ્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવમાં અજ્ઞાનતા હોય છે. પરંતુ મિશ્રદૃષ્ટિગુણઠાણે રહેલા જીવોમાં સમ્યક્ત્વના અભાવે સંપૂર્ણ શુદ્ધજ્ઞાન હોતું નથી અને મિથ્યાત્વના અભાવે સંપૂર્ણ અશુદ્ધજ્ઞાન પણ હોતું નથી. એટલે તેઓમાં જ્ઞાન અને અજ્ઞાનનું મિશ્રણ હોય છે. પણ **જ્યારે મિશ્રદૃષ્ટિ જીવ સમ્યક્ત્વની સન્મુખ થયેલો હોય છે ત્યારે તેનામાં જ્ઞાનના અંશો વધુ હોય છે અને અજ્ઞાનના અંશો થોડા હોય છે. તે વખતે મિશ્રજ્ઞાનની ગણતરી જ્ઞાનમાં થાય છે અને જ્યારે મિશ્રદૃષ્ટિ જીવ મિથ્યાત્વની સન્મુખ થયેલો હોય છે ત્યારે તેનામાં અજ્ઞાનના અંશો વધુ હોય છે અને જ્ઞાનના અંશો ઓછા હોય છે. તે વખતે મિશ્રજ્ઞાનની ગણતરી અજ્ઞાનમાં થાય છે. એટલે જે મિશ્રદૃષ્ટિજીવ સમ્યક્ત્વની સન્મુખ થયેલો છે તેને ત્રીજા ગુણઠાણે જ્ઞાન માનેલું છે અને જે મિશ્રદૃષ્ટિજીવ મિથ્યાત્વની સન્મુખ થયેલો છે તેને ત્રીજાગુણઠાણે અજ્ઞાન માનેલું છે. એટલે અજ્ઞાનત્રિક માર્ગણામાં બે કે ત્રણ ગુણઠાણા કહ્યાં છે.**

મતિ-અજ્ઞાની, શ્રુત-અજ્ઞાની અને વિભંગજ્ઞાની જીવો જિનનામકર્મ અને આહારકદ્વિક વિના ઓઘે-૧૧૭, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૦૧ અને મિશ્રે-૭૪ કર્મપ્રકૃતિને બાંધે છે.

દર્શનમાર્ગણા :-

(૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન..... એ-૪ પ્રકારે છે. તેમાંથી અહીં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનમાર્ગણામાં બંધસ્વામિત્વ કહે છે.

ચક્ષુ-અચક્ષુદર્શનમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી ચક્ષુ-અચક્ષુદર્શન પ્રાપ્ત થાય છે. એ ક્ષયોપશમભાવ બારમાગુણઠાણા સુધી જ હોય છે. તેથી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનમાર્ગણામાં કર્મસ્તવની જેમ **૧** થી **૧૨** ગુણઠાણા સુધી બંધસ્વામિત્વ જાણવું. ઓઘે-**૧૨૦**, મિથ્યાત્વે-**૧૧૭**, સાસ્વાદને-**૧૦૧** ઇત્યાદિ.

જ્ઞાન-દર્શન અને ચારિત્રમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

मणनाणि सग जयाई, समइयच्छेय चउ दुन्नि परिहारे ।
केवलदुगि दो चरमाऽजयाइ नव मइसुओहि दुगे ॥१८॥

मनोज्ञाने सप्त यतादीनि सामायिकच्छेदे चत्वारि द्वे परिहारे।
केवलद्विके द्वे चरमेऽयतादीनि नव मतिश्रुतावधिद्विके ॥१८॥

ગાથાર્થ :- મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તાદિ-સાત ગુણઠાણા હોય છે. સામાયિક અને છેદોપસ્થાપનીય માર્ગણામાં પ્રમતાદિ-૪ ગુણઠાણા હોય છે. પરિહારવિશુદ્ધિ માર્ગણામાં પ્રમત્તાદિ-બે ગુણઠાણા હોય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન માર્ગણામાં છેલ્લા બે ગુણઠાણા હોય છે. અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શનમાં અવિરતિ આદિ નવગુણઠાણા હોય છે.

વિવેચન :- મનઃપર્યવજ્ઞાનલબ્ધિ અપ્રમત્તદશામાં જ ઉત્પન્ન થાય છે. પરંતુ પ્રમત્ત-અપ્રમત્તગુણઠાણુ અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્તે પરાવર્તન પામતું હોવાથી, મનઃપર્યવજ્ઞાની અપ્રમત્તેથી પ્રમત્તે પણ આવે છે. તેથી

છઠ્ઠાગુણઠાણે પણ મનઃપર્યવજ્ઞાન હોય છે અને તેરમાગુણઠાણે ક્ષાયિકભાવનું કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે વખતે ક્ષાયોપશમિકભાવના મત્યાદિ-૪ જ્ઞાન નાશ પામે છે. તેથી ૧૩મા અને ૧૪માં ગુણઠાણે મનઃપર્યવજ્ઞાન હોતું નથી. એટલે મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં ૬ થી ૧૨ સુધીના કુલ ૭ ગુણઠાણા હોય છે.

મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં ૬ થી ૧૨ ગુણઠાણા સુધી કર્મસ્તવની જેમ બંધસ્વામિત્વ જાણવું પણ મનઃપર્યવજ્ઞાની આહારકદ્વિકને બાંધી શકે છે. તેથી ૬૩ કર્મપ્રકૃતિમાં આહારકદ્વિક ઉમેરવાથી મનઃપર્યવ-જ્ઞાનમાર્ગણામાં ઓઘે-૬૫, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯ કે ૫૮, અપૂર્વકરણે ૫૮, ૫૬, ૨૬, અનિવૃત્તિગુણઠાણે ૨૨, ૨૧, ૨૦, ૧૯, ૧૮, સૂક્ષ્મસંપરાયે-૧૭, ઉપશાંતમોહે-૧ અને ક્ષીણમોહે-૧ કર્મપ્રકૃતિ બંધાય છે.

સામાયિક અને છેદોપસ્થાપનીયમાં બંધસ્વામિત્વઃ-

સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપનીયચારિત્રમાં પ્રમત્તાદિ-૪ ગુણઠાણા હોય છે. કારણકે ૧ થી ૫ ગુણઠાણા સુધી સર્વવિરતિચારિત્ર હોતું નથી. તથા ૧૦મે ગુણઠાણે સૂક્ષ્મસંપરાયચારિત્ર અને ૧૧ થી ૧૪ ગુણઠાણા સુધી યથાખ્યાતચારિત્ર હોય છે. એટલે **સામાયિક** અને **છેદોપસ્થાપનીયચારિત્રમાં ૬ઠ્ઠું, ૭મું, ૮મું અને ૯મું....** કુલ-૪ ગુણઠાણા જ હોય છે.

સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપનીયચારિત્રમાર્ગણામાં આહારકદ્વિક સહિત ઓઘે-૬૫, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૯ કે ૫૮, અપૂર્વકરણે ૫૮, ૫૬, ૨૬, અનિવૃત્તિગુણઠાણે ૨૨, ૨૧, ૨૦, ૧૯ અને ૧૮ કર્મપ્રકૃતિ બંધાય છે.

પરિહારવિશુદ્ધિચારિત્રમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

પરિહારવિશુદ્ધિચારિત્રમાર્ગણામાં પ્રમત્ત-અપ્રમત્ત બે જ ગુણઠાણા

હોય છે. કારણકે ૧ થી ૫ ગુણઠાણા સુધી સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત થતું નથી અને પરિહારવિશુદ્ધિચારિત્રવાળો જીવ શ્રેણી માંડી શકતો ન હોવાથી અપૂર્વકરણાદિગુણઠાણા હોતા નથી.

પરિહારવિશુદ્ધિચારિત્રવાળા મુનિભગવંતો કાંઈક ન્યૂન દશપૂર્વધર હોય છે પણ ચૌદપૂર્વધર હોતા નથી. માટે આહારકશરીર બનાવી શકતા નથી. પણ આહારકદ્વિકના બંધને યોગ્ય અધ્યવસાયો હોવાથી આહારકદ્વિકને બાંધી શકે છે. એટલે આહારકદ્વિક સહિત ઓઘે-૬૫, પ્રમત્તે-૬૩ અને અપ્રમત્તે-૫૯ કે ૫૮ કર્મપ્રકૃતિને બાંધે છે.

કેવળદ્વિકમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

કેવળજ્ઞાન અને કેવળદર્શન તેરમાગુણઠાણે પ્રાપ્ત થતું હોવાથી, એ બન્ને માર્ગણામાં ૧૩મું અને ૧૪મું ગુણઠાણું હોય છે. તેમાં ૧૩મે ગુણઠાણે એક જ શાતાવેદનીયકર્મ બંધાય છે. ૧૪મે ગુણઠાણે યોગનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી.

મતિ-શ્રુત-અવધિદ્વિકમાં બંધસ્વામિત્વ :-

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શનમાર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા સુધીના કુલ ૯ ગુણઠાણા હોય છે. કારણકે પહેલા ત્રણ ગુણઠાણામાં અજ્ઞાન હોય છે અને છેલ્લા બે ગુણઠાણામાં ક્ષાયિકભાવનું કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય છે. એટલે ૧ થી ૩ અને ૧૩મા-૧૪મા ગુણઠાણે ક્ષાયોપશમિક મત્યાદિજ્ઞાન અને ક્ષાયોપશમિક અવધિદર્શન હોતું નથી. તેથી મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા કહ્યાં છે.

મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની અને અવધિદર્શનવાળા જીવો કર્મસ્તવમાં સમ્યક્ત્વગુણઠાણે કહ્યાં મુજબ ૭૭ + **આહારકદ્વિક= ૭૯ ઓઘે બાંધે છે,** સમ્યક્ત્વે-૭૭, દેશવિરતિગુણઠાણે-૬૭, પ્રમત્તે-૬૩,

અપ્રમત્તે-૫૯ કે ૫૮, અપૂર્વકરણે ૫૮, ૫૬, ૨૬, અનિવૃત્તિગુણઠાણે ૨૨, ૨૧, ૨૦, ૧૯, ૧૮, સૂક્ષ્મસંપરાયે-૧૭, ઉપશાંત અને ક્ષીણમોહે-૧ કર્મપ્રકૃતિને બાંધે છે.

સમ્યક્ત્વ, ચારિત્ર અને આહારકમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

अड उवसमि चउ वेयगि, खईए इक्कार मिच्छतिगि देसे ।
सुहुमि सठाणं तेरस, आहारगि नियनियगुणोहो ॥१९॥
परमुवसमि वट्टंता, आउ न बंधंति तेण अजयगुणे ।
देवमणुआउहीणो, देसाइसु पुण सुराउ विणा॥२०॥

अष्टोपशमे चत्वारि वेदके, क्षायिके एकादश मिथ्यात्वत्रिके देसे।
सूक्ष्मे स्वस्थानं त्रयोदश आहारके निजनिजगुणौघः ॥१९॥
परमुपशमे वर्त्तमाना आयु र्न बध्नन्ति तेनायतगुणे ।
देवमनुजायुर्हीनो, देशादिषु पुनः सुरायुर्विना ॥२०॥

ગાથાર્થઃ- ઉપશમસમ્યક્ત્વમાં અવિરતિ વગેરે ૮ ગુણઠાણા હોય છે. ક્ષયોપશમસમ્યક્ત્વમાં અવિરતિ વગેરે ૪ ગુણઠાણા હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વમાં અવિરતિ વગેરે ૧૧ ગુણઠાણા હોય છે. મિથ્યાત્વાદિ ત્રણ, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાં પોતપોતાનું ગુણઠાણુ હોય છે. આહારીમાર્ગણામાં ૧૩ ગુણઠાણા હોય છે. આ સર્વે માર્ગણામાં પોતપોતાના ગુણઠાણા પ્રમાણે ઓઘબંધ જાણવો.

પરંતુ ઉપશમસમ્યક્ત્વમાં વર્તતા જીવો પરભવનું આયુષ્ય બાંધતા નથી. તેથી અવિરતિગુણઠાણે દેવાયુ અને મનુષ્યાયુના બંધ વિના ઓઘબંધ જાણવો અને દેશવિરતિ વગેરે ગુણઠાણાઓમાં દેવાયુના બંધ વિના ઓઘબંધ જાણવો.

વિવેચનઃ-ઉપશમસમ્યક્ત્વ-૨ પ્રકારે છે.

(૧) ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ
(૨) શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ.

(૧) અનાદિ મિથ્યાદૃષ્ટિજીવને અપૂર્વકરણે ગ્રન્થિભેદ થવાથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે **ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ** કહેવાય છે.

(૨) ઉપશમશ્રેણિનો પ્રારંભક જીવ સૌ પ્રથમ અનંતાનુબંધી કષાયની વિસંયોજના [મતાંતરે અનંતાનુબંધીની ઉપશમના] કરીને, દર્શનત્રિકને સંપૂર્ણ ઉપશમાવે છે. તે વખતે જે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, તે **શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ** કહેવાય.

પહેલા ત્રણ ગુણઠાણામાં ઉપશમસમ્યક્ત્વ હોતું નથી અને ઉપશમસમ્યગ્દૃષ્ટિજીવ ઉપશમશ્રેણિ માંડીને, **૧૧**મા ગુણઠાણા સુધી જ જઇ શકે છે ત્યાંથી આગળ જઇ શકતો નથી. એટલે છેલ્લા ત્રણ ગુણઠાણામાં પણ ઉપશમસમ્યક્ત્વ હોતું નથી. એટલે ૪ થી **૧૧** ગુણઠાણા સુધીના કુલ ૮ ગુણઠાણામાં ઉપશમસમ્યક્ત્વ હોય છે.

ઉપશમસમ્યગ્દૃષ્ટિને ઘોલના પરિણામ હોતા નથી. તેથી ઉપશમસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો દેવાયુને[૨૮] અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ દેવ -નારકો મનુષ્યાયુને બાંધી શકતા નથી. એટલે કર્મસ્તવમાં કહ્યાં મુજબ ચોથા ગુણઠાણે બંધાતી ૭૭ પ્રકૃતિમાંથી દેવાયુ અને મનુષ્યાયુ કાઢી નાંખવાથી **૭૫** રહે, પણ શ્રેણિગત ઉપશમસમ્યગ્દૃષ્ટિ સાતમે-આઠમે ગુણઠાણે આહારકદ્વિકને બાંધી શકે છે. તેથી તે બે પ્રકૃતિ ઉમેરવાથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઓઘે-૭૭, સમ્યક્ત્વગુણઠાણે આહારકદ્વિક વિના-**૭૫**, દેશવિરતિગુણઠાણે **૬૭** ને બદલે **૬૬** [દેવાયુ વિના],

---

(૨૮) શાસ્ત્રમાં કહ્યું છે કે,

अणबंधोदय-आउगबन्धं कालं च सासणो कुणइ ।
उवसम सम्मद्दिट्ठि चउण्हमिक्कंपि नो कुणइ॥

ગાથાર્થ : સાસ્વાદન અવસ્થામાં જીવ (૧) અનંતાનુબંધીનો બંધ, (૨) અનંતાનુબંધીનો ઉદય, (૩) આયુષ્યનો બંધ અને (૪) કાળ (મૃત્યુ પામવું) એ-૪ પ્રક્રિયા કરે છે. પણ ઉપશમ સમ્યગ્દૃષ્ટિ જીવ એ ૪ માંથી એકે ય પ્રક્રિયા કરતો નથી.

પ્રમત્તે ૬૩ ને બદલે ૬૨ [દેવાયુ વિના], અપ્રમત્તે ૫૮, અપૂર્વકરણે ૫૮, ૫૬, ૨૬, અનિવૃત્તિગુણઠાણે ૨૨, ૨૧, ૨૦, ૧૯, ૧૮, સૂક્ષ્મસંપરાયે-૧૭ અને ઉપશાંતમોહે-૧ કર્મપ્રકૃતિ બંધાય છે.

ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

ક્ષયોપશમસમ્યક્ત્વમાં સ૦મો૦નો ઉદય અવશ્ય હોય છે અને જ્યાં સુધી સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોય ત્યાં સુધી જીવ શ્રેણિ માંડી શકતો નથી. એટલે ક્ષયોપશમસમ્યક્ત્વમાં અપૂર્વકરણાદિ ગુણઠાણા હોતા નથી અને પહેલા ત્રણ ગુણઠાણામાં સમ્યક્ત્વ હોતું નથી. એટલે ત્યાં ૪ થી ૭ સુધીના કુલ ૪ ગુણઠાણા હોય છે.

ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં કર્મસ્તવમાં ચોથે ગુણઠાણે કહ્યાં મુજબ ૭૭ + **આહા૦દ્વિક** = ૭૯ પ્રકૃતિ **ઓઘે** બંધાય છે. સમ્યક્ત્વગુણઠાણે આહારકદ્વિક વિના ૭૭, દેશવિરતિગુણઠાણે-૬૭, પ્રમત્તે-૬૩, અને અપ્રમત્તે ૫૮ કે ૫૯ કર્મપ્રકૃતિને બાંધે છે.

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

પહેલા ત્રણ ગુણઠાણામાં સમ્યક્ત્વ હોતું નથી. એટલે ક્ષાયિકસમ્યક્ત્વમાં ૪ થી ૧૪ સુધીના ૧૧ ગુણઠાણા હોય છે. ત્યાં આહારકદ્વિક સહિત ઓઘે-૭૯, સમ્યક્ત્વગુણઠાણે-૭૭ [આહારકદ્વિક વિના], દેશવિરતિગુણઠાણે ૬૭, પ્રમત્તે-૬૩, અપ્રમત્તે-૫૮ કે ૫૯, અપૂર્વકરણે-૫૮, ૫૬, ૨૬, અનિવૃત્તિગુણઠાણે-૨૨, ૨૧, ૨૦, ૧૯, ૧૮, સૂક્ષ્મસંપરાયે-૧૭, ક્ષીણમોહ અને સયોગીકેવળીગુણઠાણે-૧ કર્મપ્રકૃતિ બંધાય છે.

મિથ્યાત્વાદિમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

મિથ્યાત્વ, સાસ્વાદનસમ્યક્ત્વ, મિશ્રસમ્યક્ત્વ, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં પોતપોતાના નામવાળુ એક જ ગુણસ્થાનક

હોય છે. તેમાં કર્મસ્તવમાં કહ્યાં પ્રમાણે બંધસ્વામિત્વ જાણવું. એટલે મિથ્યાત્વમાર્ગણામાં એક જ મિથ્યાત્વગુણઠાણુ હોય છે ત્યાં **૧૧૭**, કર્મપ્રકૃતિ બંધાય છે. સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં એક જ સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યાં **૧૦૧** કર્મપ્રકૃતિ બંધાય છે. મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં એક જ મિશ્રગુણઠાણુ હોય છે ત્યાં **૭૪** કર્મપ્રકૃતિ બંધાય છે. દેશવિરતિમાર્ગણામાં એક જ દેશવિરતિગુણઠાણુ હોય છે ત્યાં **૬૭** કર્મપ્રકૃતિ બંધાય છે અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં એક જ સૂક્ષ્મસંપરાયગુણઠાણુ હોય છે. ત્યાં **૧૭** કર્મપ્રકૃતિ બંધાય છે.

આહારીમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

જીવ ઔદારિકાદિ નામકર્મના ઉદયથી ઔદારિકાદિ પુદ્ગલસ્કંધોનો આહાર કરે છે તેથી તે આહારી કહેવાય છે. અને ઔદારિકનામકર્મનો ઉદય **૧** થી **૧૩** ગુણઠાણા સુધી હોવાથી, જીવ **૧** થી **૧૩** ગુણઠાણા સુધી આહાર કરે છે. તેથી આહારીમાર્ગણામાં **૧** થી **૧૩** ગુણઠાણા હોય છે. ત્યાં કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું. એટલે મિથ્યાત્વે-**૧૧૭**, સાસ્વાદને **૧૦૧** ઇત્યાદિ....

લેશ્યામાર્ગણામાં બંધસ્વામિત્વ :-

કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાં બંધસ્વામિત્વ :-

ओहे अठारसयं आहारदुगुणमाइलेसतिगे ।
तं तित्थोणं मिच्छे साणाइसु सव्वहिं ओहो ॥२१॥

ओघेऽष्टादशशतमाहारकद्विकोनमादिलेश्यात्रिके ।
तत्तीर्थोनं मिथ्यात्वे, सास्वादनादिषु सर्वत्रौघः ॥२१॥

ગાથાર્થ :- પહેલી ત્રણ લેશ્યામાં આહારકદ્વિક વિના ઓઘે ૧૧૮ કર્મપ્રકૃતિ બંધાય છે. તેમાંથી તીર્થંકરનામકર્મ વિના મિથ્યાત્વે ૧૧૭ બંધાય છે અને સાસ્વાદનાદિગુણઠાણામાં ઓઘબંધ જાણવો.

વિવેચનઃ- કૃષ્ણાદિ-૩ લેશ્યા ૪ અથવા ૬ ગુણસ્થાનક સુધી જ હોય છે. નારકો, તેઉકાય, વાઉકાય અને વિકલેન્દ્રિયને **કૃષ્ણાદિ-૩** અશુભલેશ્યા જ હોય છે. વૈમાનિકદેવોને **તેજો** વગેરે **ત્રણ** શુભલેશ્યા જ હોય છે. ગર્ભજ તિર્યંચ-મનુષ્યોને ૬ લેશ્યા હોય છે. જ્યોતિષ્કને **તેજોલેશ્યા** જ હોય છે. ભવનપતિ, વ્યંતર અને એકેન્દ્રિયને **કૃષ્ણાદિ-૪** લેશ્યા[૨૯] હોય છે.

ગ્રન્થકારભગવંતે આ જ કર્મગ્રન્થની છેલ્લી ગાથામાં કહ્યું છે કે, કૃષ્ણાદિ-૩ અશુભલેશ્યા ૧ થી ૪ ગુણસ્થાનક સુધી હોય છે. અને ચોથાકર્મગ્રન્થની ૨૩મી ગાથામાં કહ્યું છે કે, કૃષ્ણાદિ-૩ લેશ્યા ૧ થી ૬ ગુણસ્થાનક સુધી હોય છે. તેનું કારણ માત્ર વિવક્ષાભેદ છે. કારણકે કૃષ્ણાદિ-૩ લેશ્યામાં પહેલા ચાર જ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. દેશવિરતિ વગેરે ગુણસ્થાનક પ્રાપ્ત થતા નથી. તેથી ગ્રન્થકારભગવંતે ત્રીજા કર્મગ્રન્થમાં પ્રાપ્તિકાળની અપેક્ષાએ કૃષ્ણાદિ-૩ લેશ્યામાં ૧ થી ૪ ગુણસ્થાનક કહ્યાં છે. અને કૃષ્ણાદિ-૩ અશુભ લેશ્યાવાળા જીવને દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થતી નથી. પરંતુ દેશવિરતિ કે સર્વવિરતિગુણસ્થાનક પ્રાપ્ત થયા પછી કાલાન્તરે મંદ પરિણામના વશથી કૃષ્ણાદિ ત્રણ અશુભલેશ્યા આવી શકે છે. તે વખતે દેશવિરતિ કે સર્વવિરતિગુણઠાણુ ચાલ્યું જતુ નથી. એટલે પૂર્વપ્રતિપન્નને [પૂર્વે પ્રાપ્ત થયેલ ગુણસ્થાનકને] આશ્રયીને ગ્રન્થકારભગવંતે કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાં ૧ થી ૬ ગુણસ્થાનક કહ્યાં છે.

કૃષ્ણાદિ-૩ લેશ્યામાં ૪ અથવા ૬ ગુણસ્થાનક હોઈ શકે છે પણ સાતમું કે આઠમું ગુણસ્થાનક હોતું નથી. એટલે આહારકદ્વિક

---

(૨૯) सव्वेवि चउकसाया, लेस छग्गं गब्भतिरियमणुएसु
नारय तेऊ वाऊ, विगला वेमाणि य ति लेसा ॥१४॥
जोइसिय तेउलेसा, सेसा सव्वेवि हुंति चउलेसा ..... ॥ १५ ॥
[દંડકની ગાથા નં. ૧૪-૧૫]

બંધાતું નથી. તેથી ત્યાં આહારકદ્વિક વિના ઓઘે-૧૧૮, મિથ્યાત્વે જિનનામ વિના ૧૧૭, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪ અને સમ્યક્ત્વે-૭૭ કર્મપ્રકૃતિને બાંધે છે.

પૂજ્યશ્રી જીવવિજયજી મહારાજે પોતાના ટબામાં કહ્યું છે કે, ગ્રન્થકારભગવંતે કૃષ્ણાદિ અશુભલેશ્યામાં કર્મસ્તવની જેમ ચોથે ગુણઠાણે મનુષ્યાયુનો અને દેવાયુનો બંધ કહ્યો છે. તેમાંથી દેવાયુનો બંધ સંભવતો નથી. કારણકે કૃષ્ણાદિ-અશુભલેશ્યામાં સમ્યગ્દૃષ્ટિ નારકો મનુષ્યાયુને બાંધે છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અશુભલેશ્યામાં દેવાયુને બાંધી શકતા નથી. કારણ કે (૧) **જીવે જે લેશ્યામાં આયુષ્ય બાંધ્યું હોય, તે જ લેશ્યામાં મરે છે અને તે જ લેશ્યા લઈને પરભવમાં ઉત્પન્ન થાય**[૩૦] **છે.** એવો પહેલો શાસ્ત્રપાઠ છે અને (૨) **સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો નિયમા વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થાય છે** એવો બીજો શાસ્ત્રપાઠ છે. એટલે જો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો કૃષ્ણાદિ અશુભલેશ્યામાં દેવાયુ બાંધે, તો તેને ભવનપતિ કે વ્યંતરમાં ઉત્પન્ન થવું પડે, તો બીજા શાસ્ત્રપાઠ સાથે વિરોધ આવે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો ભવનપતિ કે વ્યંતરમાં ઉત્પન્ન થતા નથી વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થાય છે એવું શાસ્ત્રવચન છે અને જો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો કૃષ્ણાદિ અશુભલેશ્યામાં દેવાયુ બાંધીને, શુભલેશ્યામાં (વૈમાનિકમાં) ઉત્પન્ન થાય, તો પહેલા શાસ્ત્રપાઠ સાથે વિરોધ આવે છે. કારણ કે જીવ જે લેશ્યામાં આયુષ્ય બાંધે છે તે જ લેશ્યામાં મરીને, તે જ લેશ્યા લઈને પરભવમાં ઉત્પન્ન થાય છે એવું શાસ્ત્રવચન છે. એટલે સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અશુભલેશ્યામાં દેવાયુનો બંધ કરી શકતા નથી. તેથી કૃષ્ણાદિ-૩ લેશ્યામાં ચોથાગુણઠાણે દેવાયુનો બંધ સંભવતો નથી.

---

(૩૦) जल्लेसे मरइ तल्लेसे उववज्जइ । (યોગશતક ગાથા નં૦૯૮)

તેજો, પદ્મ અને શુક્લલેશ્યામાં બંધસ્વામિત્વ :-

तेऊ नरयनवूणा उज्जोयचउ नरयबार विणु सुक्का ।
विणु नरयबार पम्हा, अजिणाहारा इमा मिच्छे ॥२२॥

तेजो नरकनवोना उद्योतचर्तुनरकद्वादश विना शुक्लाः ।
विना नरक द्वादश पद्मा अजिनाहारका इमा मिथ्यात्वे ॥२२॥

ગાથાર્થ :- તેજોલેશ્યાવાળા જીવો નરકાદિ નવ પ્રકૃતિ વિના ૧૧૧ પ્રકૃતિને બાંધે છે. શુક્લલેશ્યાવાળા જીવો નરકાદિ ૧૨ અને ઉદ્યોતચતુષ્ક (કુલ ૧૬) વિના ૧૦૪ કર્મપ્રકૃતિને બાંધે છે અને પદ્મલેશ્યાવાળા જીવો નરકાદિ ૧૨ વિના ૧૦૮ પ્રકૃતિને બાંધે છે. તેજો-પદ્મ અને શુક્લલેશ્યાવાળા જીવો મિથ્યાત્વગુણઠાણે જિનનામ અને આહારકદ્વિક વિના બાકીની કર્મપ્રકૃતિને બાંધે છે.

વિવેચન : તેજો અને પદ્મલેશ્યા ૧ થી ૭ ગુણસ્થાનક સુધી હોય છે. શુક્લલેશ્યા ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

પહેલા બે દેવલોકના દેવો **તેજો**લેશ્યાવાળા[૩૧] હોય છે. ૩ થી ૫ દેવલોકના દેવો **પદ્મ**લેશ્યાવાળા હોય છે. અને **લાંતકાદિ**થી અનુત્તર સુધીના દેવો **શુક્લ**લેશ્યાવાળા હોય છે.

તેજોલેશ્યાવાળા જીવો બાદરપૃથ્વીકાય, બાદરજલકાય, અને પ્રત્યેકવનસ્પતિકાયમાં ઉત્પન્ન થઇ શકે છે. પરંતુ સૂક્ષ્મએકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય અને નરકમાં ઉત્પન્ન થતા નથી. તેથી તેજોલેશ્યાવાળા જીવો સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક અને નરકત્રિકને બાંધતા નથી. એટલે **તેજોલેશ્યામાર્ગણામાં** નરકગત્યાદિ નવ વિના ઓઘે-**૧૧૧**, મિથ્યાત્વે જિનનામ અને આહારકદ્વિક વિના-**૧૦૮**, સાસ્વાદને-**૧૦૧**, મિશ્રે-**૭૪**, સમ્યક્ત્વે-**૭૭**, દેશવિરતિગુણઠાણે-**૬૭**, પ્રમત્તે-**૬૩** અને અપ્રમત્તે **૫૮/૫૯** પ્રકૃતિને બાંધે છે.

---

(૩૧) पीतपद्मशुक्ललेश्या-द्वित्रि-शेषेशु ॥ ४।२३॥ (तत्त्वार्थ)

-: તેજોલેશ્યામાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ		જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ
	ઓઘે	૫	૯	૨	૨૬	૩	[૩૨]૫૯	૨	૫	૧૧૧
૧	મિથ્યાત્વે	૫	૯	૨	૨૬	૩	૫૬	૨	૫	૧૦૮
૨	સાસ્વાદને	૫	૯	૨	૨૪	૩	૫૧	૨	૫	૧૦૧
૩	મિશ્રે	૫	૬	૨	૧૯	૦	૩૬	૧	૫	૭૪
૪	સમ્યક્ત્વે	૫	૬	૨	૧૯	૨	૩૭	૧	૫	૭૭
૫	દેશવિરતે	૫	૬	૨	૧૫	૧	૩૨	૧	૫	૬૭
૬	પ્રમત્તે	૫	૬	૨	૧૧	૧	૩૨	૧	૫	૬૩
૭	અપ્રમત્તે	૫	૬	૧	૯	૧/૦	૩૧	૧	૫	૫૯/૫૮

પદ્મલેશ્યામાં બંધસ્વામિત્વ :-

પદ્મલેશ્યાવાળા જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ-અપર્યામા તિર્યંચ-મનુષ્ય અને નરકમાં ઉત્પન્ન થતા નથી. એટલે એકે૦જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, વિકલેન્દ્રિયત્રિક, અપર્યાપ્તનામકર્મ અને નરકત્રિકને બાંધતા નથી. તેથી **પદ્મલેશ્યામાર્ગણામાં** નરકગત્યાદિ-૧૨ વિના ઓઘે-૧૦૮, મિથ્યાત્વે તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક વિના-૧૦૫, સાસ્વાદને-૧૦૧, મિશ્રે-૭૪, સમ્યક્ત્વે-૭૭, દેશવિરતિ ગુણઠાણે-૬૭, પ્રમત્તે-૬૩, અને અપ્રમત્તે ૫૯ કે ૫૮ પ્રકૃતિને બાંધે છે.

શુક્લલેશ્યામાં બંધસ્વામિત્વ :-

શુક્લલેશ્યાવાળા જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય, પર્યાપ્તા તિર્યંચપંચેન્દ્રિય અને નરકમાં ઉત્પન્ન થતા નથી.

---

(૩૨) ગતિ-૩ (મનુ૦, તિ૦, દેવ.) + જાતિ-૨ (એકે૦, પંચે૦) + શરીર-૫ + ઉપાંગ-૩ + સંઘ૬ + સંઘ૬ + વર્ણાદિ-૪ + આનુ૦૩ (મનુષ્યાનુ૦, તિર્યંચાનુ૦, દેવાનુ૦) + વિહા૦૨ = ૩૪ + પ્ર૦૮ + ત્રસ-૧૦ + સ્થાવર + અસ્થિરષટ્ક = ૫૯

એટલે જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ, ઉદ્યોતચતુષ્ક, અને નરકત્રિક..... એ **૧૬** કર્મપ્રકૃતિને બાંધતા નથી. તેથી **શુક્લલેશ્યા-માર્ગણામાં** ઓઘે એકેન્દ્રિયાદિ-**૧૬** વિના-**૧૦૪**, મિથ્યાત્વે જિનનામ અને આહારકદ્વિક વિના-**૧૦૧**, સાસ્વાદને નપુંસકચતુષ્ક વિના-**૯૭**, મિશ્રે-**૭૪**, સમ્યક્ત્વે-**૭૭**, દેશવિરતિગુણઠાણે-**૬૭**, પ્રમત્તે-**૬૩**, અપ્રમત્તે-**૫૯** કે **૫૮**, અપૂર્વકરણે **૫૮**, **૫૬**, **૨૬**, અનિવૃત્તિગુણઠાણે **૨૨**, **૨૧**, **૨૦**, **૧૯**, **૧૮**, સૂક્ષ્મસંપરાયે-**૧૭** અને **૧૧થી૧૩** ગુણઠાણા સુધી એક જ **શાતાવેદનીય** બંધાય છે.

પૂ.જીવવિજયજીમહારાજકૃત ટબામાં કહ્યું છે કે, ગ્રન્થકારભગવંતે શુક્લલેશ્યાના બંધસ્વામિત્વમાં ઉદ્યોતચતુષ્કનો બંધ કેમ નથી કહ્યો? કારણકે [૩૩]તત્ત્વાર્થ અને બૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે, લાંતકનામના છઠ્ઠા દેવલોકથી અનુત્તર સુધીના દેવો શુક્લલેશ્યાવાળા હોય છે અને આ ગ્રન્થમાં ગાથા નં.**૧૧**માં કહ્યાં મુજબ છઠ્ઠા-સાતમા-આઠમા દેવલોકના દેવો તિર્યંચપંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકે છે. તેથી ઉદ્યોતચતુષ્કને બાંધે છે. તો પછી ગાથા નં.**૨૨**માં **ગ્રન્થકારભગવંતે શુક્લલેશ્યામાર્ગણામાં ઉદ્યોતચતુષ્કનો બંધ કેમ નથી કહ્યો ?**

આ શંકાનું સમાધાન કરતાં પં. ભગવાનદાસભાઇના વિવેચનમાં કહ્યું છે કે, આનતાદિ દેવલોકના દેવો અત્યંત વિશુદ્ધ શુક્લલેશ્યાવાળા હોવાથી, ઉદ્યોતચતુષ્કને બાંધતા નથી. અને લાંતકથી સહસ્રાર સુધીના દેવો મંદશુક્લલેશ્યાવાળા હોવાથી, તિર્યંચપંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકે છે. તેથી ઉદ્યોતચતુષ્કને બાંધી શકે છે. એટલે ગ્રન્થકારભગવંતે **શુક્લલેશ્યામાર્ગણામાં અત્યંતવિશુદ્ધ શુક્લલેશ્યાની અપેક્ષાએ બંધસ્વામિત્વ કહ્યું હોય, તો ઉદ્યોતચતુષ્કનો બંધ સંભવતો નથી.** છતાં પણ આ બાબતમાં બહુશ્રુત જાણે.

---

૩૩. **पीत-पद्मशुक्ललेश्या द्वि-त्रिशेषेषु॥** ૪।૨૩॥ તત્ત્વાર્થ

कप्पतिय पम्हलेसा, लंताइसु सुक्कलेस हुंति सूरा ॥૧૭૫॥ (બૃહત્સંગ્રહણી)

-: શુક્લલેશ્યામાં બંધસ્વામિત્વ :-

ગુણસ્થાનકનું નામ	જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ૦	ગોત્ર	અંત૦	કુલ
ઓઘે	૫	૯	૨	૨૬	૨	[૩૪]૫૩	૨	૫	૧૦૪
મિથ્યાત્વે	૫	૯	૨	૨૬	૨	૫૦	૨	૫	૧૦૧
સાસ્વાદને	૫	૯	૨	૨૪	૨	૪૮	૨	૫	૯૭
મિશ્રે	૫	૬	૨	૧૯	૦	[૩૫]૩૬	૧	૫	૭૪

શુક્લલેશ્યામાં ૪ થી ૧૩ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું..

ભવ્ય, સંજ્ઞી અને અનાહારકમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

सव्वगुण भव्वसन्निसु, ओहु अभव्वा असन्निमिच्छिसमा ।
सासणि असन्नि सन्निव्व कम्मणभंगो अणाहारे ॥२३॥

सर्वगुणाः भव्यसंज्ञिषु ओघोऽभव्या असंज्ञिनश्च मिथ्यात्व समाः ।
सास्वादने असंज्ञी संज्ञिवत् कार्मणभंगोऽनाहारे ॥२३॥

ગાથાર્થ :-ભવ્ય અને સંજ્ઞીમાર્ગણામાં સર્વ ગુણઠાણે ઓઘબંધ જાણવો. અભવ્યમાર્ગણામાં મિથ્યાત્વમાર્ગણાની જેમ બંધસ્વામિત્વ જાણવું. અસંજ્ઞીમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વમાર્ગણાની જેમ

---

(૩૪) ગતિ-૨ (મનુ૦ ગતિ, દેવગતિ) + પંચેન્દ્રિયજાતિ + શરીર-૫ + અંગોપાંગ-૩ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૨ (મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી) + વિહા૦૨ = ૩૧ + પ્ર૦૬ (અગુરૂ૦ ૪, નિર્માણ, જિનનામ) + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૩

(૩૫) ગતિ-૨ (મનુ૦ ગતિ, દેવગતિ) + પંચે૦ જાતિ + શરીર-૪ (ઔ૦, વૈ૦, તૈ૦, કા૦) + અંગો૦૨ (ઔ૦ અં૦, વૈ૦ અં૦) + પ્રથમ સંઘયણ + પ્રથમ સંસ્થાન + વર્ણાદિ-૪ + આનુ૦ ૨ (મનુષ્યાનુ૦, દેવાનુપૂર્વી) + શુભવિહા૦ = ૧૮ + પ્ર૦ ૫ (અગુરૂલઘુ-૪, નિર્માણ) + ત્રસ-૧૦ + અસ્થિર + અશુભ + અયશ = ૩૬

બંધસ્વામિત્વ જાણવું. સાસ્વાદનગુણઠાણે સંજ્ઞીપંચે૦ની જેમ બંધસ્વામિત્વ જાણવું. અને અનાહારકમાર્ગણામાં કાર્મણકાયયોગની જેમ બંધસ્વામિત્વ જાણવું.

વિવેચન :- શાસ્ત્રમાં કેવળીભગવંતોને **નોભવ્વા-નોઅભવ્વા** કહ્યાં છે. કારણકે જેમ દીક્ષાર્થી જ્યાં સુધી દીક્ષા ન લે, ત્યાં સુધી દીક્ષાને યોગ્ય કહેવાય છે પણ દીક્ષા લીધા પછી તે દીક્ષાને યોગ્ય છે એમ ન કહેવાય. તેમ ભવ્યાત્મા જ્યાં સુધી કેવળજ્ઞાની ન બને, ત્યાં સુધી ભવ્ય=મોક્ષમાં જવાની યોગ્યતાવાળો કહેવાય છે. પણ કેવળજ્ઞાન પામ્યા પછી તે જ ભવમાં નિયમા મોક્ષમાં જવાના હોવાથી તેઓ ભવ્ય છે એમ ન કહેવાય. એટલે કેવળીભગવંતો નોભવ્વા નોઅભવ્વા છે. તો પણ પૂર્વમાં ભવ્ય હતા. એટલે પૂર્વપર્યાયની અપેક્ષાએ ૧૩મે, ૧૪મે ગુણઠાણે પણ કેવલીભગવંતો ભવ્ય કહેવાય છે. તેથી **ભવ્યમાર્ગણામાં** ૧ થી ૧૪ ગુણઠાણા કહ્યાં છે. એટલે ભવ્યમાર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણા સુધી કર્મસ્તવની જેમ બંધસ્વામિત્વ જાણવું.

સંજ્ઞીમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

કેવળીભગવંતો સાક્ષાત્ આત્મા દ્વારા લોકાલોકમાં રહેલા સર્વદ્રવ્યના સર્વપર્યાયોને એકીસાથે જાણે છે. એટલે તેઓને ચિંતનાત્મક ભાવમન હોતું નથી. તેથી શાસ્ત્રમાં તેઓને **નો સંજ્ઞી, નો અસંજ્ઞી** કહ્યાં છે. તો પણ સયોગી કેવળીભગવંતો મનઃપર્યવજ્ઞાનીવડે કે અનુત્તરદેવોવડે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપવા માટે મનોદ્રવ્યને ગ્રહણ કરીને, પ્રશ્નને અનુસારે મનોદ્રવ્યને પરિણમાવતા હોવાથી, તેઓને દ્રવ્યમન હોય છે. તેથી તેઓ વ્યવહારથી સંજ્ઞી કહેવાય છે. તેથી સંજ્ઞીમાર્ગણામાં ૧ થી ૧૪ ગુણસ્થાનક કહ્યાં છે. એટલે **સંજ્ઞીમાર્ગણામાં** કર્મસ્તવની જેમ ૧ થી ૧૩ ગુણઠાણા સુધી બંધસ્વામિત્વ જાણવું.

અભવ્યમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

અભવ્યમાર્ગણામાં પહેલું જ ગુણસ્થાનક હોય છે. જો કે તેઓ દીક્ષા લઈને, માંખીની પાંખ પણ નંદવાઇ ન જાય, એવું સંયમ પાળે છે. તો પણ તેઓને દ્રવ્યચારિત્ર જ હોય છે. સમ્યક્ત્વ કે ભાવચારિત્રની પ્રાપ્તિ થતી નથી. તેથી જિનનામ કે આહારકદ્વિક બંધાતું નથી. એટલે અભવ્યમાર્ગણામાં મિથ્યાત્વમાર્ગણાની જેમ ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે-૧૧૭ પ્રકૃતિ બંધાય છે.

અસંજ્ઞીમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

અસંજ્ઞીમાર્ગણામાં પહેલું અને બીજુગુણઠાણુ હોય છે. ત્યાં મિથ્યાત્વમાર્ગણાની જેમ ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે-**૧૧૭** કર્મપ્રકૃતિ બંધાય છે અને સાસ્વાદનગુણઠાણે સંજ્ઞીપંચેન્દ્રિયની જેમ **૧૦૧** કર્મપ્રકૃતિ બંધાય છે.

ગ્રન્થકારભગવંતે અસંજ્ઞીમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે સંજ્ઞીપંચેન્દ્રિયની જેમ બંધસ્વામિત્વ કહ્યું છે. પણ તે કેવી રીતે ઘટે? કારણકે જે સંજ્ઞીપંચેન્દ્રિય જીવ ઉપશમસમ્યક્ત્વ પામીને, ત્યાંથી સાસ્વાદનગુણઠાણે આવ્યા પછી મૃત્યુ પામીને, અસંજ્ઞીમાં ઉત્પન્ન થાય છે તેને અપર્યાપ્તાવસ્થામાં શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. તે વખતે ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં સાસ્વાદનગુણઠાણે કહ્યાં મુજબ ૯૪ કર્મપ્રકૃતિ બંધાય છે. કારણ કે અસંજ્ઞીજીવો સાસ્વાદનગુણઠાણે અપર્યાપ્તાવસ્થામાં વિશુદ્ધિના અભાવે દેવપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધી શકતો નથી અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ પરભવનું આયુષ્ય બંધાતુ હોવાથી, શરીરપર્યાપ્તિએ અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ અને તિર્યંચાયુ બંધાતું નથી. એટલે **૧૦૧**માંથી **દેવત્રિક, વૈક્રિયદ્વિક, મનુષ્યાયુ** અને **તિર્યંચાયુ** એ-૭ વિના ૯૪ પ્રકૃતિનો બંધ અસંજ્ઞીમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે સંભવે છે.

અણાહારીમાર્ગણામાં બંધસ્વામિત્વ :-

દરેક જીવ વિગ્રહગતિમાં નિયમા અણાહારી હોય છે. તે વખતે **પહેલુ, બીજુ** અને **ચોથુ** ગુણઠાણુ જ હોય છે. કારણકે ત્રીજે ગુણઠાણે કોઈપણ જીવ મરતો નથી. તેથી વિગ્રહગતિમાં ત્રીજુગુણઠાણુ હોતું નથી અને દરેક જીવોને વિગ્રહગતિમાં નિયમા અવિરતિ જ હોય છે. એટલે વિગ્રહગતિમાં દેશવિરતિ વગેરે ગુણઠાણા હોતા નથી. એટલે વિગ્રહગતિમાં ૧લું, ૨જુ, ૪થું ગુણઠાણુ જ હોય છે અને **૧૩**મે ગુણઠાણે કેવળીભગવંતો જ્યારે કેવળીસમુદ્‌ઘાત કરે છે ત્યારે **ત્રીજે-ચોથે-પાંચમે** સમયે અણાહારી હોય છે. અને **૧૪**મે ગુણઠાણે અયોગીકેવળીભગવંતો પણ અણાહારી જ હોય છે. તેથી અણાહારીમાર્ગણામાં **૧લું, ૨જું, ૪થું, ૧૩મું,** અને **૧૪મું,** એમ કુલ-**૫** ગુણઠાણા હોય છે. તેમાંથી **૧૪**મું ગુણઠાણુ છોડીને, બાકીના **૪** ગુણઠાણે કાર્મણકાયયોગની જેમ બંધસ્વામિત્વ જાણવું.

અણાહારીમાર્ગણામાં ઓઘે આહારકદ્વિક, દેવાદિ-૪ આયુષ્ય અને નરકદ્વિક.... એ- ૮ વિના **૧૧૨**, પ્રકૃતિ બંધાય છે. કારણકે ત્યાં સાતમું કે આઠમું ગુણઠાણુ ન હોવાથી આહારકદ્વિક ન બંધાય અને પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ મનુષ્યાયુ કે તિર્યંચાયુ બંધાય છે. અને પર્યાપ્તાવસ્થામાં જ દેવાયુ કે નરકાયુ બંધાય છે. તેથી વિગ્રહગતિમાં આયુષ્યકર્મ બંધાતુ નથી અને વિગ્રહગતિમાં અતિસંકિલષ્ટ પરિણામ ન હોવાથી નરકદ્વિક ન બંધાય.

અણાહારીમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે જિનનામ, દેવદ્વિક અને વૈક્રિયદ્વિક એ-**૫** વિના **૧૦૭** કર્મપ્રકૃતિ બંધાય છે. કારણકે સમ્યક્‌ત્વ વિના જિનનામ બંધાતું નથી. તથા મિથ્યાદષ્ટિ અને સાસ્વાદનસમ્યગ્‌દૃષ્ટિ તથાવિધ વિશુદ્ધિના અભાવે વિગ્રહગતિમાં દેવપ્રાયોગ્ય કર્મબંધ કરી શકતા નથી. એટલે મિથ્યાદષ્ટિજીવો **૧૧૨**માંથી જિનનામાદિ-**૫** વિના **૧૦૭** પ્રકૃતિને બાંધે છે.

અણાહારીમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે ૧૦૭માંથી સૂક્ષ્મત્રિક, જાતિચતુષ્ક, નપુંસકચતુષ્ક, સ્થાવર અને આતપ..... એ ૧૩ વિના-૯૪ પ્રકૃતિ બંધાય છે. કારણકે સૂક્ષ્માદિ-૧૩ પ્રકૃતિ મિથ્યાત્વના ઉદયમાં જ બંધાય છે. સાસ્વાદને મિથ્યાત્વનો ઉદય ન હોવાથી, સૂક્ષ્માદિ-૧૩ કર્મપ્રકૃતિ બંધાતી નથી.

અણાહારીમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે અનંતાનુબંધીકષાયનો ઉદય હોતો નથી. તેથી ત્યાં અનંતા૦વગેરે-૨૪ પ્રકૃતિ બંધાતી નથી. એટલે ૯૪માંથી ૨૪ પ્રકૃતિ ઓછી કરવાથી ૭૦ રહે, તેમાં જિનનામાદિપંચક ઉમેરવાથી અણાહારીમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે-૭૫ પ્રકૃતિ બંધાય છે.

અણાહારીમાર્ગણામાં સયોગીકેવળીગુણઠાણે એક જ **શાતાવેદનીય** બંધાય છે અને અયોગીગુણઠાણે યોગના અભાવે કર્મબંધ થતો નથી.

લેશ્યામાં ગુણસ્થાનક :-

तिसु दुसु सुक्काइ गुणा, चउ सग तेरत्ति बन्धसामत्तिं।
देविंदसूरिलिहियं, नेयं कम्मत्थयं सोउं ॥२४॥

तिसृषु द्वयोः शुक्लायां गुणाश्चत्वारः सप्त त्रयोदशेति बन्धस्वामित्वं।
देवेन्द्रसूरिलिखितं ज्ञेयं कर्मस्तवं श्रुत्वा ॥२४॥

ગાથાર્થ :-પહેલી ત્રણ લેશ્યામાં ૧થી૪ ગુણઠાણા હોય છે. તેજો-પદ્મલેશ્યામાં ૧થી૭ ગુણઠાણા હોય છે અને શુક્લલેશ્યામાં ૧થી૧૩ ગુણઠાણા હોય છે. એ રીતે, બંધસ્વામિત્વ નામનો ત્રીજો કર્મગ્રન્થ દેવેન્દ્રસૂરિમહારાજાવડે લખાયો છે તે કર્મસ્તવને સાંભળીને [યાદ કરીને] ભણવો.

વિવેચન :- કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા ૧થી૪ ગુણઠાણા સુધી હોય છે. તેજો અને પદ્મલેશ્યા ૧થી૭ ગુણઠાણા સુધી હોય છે. શુક્લલેશ્યા ૧થી૧૩ ગુણઠાણા સુધી હોય છે. અને અયોગીગુણઠાણે યોગનો અભાવ હોવાથી લેશ્યા ન હોય.

શંકા :- ગ્રન્થકારભગવંતે ગાથાનં.૨૨ અને ૨૩માં લેશ્યા-માર્ગણામાં બંધસ્વામિત્વ કહ્યું છે, તે વખતે સર્વેમાર્ગણાની જેમ લેશ્યામાર્ગણામાં પણ ગુણસ્થાનક કહેવાઈ જાય છે. તો પછી અહીં ફરીથી લેશ્યામાર્ગણામાં ગુણસ્થાનક કેમ કહ્યા ?

સમાધાન :-ગ્રન્થકારભગવંતે ચોથાકર્મગ્રન્થમાં [ગાથા નં.૧૯ થી ૨૩માં] જે માર્ગણામાં જેટલા ગુણસ્થાનક કહ્યાં છે. એ જ રીતે, ત્રીજાકર્મગ્રન્થમાં પણ તે માર્ગણામાં તેટલા ગુણસ્થાનક સુધી બંધસ્વામિત્વ કહેલું હોવાથી, કૃષ્ણાદિ-૩ લેશ્યામાં ૧ થી ૬ ગુણસ્થાનક સુધી બંધસ્વામિત્વ કહેવાઈ જાય છે. પરંતુ કૃષ્ણાદિ-૩ લેશ્યાવાળા જીવો વધુમાં વધુ **ચાર** ગુણઠાણાને પ્રાપ્ત કરી શકે છે. પાંચમું-છઠ્ઠું ગુણઠાણુ પ્રાપ્ત કરી શકતા નથી. એટલે **પ્રાપ્તિકાળની અપેક્ષાએ કૃષ્ણાદિ-૩ લેશ્યામાં ૧ થી ૪ ગુણઠાણા હોય છે. એવો "બીજો પ્રકાર" જણાવવા માટે ગ્રન્થકાર ભગવંતે અહીં [ગાથાનં.૨૪માં] કૃષ્ણાદિ-૩ લેશ્યામાં ૧થી૪ ગુણઠાણા કહ્યાં છે** અને તેજો વગેરે-૩ લેશ્યામાં બીજો પ્રકાર જણાવવાનો નથી પરંતુ લેશ્યાદ્વાર એક હોવાથી કૃષ્ણાદિ-૩ લેશ્યાની સાથે જ બાકીની લેશ્યામાં પણ ગુણસ્થાનક કહેલાં છે.

એ પ્રમાણે, **બંધસ્વામિત્વનામતૃતીયકર્મગ્રન્થ પૂ.દેવેન્દ્રસૂરિ મહારાજાવડે લખાયો છે.** તેનો અભ્યાસ કરતી વખતે કર્મસ્તવનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ, કારણકે આ ગ્રન્થમાં કેટલીક માર્ગણામાં કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું. એમ કહેલુ હોવાથી, **જો બીજોકર્મગ્રન્થ યાદ હોય, તો જ ત્રીજો કર્મગ્રન્થ ભણી શકાય છે. એટલે ગ્રન્થકાર ભગવંતે કહ્યું છે કે, "कम्मत्थयं सोउं" કર્મસ્તવને સાંભળીને (ભણીને) ત્રીજોકર્મગ્રન્થ ભણવો.**

: બંધસ્વામિત્વ સમાપ્ત :

૬૨ માર્ગણામાં બંધસ્વામિત્વ

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણ-સ્થાનકે હોય?	ઓઘબંધ	મિથ્યાત્વ	સાસ્વાદન	મિશ્ર	અવિરત	દેશવિરતિ	પ્રમત્ત	અપ્રમત્ત	અપૂર્વકરણ	અનિવૃત્તિકરણ	સૂક્ષ્મસંપરાય	ઉપશાંત	ક્ષીણમોહ	સયોગી	અયોગી
૧	સામાન્યથી નરકગતિ	૧થી૪	૧૦૧	૧૦૦	૯૬	૭૦	૭૨										
૧૨૬૬ભાંગા	રત્નપ્રભાદિ-૩	૧થી૪	૧૦૧	૧૦૦	૯૬	૭૦	૭૨										
	પંકપ્રભાદિ-૩	૧થી૪	૧૦૦	૧૦૦	૯૬	૭૦	૭૧										
	તમસ્તમપ્રભા	૧થી૪	૯૯	૯૬	૯૧	૭૦	૭૦										
૨	સામાન્યથીતિર્યંચગતિ	૧થી૫	૧૧૭	૧૧૭	૧૦૧	૬૯	૭૦	૬૬									
	પર્યાપ્તા તિર્યંચો	૧થી૫	૧૧૭	૧૧૭	૧૦૧	૬૯	૭૦	૬૬									
	અપર્યાપ્તા તિર્યંચો	૧લું	૧૦૯	૧૦૯													
૩	સામાન્યથી દેવગતિ	૧થી૪	૧૦૪	૧૦૩	૯૬	૭૦	૭૨										
૬૪૦૦ભાંગા	ભવન૦,વ્યંત૦,જ્યો૦	૧થી૪	૧૦૩	૧૦૩	૯૬	૭૦	૭૧										
	સૌધર્મ-ઈશાન	૧થી૪	૧૦૪	૧૦૩	૯૬	૭૦	૭૨										
	૩થી૮ દેવલોક	૧થી૪	૧૦૧	૧૦૦	૯૬	૭૦	૭૨										
	૯થી ગ્રવેયક	૧થી૪	૯૭	૯૬	૯૨	૭૦	૭૨										

ક્રમ	માર્ગણાનું નામ	કૃત્તિ ગુણસ્થાનોમાં હોય?	અલ્પબહુત્વ	મિથ્યાત્વ	સાસ્વાદન	મિશ્ર	સમ્યક્ત્વ	ક્ષાયોપશમિક	પ્રમત્ત	અપ્રમત્ત	અપૂર્વકરણ	અનિવૃત્તિ	સૂક્ષ્મ૦	ઉપશાંત	ક્ષીણમોહ	સયોગી	અયોગી
	અનુત્તર	૪થું	૭૨			૭૨	૭૧	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
૪	મનુષ્યગતિ	૧થી૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૬૯	૭૭	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
૫	એકેન્દ્રિયજાતિ	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૬	બેઇન્દ્રિયજાતિ	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૭	તેઇન્દ્રિયજાતિ	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૮	ચઉરિન્દ્રિયજાતિ	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૯	પંચેન્દ્રિયજાતિ	૧થી૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
૧૦	પૃથ્વીકાય	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૧૧	અપ્કાય	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૧૨	તેઉકાય	૧લું	૧૦૫														
૧૩	વાઉકાય	૧લું	૧૦૫														
૧૪	વનસ્પતિકાય	૧લું ૨જું	૧૦૯	૧૦૯	૯૬/૯૪												
૧૫	ત્રસકાય	૧થી૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
સામાન્યથી	મનોયોગ	૧થી૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
	સત્ય, વ્યવહારમ૦	૧થી૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
મનોયોગી	અસત્ય, મિશ્રમ૦	૧થી૧૨	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૮/૫૯	૫૮	૨૨	૧૭	૧	૧	૧	

ક્રમ	માર્ગણાનું નામ	કયા ગુણસ્થાનકે હોય?	ઓઘબંધ	મિથ્યાત્વ	સાસ્વાદન	મિશ્ર	સમ્યક્ત્વ	દેશવિરતિ	પ્રમત્ત	અપ્રમત્ત	અપૂર્વકરણ	અનિવૃત્તિકરણ	સૂક્ષ્મસંપરાય	ઉપશાંત	ક્ષીણમોહ	સયોગી	અયોગી
યોગમાર્ગણા	સામાન્યથી વચનયોગ	૧થી૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
	સત્ય, વ્યવહારવચનયોગ	૧થી૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
	અસત્ય, મિશ્ર	૧થી૧૨	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧		
૧૮	ઔદારિકકાયયોગ	૧થી૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૬૯	૭૧	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
યોગમાર્ગણા	ઔદારિકમિશ્રયોગ	૧/૨/૪/૧૩	૧૧૪	૧૦૯	૯૪	૭૫										૧	
	વૈક્રિયકાયયોગ	૧થી૪	૧૦૪	૧૦૩	૯૬	૭૦	૭૨										
	વૈક્રિયમિશ્ર	૧/૨/૪	૧૦૨	૧૦૧	૯૪		૭૧										
	આહારકકાયયોગ	૬ઠ્ઠું,૭મું	૬૫						૬૩	૫૯/૫૮							
	આહારકમિશ્રયોગ	૬ઠ્ઠું	૬૩						૬૩								
કષાયમાર્ગણા	ક્રોધાદિકષાયયોગ	૧,૨,૪,૧૩	૧૧૨	૧૦૭	૯૪		૭૫									૧	
૧૯	સ્ત્રીવેદ	૧થી૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨					
૨૦	પુરુષવેદ	૧થી૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨					
૨૧	નપુંસકવેદ	૧થી૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨					
	અવેદમાર્ગણા	૯થી૧૪										૨૧	૧૭	૧	૧	૧	૦

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણ-ઠાણા હોય?	ઔદારિક	વૈક્રિય	આહા.	તૈજસ	કાર્મણ	અચક્ષુ	ચક્ષુ	અવધિ	કેવળ	મતિ	શ્રુત	વિભંગ
૨૨	અનાહારીપણું	૧લું, ૨જું	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪	૧૦૧	૧૦૧	૧૦૧	૧૦૧	૧	૧૦૧	૧૦૧	૧૦૧
૨૩	અપ્રત્યાખ્યાનીય	૧થી૪	૧૧૮	૧૧૭	૧૧૭	૭૪	૭૭	૭૭	૭૭	૭૭	૭૭	૭૭	૭૭	૭૭
૨૪	પ્રત્યાખ્યાનીય	૧થી૫	૧૧૮	૧૧૭	૧૧૭	૭૪	૭૭	૭૭	૭૭	૭૭	૭૭	૭૭	૭૭	૭૭
૨૫	સંજ્વલનત્રિક	૧થી૯	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭
૨૬	સંજ્વલનલોભ	૧થી૧૦	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭
૨૭	અકષાય													
૨૮	મતિજ્ઞાન	૪થી૧૨	૭૯			૭૭	૭૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭
૨૯	શ્રુતજ્ઞાન	૪થી૧૨	૭૯			૭૭	૭૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭
૩૦	અવધિજ્ઞાન	૪થી૧૨	૭૯			૭૭	૭૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭	૬૭
૩૧	મનઃપર્યવજ્ઞાન	૬થી૧૨	૬૫					૬૩	૬૩	૬૩	૬૩	૬૩	૬૩	૬૩
૩૨	કેવળજ્ઞાન	૧૩થી૧૪	૧											
૩૩	મતિ-અજ્ઞાન	૧થી૩	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪								
૩૪	શ્રુત-અજ્ઞાન	૧થી૩	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪								
૩૫	વિભંગજ્ઞાન	૧થી૩	૧૧૭	૧૧૭	૧૦૧	૭૪								

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા જીવ-ભેદો હોય?	ગતિ	ઇન્દ્રિય	કાય	યોગ	વેદ	કષાય	જ્ઞાન	સંયમ	દર્શન	લેશ્યા	ભવ્ય	સંજ્ઞી	આહારી
૩૪	સામાયિકચારિત્ર	૬થી૯	૬૫						૬૩	૫૯/૫૮	૨૨				
૩૫	છેદોપસ્થાપનીયચારિત્ર	૬થી૯	૬૫						૬૩	૫૯/૫૮	૨૨				
૩૬	પરિહારવિશુદ્ધિચારિત્ર	૬ઠું, ૭મું	૬૫						૬૩	૫૯/૫૮					
૩૭	સૂક્ષ્મસંપરાયચારિત્ર	૧૦મું	૧૭								૧૭				
૩૮	યથાખ્યાતચારિત્ર	૧૧થી૧૪	૧									૧	૧	૧	૦
૩૯	દેશવિરતિ	પમું	૬૭					૬૭							
૪૦	અવિરતિ	૧થી૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭		૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧
૪૧	ચક્ષુદર્શન	૧થી૧૨	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧
૪૨	અચક્ષુદર્શન	૧થી૧૨	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧
૪૩	અવધિદર્શન	૪થી૧૨	૭૮				૭૭	૬૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧
૪૪	કેવળદર્શન	૧૩થી૧૪	૧											૧	૦
૪૫	કૃષ્ણલેશ્યા	૧થી૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭								
૪૬	નીલલેશ્યા	૧થી૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭								
૪૭	કાપોતલેશ્યા	૧થી૪	૧૧૮	૧૧૭	૧૦૧	૭૪	૭૭								

ક્રમ	માર્ગણાનું નામ	ક્યા ગુણ-સ્થાનકો હોય?	ઔદયિક	ક્ષાયિકભાવ	ક્ષાયોપશમિક	ક્ષેત્ર	સ્પર્શના	ક્ષેત્રકાળ	પ્રમાણ	આયુષ્યબંધકાળ	આત્મઋદ્ધિપ્રાપ્ત	ઉપશાંત	ક્ષીણમોહ	સયોગી	અયોગી
૪૮	તેજોલેશ્યા	૧થી૭	૧૧૧	૧૦૮	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮					
૪૯	પદ્મલેશ્યા	૧થી૭	૧૦૮	૧૦૫	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮					
૫૦	શુક્લલેશ્યા	૧થી૧૩	૧૦૪	૧૦૧	૯૭	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
૫૧	ભવ્ય	૧થી૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
૫૨	અભવ્ય	૧લું	૧૧૭	૧૧૭													
૫૩	ઔપશમિક	૪થી૧૧	૭૭				૭૫	૬૬	૬૨	૫૮	૫૮	૨૨	૧૭	૧			
૫૪	સાસ્વાદન	૨જું	૧૦૧		૧૦૧												
૫૫	ક્ષાયોપશમિક	૪થી૭	૭૯				૭૭	૬૭	૬૩	૫૯/૫૮							
૫૬	ક્ષાયિક	૪થી૧૪	૭૯				૭૭	૬૭	૬૩	૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
૫૭	મિશ્ર	૩જું	૭૪			૭૪											
૫૮	મિથ્યાત્વ	૧લું	૧૧૭	૧૧૭													
૫૯	સંજ્ઞી	૧થી૧૪	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	૦
૬૦	અસંજ્ઞી	૧લું, ૨જું	૧૧૭	૧૧૭	૧૦૧												
૬૧	આહારી	૧થી૧૩	૧૨૦	૧૧૭	૧૦૧	૭૪	૭૭	૬૭	૬૩	૫૯/૫૮	૫૮	૨૨	૧૭	૧	૧	૧	
૬૨	અણાહારી	૧,૨,૪,૧૩,૧૪	૧૧૨	૧૦૭	૮૪		૭૫										૧

પૂ. શ્રી વીરશેખરસૂરીશ્વરજી મહારાજા વિરચિત

ઉદયસ્વામિત્વ

મંગલાચરણ :-

णमिअ अणुदयणुदीरग-सिरिवीरं उदयुदीरणा सामिं ।
पयडीणमग्गणासुं, कहिमु जहसुयं गुरुपसाया ॥१॥

ગાથાર્થ :- ઉદય અને ઉદીરણાથી મુક્ત થયેલા ચરમતીર્થંકર શ્રીમહાવીરસ્વામીને નમસ્કાર કરીને, જે પ્રમાણે સૂત્રમાં [જિનાગમમાં] કહ્યું છે તે પ્રમાણે, ગુરુકૃપાથી માર્ગણામાં પ્રકૃતિનું ઉદયસ્વામિત્વ અને ઉદીરણાસ્વામિત્વ કહીશ.

નરકગતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સામાન્યથી નરકગતિમાં ઉદયસ્વામિત્વ :-

णिरयेसुदय छसयरी, थीणद्धितिगपुमथी विणा घाई ।
सायेयरणिरयाऊ, णीअं णामस्स तीसाओ ॥२॥

ગાથાર્થ :- નરકગતિમાર્ગણામાં ઓઘે ઉદયમાં ૭૬ પ્રકૃતિ છે. તેમાં થીણદ્ધિત્રિક, પુરુષવેદ અને સ્ત્રીવેદ વિના ૪૨ પ્રકૃતિ ઘાતી છે અને શાતા-અશાતા, નરકાયુ, નીચગોત્ર અને નામકર્મની ૩૦ એમ કુલ-૩૪ પ્રકૃતિ અઘાતી છે.

વિવેચન :- કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી નરકગતિમાર્ગણામાં **થીણદ્ધિત્રિક, પુરુષવેદ, સ્ત્રીવેદ, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક, જાતિચતુષ્ક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, સંઘયણ-૬, પહેલા પાંચ સંસ્થાન, શુભવિહાયોગતિ, આતપ, ઉદ્યોત, જિનનામ, સુભગચતુષ્ક, સ્થાવરચતુષ્ક** [નામકર્મની ૩૭] અને **ઉચ્ચગોત્ર** એમ કુલ ૪૬ વિના ૭૬ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

નરકગતિમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વેદ૦૨ + મોહ૦૨૬ + નરકાયુ + નામ-૩૦ [તિર્યંચદ્વિકાદિ-૩૭ વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ [1]ઉદીરણાકરણમાં કહ્યું છે કે, યુગલિકતિર્યંચ-મનુષ્ય, વૈક્રિયશરીરી દેવ-નારક અને આહારકશરીરીને થીણદ્ધિત્રિકનો ઉદય હોતો નથી.

★ નારક અને એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને ભવસ્વભાવે જ નપુંસક-વેદનો ઉદય હોય છે. તેથી સ્ત્રીવેદ અને પુરુષવેદનો ઉદય ન હોય.

★ તિર્યંચત્રિકનો ઉદય તિર્યંચને જ હોય છે, અન્યને ન હોય. મનુષ્યત્રિક, જિનનામ અને આહારકદ્વિકનો ઉદય મનુષ્યને જ હોય છે, અન્યને ન હોય અને દેવત્રિકનો ઉદય દેવોને જ હોય છે, અન્યને ન હોય. ઉદ્યોતનો ઉદય ભવધારણીય શરીરમાં તિર્યંચને અને ઉત્તર-વૈક્રિયશરીરમાં દેવને અને પ્રમત્તસંયમીને જ હોય છે, નારકને ન હોય.

★ એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપનો ઉદય એકેન્દ્રિયને જ હોય છે, અન્યને ન હોય.

★ બેઇન્દ્રિયજાતિનો ઉદય બેઇન્દ્રિયોનેં, તેઇન્દ્રિયજાતિનો ઉદય તેઇન્દ્રિયોને અને ચઉરિન્દ્રિયજાતિનો ઉદય ચઉરિન્દ્રિયને જ હોય છે, અન્યને ન હોય.

★ સંઘયણનો ઉદય વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યને જ હોય છે. એકેન્દ્રિય અને દેવ-નારકને હાડકા ન હોવાથી, સંઘયણ હોતું નથી.

---

(૧) निद्दानिद्दाईणत्ति असंखवासाय मणुअ तिरिया य ।
वेउव्वाहारगतणू वज्जित्ता अप्पमत्तेया ॥
ગાથાર્થ :- અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા (યુગલિક) તિર્યંચ-મનુષ્ય, વૈક્રિયશરીરી, આહારકશરીરી, અને અપ્રમત્તસંયમીને વર્જીને, સર્વે જીવને થીણદ્ધિત્રિકની ઉદીરણા હોય છે.

દેવ-નારકને વૈક્રિયશરીર હોય છે, ઔદારિકશરીર હોતું નથી. એટલે ઔદારિકદ્વિકનો ઉદય ન હોય.

★ અપર્યાપ્તનામકર્મનો ઉદય લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યને જ હોય છે. લબ્ધિ-પર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય અને દેવ-નારકોને ન હોય.

★ નારકોને ભવસ્વભાવે જ હુંડકસંસ્થાન, અશુભવિહાયોગતિ અને દુર્ભગચતુષ્કનો ઉદય હોવાથી, તેની પ્રતિપક્ષી પહેલા પાંચ સંસ્થાન, શુભવિહાયોગતિ અને સુભગચતુષ્કનો ઉદય હોતો નથી.

★ નરક-તિર્યંચને નીચગોત્રનો ઉદય ધ્રુવોદયી હોવાથી ઉચ્ચગોત્રનો ઉદય હોતો નથી. એ રીતે, નરકગતિમાર્ગણામાં **થીણદ્ધિત્રિકાદિ-૪૬** પ્રકૃતિનો ઉદય ન હોય.

નરકગતિમાં નામકર્મનો ઉદય :-

णिरयुदयारिहणामा, णिरयविउवदुगपणिंदिहुंडधुवा ।
परघूसासुवघाया, कुखगइतसदुहगचउगाणि ॥३॥

ગાથાર્થ :- નરકગતિમાર્ગણામાં નામકર્મની નરકગતિ, નરકાનુપૂર્વી, વૈક્રિયશરીર, વૈક્રિયઅંગોપાંગ, પંચેન્દ્રિયજાતિ, હુંડક-સંસ્થાન, ધ્રુવોદયી-૧૨ (તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ-૪, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ), પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, અશુભવિહાયોગતિ, ત્રસચતુષ્ક, અને દુર્ભગચતુષ્ક..... એમ કુલ-૩૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

નરકગતિમાર્ગણામાં ૧થી ૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

सम्मत्तमीसऽणुदया, मिच्छे चउसत्तरी उ मिच्छंतो ।
णिरयाणुपुव्विणुदया, दुसयरि पयडीअ सासाणे ॥४॥
चउअणछेओ मीसे, गुणसयरी मीससंजुआ णेया ।
मीसच्छेओ सम्मे, सयरी णिरयाणु सम्मजुओ ॥५॥

ગાથાર્થ :- મિથ્યાત્વે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો

અનુદય હોવાથી ૭૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદને મિથ્યાત્વ-મોહનીયનો ઉદયવિચ્છેદ અને નરકાનુપૂર્વીનો અનુદય થવાથી ૭૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રે અનંતાનુબંધીચતુષ્કનો ઉદયવિચ્છેદ અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી ૬૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમોહનીયનો ઉદયવિચ્છેદ અને સમ્યક્ત્વ-મોહનીયનો તથા નરકાનુપૂર્વીનો ઉદય થવાથી ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- મિથ્યાત્વગુણઠાણે જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૪ [૨૬માંથી સ૦મો૦ અને મિશ્રમો૦ વિના] + નરકાયુ + નામ-૩૦ [ઓઘની જેમ] + નીચગોત્ર + અંત૦૫ = ૭૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મિશ્રમોહનીયનો ઉદય માત્ર મિશ્રગુણઠાણે જ હોય છે અને સ૦મો૦નો ઉદય ૪ થી ૭ ગુણઠાણે જ હોય છે એટલે મિથ્યાત્વગુણઠાણે મિશ્રમો૦ અને સ૦મો૦નો અનુદય કહ્યો છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૩ [૨૪માંથી મિથ્યાત્વ વિના] + નરકાયુ + નામ-૨૯ [૩૦માંથી નરકાનુપૂર્વી વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૭૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સાસ્વાદનગુણઠાણે રહેલો કોઈ પણ તિર્યંચ-મનુષ્ય મરીને નરકગતિમાં જતો નથી. તેથી ત્યાં નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી એટલે સાસ્વાદનગુણઠાણે નરકાનુપર્વીનો અનુદય કહ્યો છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫+ દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૦ [૨૩માંથી અનંતા૦૪ બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી] + નરકાયુ + નામ-૨૯+ નીચગોત્ર + અંત૦૫ = ૬૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ +

મોહ૦૨૦ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + નરકાયુ + નામ-૩૦ [૨૯ + નરકાનુપૂર્વી =૩૦] + નીચગોત્ર + અંત૦૫ = ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

એ જ પ્રમાણે, રત્નપ્રભાદિ-૩ નરકમાં ઉદયસ્વામિત્વ જાણવું.

પંકપ્રભાદિ-૪ નરકમાં ઉદયસ્વામિત્વ :-

णवरं पंकाईसुं, सासाणे च्च णिरयाणुपुव्विखओ ।
बीअ तइअ णिरयेसु वि, एवं इच्छंति अण्णे उ ॥६॥

ગાથાર્થ :- પરંતુ પંકપ્રભાદિ-૪ નરકમાં સાસ્વાદનગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદયવિચ્છેદ થાય છે. તેથી ચોથાગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી. એ જ પ્રમાણે, અણ્ણે= કેટલાક આચાર્ય મ. સા.ના મતે બીજી-ત્રીજી નરકમાં પણ ચોથાગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

વિવેચન :- રત્નપ્રભાની જેમ પંકાદિ-૪ નરકમાં ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, કોઈપણ **જીવ સમ્યક્ત્વ લઈને પંકપ્રભાદિ-૪ નરકમાં જઈ શકતો નથી.** તેથી ત્યાં ચોથા ગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે પંકપ્રભાદિ-૪ નરકમાં બીજા ગુણઠાણે નરકાનુપૂર્વીનો અનુદયને બદલે ઉદયવિચ્છેદ કહ્યો છે.

પંચસંગ્રહની[૨] ટીકામાં કહ્યું છે કે, તિર્યંચ-મનુષ્ય સમ્યક્ત્વ લઈને પ્રથમ નરકમાં જઈ શકે છે પણ **દ્વિતીયાદિ નરકમાં જતા નથી.** એટલે દ્વિતીયાદિ નરકમાં ચોથેગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી. તેથી દ્વિતીયાદિ નરકમાં ચોથેગુણઠાણે ૭૦ પ્રકૃતિમાંથી નરકાનુપૂર્વી વિના ૬૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૨) तिर्यंङ्मनुष्यो वा ससम्यक्त्वो द्वितीयादिषु नरकपृथिवीषु न गच्छति [પંચસંગ્રહની પૂ. મલયગિરિસૂરીશ્વરજીમહારાજકૃત ટીકા-બીજુ દ્વાર ગાથા નં૦૩૧]

મતાંતરઃ-

सिद्धंतमएऽज्जणिरय-छगे ससम्मो वि जाइ तेणुदओ।
छज्जणिरयेसु तुरिए, गुणम्मि णिरयाणुपुव्वीए ॥७॥

ગાથાર્થ :- સિદ્ધાંતના મતે જીવ ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈને ૧થી૬ નરક સુધી જઈ શકે છે. તેથી ૧થી૬ નરકમાં ચોથેગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોય છે.

વિવેચન :- કર્મગ્રન્થનાં મતે જીવ સમ્યક્ત્વ લઈને ૧થી૩ નરક સુધી જઈ શકે છે. તેથી પહેલી ત્રણ નરકમાં ચોથે ગુણઠાણે ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. અને **સિદ્ધાંતનાં મતે** જીવ સમ્યક્ત્વ લઈને ૧થી૬ [૩]નરક સુધી જઈ શકે છે. તેથી ૧થી૬ નરકમાં ચોથેગુણઠાણે ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સાતમીનરકમાં ચોથેગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી. તેથી ત્યાં ચોથેગુણઠાણે ૭૦ પ્રકૃતિમાંથી નરકાનુપૂર્વી વિના ૬૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

तिर्यंचगतिमार्गणामां उदयस्वामित्वः-

સામાન્યથી તિર્યંચગતિમાં ઉદયસ્વામિત્વ :-

तिरिये विउवट्ठग, णरतिगआहारदुगतित्थउच्चूणा ।
सत्तसयं मिच्छत्ते, पंचसयं सम्ममीसूणा ॥८॥
सासाणे मिच्छायव-सुहुमतिगंता सयं मीसे ।
अणजाइचउगथावर-तिरियाणुं विण समीसा य ॥९॥
एगणवई दुणवई, सम्मे सम्म तिरियाणुपुव्विजुआ ।
मीसं विणं देसे णर-तिगं, विणोघव्व चुलसीई ॥१०॥

ગાથાર્થ :- તિર્યંચગતિમાં વૈક્રિયાષ્ટક, મનુષ્યત્રિક,

---

(૩) नरतिरश्चामन्यतरोऽविरतसम्यग्दृष्टिः पूर्वबद्धायुः क्षायोपशमिक सम्यक्त्वेन गृहीतेन प्रज्ञप्त्याद्यभिप्रायतः षष्ठनरक पृथिव्यामिति नारकत्वेनोत्पद्यते [पंचसंग्रहनी पू. मलयगिरिसूरीश्वरजीमहाराजकृत टीका-बीजु द्वार-गाथानं.-૩૧.]

આહારકદ્વિક, જિનનામ અને ઉચ્ચગોત્ર વિના ઓઘે ૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦ અને મિશ્રમો૦ વિના ૧૦૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વ, આતપ, સૂક્ષ્મત્રિક વિના ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રગુણઠાણે અનંતાનુબંધીચતુષ્ક, જાતિચતુષ્ક, સ્થાવર અને તિર્યંચાનુપૂર્વી બાદ કરીને, મિશ્રમોહનીય ઉમેરતાં ૯૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમોહનીય કાઢીને, સ૦મો૦ અને તિર્યંચાનુપૂર્વી ઉમેરતાં ૯૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને દેશવિરતિગુણઠાણે ઓઘની જેમ ૮૭ પ્રકૃતિમાંથી મનુષ્યત્રિક વિના ૮૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- તિર્યંચગતિમાર્ગણામાં ૧૨૨ પ્રકૃતિમાંથી **નરકત્રિક, દેવત્રિક, વૈક્રિયદ્વિક, મનુષ્યત્રિક, આહારકદ્વિક, જિનનામ** અને ઉચ્ચગોત્ર એમ કુલ-૧૫ વિના **૧૦૭** પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

તિર્યંચગતિમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + તિર્યંચાયુ + નામ-પૅ૬-[નરકદ્વિકાદિ-૧૧ વિના] + નીચગોત્ર + અંત૦૫ = **૧૦૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ નરકત્રિકનો ઉદય નારકને, દેવત્રિકનો ઉદય દેવોને અને વૈક્રિયદ્વિકનો ઉદય દેવ-નારકને જ હોય છે, અન્યને ન હોય. જો કે વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો વૈક્રિયશરીર બનાવે છે ત્યારે વૈક્રિયદ્વિકનો ઉદય હોય છે પણ અહીં ભવધારણીય વૈક્રિયશરીરની વિવક્ષા કરેલી હોવાથી, તિર્યંચને વૈક્રિયદ્વિકનો ઉદય કહ્યો નથી.

★ મનુષ્યત્રિક, જિનનામ અને આહારકદ્વિકનો ઉદય મનુષ્યને

---

(૪) તિર્યંચગતિ + જાતિ-૫ + શ૦૩ [ઔ૦, તૈ૦, કા૦]+ ઔ૦ અંગ૦ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી + વિહા૦૨ = ૨૯ + પ્ર૦૭ [અગુરુલઘુ-૪, નિર્માણ, આતપ, ઉદ્યોત] +ત્રસાદિ ૧૦ + સ્થા૦૧૦ =૫૬

જ હોય છે, અન્યને ન હોય. તથા નરક-તિર્યંચને નીચગોત્રનો ઉદય ધ્રુવોદયી હોવાથી ઉચ્ચગોત્રનો ઉદય ન હોય.

તિર્યંચગતિમાં ૧ થી ૫ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦**૫** + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી સ૦મો૦ અને મિશ્રમો૦ વિના] + તિર્યંચાયુ + નામ-**૫૬** [ઓઘની જેમ] + નીચગોત્ર + અંત૦**૫** = **૧૦૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦**૫** + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + તિર્યંચાયુ + નામ-[૫]**૫૨** [૫૬માંથી આતપ, સૂક્ષ્મત્રિક વિના] + નીચગોત્ર + અંત૦**૫** = **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦**૫** + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [૨૫માંથી અનંતાનુબંધી-૪ બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી] + તિર્યંચાયુ + નામ-[૬]**૪૬** [૫૨માંથી જાતિચતુષ્ક, સ્થાવર અને તિર્યંચાનુપૂર્વી વિના] + નીચગોત્ર + અંત૦**૫** = ૯૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦**૫**+ દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + તિર્યંચાયુ + નામ-૪૭ [૪૬ + તિર્યંચાનુપૂર્વી =૪૭] + નીચગોત્ર + અંત૦**૫** = ૯૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૫) તિર્યંચગતિ + જાતિ-૫ + શ૦૩ [ઔ૦, તૈ૦, કા૦]+ ઔ૦અં૦ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી + વિહા૦૨ = ૨૯ + પ્ર૦૬ [અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્ર૦૧૦ + સ્થાવર + અસ્થિરષટ્ક = ૫૨

(૬) તિર્યંચગતિ + પંચે૦જાતિ + શ૦૩ [ઔ૦, તૈ૦, કા૦]+ ઔ૦અં૦ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૪ + પ્ર૦૬ [અગુરુ૦૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૪૬

(૫) **દેશવિરતિગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૧૮ [૨૨માંથી અપ્ર૦ ૪ વિના] + તિર્યંચાયુ + નામ-[૭]૪૩ [૪૭માંથી તિર્યંચાનુપૂર્વી, દુર્ભગ, અનાદેય અને અયશ વિના] + નીચગોત્ર + અંત૦૫ = **૮૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

દેશવિરતિ વગેરે ગુણઠાણે વિરતિનો સદ્ભાવ હોવાથી દૌર્ભાગ્ય, અનાદેય, અપયશનો ઉદય હોતો નથી[૮] તેથી સમ્યક્ત્વગુણઠાણાના અંતે દુર્ભગાદિ-૩નો ઉદયવિચ્છેદ કહ્યો છે.

પર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ:-

પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયમાં ઉદયસ્વામિત્વ :-

પજ્જપણિંદિતિરિક્ખે, થાવર જાइચઉગાયવેહિ વિણા ।
તિરિયોહો અડણવई, મિચ્છે વિણ દોહિ છણ્ણવई ॥૧૧॥
મિચ્છત્તમોહવજ્જા, પયડી સાસાયણમ્મિ પણણવई ।
તિરિયવ્વ અત્થિ તીસું, મીસાઈસુ ગુણઠાણેસું ॥૧૨॥

ગાથાર્થ :- સામાન્યથી તિર્યંચગતિમાર્ગણામાં ઓઘે ૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તેમાંથી સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક અને આતપ વિના ૯૮ પ્રકૃતિ પર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં ઓઘે ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦ અને મિશ્રમો૦ વિના ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય વિના ૯૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને મિશ્રાદિ-ત્રણ ગુણઠાણામાં તિર્યંચગતિની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

---

(૭) તિર્યંચગતિ + પંચે૦ જાતિ + શ૦ ૩ [ઔ૦, તૈ૦, કા૦]+ ઔ૦ અં૦ + સંઘ૦ ૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦ ૨ = ૨૪ + પ્ર૦ ૬ [અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્ર૦ ૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૪૩

(૮) જો દુર્ભગાદિ - ૩ નો ઉદય નિકાચિત હોય, તો તે કર્મના ફળનો અનુભવ સંયમીને પણ થઈ શકે છે અને જો તે કર્મનો ઉદય અનિકાચિત હોય, તો વિરતિના પરિણામથી બદલાઈ જાય છે.

વિવેચન :- લબ્ધિ-પર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિય માર્ગણામાં ૧૨૨ પ્રકૃતિમાંથી **વૈક્રિયાષ્ટક, મનુષ્યત્રિક, જિનનામ, આહારકદ્વિક, જાતિ-ચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ** અને **ઉચ્ચગોત્ર,** એમ કુલ-૨૪ પ્રકૃતિ વિના ૯૮ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

પર્યાપ્તાતિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + તિર્યંચાયુ + નામ-~~૪૭~~ **૪૭** [નરકદ્વિકાદિ-૨૦ વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૯૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપનો ઉદય એકેન્દ્રિયતિર્યંચને અને વિકલેન્દ્રિયજાતિનો ઉદય અનુક્રમે બેઇન્દ્રિયાદિ તિર્યંચને જ હોય છે, પંચેન્દ્રિયતિર્યંચને ન હોય.

★ અપર્યાપ્તનામકર્મનો ઉદય લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યને જ હોય છે, લબ્ધિ-પર્યાપ્તાને ન હોય.

પર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિયમાં ૧ થી ૫ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી સ૦મો૦, મિશ્રમો૦ વિના] + તિર્યંચાયુ + નામ-૪૭ [ઓઘની જેમ] + નીચગોત્ર + અંત૦૫ = ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + તિર્યંચાયુ + નામ-૪૭ [ઓઘની જેમ] + નીચગોત્ર + અંત૦૫ = ૯૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સામાન્યથી તિર્યંચગતિ માર્ગણાની જેમ પર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિયમાં

---

(૯) તિર્યંચગતિ + પંચે૦ જાતિ + શ૦ ૩ [ઔ૦, તૈ૦, કા૦]+ ઔ૦ અં૦ + સંઘ૦ ૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી + વિહા૦ ૨ = ૨૫ + પ્ર૦ ૬ [અગુરુલઘુ-૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૪૭

મિશ્રે-૯૧, સમ્યક્ત્વે-૯૨ અને દેશવિરતિગુણઠાણે-૮૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અપયાપ્તતિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ:-

અપર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિય માર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

तदपज्जे घाई विण, पुमथी सम्म जुगलं व थीणतिगं ।
सायेयरतिरियाऊ, णीअं णामस्स सगवीसा ॥१३॥

ગાથાર્થ :- લબ્ધિ-અપર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં સ્ત્રીવેદ, પુરુષવેદ, સ૦મો૦, મિશ્રમો૦ અને થીણદ્વિત્રિક વિના ઘાતી-૪૦ પ્રકૃતિ અને શાતા-અશાતા, તિર્યંચાયુ, નીચગોત્ર, નામકર્મની-૨૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- અપર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં ૧૨૨ પ્રકૃતિમાંથી થીણદ્વિત્રિક, મિશ્રમો૦, સ૦મો૦, સ્ત્રીવેદ, પુરુષવેદ, નરકત્રિક, દેવત્રિક, મનુષ્યત્રિક, જાતિચતુષ્ક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, પહેલા પાંચસંઘયણ, પહેલા પાંચસંસ્થાન, વિહા૦૨, આતપ, ઉદ્યોત, પરાઘાત, ઉચ્છ્વાસ, જિનનામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, પર્યાપ્ત, સુભગ, સુસ્વર--દુસ્વર, આદેય, યશ [નામકર્મની-૪૦] અને ઉચ્ચગોત્ર, એમ કુલ-૫૧ વિના ૭૧ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

અપર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિય માર્ગણામાં ઓઘે અને મિથ્યાત્વે જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ-૨૭ [નરકદ્વિકાદિ-૪૦ વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૭૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કેટલાક ગ્રન્થકાર ભગવંતોના મતે લબ્ધિ-અપર્યાપ્તાજીવોને થીણદ્વિત્રિકનો ઉદય હોતો નથી.

★ સર્વે લબ્ધિ-અપર્યાપ્તાજીવોને પહેલું એક જ ગુણઠાણુ હોય છે. બીજું-ત્રીજું કે ચોથું વગેરે ગુણઠાણા હોતા નથી. તેથી મિશ્રમો૦ અને સ૦મો૦નો ઉદય ન હોય.

★ લબ્ધિ- અપર્યાપ્તાને નપુંસકવેદનો જ ઉદય હોય છે, સ્ત્રીવેદ કે પુરુષવેદનો ઉદય ન હોય.

★ સર્વે લબ્ધિ-અપર્યાપ્તાને હુંડકસંસ્થાન અને લબ્ધિ-અપર્યાપ્તા ત્રસને છેવટ્ઠું સંઘયણ જ હોય છે. તેથી પહેલા પાંચ સંસ્થાન અને પહેલા પાંચ સંઘયણનો ઉદય ન હોય.

★ આતપ, ઉદ્યોત, પરાઘાત, વિહા૦૨, ઉચ્છ્વાસ, સુસ્વર અને દુઃસ્વરનો ઉદય લબ્ધિ-અપર્યાપ્તાને ન હોય. લબ્ધિ-પર્યાપ્તાને શરીરાદિ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ આતપાદિનો ઉદય હોય છે.

★ એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણનો ઉદય એકેન્દ્રિયને જ હોય છે અને વિકલેન્દ્રિયત્રિકનો ઉદય વિકલેન્દ્રિયને જ હોય છે, પંચેન્દ્રિયને ન હોય.

★ લબ્ધિ-અપર્યાપ્તાને ભવસ્વભાવે નીચગોત્રનો ઉદય હોવાથી ઉચ્ચગોત્રનો ઉદય ન હોય.

અપર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિય માર્ગણામાં નામકર્મની પ્રકૃતિ :–

तिरिउरलदुगपणिंदिय-धुवहुंडछिवट्ठबायरुवघाया ।
तसपत्तेअअपज्जा, दुहगाणादेयअजसाणि ॥१४॥

ગાથાર્થ :- અપર્યાપ્તતિર્યંચપંચેન્દ્રિયને તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, પંચેન્દ્રિયજાતિ, ધ્રુવોદયી-૧૨ [તૈ૦શ૦, કા૦શ૦, વર્ણાદિ-૪, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ], હુંડક, છેવટ્ઠું, બાદર, ઉપઘાત, ત્રસ, પ્રત્યેક, અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય અને અપયશ એમ કુલ ૨૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મનુષ્યગતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વઃ–

મનુષ્યગતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

विउवऽट्ठगतिरितिग चउ-जाइ पणग थावरायवदुगूणा।
मणुए दुसयं मिच्छे, पंच विणा सत्तणवईओ॥१५॥

मिच्छापज्जूणा पण-णवई साणे तिरिव्वमीसतिगे ।
णवरि णियाऽत्थि तहुच्चं, णुज्जोअं णीअमवि देसे ॥१६॥
सत्त पमत्ताईसुं, ओघव्व अपज्जतिरिपणिंदिव्व ।
असमत्तनरे णवरं, मणुयतिगं तिरितिगट्ठाणे ॥१७॥

ગાથાર્થ :- મનુષ્યગતિમાર્ગણામાં ઓઘે વૈક્રિયાષ્ટક, તિર્યંચત્રિક, જાતિચતુષ્ક, [પણગ = પનક =] સાધારણ, સ્થાવરદ્વિક અને આતપદ્વિક..... એ ૨૦ વિના ૧૦૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે પાંચ [સ૦મો૦, મિશ્રમો૦, આહા૦દ્વિક, જિનનામ] વિના ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય અને અપર્યાપ્તનામકર્મ વિના ૯૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તથા મિશ્રાદિ-ત્રણગુણઠાણે તિર્યંચગતિની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, ત્રીજા-ચોથા ગુણઠાણે નીચગોત્ર તેમજ ઉચ્ચગોત્રનો ઉદય હોય છે પણ ઉદ્યોતનો ઉદય હોતો નથી. અને દેશવિરતિગુણઠાણે નીચગોત્રનો ઉદય હોતો નથી. તથા પ્રમત્ત-અપ્રમત્તાદિગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

લબ્ધિ-અપર્યાપ્ત મનુષ્યગતિમાર્ગણામાં અપર્યાપ્તતિર્યંચની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ તિર્યંચત્રિકને સ્થાને મનુષ્યત્રિક કહેવું.

વિવેચન :- મનુષ્યગતિમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી નરકત્રિક, તિર્યંચત્રિક, દેવત્રિક, જાતિચતુષ્ક, વૈક્રિયદ્વિક, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ એમ કુલ- ૨૦ વિના ઓઘે ૧૦૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મનુષ્યગતિમાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮

---

(૧૦) મનુષ્યગતિ + પંચેન્દ્રિયજાતિ + શ૦૪ [ઔ૦, આ૦, તૈ૦, કા૦]+ ઉપાંગ-૨ [ઔ૦અં૦, આહા૦અં૦] + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + મનુષ્યાનુ૦ + વિહા૦૨ = ૨૭ + પ્ર૦૬ [અગુ૦૪, નિર્માણ, જિનનામ] +ત્રસાદિ-૧૦ + અપર્યાપ્ત + અસ્થિરષટ્ક = ૫૦

+ **મનુષ્યાયુ** + **નામ-૫૦**[10] [નરકગત્યાદિ-૧૭ વિના] + **ગો૦૨** + **અંત૦૫** = **૧૦૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ નરકત્રિકનો ઉદય નારકોને અને દેવત્રિકનો ઉદય દેવોને હોય છે. વૈક્રિયદ્વિકનો ઉદય દેવ-નારકોને જ હોય છે. જો કે વૈક્રિયલબ્ધિવાળા પ્રમત્તસંયમી મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે ત્યારે વૈક્રિયદ્વિક અને ઉદ્યોતનો ઉદય હોય છે. પરંતુ અહીં ભવધારણીય વૈક્રિયશરીરની વિવક્ષા હોવાથી, મનુષ્યગતિમાં વૈક્રિયદ્વિક અને ઉદ્યોતનો ઉદય કહ્યો નથી.

★ તિર્યંચત્રિકાદિ-૧૨ પ્રકૃતિનો ઉદય તિર્યંચોને જ હોય છે, અન્યને ન હોય.

મનુષ્યગતિમાં ૧ થી ૧૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯+ વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી મિશ્રમો૦, સ૦મો૦ વિના] + મનુષ્યાયુ + નામ-૪૭ [૫૦માંથી આહારકદ્વિક અને જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + મનુષ્યાયુ + નામ-૪૬ [૪૭માંથી અપર્યાપ્ત વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [૨૫માંથી અનંતાનુબંધીચતુષ્ક બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી] + મનુષ્યાયુ + નામ-૪૫ [૪૬માંથી મનુષ્યાનુપૂર્વી વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯+ વે૦૨ + મોહ૦૨૨ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + મનુષ્યાયુ + નામ-૪૬ [૪૫ + મનુષ્યાનુપૂર્વી =૪૬] + ગો૦૨ + અંત૦૫ = ૯૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૫) **દેશવિરતિગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૧૮ [૨૨માંથી અપ્ર૦૪ વિના] + મનુષ્યાયુ + નામ-૪૨ [૪૬માંથી મનુષ્યાનુપૂર્વી, દુર્ભગ, અનાદેય અને અયશ વિના] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = **૮૩** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કર્મસ્તવમાં દેશવિરતિગુણઠાણે નીચગોત્રનો ઉદય તિર્યંચની અપેક્ષાએ કહેલો છે. કોઈ પણ મનુષ્યને દેશવિરતિગુણઠાણે વિરતિના પ્રભાવે નીચગોત્રનો ઉદય અટકીને, ઉચ્ચગોત્રનો ઉદય શરૂ થઈ જાય છે. તેથી મનુષ્યગતિમાર્ગણામાં દેશવિરતિગુણઠાણે નીચગોત્રનો ઉદય હોતો નથી, ઉચ્ચગોત્રનો જ ઉદય હોય છે.

(૬) **પ્રમત્તગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯+ વે૦૨ + મોહ૦ ૧૪ [૧૮માંથી પ્રત્યા૦૪ વિના] + મનુષ્યાયુ + નામ-૪૪ [૪૨ + આહારકદ્વિક = ૪૪] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = **૮૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મસ્તવમાં કહ્યાં મુજબ અપ્રમત્તે-૭૬, અપૂર્વકરણે-૭૨, અનિવૃત્તિગુણઠાણે-૬૬, સૂક્ષ્મસંપરાયે-૬૦, ઉપશાંતમોહે-૫૯, ક્ષીણમોહે ૫૭/૫૫, સયોગીગુણઠાણે-૪૨ અને અયોગીગુણઠાણે-૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અપર્યાપ્તમનુષ્યગતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વઃ-

અપર્યાપ્તમનુષ્યગતિ માર્ગણામાં અપર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિયની જેમ **થીણદ્ધિનિદ્રાદિ-૫૧** વિના **ઓઘે** અને **મિથ્યાત્વે** જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૪ + મનુષ્યાયુ + નામ-૨૭ + નીચગોત્ર + અંત૦૫ = **૭૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

દેવગતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વઃ–

સામાન્યથી દેવગતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

देवेसु उदयसीई, थीणद्धितिगणपुमा विणा घाई ।
सायेयरदेवाऊ, उच्चं णामस्स तेत्तीसा ॥१८॥

ગાથાર્થ :- દેવગતિમાર્ગણામાં ઓઘે થીણદ્ધિત્રિક અને નપુંસક વિના ઘાતી-૪૩ તથા શાતા-અશાતા, દેવાયુ, ઉચ્ચગોત્ર અને નામકર્મની-૩૩ એમ કુલ-૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- સામાન્યથી દેવગતિમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી **થીણદ્ધિત્રિક, નપુંસકવેદ, નરકત્રિક, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, જાતિચતુષ્ક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, સંઘ૦૬**, પહેલા સિવાયના **પાંચ સંસ્થાન, અશુભવિહા૦, આતપ, ઉદ્યોત, જિનનામ, સ્થાવરચતુષ્ક, દુઃસ્વર** [નામકર્મની-૩૪] અને **નીચગોત્ર** એમ કુલ-૪૨ વિના ૮૦ પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

દેવગતિમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૭ + દેવાયુ + નામ-૩૩ [નરકગત્યાદિ-૩૪ વિના] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ સમચતુરસ્રસંસ્થાન, શુભવિહાયોગતિ, સુસ્વર અને ઉચ્ચગોત્રનો ઉદય દેવોને ભવપ્રત્યયિક હોવાથી, તેની પ્રતિપક્ષી પાંચસંસ્થાન, અશુભ-વિહા૦, દુઃસ્વર અને નીચગોત્રનો ઉદય હોતો નથી.

★ દેવ-નારકો લબ્ધિ-પર્યાપ્તા જ હોય છે, લબ્ધિ-અપર્યાપ્તા ન હોય. તેથી અપર્યાપ્તનામકર્મનો ઉદય હોતો નથી.

★ જ્યારે દેવો ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે ત્યારે ઉદ્યોતનો ઉદય હોય છે. પણ અહીં ભવધારણીય શરીરમાં રહેલા ઉદ્યોતની વિવક્ષા કરેલી હોવાથી, દેવગતિમાં ઉદ્યોતનો ઉદય કહ્યો નથી.

★ બાકીની-૩૨ પ્રકૃતિ ઉદયમાં ન હોવાના કારણો નરકગતિ માર્ગણામાં કહ્યાં મુજબ સમજી લેવા.

સામાન્યથી દેવગતિમાર્ગણામાં નામકર્મની પ્રકૃતિ :-

सुरविउवदुग पणिंदिय-ऽणादेयदुहगसुहागिई अजसं ।
परघूसासुवघाया, सुखगइतस सुहगचउगधुवणामा॥१९॥

ગાથાર્થ :- દેવગતિમાર્ગણામાં દેવદ્વિક, વૈક્રિયદ્વિક,

પંચેન્દ્રિયજાતિ, અનાદેય, દુર્ભગ, સમચતુરસ્રસંસ્થાન, અપયશ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, શુભવિહાયોગતિ, ત્રસ-૪, સુભગચતુષ્ક, ધ્રુવોદયી-૧૨ એમ કુલ-૩૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

દેવગતિમાર્ગણામાં ૧ થી ૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

सम्मत्तमीसमोहा, वज्जेउंअट्ठसत्तरी मिच्छे ।
मिच्छत्तमोहवज्जा, सासणे सत्तसयरीओ ॥२०॥
विण अणसुराणुपुव्वी, मिस्से मिस्सोदयेण य तिसयरी।
मीसूणा चउसयरी, सम्मे सम्माणुपुव्विजुआ ॥२१॥

ગાથાર્થ :- દેવગતિમાર્ગણામાં ઓઘે ઉદયમાં ૮૦ પ્રકૃતિ હોય છે. તેમાંથી સ૦મો૦ અને મિશ્રમો૦ વિના ૭૮ પ્રકૃતિ મિથ્યાત્વગુણઠાણે ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય વિના ૭૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રગુણઠાણે અનંતાનુબંધીચતુષ્ક અને દેવાનુપૂર્વી કાઢીને, મિશ્રમોહનીય ઉમેરવાથી ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમોહનીય બાદ કરીને, સ૦મો૦ અને દેવાનુપૂર્વી ઉમેરતાં ૭૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- મિથ્યાત્વગુણઠાણે જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૫ [૨૭માંથી મિશ્રમો૦, સ૦મો૦ વિના] + દેવાયુ + નામ-૩૩ [ઓઘની જેમ] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૪ [૨૫માંથી મિથ્યાત્વ વિના] + દેવાયુ + નામ-૩૩ [ઓઘની જેમ] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૧ [૨૪માંથી અનંતાનુબંધી-૪ બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી] + દેવાયુ + નામ-૩૨ [૩૩ માંથી દેવાનુપૂર્વી વિના] + ઉચ્ચગોત્ર +

અંત૦૫ = ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૬ + વે૦૨ + મોહ૦૨૧ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + દેવાયુ + નામ-૩૩ [૩૨+ દેવાનુપૂર્વી =૩૩] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્કમાં ઉદયસ્વામિત્વ :-

णवरं सिद्धंतमए, भवणत्तिगे एवमेव कम्ममए ।
देवाणुपुव्विवज्जा, विण्णेया तिसयरी सम्मे ॥૨૨॥

ગાથાર્થ :- એ જ પ્રમાણે (સામાન્યથી દેવગતિની જેમ), સિદ્ધાંતના મતે ભવનપત્યાદિ ત્રણમાં ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ કર્મગ્રન્થનાં મતે સમ્યક્ત્વગુણઠાણે દેવાનુપૂર્વી વર્જીને ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- સિદ્ધાંતના મતે જીવ ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કદેવમાં પણ ઉત્પન્ન થઈ શકે છે. તેથી સામાન્યથી દેવગતિમાર્ગણાની જેમ ભવનપત્યાદિક ત્રણમાં સમ્યક્ત્વ-ગુણઠાણે ૭૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મગ્રન્થના મતે જીવ સમ્યક્ત્વ લઈને વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થઈ શકે છે. ભવનપત્યાદિકદેવમાં ઉત્પન્ન થતો નથી. તેથી ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કદેવમાં સમ્યક્ત્વગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે ભવનપત્યાદિક ત્રણમાં સમ્યક્ત્વગુણઠાણે ૭૪માંથી દેવાનુપૂર્વી વિના ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વૈમાનિકદેવમાં ઉદયસ્વામિત્વ :-

तइआईसु सुरेसुं गेविज्जंतेसु इत्थिवेऊणा ।
पणऽणुत्तरेसु तुरिअं, च्च गुणं तहि तिसयरी विण थिं ॥૨૩॥

ગાથાર્થ :- ત્રીજાદેવલોકથી નવગ્રૈવેયક સુધી સ્ત્રીવેદ વિના ઉદયસ્વામિત્વ જાણવું અને પાંચ અનુત્તરને વિષે ચોથાગુણઠાણે

સ્ત્રીવેદ વિના ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- પહેલા અને બીજા દેવલોકમાં દેવી હોય છે. તેથી ત્યાં સ્ત્રીવેદનો ઉદય હોય છે. એટલે પહેલા બે દેવલોકમાં સામાન્યથી દેવગતિમાર્ગણાની જેમ ઓઘે-૮૦, મિથ્યાત્વે-૭૮, સાસ્વાદને-૭૭, મિશ્રે-૭૩ અને સમ્યક્ત્વે-૭૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ત્રીજાદિ દેવલોકમાં દેવીઓ હોતી નથી. તેથી ત્યાં સ્ત્રીવેદનો ઉદય હોતો નથી. એટલે ત્રીજા દેવલોકથી માંડીને નવગ્રૈવેયક સુધી સ્ત્રીવેદ વિના ઓઘે-૭૯, મિથ્યાત્વે-૭૭, સાસ્વાદને-૭૬, મિશ્રે-૭૨ અને સમ્યક્ત્વે-૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પાંચે અનુત્તરમાં રહેલા દેવો સમ્યગ્દૃષ્ટિ જ હોય છે ત્યાં દેવીઓ હોતી નથી. એટલે પાંચે અનુત્તરમાં ઓઘે અને ચોથે ગુણઠાણે ૭૪માંથી સ્ત્રીવેદ વિના-૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

-: ગતિમાર્ગણા સમાપ્ત :-

એકેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

એકેન્દ્રિયમાર્ગણામાં ઓઘે ઉદયસ્વામિત્વ :-

एगिंदिये असीई, घाई थीपुरिस सम्ममीसूणा ।
सायेयर तिरियाऊ, णीअं णामस्स तेत्तीसा ॥२४॥

ગાથાર્થ :- એકેન્દ્રિયમાર્ગણામાં ઓઘે સ્ત્રીવેદ, પુરુષવેદ, મિશ્રમો૦ અને સ૦મો૦ વિના ઘાતી-૪૩ તથા શાતા-અશાતા, તિર્યંચાયુ, નીચગોત્ર અને નામકર્મની-૩૩ એમ કુલ-૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- એકેન્દ્રિયમાર્ગણામાં ૧૨૨ પ્રકૃતિમાંથી **સ્ત્રીવેદ, પુરુષવેદ, સ૦મો, મિશ્રમો૦, નરકત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક, બેઇન્દ્રિયાદિ-૪ જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, ઔ૦અં૦, સંઘ૦૬,**

પહેલા પાંચસંસ્થાન, વિહા૦૨, જિનનામ, ત્રસ, સુભગત્રિક, દુઃસ્વર [નામકર્મની-૩૪] અને **ઉચ્ચગોત્ર** એમ કુલ- **"૪૨"** વિના ૮૦ પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

એકેન્દ્રિયમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ-૩૩ [નરકગત્યાદિ-૩૪ વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ એકે૦-વિકલે૦ નપુંસકવેદી જ હોય છે, સ્ત્રીવેદી કે પુ૦વેદી ન હોય. તેથી તેને સ્ત્રીવેદ કે પુ૦વેદનો ઉદય હોતો નથી.

★ એકે૦-વિકલેન્દ્રિયને હુંડકસંસ્થાન જ હોય છે. તેથી તેને પહેલા પાંચ સંસ્થાનનો ઉદય ન હોય.

★ સુભગ-આદેયનો ઉદય લબ્ધિ-પર્યાપ્તા પંચેન્દ્રિયને જ હોય છે, એકે૦-વિકલેન્દ્રિયને ન હોય.

★ એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને મિશ્રાદિ ગુણઠાણા પ્રાપ્ત થતા નથી. તેથી મિશ્રમો૦ અને સ૦મો૦નો ઉદય ન હોય.

★ એકે૦ને ઔદારિકશરીર જ હોય છે. હાથ-પગાદિ અવયવો હોતા નથી. તેથી ઔદા૦અંગો૦ અને વિહાયોગતિદ્વિકનો ઉદય ન હોય એકે૦ને હાડકા હોતા નથી. તેથી સંઘયણનો ઉદય ન હોય.

★ ત્રસ, સુસ્વર અને દુઃસ્વરનો ઉદય ત્રસજીવોને જ હોય છે. સ્થાવર[એકેન્દ્રિય]ને ન હોય.

★ બાકીની નરકત્રિકાદિ-૧૯ પ્રકૃતિનો ઉદય ન હોવાના કારણો તિર્યંચગતિમાર્ગણામાં કહ્યાં મુજબ સમજી લેવા.

એકેન્દ્રિયમાર્ગણામાં નામકર્મની પ્રકૃતિઃ-

तिरिदुग एगिंदियुरल-धुव थावर चउग बायर तिगाणि।
दुहगाणादेय अजस-जसहुंडग पंच पत्तेआ ॥२५॥

ગાથાર્થ :- એકેન્દ્રિયમાર્ગણામાં નામકર્મની તિર્યંચદ્વિક, એકેન્દ્રિયજાતિ, ઔદારિકશરીર, ધ્રુવોદયી-૧૨, સ્થાવરચતુષ્ક, બાદરત્રિક, દુર્ભગ, અનાદેય, અયશ, યશ, હુંડક, પ્રત્યેક એમ કુલ ૩૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- એકેન્દ્રિયમાર્ગણામાં નામકર્મની તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, ઔદારિકશરીર, તૈ૦શ૦, કાર્મણશરીર, વર્ણાદિ-૪, સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અગુરુલઘુ, નિર્માણ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, દુર્ભગ, અનાદેય, અયશ-યશ, હુંડક, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ અને ઉદ્યોત એમ કુલ-૩૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

એકેન્દ્રિયમાર્ગણામાં પહેલા-બીજા ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

મિચ્છે અસીઇ પયડી, સડસટ્ઠી અત્થિ સાસણે મોત્તું ।
પણનિદ્દ સુહમતિગમિચ્છ - આયવદુગ પરઘાયઊસાસા ॥૨૬॥

ગાથાર્થ :- મિથ્યાત્વગુણઠાણે ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે તેમાંથી પાંચનિદ્રા, સૂક્ષ્મત્રિક, મિથ્યાત્વ, આતપદ્વિક, પરાઘાત અને ઉચ્છ્વાસ....એ-૧૩ વિના ૬૭ પ્રકૃતિ સાસ્વાદનગુણઠાણે ઉદયમાં હોય છે.

વિવેચન :- એકેન્દ્રિયમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે ઓઘની જેમ ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૪ + વે૦૨ + મોહ૦૨૩ [૨૪માંથી મિથ્યાત્વ વિના] + તિર્યંચાયુ + નામ-૨૬[૧૧] [૩૩માંથી આતપ, ઉદ્યોત, પરાઘાત, ઉચ્છ્વાસ, સૂક્ષ્મત્રિક વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૬૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૧૧) તિર્યંચગતિ + એકે૦ જાતિ૦ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + હુંડક + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી = ૧૧ + પ્ર૦ ૩ [અગુરુ૦, નિર્માણ, ઉપઘાત] + બાદરપંચક + યશ + સ્થાવર + અસ્થિરત્રિક + અનાદેયદ્વિક = ૨૬.

★ કેટલાક આચાર્ય મ. સા.નાં મતે શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય. ત્યાં સુધી પાંચમાંથી એકેય નિદ્રાનો ઉદય હોતો નથી અને એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય. ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. તેથી એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને જ્યારે સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યારે નિદ્રાપંચકનો ઉદય હોતો નથી.

★ એકેન્દ્રિયમાર્ગણામાં ફક્ત પર્યાપ્તા બાદરપૃથ્વીકાય, બા૦અપ્કાય અને પ્રત્યેકવનસ્પતિકાયને જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. કારણકે કોઈક સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો ઉપશમસમ્યક્ત્વથી પડીને, સાસ્વાદને આવ્યા પછી મૃત્યુ પામીને એકેન્દ્રિયમાં ફક્ત બાદરપૃથ્વી, બાદરઅપ્ કે પ્રત્યેકવનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થઈ શકે છે અને ત્યાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા જ સાસ્વાદનગુણઠાણુ ચાલ્યું જાય છે અને આતપ, ઉદ્યોત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસનો ઉદય શરીરાદિ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ થાય છે એટલે એકેન્દ્રિયને જ્યારે સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યારે આતપાદિ-૪નો ઉદય હોતો નથી.

★ પૂર્વભવમાંથી સાસ્વાદનગુણઠાણુ લઈને આવનારા જીવો સૂક્ષ્મએકેન્દ્રિયમાં, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં અને સાધારણ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થતા નથી. તેથી સાસ્વાદનગુણઠાણે સૂક્ષ્મત્રિકનો ઉદય હોતો નથી.

વિકલેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વિકલેન્દ્રિયમાર્ગણામાં ઓઘે ઉદયસ્વામિત્વ :-

વિગલેસુ ઇગિંદિય થાવર દુગ સાહારણાયવુણા તા ।
સસજાઇ ઉરલુવંગ કુખગઇછિવટ્ઠ તસ દુસર જુઆ ॥૨૭॥

ગાથાર્થ :- એકેન્દ્રિયને ઓઘે ઉદયમાં ૮૦ પ્રકૃતિ હોય છે. તેમાંથી એકેન્દ્રિય, સ્થાવરદ્વિક, સાધારણ અને આતપ..... એ ૫ પ્રકૃતિ બાદ કરીને, પોતપોતાની જાતિ, ઔ૦અં૦, અશુભવિહાયોગતિ, છેવટ્ઠું, ત્રસ, સુસ્વર-દુઃસ્વર એમ કુલ-૭ પ્રકૃતિ યુક્ત કરતાં ૮૨

પ્રકૃતિનો ઉદય વિકલેન્દ્રિયમાર્ગણામાં હોય છે.

વિવેચન :- બેઇન્દ્રિયમાર્ગણામાં ઉદયયોગ્ય **૧૨૨** પ્રકૃતિમાંથી **પુ૦વેદ, સ્ત્રીવેદ, મિશ્રમો૦, સ૦મો૦, નરકત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક, એકે૦ જાતિ, તેઇન્દ્રિયાદિ-૩ જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, પહેલા પાંચ સંઘયણ, પહેલા પાંચ સંસ્થાન, શુભવિહાયોગતિ, આતપ, જિનનામ, સુભગ, આદેય, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ** [નામકર્મની-૩૨] અને **ઉચ્ચગોત્ર** એમ કુલ **"૪૦"** વિના ૮૨ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

બેઇન્દ્રિય માર્ગણામાં **ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ-૩૫**[૧૨] [નરકગત્યાદિ-૩૨ વિના] + **નીચગોત્ર + અંત૦૫** = ૮૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ પુ૦વેદ, સ્ત્રીવેદ, પહેલા પાંચ સંઘયણ, પહેલા પાંચસંસ્થાન, શુભવિહાયોગતિ, સુભગ અને આદેયનો ઉદય લબ્ધિ-પર્યાપ્તાપંચેન્દ્રિયને જ હોય છે. વિકલેન્દ્રિયને ન હોય.

★ બાકીની પ્રકૃતિ ઉદયમાં ન હોવાના કારણો પૂર્વે કહ્યાં મુજબ સમજી લેવા....

વિકલેન્દ્રિયમાર્ગણામાં પહેલા-બીજા ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

मिच्छे बासीई गुणसयरी साणे विणाऽ त्थि पणनिद्दा ।
मिच्छकुखगइपरघू-सासुज्जोअ सरदुग अपज्जविणा ॥२८॥

ગાથાર્થ :- **મિથ્યાત્વગુણઠાણે ૮૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે તેમાંથી નિદ્રાપંચક, મિથ્યાત્વ, અશુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ,**

---

(૧૨) તિર્યંચગતિ + બેઇન્દ્રિયજાતિ + શ૦૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦ અં૦ + છેવટ્ટું + હુંડક + વર્ણાદિ-૪ +અશુભવિહા૦ + તિર્યંચાનુપૂર્વી = **૧૪** + પ્ર૦ ૬ [અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્ર૦ ૮ [ત્રસષટ્ક, સુસ્વર, યશ] + સ્થા૦ ૭ [અપર્યાપ્ત, અસ્થિરષટ્ક] = **૩૫**

ઉદ્યોત, સુસ્વર-દુઃસ્વર અને અપર્યાપ્તનામકર્મ વિના ૬૯ પ્રકૃતિ સાસ્વાદનગુણઠાણે ઉદયમાં હોય છે.

વિવેચન :- મિથ્યાત્વગુણઠાણે વિકલેન્દ્રિયમાર્ગણામાં ઓઘની જેમ ૮૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૪ + વે૦૨ + મોહ૦૨૩ [**૨૪માંથી** મિથ્યાત્વ વિના] + તિર્યંચાયુ + નામ- ૨૮[૧૩] [**૩૫**માંથી પરાઘાત, ઉદ્યોત, ઉચ્છ્વાસ, અશુભવિહા૦, સુસ્વર-દુઃસ્વર, અપર્યાપ્ત વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૬૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ લબ્ધિ-પર્યાપ્તા વિકલેન્દ્રિય પૂર્વભવમાંથી સાસ્વાદનગુણઠાણુ લઈને આવતા હોવાથી, શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. તે વખતે પરાઘાત, ઉદ્યોત, ઉચ્છ્વાસ, અશુભવિહા૦, સુસ્વર અને દુઃસ્વરનો ઉદય હોતો નથી. કારણકે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ પરાઘાત, ઉદ્યોત, અને અશુભવિહા૦નો ઉદય થાય છે. શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ ઉચ્છ્વાસનો ઉદય થાય છે અને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં સુસ્વર કે દુઃસ્વરનો ઉદય થાય છે. તેથી વિકલેન્દ્રિયને જ્યાં સુધી સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યાં સુધી પરાઘાતાદિ-૬ પ્રકૃતિનો ઉદય હોતો નથી.

★ પૂર્વભવમાંથી સાસ્વાદનગુણઠાણુ લઈને આવનારા જીવો લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. તેથી સાસ્વાદન ગુણઠાણે અપર્યાપ્તનામકર્મનો ઉદય હોતો નથી.

બેઇન્દ્રિયમાર્ગણાની જેમ તેઇન્દ્રિયમાર્ગણાનું અને ચઉરિન્દ્રિય

---

(૧૩) તિર્યંચગતિ + બેઇ૦જાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦+ છેવટ્ટું + હુંડક + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી = ૧૩ + પ૦૩ [અગુરુ૦, નિર્માણ, ઉપઘાત] + ત્રસષટ્ક + યશ + અસ્થિરત્રિક + અનાદેયદ્વિક=૨૮

માર્ગણાનું ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ બેઇન્દ્રિયજાતિને સ્થાને ક્રમશઃ તેઇન્દ્રિયજાતિ અને ચઉરિન્દ્રિયજાતિનો ઉદય કહેવો.

(૯) પંચેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

પંચેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

अत्थि चउजाइआयव-साहारणथावरदुगूणा।
चउदसयं पंचक्खे पण विण मिच्छे णवजुअसयं ॥२९॥
सासाणे छसयं विण, मिच्छापज्जणिरयाणुपुव्वीहिं ।
ओघव्व जाणियव्वा, मिस्साईसु गुणठाणेसुं ॥३०॥

ગાથાર્થ :- **પંચેન્દ્રિયમાર્ગણામાં ઓઘે જાતિચતુષ્ક, આતપ, સાધારણ, સ્થાવરદ્વિક વિના ૧૧૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે પાંચ વિના [સ૦મો૦, મિશ્રમો૦, આહા૦૨, જિન૦ વિના] ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વ, અપર્યાપ્ત અને નરકાનુપૂર્વી વિના ૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રાદિગુણઠાણામાં ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.**

વિવેચન :- પંચેન્દ્રિયમાર્ગણામાં **જાતિચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ** અને **આતપ....** એ-૮ વિના **ઓઘે** ૧૧૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પંચેન્દ્રિય માર્ગણામાં જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૪ + ના૦૫૯[૧૪] + ગો૦૨ + અં૦૫ = **૧૧૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ એકે૦જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપનો ઉદય એકેન્દ્રિયને તથા બેઇન્દ્રિયાદિ-૩ જાતિનો ઉદય ક્રમશઃ બેઇન્દ્રિયાદિને જ હોય છે, પંચેન્દ્રિયને ન હોય.

---

(૧૪) ગતિ-૪ + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ + આનુપૂર્વી-૪ = ૩૫ + પ્ર૦૭ [અગુરુલઘુ-૪, નિર્માણ, જિનનામ, ઉદ્યોત] + ત્રસ-૧૦ + અપર્યાપ્ત + અસ્થિરષટ્ક = ૫૯

પંચેન્દ્રિયમાર્ગણામાં ૧ થી ૧૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી મિશ્રમો૦, સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ- **૫૬** [૫૯માંથી આહા૦૨, જિન૦ વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૯** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૧) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯+ વે૦૨+ મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + આયુ૦૪ + નામ-૫૪ [૫૬માંથી નરકાનુપૂર્વી અને અપર્યાપ્ત વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મસ્તવમાં કહ્યાં મુજબ મિશ્રે-૧૦૦, સમ્યક્ત્વે-૧૦૪, દેશવિરતિગુણઠાણે-૮૭, પ્રમત્તે-૮૧, અપ્રમત્તે-૭૬, અપૂર્વકરણે-૭૨, અનિવૃત્તિગુણઠાણે-૬૬, સૂક્ષ્મસંપરાયે-૬૦, ઉપશાંતમોહે-૫૯, ક્ષીણ-મોહે ૫૭ / ૫૫ સયોગીગુણઠાણે - ૪૨ અને અયોગીગુણઠાણે-૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

-: ઇન્દ્રિયમાર્ગણા સમાપ્ત :-

કાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

પૃથ્વીકાયાદિ-૫ માર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

एगिंदियव्व पुहवी-दगहरिएसु परमत्थि पुहवीए।
साहारणं विण वणे, विणायवं दोण्णि वि विण दगे ॥३१॥
साहारायवदुग जस-वज्जो एगिंदियोहभंगो उ ।
तेउअणिलकायेसुं, ओहे मिच्छे य णायव्वो ॥३२॥

ગાથાર્થ :- એકેન્દ્રિયની જેમ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ પૃથ્વીકાયમાં સાધારણનામકર્મ વિના ૭૯, વનસ્પતિકાયમાં આતપ વિના ૭૯ અને અપ્કાયમાં તે બન્ને [સાધારણ અને આતપ] વિના ૭૮ પ્રકૃતિ

ઉદયમાં હોય છે. એકેન્દ્રિયમાર્ગણામાં ઓઘે-૮૦ પ્રકૃતિ કહી છે. તેમાંથી સાધારણ, આતપ, ઉદ્યોત અને યશનામને વર્જીને બાકીની ૭૬ પ્રકૃતિ તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે ઉદયમાં હોય છે.

વિવેચન :- **પૃથ્વીકાય**માર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી એકેન્દ્રિયમાર્ગણાની જેમ ૪૨ + **સાધારણનામકર્મ** = ૪૩ વિના ૭૯ પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વે** ઉદયમાં હોય છે.

પૃથ્વીકાયમાર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વ**ગુણઠાણે જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ-૩૨[૧૫] + નીચગોત્ર + અંત૦૫ = ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ સાધારણ નામકર્મનો ઉદય માત્ર સાધારણવનસ્પતિકાય [અનંતકાય] ને જ હોય છે, પૃથ્વીકાય વગેરેને ન હોય.

સાસ્વાદનગુણઠાણે એકેન્દ્રિયની જેમ ૬૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અપ્કાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ:-

અપ્કાયમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી એકેન્દ્રિયની જેમ ૪૨ + **સાધારણ** + **આતપ** = ૪૪ વિના ૭૮ પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** ઉદયમાં હોય છે

અપ્કાયમાર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ-૩૧ + નીચગોત્ર + અંત૦૫ = ૭૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ આતપનો ઉદય સૂર્યના વિમાનની નીચે રહેલા બાદર પર્યાપ્તા પૃથ્વીકાયને જ હોય છે, અપ્કાયાદિને ન હોય.

---

(૧૫) તિર્યંચગતિ + એકે૦જાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦]+હુંડક + વર્ણાદિ-૪ + તિર્યંચાનુપૂર્વી = ૧૧ + પ્ર૦૭ [અગુરુ૦૪, નિર્માણ, આતપ, ઉદ્યોત] + ત્રસ-૬ [બાદરપંચક, યશ] + સ્થા૦૮ [સ્થાવરત્રિક, અસ્થિરત્રિક, અનાદેયદ્વિક] = ૩૨

સાસ્વાદનગુણઠાણે એકેન્દ્રિયની જેમ ૬૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વનસ્પતિકાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વનસ્પતિકાયમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી એકેન્દ્રિયમાર્ગણાની જેમ ૪૨ + **આતપ** =૪૩ વિના ૭૯ પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વે** ઉદયમાં હોય છે.

વનસ્પતિકાય માર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ- ૩૨ + નીચગોત્ર + અંત૦૫ = ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સાસ્વાદનગુણઠાણે એકેન્દ્રિયની જેમ ૬૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

તેઉકાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

તેઉકાયમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી એકેન્દ્રિય-માર્ગણાની જેમ ૪૨ + **સાધારણ** + **આતપ** + **ઉદ્યોત** + **યશ** =૪૬ વિના ૭૬ પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વે** ઉદયમાં હોય છે.

તેઉકાયમાર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ- ૨૯ + નીચગોત્ર + અંત૦ ૫ = ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **ઉદ્યોત** અને **યશ**નો ઉદય એકેન્દ્રિયના ૨૨ ભેદમાંથી (૧) પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, (૨) પર્યાપ્તા બાદર અપ્કાય, (૩) પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય અને (૪) પર્યાપ્તા બાદર સાધારણવનસ્પતિકાય..... એ ૪ ભેદમાં જ હોય છે. બાકીના ૧૮[૧૬] ભેદમાં ન હોય.

---

(૧૬)(૧) પર્યાપ્તા સૂક્ષ્મપૃથ્વીકાય, (૨) પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય, (૩) પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય, (૪) પર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય, (૫) પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય, (૬) પર્યાપ્તા બાદર વાઉકાય, (૭) પર્યાપ્તા બાદર તેઉકાય અને લબ્ધિ-અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વ્યાદિ -૧૧ જીવભેદમાં ઉદ્યોત અને યશનો ઉદય હોતો નથી.

વાઉકાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

તેઉકાયની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. જો કે પર્યાપ્તા બાદર વાઉકાય જ્યારે લબ્ધિના વશથી વૈક્રિયશરીર બનાવે છે ત્યારે વૈક્રિયશરીરનામકર્મનો ઉદય હોય છે. પણ અહીં ભવધારણીય વૈક્રિયશરીરની વિવક્ષા કરેલી હોવાથી, વૈક્રિયશરીરનો ઉદય કહ્યો નથી.

ત્રસકાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ત્રસકાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

एगिंदिय साहारण-थावरसुहुमायवं विणा-ऽत्थि तसे ।
सत्तरससयं ओहे, मिच्छे पंच विण बारसयं ॥३३॥
सासाणम्मि णवसयं, मिच्छापज्जणिरयाणुपुव्विविणा ।
ओघव्व जाणियव्वा, मिस्साईसु गुणठाणेसुं ॥३४॥

ગાથાર્થ :- **ત્રસકાયમાર્ગણામાં ઓઘે એકેન્દ્રિય, સાધારણ, સ્થાવર, સૂક્ષ્મ અને આતપ વિના ૧૧૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વે પાંચ [સ૦મો૦, મિશ્રમો૦, આહારકદ્વિક, જિનનામ] વિના ૧૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય, અપર્યાપ્ત, નરકાનુપૂર્વી વિના ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રાદિગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.**

વિવેચન :- **ત્રસકાયમાર્ગણામાં** ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી **એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ** અને **આતપ** વિના ૧૧૭ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

ત્રસકાયમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૪+ નામ- ૬૨[એકેન્દ્રિયાદિ - ૫ વિના]+ગો૦૨ + અંત૦૫=૧૧૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ બેઇન્દ્રિયથી માંડીને સંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવો ત્રસ કહેવાય છે. માત્ર એકેન્દ્રિય જ ત્રસ નથી. તેથી ત્રસમાર્ગણામાં એકેન્દ્રિયભવને

યોગ્ય એકે૦જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપનો ઉદય હોતો નથી.

ત્રસકાયમાર્ગણામાં ૧ થી ૧૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી મિશ્રમો૦, સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ- ૫૯ [૬૨માંથી આહારકદ્વિક, જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫= ૧૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + આયુ૦૪ + નામ-૫૭ [૫૯ માંથી અપર્યાપ્ત અને નરકાનુપૂર્વી વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૩ થી૧૪ ગુણઠાણામાં કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

-: કાયમાર્ગણા સમાપ્ત :-

યોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

મનોયોગ અને વચનયોગમાં ઉદયસ્વામિત્વ :-

मणवयणेसुं आयव-थावरजाइ अणुपुव्विचउगूणा।
मिच्छम्मि विणा पणगं, मिच्छूणा सासणे तिसयं ॥३५॥
ओघव्व जाव सगुणं, परमणुपुव्विं विणा सयं सम्मे ।
ववहारवये कुज्जा, ओहे मिच्छे य विगलजुआ॥३६॥

ગાથાર્થ :- મનોયોગ અને વચનયોગમાર્ગણામાં ઓઘે આતપ, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક અને આનુપૂર્વીચતુષ્ક વિના ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે પાંચ [સ૦મો૦, મિશ્રમો૦, આહારકદ્વિક, જિન૦] વિના ૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય વિના ૧૦૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને ૩ થી ૧૩ ગુણઠાણા સુધી ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, સમ્યક્ત્વગુણઠાણે આનુપૂર્વીચતુષ્ક

વિના ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. અને વ્યવહારવચનયોગમાં (અસત્ય-અમૃષા વચનયોગમાં) ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે વિકલેન્દ્રિયત્રિક યુક્ત કરવી.

વિવેચન :- મનોયોગમાર્ગણામાં ઓઘે **આતપ, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક** અને **આનુપૂર્વીચતુષ્ક.....** એ ૧૩ વિના ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મનોયોગમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૪ + નામ-[૧૩]૫૪[આતપાદિ-૧૩ વિના]+ ગો૦૨ + અંત૦૫= ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ મનોયોગ માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને જ હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સર્વે લબ્ધિ-અપર્યાપ્તાને મન હોતું નથી. તેથી મનોયોગમાર્ગણામાં એકેન્દ્રિયભવને યોગ્ય એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, વિકલેન્દ્રિયભવને યોગ્ય ક્રમશઃ બેઇન્દ્રિયાદિ-૩ જાતિ અને અપર્યાપ્તનામકર્મનો ઉદય હોતો નથી.

વિગ્રહગતિમાં મનોયોગ હોતો નથી. એટલે મનોયોગમાર્ગણામાં આનુપૂર્વીનો ઉદય ન હોય.

મનોયોગમાર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી મિશ્ર, સ૦મો૦વિના] + આયુ૦૪ + નામ-૫૧ [૫૪માંથી આહારકદ્વિક, જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ =૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૧૩)ગતિ-૪ + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૩૧ + પ્ર૦૭ [અગુરૂલઘુચતુષ્ક, નિર્માણ, ઉદ્યોત, જિનનામ] + ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૪.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + આયુ૦૪+ નામ-૫૧ + ગો૦૨ + અંત૦૫ = **૧૦૩** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [અનંતાનુબંધી ૪ બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી]+ આયુ૦ ૪+નામ-૫૧+ગો૦૨ + અંત૦૫ = **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦ ૨૨ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૪ + નામ-૫૧ + ગોત્ર-૨ + અંત૦૫ = **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૫ થી ૧૩ ગુણઠાણામાં કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું.

મનોયોગ-૪ પ્રકારે છે. (૧) સત્યમનોયોગ (૨) અસત્યમનોયોગ (૩) મિશ્ર = સત્યાસત્યમનોયોગ (૪) વ્યવહાર = અસત્ય-અમૃષામનોયોગ. તેમાંથી **સત્યમનોયોગ** અને **વ્યવહારમનોયોગ** માર્ગણામાં સામાન્યથી મનોયોગમાર્ગણાની જેમ **૧થી ૧૩** ગુણઠાણા સુધી ઉદયસ્વામિત્વ જાણવું અને **અસત્યમનોયોગ** તથા **મિશ્રમનોયોગ** માર્ગણામાં ઓઘે **૧૦૯** પ્રકૃતિમાંથી જિનનામ વિના **૧૦૮** પ્રકૃતિ ઉદયમાં હોય છે અને **૧થી ૧૨** ગુણઠાણે સામાન્યથી મનોયોગમાર્ગણાની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

વચનયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વચનયોગમાર્ગણામાં ઓઘે **આતપ, સ્થાવરચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, આનુપૂર્વીચતુષ્ક.....** એ **૧૦** વિના **૧૧૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વચનયોગમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૪ + નામ-૫૭[૧૮] [આતપાદિ-૧૦ વિના] +

---

(૧૮) ગતિ-૪ + બેઇન્દ્રિયાદિ-૪ જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૩૪ + પ્ર૦૭ [અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત, જિનનામ] + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૭.

ગોત્ર-૨ + અંત૦૫ =૧૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ લબ્ધિ-પર્યાપ્તા બેઇન્દ્રિયાદિજીવોને જ વચનયોગ હોય છે. એકેન્દ્રિય અને સર્વે લબ્ધિ-અપર્યાપ્તાને વચનયોગ હોતો નથી. તેથી વચનયોગમાર્ગણામાં **આતપ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, એકે૦જાતિ** અને **અપર્યાપ્ત** નામકર્મનો ઉદય હોતો નથી.

★ ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી વચનયોગની પ્રાપ્તિ થાય છે. તેથી વિગ્રહગતિમાં વચનયોગ હોતો નથી. એટલે વચનયોગમાર્ગણામાં **આનુપૂર્વી**નો ઉદય ન હોય.

વચનયોગમાર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી સ૦મો૦,મિશ્રમો૦ વિના] + આયુ૦૪ + નામ-૫૪ [૫૭માંથી આહારકદ્વિક, જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ =૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમો૦ વિના] + આયુ૦૪+ નામ-૫૧ [બેઇન્દ્રિયાદિ-૩ જાતિ વિના] + ગો૦૨ + અંત૦૫ =૧૦૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મનોયોગની જેમ મિશ્રે - ૧૦૦ અને સમ્યક્ત્વે - ૧૦૦ **પ્રકૃતિ** ઉદયમાં હોય છે. ૫ થી ૧૩ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું.

★ વચનયોગ-૪ પ્રકારે છે. (૧) સત્યવચનયોગ (૨) અસત્યવચનયોગ (૩) મિશ્ર = સત્યાસત્યવચનયોગ અને (૪) વ્યવહાર = અસત્ય-અમૃષા વચનયોગ..... તેમાંથી સત્યવચનયોગમાં ૧થી ૧૩ ગુણઠાણા સુધી મનોયોગમાર્ગણાની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

★ અસત્યવચનયોગ અને મિશ્રવચનયોગમાં મનોયોગમાર્ગણાની જેમ ૧૦૯માંથી જિનનામ વિના ૧૦૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે. અને ૧થી ૧૨ ગુણઠાણે મનોયોગમાર્ગણાની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

★ વ્યવહાર = અસત્ય-અમૃષાવચનયોગ લબ્ધિ-પર્યાપ્તા વિકલેન્દ્રિયને પણ હોય છે અને તેને પહેલું અને બીજું એ બે જ ગુણઠ્ઠાણા હોય છે. તેમાંથી મિથ્યાત્વગુણઠાણે જ વિકલેન્દ્રિયને વચનયોગ હોય છે, સાસ્વાદનગુણઠાણે વચનયોગ હોતો નથી. એટલે વચનયોગ-માર્ગણામાં મિથ્યાત્વે જ બેઇન્દ્રિયાદિ-૩ જાતિનો ઉદય હોય છે. સાસ્વાદને બેઇન્દ્રિયાદિ-૩ જાતિનો ઉદય હોતો નથી.

★ વિકલેન્દ્રિયને સાસ્વાદનગુણઠાણુ શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ હોય છે. તે વખતે વચનયોગ હોતો નથી. કારણ કે તે જીવોને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં જ વચનયોગની પ્રાપ્તિ થાય છે એટલે વિકલેન્દ્રિયને જ્યારે સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યારે વચનયોગ હોતો નથી. તેથી વચનયોગમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે બેઇન્દ્રિયાદિ-૩ જાતિનો ઉદય હોતો નથી.

★ વિકલેન્દ્રિયને મિથ્યાત્વે જ વચનયોગ હોય છે. તેથી વ્યવહાર-વચનયોગમાર્ગણામાં મનોયોગમાર્ગણાની જેમ **૧૦૯ + વિકલેન્દ્રિયત્રિક = ૧૧૨** અને મિથ્યાત્વે **૧૦૪ + વિકલેન્દ્રિયત્રિક = ૧૦૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે. અને ૨થી ૧૩ ગુણઠાણા સુધી મનોયોગમાર્ગણાની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

કાયયોગાદિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સામાન્યથી કાયયોગાદિમાં ઉદયસ્વામિત્વ :-

ओघव्व कायजोगे, पढमा तेरस गुणा अ णाणदुगे ।
अज्जा दो तिण्णि व णव, तिणाण ओहीसु अजयाई ॥३७॥

सत्त खलु पमत्ताई, चउत्थणाणम्मि केवलदुगम्मि ।
दो चरमगुणा समइअ-छेएसुं चउपमत्ताई ॥३८॥
सट्ठाण खलु देसे, सुहमे सासाणमीसमिच्छेसुं।
चतारि अहक्खाये, चरमाऽज्जा य चउरो अजए ॥३९॥
बार अचक्खुदरिसणे, पढमा भवियम्मि सव्वगुणठाणा ।
पढममभविये चउरो, अजयाई वेअगे णेया ॥ ४० ॥

ગાથાર્થ :- ઓઘે કાયયોગમાર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણે, અજ્ઞાનદ્વિકમાં પહેલા બે અથવા ત્રણ ગુણઠાણે, મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શનમાં અવિરતસમ્યગ્દૃષ્ટિથી ક્ષીણમોહ સુધીના કુલ નવ ગુણઠાણે, ચોથા મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તથી ક્ષીણમોહ સુધીના કુલ સાત ગુણઠાણે, કેવલદ્વિક માર્ગણામાં છેલ્લા બે ગુણઠાણે, સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપનીયચારિત્રમાં પ્રમત્તથી અનિવૃત્તિ-ગુણઠાણા સુધીના કુલ ૪ ગુણઠાણે કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું...

દેશવિરતિ, સૂક્ષ્મસંપરાય, સાસ્વાદન, મિશ્ર અને મિથ્યાત્વ-માર્ગણામાં પોતપોતાના ગુણઠાણે કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

યથાખ્યાતચારિત્રમાર્ગણામાં ૧૧ થી ૧૪ સુધીના છેલ્લા ચાર ગુણઠાણે, અવિરતિમાર્ગણામાં ૧થી૪ ગુણઠાણે, અચક્ષુદર્શનમાર્ગણામાં પહેલા બાર ગુણઠાણે, ભવ્યમાર્ગણામાં ૧થી૧૪ ગુણઠાણે અભવ્યમાર્ગણામાં પહેલા ગુણઠાણે અને ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં અવિરતસમ્યગ્દૃષ્ટિથી અપ્રમત્ત સુધીના કુલ-૪ ગુણઠાણે કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું...

વિવેચન :- સામાન્યથી કાયયોગમાર્ગણામાં કર્મસ્તવની જેમ ઓઘે-૧૨૨, મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને-૧૧૧, મિશ્રે-૧૦૦, સમ્યકત્વે - ૧૦૪..... એ પ્રમાણે ૧૩મા ગુણઠાણા સુધી ઉદયસ્વામિત્વ જાણવું.

મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાનમાં ઉદયસ્વામિત્વ :-

મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાનમાર્ગણામાં ૧૨૨ પ્રકૃતિમાંથી **સ૦ મો૦, આહારકદ્વિક** અને **જિનનામ** વિના **ઓઘે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + **મોહ૦૨૭** [૨૮ માંથી સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ-૬૪ [આહારકદ્વિક અને જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૧૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ મતિ-અજ્ઞાનાદિ માર્ગણામાં બે કે ત્રણ ગુણઠાણા જ હોય છે. એટલે ચોથું ગુણઠાણુ ન હોવાથી સ૦મો૦નો ઉદય હોતો નથી, છઠ્ઠું ગુણઠાણુ ન હોવાથી, આહારકદ્વિક અને તેરમું ગુણઠાણુ ન હોવાથી જિનનામનો ઉદય હોતો નથી.

મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન માર્ગણામાં કર્મસ્તવની જેમ મિથ્યાત્વે ૧૧૭, સાસ્વાદને ૧૧૧, મિશ્રે ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ બે ગુણઠાણાની અપેક્ષાએ ૧૧૮માંથી મિશ્રમો૦ વિના ઓઘે ૧૧૭, મિથ્યાત્વે ૧૧૭ અને સાસ્વાદને ૧૧૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શનમાં ઉદયસ્વામિત્વ:-

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શનમાર્ગણામાં ૧૨૨ પ્રકૃતિમાંથી **મિથ્યાત્વ, મિશ્રમો૦, અનંતાનુબંધી-૪, જાતિચતુષ્ક, આતપ, જિનનામ** અને **સ્થાવરચતુષ્ક** એમ કુલ ૧૬ વિના ૧૦૬ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ +દર્શ૦૯+વે૦૨ +મોહ૦૨૨ [૨૮માંથી મિથ્યાત્વ, મિશ્ર, અનં૦૪ વિના]+આયુ૦૪ +

નામ-[૧૯]૫૭ [જાતિચતુષ્કાદિ-૧૦ વિના] + ગો૦૨ + અંત૦૫ =૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ મિથ્યાત્વનો ઉદય પહેલાં ગુણઠાણા સુધી, અનંતા૦૪નો ઉદય બીજા ગુણઠાણા સુધી અને મિશ્રનો ઉદય ત્રીજે ગુણઠાણે જ હોય છે અને મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શનની પ્રાપ્તિ ચોથા ગુણઠાણે થાય છે. તેથી મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં મિથ્યાત્વમોહનીયાદિ ૬ પ્રકૃતિનો ઉદય ન હોય.

★ મત્યાદિ-ત્રણ જ્ઞાન અને અવધિદર્શન લબ્ધિ-પર્યાપ્તા સમ્યગ્દૃષ્ટિ સંજ્ઞીપંચેન્દ્રિયને જ હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્તાને ન હોય. એટલે મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક અને આતપનો ઉદય હોતો નથી.

★ મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન **૧૨મા** ગુણઠાણા સુધી જ હોય છે અને જિનનામનો ઉદય **૧૩મા** ગુણઠાણે તીર્થંકરકેવળીને જ હોય છે. એટલે મતિજ્ઞાનાદિ-૭ માર્ગણામાં જિનનામનો ઉદય હોતો નથી.

મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા હોય છે. ત્યાં કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૪ થી ૧૨ ગુણઠાણા સુધી ઉદયસ્વામિત્વ જાણવું.

★ દેવ-નારકીમાંથી તીર્થંકરનો જીવ મત્યાદિ-૩ જ્ઞાન સહિત મનુષ્યમાં જન્મે છે. અને દેવ-નારકીમાં જતી વખતે વિગ્રહગતિમાં પણ અવધિજ્ઞાન હોય છે એટલે **અવધિજ્ઞાનમાર્ગણામાં મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીનો ઉદય હોય છે.**

---

(૧૯)ગતિ-૪ + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૪ + વિહા૦૨ = ૩૫ + પ્ર૦૬ [અગુરૂલઘુ.૪, નિર્માણ, ઉદ્યોત,] + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૭.

★ **કર્મગ્રંથના મતે** કોઈ પણ જીવ સમ્યક્ત્વ લઈને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા (અયુગલિક) તિર્યંચમાં ઉત્પન્ન થઈ શકતો નથી અને કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી અથવા ક્ષાયિકસમ્યક્ત્વી મનુષ્ય યુગલિક તિર્યંચમાં ઉત્પન્ન થઈ શકે છે. પણ **યુગલિકને અવધિજ્ઞાન કે અવધિદર્શન હોતું નથી.** તેથી **અવધિજ્ઞાન અને અવધિદર્શન માર્ગણામાં તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવતો નથી.**

★ **સિદ્ધાંતના મતે** ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને જીવ અવધિજ્ઞાન સહિત સંખ્યાતવર્ષના આયુષ્યવાળા તિર્યંચમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી **અવધિજ્ઞાન અને અવધિદર્શન માર્ગણામાં તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવે છે.**

મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં ૬થી ૧૨ સુધીના કુલ **સાત** ગુણઠાણા હોય છે. ત્યાં **ઓઘે** કર્મસ્તવમાં પ્રમત્તગુણઠાણે કહ્યાં મુજબ ૮૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તે માર્ગણામાં ૬ થી ૧૨ ગુણઠાણા સુધી ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

કેવળજ્ઞાનદ્વિક માર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

કેવળજ્ઞાન અને **કેવળદર્શન**માર્ગણામાં **તેરમું** અને **ચૌદમું** ગુણસ્થાનક હોય છે. ત્યાં સયોગીગુણઠાણે-૪૨ અને અયોગીગુણઠાણે ૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સામાયિક અને છેદોપસ્થાપનીયચારિત્રમાં ઉદયસ્વામિત્વ :-

સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપનીયચારિત્રમાર્ગણામાં ૬થી૯ સુધીના કુલ - ૪ ગુણસ્થાનક હોય છે. ત્યાં **ઓઘે** કર્મસ્તવમાં પ્રમત્ત ગુણઠાણે કહ્યાં મુજબ ૮૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે. પ્રમત્તે-૮૧, અપ્રમત્તે-૭૬, અપૂર્વકરણે-૭૨, અને અનિવૃત્તિગુણઠાણે-૬૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

દેશવિરતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

દેશવિરતિમાર્ગણામાં એક જ દેશવિરતિ ગુણઠાણુ હોય છે. ત્યાં કર્મસ્તવમાં દેશવિરતિ ગુણઠાણે કહ્યાં મુજબ ૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં એક જ **૧૦**મું ગુણઠાણુ હોય છે. ત્યાં કર્મસ્તવમાં **૧૦**મા ગુણઠાણે કહ્યાં મુજબ **૬૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં એક જ બીજુ ગુણઠાણુ હોય છે. ત્યાં કર્મસ્તવમાં બીજાગુણઠાણે કહ્યાં મુજબ **૧૧૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં એક જ ત્રીજુ ગુણઠાણુ હોય છે. ત્યાં કર્મસ્તવમાં મિશ્રગુણઠાણે કહ્યાં મુજબ **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મિથ્યાત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

મિથ્યાત્વમાર્ગણામાં એક જ પહેલું ગુણઠાણુ હોય છે. ત્યાં કર્મસ્તવમાં મિથ્યાત્વગુણઠાણે કહ્યાં મુજબ **૧૧૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

યથાખ્યાતચારિત્રમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

યથાખ્યાતચારિત્રમાર્ગણામાં **૧૧**થી **૧૪** સુધીના **છેલ્લા ચાર** ગુણઠાણા હોય છે. ત્યાં કર્મસ્તવમાં ઉપશાંતમોહગુણઠાણે કહ્યાં મુજબ **૫૯+ તીર્થંકરનામકર્મ=૬૦** પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે. ઉપશાંતમોહે-**૫૯** [તીર્થંકરનામકર્મ વિના], ક્ષીણમોહે **૫૭/૫૫,** સયોગીગુણઠાણે-**૪૨** અને અયોગીગુણઠાણે **૧૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અવિરતિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

અવિરતિમાર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫+દ૦૯ + **વે૦૨** +

મોહ૦૨૮ + આ૦૪ + નામ-૬૪ (૬૭માંથી આહારકદ્વિક-જિનનામ વિના) + ગો૦૨ + અંત૦૫ = ૧૧૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મસ્તવમાં કહ્યાં મુજબ મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને -૧૧૧, મિશ્રે-૧૦૦ અને સમ્યક્ત્વે -૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અચક્ષુદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

અચક્ષુદર્શનમાર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આ૦૪ + નામ-૬૬ (૬૭માંથી જિનનામ વિના) + ગો૦૨ + **અંત૦૫** =૧૨૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અચક્ષુદર્શન માર્ગણામાં ૧થી ૧૨ ગુણઠાણા હોય છે. ત્યાં કર્મસ્તવમાં કહ્યાં મુજબ મિથ્યાત્વે-૧૧૭, સાસ્વાદને -૧૧૧, મિશ્રે-૧૦૦..... એ પ્રમાણે ૧૨મા ગુણઠાણા સુધી ઉદયસ્વામિત્વ જાણવું.....

ભવ્યમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

૧થી૧૪ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું...

અભવ્ય માર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

અભવ્યમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી **સ૦મો૦, મિશ્રમો૦, જિનનામ** અને **આહારકદ્વિક** વિના ૧૧૭ પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વે** ઉદયમાં હોય છે.

ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં મિથ્યાત્વ, મિશ્ર, અનંતાનુબંધી-ચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ, જિનનામ અને **સ્થાવરચતુષ્ક**..... એ ૧૬ વિના ૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઓઘે જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મો૦૨૨ + આ૦૪ + ના૦૫૭+ગો૦૨ + અં૦૫ = **૧૦૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મસ્તવમાં કહ્યાં મુજબ સમ્યક્ત્વે-૧૦૪, દેશવિરતિગુણઠાણે-૮૭, પ્રમત્તે-૮૧ અને અપ્રમત્તે-૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **કર્મગ્રંથના મતે** ક્ષયોપશમસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યો નિયમા વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થાય છે. અને ચારે નિકાયના ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ દેવો અને નારકો સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તેથી ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં દેવાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વીનો જ ઉદય હોય છે.

★ **સિદ્ધાંતના મતે લબ્ધિ-પર્યાપ્તા ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ** સંજ્ઞી તિર્યંચમાં, મનુષ્યમાં, ભવનપત્યાદિક ચારે નિકાયના દેવમાં અને ૧ થી ૬ નરકમાં જઈ શકે છે. તેથી **ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ચારે આનુપૂર્વીનો ઉદય સંભવે છે.**

એ પ્રમાણે, કાયયોગાદિ-૨૩ માર્ગણામાં ઉદયસ્વામિત્વ કહ્યું.

(૧) ઔદારિકકાયયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ઔદારિકકાયયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ओरालेविउवट्ठग-आहारणुपुव्विदुग अपज्जूणा ।
णव जुत्तसयं मिच्छे, छसयं सम्माइतिगहीणो ॥ ४१॥
मिच्छ चउजाइ आयव, साहारण थावर दुगूणा ।
साणे सगणवई चउ-णवई, मीसे समीस अणहीणा ॥ ४२॥
मीसं विणा ससम्मा, सम्मे ओघव्व सेस गुणणवगे ।
णवरि पमत्ते आहारदुगाभावाउ णवसयरी ॥ ४३॥

ગાથાર્થ :- **ઔદારિકકાયયોગમાર્ગણામાં ઓઘે વૈક્રિયાષ્ટક, આહારકદ્વિક, આનુપૂર્વીદ્વિક અને અપર્યાપ્તનામકર્મ વિના ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦, મિશ્રમો૦ અને જિનનામ વિના ૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વ, જાતિચતુષ્ક, આતપ, સાધારણ, સ્થાવરદ્વિક વિના ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રે અનંતાનુબંધી ચતુષ્ક કાઢીને, મિશ્રમોહનીય ઉમેરતાં ૯૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વે મિશ્રમો૦ કાઢીને, સ૦મો૦**

ઉમેરવી. બાકીના ૫ થી ૧૩ સુધીના કુલ નવ ગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, પ્રમત્તે આહારકદ્વિક વિના ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- ઔદારિકકાયયોગમાર્ગણામાં **દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી** અને **અપર્યાપ્તનામકર્મ**.....એ ૧૩ વિના **૧૦૯** પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

ઔદારિકકાયયોગમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આ૦૨ + નામ - **૫૬**[૨૦] [દેવગત્યાદિ-**૧૧** વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૯** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ ઔદારિકશરીર દેવ-નારકને હોતું નથી. તેથી ઔદારિક-કાયયોગમાર્ગણામાં દેવત્રિક, નરકત્રિક અને વૈક્રિયદ્વિકનો ઉદય હોતો નથી.

★ [૨૧]ઉદીરણાકરણમાં કહ્યું છે કે, આહારકશરીરવાળા પ્રમત્ત સંયમીને, વૈક્રિયશરીરી દેવ-નારકો અને ઉત્તરવૈક્રિયશરીરી તિર્યંચ-મનુષ્યને ઔદારિકશરીર નામકર્મની ઉદીરણા હોતી નથી અને ઉદીરણા નથી એટલે ઉદય પણ ન હોય. તેથી આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમીને જ્યારે આ૦શ૦ નામકર્મનો ઉદય હોય છે ત્યારે ઔ૦શ૦નામકર્મનો ઉદય હોતો નથી અને જ્યારે ઔ૦શ૦ નામકર્મનો ઉદય હોય છે ત્યારે આહા૦શ૦ નામકર્મનો ઉદય હોતો નથી. એટલે આહારકકાયયોગ-માર્ગણામાં ઔદારિકદ્વિકનો ઉદય હોતો નથી અને ઔદારિકકાયયોગ-માર્ગણામાં આહારકદ્વિકનો ઉદય હોતો નથી.

---

(૨૦) ગતિ૦-૨ [મનુ૦, તિ૦] + જાતિ-૫ + શ૦ ૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦ અં૦ + સંઘ૦ ૬ + સં૦ ૬ + વર્ણાદિ-૪ +વિહા૦ ૨ = ૨૯ + પ્ર૦ ૮ + ત્રસ-૧૦ + સ્થા૦ ૯ [સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અસ્થિરષટ્ક] = **૫૬.**

(૨૧) આહારીઉત્તરનરતિરિ તવ્વેયએ પમોત્તૂણં ।
ઉદ્દીરંતી ઉરલં તે ચેવ તસા ઉવંગં સે ।। ૭ ।। (પંચસંગ્રહ, ઉદીરણાકરણ)

★ તિર્યંચ-મનુષ્યને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી [મતાંતરે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી] ઔદારિકકાયયોગ હોય છે. એટલે વિગ્રહગતિમાં ઔદારિકકાયયોગ હોતો નથી. તેથી ઔદારિકકાયયોગ-માર્ગણામાં મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

★ સર્વે લબ્ધિ-અપર્યાપ્તા જીવો સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલાં જ મૃત્યુ પામતા હોવાથી, તેને ઔદારિકકાયયોગ હોતો નથી. તેથી ઔદારિકકાયયોગ માર્ગણામાં અપર્યાપ્તનામકર્મનો ઉદય હોતો નથી.

ઔદારિકકાયયોગ માર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૨૬ [૨૮માંથી મિશ્રમો૦ અને સ૦મો૦ વિના] + આયુ૦૨ [મનુ૦આયુ, તિર્યંચાયુ] + નામ-૫૫ [૫૬માંથી જિન૦ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + આયુ૦૨ + નામ-૪૭ [૫૫માંથી જાતિચતુષ્ક, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ ઔદારિકકાયયોગ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે અને એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને સાસ્વાદનગુણઠાણુ શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ હોય છે. તેથી જ્યારે એકેન્દ્રિય-વિકલેન્દ્રિયને સાસ્વાદનગુણઠાણુ હોય છે ત્યારે ઔદારિકકાયયોગ હોતો નથી. એટલે ઔદારિકકાયયોગમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે જાતિચતુષ્ક અને સ્થાવરનો ઉદય હોતો નથી.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [૨૫માંથી અનંતા૦૪ કાઢીને, મિશ્રમો૦ ઉમેરવી] + આ૦૨ + નામ-૪૭ + ગો૦૨ + અંત૦૫ = ૯૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [મિશ્રમો૦ કાઢીને, સ૦મો૦ ઉમેરવી] + આ૦૨ + નામ-૪૭ + ગો૦૨ + અંત૦૫ = ૯૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૫) **દેશવિરતિગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૧૮ [૨૨ માંથી અપ્ર૦૪ વિના] + આ૦૨ + નામ - ૪૪ [૪૭ માંથી દુર્ભગત્રિક વિના] + ગો૦૨ + અંત૦૫ = ૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૬) **પ્રમત્તગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૧૪ [૧૮ માંથી પ્રત્યા૦ ૪ વિના] + મનુષ્યાયુ + નામ-૪૨ [૪૪માંથી તિર્યંચગતિ, ઉદ્યોત વિના] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૭ થી ૧૩ ગુણઠાણામાં કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું...

(૨) ઔદારિકમિશ્રયોગમાં ઉદયસ્વામિત્વ :-

ઔદારિકમિશ્રયોગમાં ઓઘે ઉદયસ્વામિત્વ :-

परघूसासा विउवट्ठग-सरायवाहारखगइआणुदुगं ।
मीसं विणिगसयमुरल, मीसे व विण पणनिद्द थीणतिगं ॥ ४४॥

ગાથાર્થ :- ઔદારિકમિશ્રયોગમાં ઓઘે પરાઘાત, ઉચ્છ્વાસ વૈક્રિયાષ્ટક, સ્વરદ્વિક, આતપદ્વિક, આહારકદ્વિક, વિહાયોગતિદ્વિક, આનુપૂર્વીદ્વિક, મિશ્રમોહનીય..... એ ૨૧ વિના ૧૦૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મતાંતરે ૧૦૧માંથી પાંચનિદ્રા વિના ૯૬ અથવા થીણદ્ધિત્રિક વિના ૯૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં **ઓઘે પરાઘાતાદિ ૨૧** વિના જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૭ [૨૮માંથી મિશ્રમોહ૦

વિના]+આયુ૦૨ + નામ - ૪૯[૨૨] [૬૭ માંથી દેવગત્યાદિ-૧૮ વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ શીલંકાદિ[૨૩] આચાર્ય મ૦સા૦નું એવું માનવું છે કે, જ્યાં સુધી શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ હોય છે અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ હોય છે. તેથી ઔદારિકમિશ્રયોગમાં પરાઘાત, ઉચ્છ્વાસ, સ્વરદ્વિક, આતપદ્વિક અને વિહાયોગતિદ્વિકનો ઉદય હોતો નથી. કારણકે પરાઘાતાદિ-૮ પ્રકૃતિનો ઉદય શરીરાદિ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ થાય છે. તે વખતે ઔદારિકકાયયોગ હોય છે, ઔદારિકમિશ્રયોગ હોતો નથી. એટલે ઔદારિકમિશ્રયોગમાં પરાઘાતાદિ-૮ પ્રકૃતિનો ઉદય હોતો નથી.

★ ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે અને મિશ્રમોહનીયનો ઉદય પર્યાપ્તાવસ્થામાં થાય છે. તેથી ઔદારિક-મિશ્રયોગમાં મિશ્રમોહનીયનો ઉદય હોતો નથી..

★ આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. તે વખતે કાર્મણકાયયોગ જ હોય છે, ઔદારિકમિશ્રયોગ હોતો નથી.

બાકીની વૈક્રિયાષ્ટક અને આહારકદ્વિક ઉદયમાં નહીં હોવાનું કારણ ઔદારિકકાયયોગમાં કહ્યાં મુજબ સમજી લેવું...

---

(૨૨) ગતિ-૨[મ૦, તિ૦] + જાતિ-૫ + શરીર-૩ +ઔ૦અં૦ + સંઘ૦૬ + સં૦ ૬ + વર્ણાદિ-૪ = ૨૭ + પ્ર૦૪[અગુરૂ૦, નિર્માણ૦, ઉપઘાત, જિન૦] + ત્રસ-૯ [સુસ્વર વિના] + સ્થા૦૯, [દુઃસ્વર વિના] = ૪૯

(૨૩) औदारिकयोगस्तिर्यग्मनुजयोः शरीरपर्याप्तेरुर्ध्वं, तदारतस्तु मिश्रः ।
[આચારાંગની બીજા અધ્યાયના પહેલા ઉદ્દેશાની ટીકા]
उत्पत्तिदेशे हि पूर्वभवादनन्तरमागतो जीवः प्रथमसमये कार्मणेनैव केवलेनाहारयति, ततः परमौदारिकस्याप्यारब्धत्वादौदारिकेण कार्मणमिश्रेण यावद् शरीरस्यनिष्पत्तिः,
[ત્રીજા કર્મગ્રંથમાં ગાથા નં. ૧૪ની ટીકા]

★ [૨૪]કેટલાક આચાર્ય ભગવંતનું એવું માનવું છે કે, આહારપર્યાપ્તિથી માંડીને ઇન્દ્રિયપર્યાપ્તિની સમાપ્તિ સુધી પાંચે નિદ્રાનો ઉદય જ હોય છે. ત્યારપછી ઉદય-ઉદીરણા બન્ને હોય છે.

★ કેટલાક આચાર્ય મહારાજનું એવું માનવું છે કે, શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિદ્રાપંચકનો ઉદય હોતો નથી. તેથી ઔ૦મિશ્ર યોગમાર્ગણામાં **૧૦૧**માંથી નિદ્રાપંચક બાદ કરતાં ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને કેટલાક આચાર્ય મહારાજનું એવું માનવું છે કે, શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી થીણદ્ધિત્રિકનો ઉદય હોતો નથી. તેથી ઔ૦મિશ્રયોગમાં **૧૦૧**માંથી થીણદ્ધિત્રિક બાદ કરતાં ૯૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કેટલાક[૨૫] આચાર્ય મ.સા. નું એવું માનવું છે કે, જ્યાં સુધી સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ હોય છે અને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ હોય છે એ મતાનુસારે ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં **૧૦૧ + પરાઘાતાદિ - ૮ = ૧૦૯** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં ૧-૨-૪-૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

सम्मजिणा विण मिच्छे, मिच्छापज्जत्तसुहुमसाहारं ।
पणनिद्दा विण साणे, सम्मे सम्मसहियाऽसीइ ।। ४५ ।।

---

(૨૪) यावदाहारशरीरेन्द्रियपर्याप्तयस्तावन्निद्राणामुदयः एतदूर्ध्वं उदीरणासहचरोभवत्युदयः
[પંચસંગ્રહ, દ્વાર-૫, ગાથા નં. ૧૦૦ની સ્વોપજ્ઞ ટીકા]

(૨૫) लद्धीए करणेहि य ओरालियमीसगो अपज्जत्तो
पज्जत्ते ओरालो वेउव्विय मीसगो वा वि ॥ ७ ॥
તિર્યંચ-મનુષ્યને લબ્ધિ અને કરણથી અપર્યાપ્તાવસ્થામાં ઔદારિકમિશ્રયોગ હોય છે અને પર્યાપ્તાવસ્થામાં ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ અને વૈક્રિયમિશ્રયોગ હોય છે. [પંચસંગ્રહનું પહેલું દ્વાર]

चउअणजाइणपुमथी थावर हीणा व दुपण णिद्दजुआ।
परघूसासखगइसर-दुग वज्जोहो सजोगिम्मि ॥४६॥

ગાથાર્થ :- મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વમોહનીય અને જિનનામ વિના ૯૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વ, અપર્યાપ્ત, સૂક્ષ્મ, સાધારણ અને પાંચનિદ્રા વિના ૯૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વગુણઠાણે સ૦મો૦ યુક્ત કરતાં અને અનંતાનુબંધીચતુષ્ક, જાતિચતુષ્ક, નપુંસકવેદ, સ્ત્રીવેદ અને સ્થાવર વિના ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તથા સયોગીગુણઠાણે ઓઘની જેમ ૪૨ પ્રકૃતિમાંથી પરાઘાત, ઉચ્છ્વાસ, વિહાયોગતિદ્વિક અને સ્વરદ્વિક વિના ૩૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૭માંથી સ૦મો૦ વિના] + આયુ૦૨ + નામ - ૪૮ [૪૯માંથી જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ મતાંતરે ૯૯માંથી નિદ્રાપંચક વિના ૯૪ અથવા ૯૯માંથી થીણદ્ધિત્રિક વિના ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમો૦ વિના] + આયુ૦૨ + નામ - ૪૫ [૪૮માંથી સૂક્ષ્મત્રિક વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૪ + વે૦૨ + મોહ૦૨૦ [૨૫માંથી અનંતા૦ ૪, સ્ત્રીવેદ, નપું૦વેદ કાઢીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૨ + નામ - ૪૦ [૪૫માંથી જાતિચતુષ્ક, સ્થાવર વિના] + ગો૦૨ + અંત૦૫ = ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ સમ્યગ્દૃષ્ટિ જીવ તિર્યંચ-મનુષ્યમાં પુરુષવેદે જ ઉત્પન્ન થાય છે, સ્ત્રીવેદે કે નપુંસકવેદે ઉત્પન્ન થતો નથી. જો કે બ્રાહ્મી, સુંદરી, મલ્લીકુમારી વગેરે સમ્યગ્દૃષ્ટિ જીવો મનુષ્યમાં સ્ત્રીવેદે ઉત્પન્ન થયા હતા. પણ એવું ક્વચિત જ બનતું હોય છે. તેથી તેની વિવક્ષા કરવામાં આવી નથી. એટલે ઔદારિકમિશ્રયોગમાં સમ્યક્ત્વગુણઠાણે સ્ત્રીવેદનો ઉદય બતાવવામાં આવ્યો નથી....

★ મતાંતરે સમ્યક્ત્વગુણઠાણે ૮૦ + નિદ્રાદ્વિક = ૮૨ અથવા ૮૦ + નિદ્રાપંચક = ૮૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૧૩) **સયોગીકેવલીગુણઠાણે** કેવલીભગવંત કેવલીસમુદ્‌ઘાત કરે છે ત્યારે **બીજા-છઠ્ઠા-સાતમા** સમયે ઔદારિકમિશ્રયોગ હોય છે. તે વખતે **વેદનીય-૨ + મનુષ્યાયુ + નામ-૩૨[૨૬] + ઉચ્ચગોત્ર= ૩૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) વૈક્રિયકાયયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વૈક્રિયકાયયોગમાર્ગણામાં ઓઘે ઉદયસ્વામિત્વ :-

विउवे णिरयाउगगइ-हुंडणपुमणीअकुसरखगईजुओ ।
देवाणुपुव्विविजुओ, देवोहो पयडिछासीई ॥ ४७॥

ગાથાર્થ :- દેવગતિમાર્ગણામાં ઓઘે ઉદય-યોગ્ય ૮૦ પ્રકૃતિ કહી છે. તેમાંથી દેવાનુપૂર્વી કાઢીને, નરકાયુષ્ય, નરકગતિ, હુંડક, નપુંસકવેદ, નીચગોત્ર, દુઃસ્વર અને અશુભવિહાયોગતિ યુક્ત કરતાં કુલ-૮૬ પ્રકૃતિનો ઉદય વૈક્રિયકાયયોગમાર્ગણામાં હોય છે.

---

(૨૬) મનુષ્યગતિ+ પંચે૦જાતિ + શ૦૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦ + પહેલું સંઘ૦ + સંસ્થાન - ૬ + વર્ણાદિ - ૪ = ૧૭ + પ્ર૦ ૪ [અગુરૂલઘુ, ઉપઘાત, નિર્માણ, જિન૦] + ત્રસસપ્તક + આદેયદ્વિક + અસ્થિર + અશુભ = ૩૨

વિવેચન :- વૈક્રિયકાયયોગમાર્ગણામાં **થીણદ્ધિત્રિક, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, જાતિચતુષ્ક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, છ સંઘયણ, મધ્યસંસ્થાનચતુષ્ક, દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી, આતપ, ઉદ્યોત, જિનનામ અને સ્થાવરચતુષ્ક,....** એ ૩૬ વિના ૮૬ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

વૈક્રિયકાયયોગમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દર્શ૦૬ [થીણદ્ધિત્રિક વિના] + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૨ [મનુ૦ આ૦, તિ૦ આ૦ વિના] + નામ-૩૬[૨૭] [તિર્યંચદ્વિકાદિ-૩૧ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૮૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ વૈક્રિયકાયયોગ દેવ-નારકને જ હોય છે, અન્યને ન હોય. જો કે તિર્યંચ-મનુષ્ય લબ્ધિના વશથી જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે ત્યારે વૈક્રિયકાયયોગ હોય છે. પરંતુ અહીં ભવધારણીય વૈક્રિયશરીરની વિવક્ષા કરેલી હોવાથી, દેવ-નારકને ઉદય યોગ્ય જ પ્રકૃતિ લેવામાં આવી છે. તિર્યંચ-મનુષ્યને ઉદય-યોગ્ય પ્રકૃતિ લેવામાં આવી નથી.

★ દેવ-નારકને વિગ્રહગતિમાં વૈક્રિયમિશ્રયોગ કે વૈક્રિયકાયયોગ હોતો નથી. તેથી તે બન્ને માર્ગણામાં દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીનો ઉદય સંભવતો નથી.

★ દેવોને સમચતુરસ્ર અને નારકને હુંડકસંસ્થાન જ હોય છે. તેથી વૈક્રિયકાયયોગ અને વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં મધ્યમસંસ્થાનચતુષ્કનો ઉદય હોતો નથી.

★ બાકીની તિર્યંચગત્યાદિ-૩૨ પ્રકૃતિ ઉદયમાં નહીં હોવાનું કારણ દેવગતિમાર્ગણામાં કહ્યાં મુજબ સમજી લેવું.

---

(૨૭) ગતિ-૨ [નરક, દેવ૦] + પંચે૦જાતિ + શ૦૩ [વૈ૦, તૈ૦, કા૦] + વૈ૦ અં૦ + સંસ્થાન-૨ [હુંડક, સમચતુરસ્ર] + વર્ણાદિ-૪ + વિહા૦૨ = **૧૫**+ પ્ર૦૫ [અગુરૂ૦૪, નિર્માણ] + ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = **૩૬**

मीसदुगूणा मिच्छे, चुलसीई सासणम्मि मिच्छूणा ।
मीसे सम्मेऽसीई, अणं विण कमेण मीससम्मजुआ ।।४८।।

ગાથાર્થ :- મિથ્યાત્વગુણઠાણે મિશ્રમો૦ અને સ૦મો૦ વિના ૮૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય વિના ૮૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રગુણઠાણે અનંતાનુબંધીચતુષ્ક કાઢીને, મિશ્રમો૦ ઉમેરતાં ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમો૦ કાઢીને, સ૦મો૦ ઉમેરતાં ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- (૧) મિથ્યાત્વગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૨૬ [૨૮માંથી સ૦મો૦ અને મિશ્રમો૦ વિના] + આયુ૦૨ [મ૦આ૦, તિ૦આ૦ વિના] + નામ-૩૬ [ઓઘની જેમ] + ગો૦૨ + અંત૦૫ =૮૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) સાસ્વાદનગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૨૫ [૨૬માંથી મિથ્યાત્વમો૦ વિના] + આયુ૦૨ + નામ-૩૬ [ઓઘની જેમ] + ગો૦૨ + અંત૦૫ = ૮૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) મિશ્રગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૨૨ [૨૫માંથી અનંતાનુંબંધી ચતુષ્ક કાઢીને, મિશ્રમો૦ ઉમેરવી] + આયુ૦૨ + નામ-૩૬ + ગો૦૨+ અંત૦૫=૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) સમ્યક્ત્વગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [મિશ્રમો૦ કાઢીને, સ૦મો૦ ઉમેરવી] + આ૦૨ + નામ-૩૬ + ગો૦૨ + અંત૦૫ = ૮૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

तम्मिस्से अदुनिद्दा, परघूसाससरखगइदुगमीसा ।
विउवोहो सगसयरी मिच्छे, सम्मं विणा छसयरीओ ॥ ४९॥
सासायणम्मि सयरी, णिरयाउगआइपणग मिच्छूणा ।
सम्मे थी अणवज्जा, णिरयाउगआइपणग सम्मजुआ ॥ ५०॥

ગાથાર્થ :- વૈક્રિયકાયયોગમાર્ગણામાં ઓઘે ઉદયયોગ્ય-૮૬ પ્રકૃતિ કહી છે. તેમાંથી નિદ્રાદ્વિક, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્વરદ્વિક, વિહાયોગતિદ્વિક અને મિશ્રમોહનીય.....એ ૯ વિના ૭૭ પ્રકૃતિ વૈક્રિય-મિશ્રયોગમાર્ગણામાં ઓઘે ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦ વિના ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે નરકાયુષ્યાદિ-૫ અને મિથ્યાત્વ વિના ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે સમ્યક્ત્વગુણઠાણે સ્ત્રીવેદ અને અનંતાનુબંધીચતુષ્ક વર્જીને, નરકાયુષ્યાદિ-૫ અને સ૦મો૦ યુક્ત કરતાં ૭૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં નિદ્રા-૫, મિશ્રમોહનીય, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, જાતિચતુષ્ક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, છ સંઘયણ, મધ્યમસંસ્થાનચતુષ્ક, દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી, વિહા૦૨, આતપ, ઉદ્યોત, પરાઘાત, ઉચ્છ્વાસ, જિનનામ, સ્થાવરચતુષ્ક, અને સુસ્વર-દુઃસ્વર..... એ-૪૫ વિના ૭૭ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

વૈ૦મિશ્રયોગમાર્ગણામાં **ઓઘે જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૭ [મિશ્રમો૦ વિના] + આયુ૦૨** [મ૦આ૦-તિ૦આ૦ વિના] **+ નામ-૩૦**[૨૮] [તિર્યંચગત્યાદિ -૩૭ વિના] **+ ગો૦૨ + અંત૦૫**

---

(૨૮)ગતિ-૨[દેવગતિ-નરકગતિ]+ પંચે૦જાતિ + શ૦૩ [વૈ૦, તૈ૦, કા૦]+ વૈ૦અં૦+ સંસ્થાન-૨ [સમચતુરસ્ર, હુંડક]+ વર્ણાદિ-૪ = ૧૩ + પ્ર૦૩ [અગુરૂ૦, નિર્માણ, ઉપઘાત] + ત્રસ-૯ [સુસ્વર વિના] + અસ્થિરત્રિક + અનાદેયદ્વિક = ૩૦

= ૭૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કેટલાક આચાર્ય મ.સા.નું એવું માનવું છે કે, દેવ-નારકને સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિયમિશ્રયોગ હોય છે. એ મતાનુસારે વૈ૦મિશ્રયોગમાં ૭૭ + નિદ્રાદ્વિક + પરાઘાત + ઉચ્છ્વાસ + સ્વરદ્વિક + વિહા૦૨=૮૫ પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં ૧-૨-૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

મિથ્યાત્વગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૬ [૨૭માંથી સ૦મો૦ વિના] + આયુ૦૨ + નામ-૩૦ [ઓઘની જેમ] + ગો૦૨ + અંત૦૫ = ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મતાંતરે ૭૬ + નિદ્રાદ્વિકાદિ-૮=૮૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) સાસ્વાદનગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૪ [૨૬માંથી મિથ્યાત્વ, નપું૦વેદ વિના] + આયુ૦૧ [નરકાયુ વિના] + નામ - ૨૮ [૩૦માંથી નરકગતિ, હુંડક વિના] + ગોત્ર - ૧ [નીચગોત્ર વિના] + અંત૦૫ = ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કોઈપણ જીવ સાસ્વાદનગુણઠાણુ લઈને નરકમાં જતો નથી. તેથી વૈક્રિયમિશ્રકાયયોગમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે નરકભવને યોગ્ય નરકાયુષ્ય, નરકગતિ, હુંડક, નપુંસકવેદ અને નીચગોત્રનો ઉદય હોતો નથી.

(૪) સમ્યક્ત્વગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૧ [૨૪માંથી અનં૦૪ અને સ્ત્રીવેદ કાઢીને, સ૦મો૦ અને નપું૦વેદ ઉમેરવાં] + આ૦૨ [નરકાયુ ઉમેરવું] + નામ-૩૦ [૨૮+ નરકગતિ + હુંડક =૩૦] + ગો૦૨ [નીચગોત્ર ઉમેરવું]+ અંત૦૫ = ૭૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મતાંતરે ૭૧+ નિદ્રાદ્વિકાદિ-૮ = ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથું ગુણઠાણુ લઈને નરકમાં જઈ શકે છે. તેથી અપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયમિશ્રકાયયોગીને ચોથેગુણઠાણે નરકાયુષ્યાદિ-૫ પ્રકૃતિનો ઉદય હોય છે.

★ સમ્યગ્દૃષ્ટિ જીવ નરકમાં નપુંસકવેદે જ ઉત્પન્ન થાય છે. અને દેવમાં પુરુષવેદે જ ઉત્પન્ન થાય છે, સ્ત્રીવેદે ઉત્પન્ન ન થાય. તેથી વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે સ્ત્રીવેદનો ઉદય હોતો નથી.

(૫) આહારકકાયયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ:-

આહારકદ્વિકમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

થીણદ્ધિતિગ ઉરલદુગ થીઆગિइપણગસંઘયણ છક્કં ।
અપસત્થાસરખગઈ, વિણોહ છટ્ઠુગુણઠાણસમા ॥ ૫૧ ॥
આહારકાયજોગે બાસટ્ઠી તસ્સ મીસ જોગમ્મિ ।
પરઘાઊસાસખગइ - સરનિદ્ધૂણા છવણ્ણાઓ ॥ ૫૨॥

ગાથાર્થ :- ઓઘે [કર્મસ્તવમાં] છટ્ઠા ગુણઠાણે ઉદયમાં ૮૧ પ્રકૃતિ કહી છે. તેમાંથી થીણદ્ધિત્રિક, ઔદારિકદ્વિક, સ્ત્રીવેદ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન, છસંઘયણ, દુઃસ્વર અને અશુભવિહાયોગતિ એમ કુલ ૧૯ વિના ૬૨ પ્રકૃતિનો ઉદય આહારકકાયયોગ માર્ગણામાં હોય છે. તેમાંથી પરાઘાત, ઉચ્છ્વાસ, શુભવિહાયોગતિ, સુસ્વર અને નિદ્રાદ્વિક.... એ ૬ વિના ૫૬ પ્રકૃતિનો ઉદય આહારકમિશ્ર-યોગમાં હોય છે.

વિવેચન :- કર્મસ્તવમાં છટ્ઠાગુણઠાણે ઉદયમાં ૮૧ પ્રકૃતિ કહી છે. તેમાંથી થીણદ્ધિત્રિકાદિ-૧૯ પ્રકૃતિ વિના આહારકકાયયોગમાર્ગણામાં **પ્રમત્તે** અને **અપ્રમત્તે જ્ઞાના૦૫ + દ૦૬ + વે૦૨ + મોહ૦૧૩** [૧૨ કષાય, સ્ત્રીવેદ, મિશ્ર, મિથ્યાત્વ વિના] + **મનુષ્યાયુ + નામ**

- ૨૯[૨૯] + **ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૬૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ જે આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર પ્રમત્ત સંયમી મહાત્મા આહારકશરીર બનાવે છે, તે પુરુષવેદી કે નપુંસકવેદી હોય છે પણ સ્ત્રીવેદી ન હોય. કારણકે સાધ્વીજી મહારાજને આહારકલબ્ધિ અને પૂર્વના અભ્યાસનો નિષેધ હોવાથી, આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આહારકકાયયોગમાર્ગણામાં સ્ત્રીવેદનો ઉદય હોતો નથી.

★ ઔદારિકકાયયોગ માર્ગણામાં કહ્યાં મુજબ જ્યારે આહારક શરીરનો ઉદય હોય છે ત્યારે ઔદારિકશરીર હોવા છતાં ઔદારિકશરીર નામકર્મનો ઉદય માનેલો નથી. તેથી આહારકકાયયોગ માર્ગણામાં ઔદારિકદ્વિકનો ઉદય હોતો નથી.

★ આહારકશરીરમાં હાડકા હોતા નથી. તેથી સંઘયણ ન હોય.

★ આહારકશરીર શ્રેષ્ઠ હોવાથી પરાવર્તમાન શુભપ્રકૃતિ જ ઉદયમાં હોય છે. તેથી સમચતુરસ્રની પ્રતિપક્ષી ન્યગ્રોધાદિ-૫ સંસ્થાન, શુભવિહાયોગતિની પ્રતિપક્ષી અશુભવિહાયોગતિ અને સુસ્વરની પ્રતિપક્ષી દુઃસ્વર..... એ - ૭ પ્રકૃતિ ઉદયમાં હોતી નથી.

★ પ્રમત્તસંયતમુનિ જ્યારે આહારકશરીર બનાવે છે ત્યારે શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થાય છે. પણ અહીં ભવધારણીય શરીરમાં રહેલા ઉદ્યોતના ઉદયની વિવક્ષા કરેલી હોવાથી, આહારકકાયયોગ માર્ગણામાં ઉદ્યોતનો ઉદય કહ્યો નથી.

(૬) આહારકમિશ્રયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વઃ-

આહારકકાયયોગમાર્ગણામાં ઉદયયોગ્ય **૬૨** પ્રકૃતિ કહી છે.

---

(૨૯)મનુષ્યગતિ+ પંચે૦જાતિ+ શ૦૩ [આહા૦, તૈ૦, કા૦] + આહા૦અંગો૦ + પ્રથમસંસ્થાન + વર્ણાદિ-૪ + શુભવિહા૦ = ૧૨ + પ્ર૦૫[અગુરૂ૦ ૪, નિર્માણ]+ ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ = ૨૯

તેમાંથી **પરાઘાત, ઉચ્છ્વાસ, શુભવિહાયોગતિ, સુસ્વર** અને **નિદ્રાદ્વિક** વિના આહારકમિશ્રયોગમાર્ગણામાં **પ્રમત્તે જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મો૦૧૩ + મનુષ્યાયુ + નામ-૨૫[૩૦] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૫૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કેટલાક આચાર્ય મ.સા. એમ માને છે કે, આહારકશરીર બનાવતી વખતે જ્યાં સુધી આહારકશરીર સંબંધી સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આહારકમિશ્રયોગ હોય છે. એ મતાનુસારે આહારક મિશ્રયોગમાર્ગણામાં **૫૬+ નિદ્રાદ્વિકાદિ-૬= ૬૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૭) કાર્મણકાયયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

કાર્મણકાયયોગમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

विणपणणिद्दा मीसं, विउवुरलाहारदुग छसंघयणा ।
छागिइखगइसरायवदुग परघूसासउवघाया ॥ ५३॥
साहारणपत्तेआ, विण सगसीई उ कम्मणे मिच्छे ।
सम्मजिणूणा पंचा-सीई साणे गुणासीई ॥ ५४ ॥
मिच्छ णिरयतिगसुहम अपज्जूणा, सम्मणिरयतिगजुत्ता ।
अणजाइचउगथावर - थी विण सम्मे उण तिसयरी ॥ ५५॥
ओहो उरलदुगवइर - आगिइखगइसरणाम पत्तेआ ।
परघूसासुवघाया विण पणवीसा सजोगिम्मि ॥ ५६ ॥

ગાથાર્થ :- કાર્મણકાયયોગમાર્ગણામાં ઓઘે નિદ્રાપંચક, મિશ્ર-મોહનીય, વૈક્રિયદ્વિક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, છસંઘયણ, છસંસ્થાન, વિહા૦૨, સુસ્વર, દુઃસ્વર, આતપદ્વિક, પરાઘાત,

---

(૩૦) મનુષ્યગતિ + પંચે૦જાતિ + શ૦૩ [આહા૦, તૈ૦, કા૦]+ આહા૦અંગો૦ + પ્રથમસંસ્થાન+ વર્ણાદિ-૪ = ૧૧ + પ્ર૦૩ [અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત] + ત્રસ-૯ [સુસ્વર વિના] + અસ્થિર + અશુભ = ૨૫

ઉચ્છ્વાસ, ઉપઘાત, સાધારણ અને પ્રત્યેક..... એ-૩૫ વિના ૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦ અને જિનનામ વિના ૮૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે, સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય, નરકત્રિક, સૂક્ષ્મ અને અપર્યાપ્ત વિના ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને સમ્યક્ત્વગુણઠાણે અનંતાનુબંધીચતુષ્ક, જાતિચતુષ્ક, સ્થાવર, સ્ત્રીવેદ..... એ-૧૦ કાઢીને, સમ્યક્ત્વમોહનીય અને નરકત્રિક યુક્ત કરતાં ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સયોગીગુણઠાણે કર્મસ્તવમાં જે ઉદયયોગ્ય-૪૨ પ્રકૃતિ કહી છે. તેમાંથી ઔદારિકદ્વિક, વજ્રઋષભનારાચસંઘયણ, છસંસ્થાન, વિહા૦૨, સુસ્વર, દુઃસ્વર, પ્રત્યેક, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત..... એ -૧૭ વિના ૨૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- કાર્મણકાયયોગમાર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨+ મોહ૦૨૭ [૨૮ માંથી મિશ્રમો૦ વિના] + આ૦૪ + નામ -૩૮[૩૧] [૬૭માંથી ઔદારિકશરીરાદિ ૨૯ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ મિશ્રમોહનીયનો ઉદય પર્યાપ્તાવસ્થામાં હોય છે અને કાર્મણકાયયોગ વિગ્રહગતિમાં જ હોય છે. એટલે કાર્મણકાયયોગમાં મિશ્રમોહનીયનો ઉદય હોતો નથી.

★ વૈક્રિયદ્વિકાદિ-૨૯ પ્રકૃતિ ઔદારિકાદિસ્થૂલશરીરાશ્રિત છે અને વિગ્રહગતિમાં ઔદારિકાદિ સ્થૂલ શરીર હોતા નથી. તેથી

---

(૩૧) ગતિ-૪ + જાતિ-૫ + શ૦૨ [તૈ૦, કા૦] + વર્ણાદિ-૪ + આનુ૦ ૪=૧૯ + પ્ર૦ ૩ [અગુરૂ૦, નિર્માણ, જિનનામ] + ત્રસ-૮ [ત્રસત્રિક, સ્થિરત્રિક, આદેયદ્વિક]+ સ્થા૦ ૮ [સ્થાવરત્રિક, અસ્થિરત્રિક, અનાદેયદ્વિક] = ૩૮

કાર્મણકાયયોગમાર્ગણામાં વૈક્રિયદ્વિકાદિ ૨૯ પ્રકૃતિનો ઉદય હોતો નથી.

કાર્મણકાયયોગમાં ૧-૨-૪-૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦ ૨૬ [૨૭ માંથી સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ- ૩૭ [૩૮માંથી જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૮૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + આયુ૦૩ [નરકાયુ વિના] + નામ-૩૩ [૩૭માંથી નરકદ્વિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત વિના] + ગો૦૨ + અંત૦૫ = ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ સાસ્વાદનગુણઠાણુ લઈને કોઈપણ જીવ નરકમાં જતો નથી. તેથી કાર્મણકાયયોગમાં સાસ્વાદનગુણઠાણે નરકત્રિકનો ઉદય હોતો નથી.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૪ + વે૦૨ + મોહ૦૨૧ [૨૫માંથી અનંતાનુબંધી-૪ અને સ્ત્રીવેદ કાઢીને, સ૦મો૦ ઉમેરવાં] + આયુ૦૪ [૩ + નરકાયુ=૪] + નામ-૩૦ [૩૩માંથી જાતિચતુષ્ક અને સ્થાવર કાઢીને નરકદ્વિક ઉમેરવું] + ગો૦૨ + અંત૦૫ = ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ જેને પૂર્વે નરકાયુષ્ય બાંધેલું હોય એવા ક્ષાયિકસમ્યક્ત્વી કે કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વીને નરકમાં જતી વખતે નરકત્રિકનો ઉદય થાય છે. તેથી કાર્મણકાયયોગમાં સમ્યક્ત્વગુણઠાણે નરકત્રિકનો ઉદય હોય છે.

(૧૩) **સયોગીગુણઠાણે** કેવલી સમુદ્‌ઘાતમાં **ત્રીજા-ચોથા-પાંચમા** સમયે કાર્મણકાયયોગ હોય છે. તે વખતે **વેદનીય-૨ + મનુષ્યાયુ +**

નામ-૨૧[૩૨] + ઉચ્ચગોત્ર =૨૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

:- યોગમાર્ગણા સમાપ્ત :-

પુરુષવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

પુરુષવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વેઅજુગલણારયતિગ, થાવરજાઇચઉગાયવ જિણૂણા ।
સત્તજુઅસયં પુરિસે,મિચ્છે સમ્માઇચઉવજ્જા ॥ ૫૭ ॥
મિચ્છત્તમોહવજ્જા, દુસયં સાસાયણમ્મિ અણુપુવ્વી।
પઢમકસાયા ય વિણા, મીસજુઆ છણવઈ મીસે॥ ૫૮ ॥
મીસૂણા ણવણવઈ, સમ્મમ્મિ તિઆણુપુવ્વિસમ્મજુઆ।
ઓઘવ્વ દુવેઊણા, દેસાઈસુ ગુણઠાણેસું ॥ ૫૯॥

ગાથાર્થ :- પુરુષવેદમાર્ગણામાં વેદયુગલ [સ્ત્રીવેદ-નપું૦વેદ], નરકત્રિક, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ અને જિનનામ..... એ ૧૫ વિના ૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વમોહનીયાદિ [સ૦મો૦, મિશ્રમો૦,આહા૦દ્વિક] -૪ વિના ૧૦૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે, સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય વર્જીને ૧૦૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે, મિશ્રગુણઠાણે પહેલા કષાય [અનંતા૦૪] અને આનુપૂર્વીત્રિક કાઢીને, મિશ્રમોહનીય યુક્ત કરતાં ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમોહનીય કાઢીને, ત્રણ આનુપૂર્વી અને સ૦મો૦ યુકત કરતાં ૯૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને દેશવિરતિ વગેરે ગુણઠાણામાં બે વેદ ઓછા કરીને, ઓઘની જેમ ઉદયસ્વામિત્વ કહેવું...

---

(૩૨) મનુષ્યગતિ + પંચે૦જાતિ + શરીર-૨ [તૈ૦, કા૦] + વર્ણાદિ-૪=૮ + પ્ર૦ ૩ [અગુરુલઘુ, નિર્માણ, જિનનામ] + ત્રસ-૮ [ત્રસત્રિક, સ્થિરત્રિક, આદેયદ્વિક] + અસ્થિર + અશુભ = ૨૧.

વિવેચન :- પુરુષવેદમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી **સ્ત્રીવેદ, નપુંસકવેદ, નરકત્રિક, જાતિચતુષ્ક, આતપ, જિનનામ** અને **સ્થાવરચતુષ્ક**.....એ **૧૫** વિના **૧૦૭** પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

પુ૦વેદમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ ૨૬ [૨૮માંથી સ્ત્રીવેદ, નપું૦વેદ વિના] + **આયુ૦૩** [નરકાયુ વિના] + **નામ -૫૫**[૩૩] [૬૭માંથી નરકગતિ વગેરે **૧૨** વિના] + ગો૦૨ + **અંત૦૫** = **૧૦૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ નારક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સર્વે લબ્ધિ- અપર્યાપ્તા જીવો નપુંસકવેદી જ હોય છે, પુરુષવેદી કે સ્ત્રીવેદી ન હોય. તેથી પુરુષવેદ અને સ્ત્રીવેદ માર્ગણામાં નરકત્રિક, જાતિચતુષ્ક, આતપ અને સ્થાવરચતુષ્કનો ઉદય હોતો નથી.

★ જિનનામનો ઉદય તીર્થંકર કેવલી ભગવંતોને જ હોય છે પણ તેઓ અવેદી હોય છે. તેથી વેદમાર્ગણામાં જિનનામનો ઉદય હોતો નથી...

પુરુષવેદમાર્ગણામાં ૧ થી ૯ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ [૨૬માંથી સ૦મો૦, મિશ્રમો૦ વિના] + આયુ૦૩ [નરકાયુ વિના] + **નામ - ૫૩** [**૫૫**માંથી આહા૦દ્વિક વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૩** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૩ [૨૪માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + **આયુ૦૩** + **નામ-૫૩** + ગો૦૨ + **અંત૦૫** = **૧૦૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૩૩)ગતિ-૩ [મ૦, તિ૦, દે૦] + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + આનુ૦૩ + વિહા૦૨ =૩૩ + પ્ર૦૬ [અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = **૫૫**

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૦ [૨૩માંથી અનંતા૦ ૪ બાદ કરીને મિશ્રમો૦ ઉમેરવી] + આયુ૦૩ + નામ-૫૦ [૫૩માંથી ત્રણ આનુપૂર્વી વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૦ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૩ + **નામ - ૫૩** [૫૦ + ૩ આનુ૦=૫૩] + ગો૦૨ + અંત૦૫ = ૯૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૫) **દેશવિરતિગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦ - ૧૬ [૨૦માંથી અપ્ર૦ ૪ વિના] + આયુ૦૨ [દેવાયુ વિના] + નામ - ૪૪[૩૪] [૫૩માંથી દેવગતિ, ત્રણ આનુપૂર્વી, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેયદ્વિક વિના] +ગો૦૨ + અંત૦૫ = ૮૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૫ થી ૯ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ દરેક ગુણઠાણે **સ્ત્રીવેદ** અને **નપુંસકવેદ** એ બંને પ્રકૃતિ ઓછી કરવી. એટલે દેશવિરતિગુણઠાણે ૮૭ ને બદલે ૮૫, પ્રમત્તે ૮૧ ને બદલે ૭૯, અપ્રમત્તે ૭૬ને બદલે ૭૪, અપૂર્વકરણે ૭૨ ને બદલે ૭૦ અને અનિવૃત્તિગુણઠાણે ૬૬ને બદલે ૬૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સ્ત્રીવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સ્ત્રીવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

થીઅ પુમવ્વ ણવરિ વિણ, આહારદુગં કમોહ છટ્ઠેસું ।
પંચસયં સગસયરી, વિણાઽણુપુવ્વી ય છણવઈ સમ્મે ॥ ૬૦ ॥

---

(૩૪) ગતિ-૨ [મનુ૦, તિ૦] + પંચે૦જાતિ + શ૦૩[ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦ અં૦+ સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ =૨૫ + પ્ર૦૬ [અગુરુ૦ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસ-૧૦+અસ્થિર+અશુભ+દુઃસ્વર = ૪૪

ગાથાર્થ :- સ્ત્રીવેદમાર્ગણામાં પુરુષવેદની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, ઓઘે અને છટ્ઠાગુણઠાણે આહારકદ્વિક વિના ક્રમશઃ ૧૦૫ અને ૭૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. તથા સમ્યક્ત્વ ગુણઠાણે આનુપૂર્વી વિના ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- સ્ત્રીવેદમાર્ગણામાં ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી **પુરુષવેદ, નપુંસકવેદ, નરકત્રિક, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ, આહારકદ્વિક** અને **જિનનામ** એમ કુલ ૧૭ વિના **૧૦૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સ્ત્રીવેદમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + **મોહ-**૨૬ [પુ.વેદ-નપું.વેદ વિના] + **આયુ૦૩** [નરકાયુ વિના] + **નામ૦૫૩**[૩૫][નરકગત્યાદિ **૧૪** વિના]+ **ગો૦૨** + **અંત૦૫ = ૧૦૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ પ્રમત્તસંયમી સાધ્વીજી ભગવંતને આહારકલબ્ધિ અને પૂર્વના અભ્યાસનો નિષેધ હોવાથી આહારકદ્વિકનો ઉદય હોતો નથી.

સ્ત્રીવેદ માર્ગણામાં ૧થી ૯ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

સ્ત્રીવેદમાર્ગણામાં પુરુષવેદની જેમ **મિથ્યાત્વે-૧૦૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદને-૧૦૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને મિશ્રે-૯૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) સમ્યક્ત્વગુણઠાણે પુરુષવેદમાં કહ્યાં મુજબ ૯૯ પ્રકૃતિમાંથી ત્રણ આનુપૂર્વી વિના **૯૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૩૫) ગતિ-૩ [મનુ૦, તિ૦, દેવ]+ પંચે૦જાતિ + શ૦૪, [ઔ૦, વૈ૦, તૈ૦, કા૦] + ઉપાંગ-૨ [ઔ૦ અં૦, વૈ૦ અં૦] + સંઘ૬ + સંઘ૬ + વર્ણાદિ-૪ + આનુપૂર્વી-૩ + વિહા૦૨ = ૩૧ + પ્ર૦૬[અગુરુલઘુ-૪, નિર્માણ, ઉદ્યોત]+ ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૩.

★ બદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વી કે કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી જીવ નરકગતિમાં નપુંસકવેદે અને બાકીની ત્રણગતિમાં પુરુષવેદે જ ઉત્પન્ન થાય છે. સ્ત્રીવેદે ઉત્પન્ન થતો નથી. એટલે સ્ત્રીવેદમાર્ગણામાં સમ્યક્ત્વ ગુણઠાણે એકે ય આનુપૂર્વીનો ઉદય હોતો નથી. જો કે બ્રાહ્મી, સુંદરી, મલ્લિકુમારી વગેરે જીવો સમ્યક્ત્વગુણઠાણુ લઈને મનુષ્યગતિમાં સ્ત્રીવેદે ઉત્પન્ન થયા હતા. તેથી સ્ત્રીવેદ માર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે મનુષ્યાનુપૂર્વીનો ઉદય હોય છે. પણ આવું ક્વચિત જ બનતું હોવાથી, અહીં તેની વિવક્ષા કરવામાં આવી નથી.

(૫) દેશવિરતિગુણઠાણે પુ૦વેદની જેમ **૮૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૬) પ્રમત્તગુણઠાણે જ્ઞાના૦**૫** + દ૦૯ + વે૦૨ + મોહ૦ **૧૨** [**૧૬**માંથી પ્રત્યા૦ ૪ વિના] + મનુષ્યાયુ + નામ-૪૨[૩૬] [**૪૪ માંથી** તિર્યંચગતિ, ઉદ્યોત વિના] + ઉચ્ચગોત્ર + અંત૦**૫** = **૭૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૭ થી ૯ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ દરેક ગુણઠાણે **પુરુષવેદ** અને **નપુંસકવેદ** એ બે પ્રકૃતિ ઓછી કરવી. એટલે અપ્રમત્તગુણઠાણે-૭૬ પ્રકૃતિને બદલે **૭૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે. અપૂર્વકરણગુણઠાણે **૭૨**ને બદલે **૭૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે અને અનિવૃત્તિગુણઠાણે-**૬૬** પ્રકૃતિને બદલે **૬૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૩૬) મનુષ્યગતિ + પંચે૦જાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૪ + પ્ર૦૫ [અગુ૦૪, નિર્માણ] + ત્રસ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૪૨.

નપુંસકવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

નપુંસકવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સોલસજુઅસયપયડી ણપુમે થીપુરિસસુરતિગજિણૂણા ।
મિચ્છે દુવાલસસયં, સમ્માહારદુગમીસૂણા ॥ ૬૧ ॥
છજુઅસયં મિચ્છાયવ-નારયઅણુપુવ્વિસુહમતિગ વજ્જા ।
બીએ મીસે ચઉઅણ-જાઇદુઅણુપુવ્વિથાવરૂણાઽત્થિ ॥ ૬૨ ॥
મીસ સહિયા છણવઈ, સસમ્મણિરયાણુપુવ્વિમીસૂણા ।
સમ્મમ્મિ સત્તણવઈ, પણદેસાઈસુ પુરિસવ્વ ॥ ૬૩ ॥

ગાથાર્થ :- નપુંસકવેદ માર્ગણામાં સ્ત્રીવેદ, પુરુષવેદ, દેવત્રિક અને જિનનામ વિના ૧૧૬ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સ૦મો૦, આહારકદ્વિક, મિશ્રમો૦ વિના ૧૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય, આતપ, નરકાનુપૂર્વી અને સૂક્ષ્મત્રિક વિના ૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રગુણઠાણે અનંતા૦૪, જાતિચતુષ્ક, બે આનુપૂર્વી અને સ્થાવર એ-૧૧ પ્રકૃતિ ઓછી કરીને, મિશ્રમોહનીય ઉમેરતાં ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમોહનીય બાદ કરીને, સ૦મો૦ અને નરકાનુપૂર્વી ઉમેરતાં ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. દેશવિરતિ વગેરે પાંચગુણઠાણે પુરુષવેદની જેમ ઉદયસ્વામિત્વ જાણવું...

વિવેચન :- નપુંસકવેદ માર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી સ્ત્રીવેદ, પુ.વેદ વિના] + આયુ૦૩ [દેવાયુ વિના] + નામ - ૬૪ [દેવદ્વિક, જિન૦વિના] + ગો૦૨+ અંત૦૫ =૧૧૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ દેવો સ્ત્રીવેદી કે પુરુષવેદી જ હોય છે, નપુંસકવેદી ન હોય. તેથી નપુંસકવેદમાર્ગણામાં દેવત્રિકનો ઉદય હોતો નથી.

નપુંસકવેદમાર્ગણામાં ૧ થી ૯ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ [૨૬માંથી સ૦મો૦, મિશ્રમો૦ વિના] + આયુ૦૩ + **નામ** - ૬૨ [૬૪માંથી આહા૦દ્વિક વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૧૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** **જ્ઞાના૦૫** + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૩ [૨૪માંથી મિથ્યાત્વમોહનીય વિના] + આયુ૦૩ + નામ -૫૭[૩૭] [૬૨માંથી સૂક્ષ્મત્રિક, આતપ, નરકાનુપૂર્વી વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૦ [૨૩માંથી અનંતા૦ ૪ બાદ કરીને, મિશ્ર મોહનીય ઉમેરવી] + આયુ૦૩ + નામ-૫૦[૩૮] [૫૭માંથી જાતિચતુષ્ક, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, સ્થાવર વિના] + ગો૦૨ + અંત૦૫ = ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૦ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૩ + નામ - ૫૧ [૫૦+ નરકાનુપૂર્વી=૫૧] + ગો૦૨ + અંત૦૫ = ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૩૭) ગતિ-૩ [ન૦, તિ૦, મ૦] + જાતિ-૫ + શ૦૪ [ઔ૦, વૈ૦, તૈ૦, કા૦] + ઉપાંગ-૨ [ઔ૦ અં૦, વૈ૦ અં૦] + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + આનુ૦૨ [મનુષ્યાનુ૦, તિર્યંચાનુ૦] + વિહા૦૨ = ૩૪ + પ્ર૦૬ [અગુરૂ૦૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસાદિ-૧૦ + સ્થાવર + અસ્થિરષટ્ક = ૫૭.

(૩૮) ગતિ-૩ [ન૦, તિ૦, મ૦] + પંચે૦જાતિ+શ૦૪ [ઔ૦, વૈ૦, તૈ૦, કા૦] + ઉપાંગ-૨ [ઔ૦અં૦, વૈ૦અં૦] + સંઘ૦૬ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૮ + પ્ર૦૬ [અગુરૂ૦૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૦.

૫ થી ૯ ગુણઠાણા સુધી પુરુષવેદની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

અવેદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

★ અવેદ માર્ગણામાં ઓઘે (કર્મસ્તવમાં અનિવૃત્તિગુણઠાણે કહ્યાં મુજબ ૬૬ પ્રકૃતિમાંથી ૩ વેદ વિના) ૬૩+ **જિનનામ** = ૬૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ અવેદમાર્ગણામાં અનિવૃત્તિગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૬ + વે૦૨ + મોહ૦૪ [સં૦કષાયચતુષ્ક] + **મનુષ્યાયુ + નામ** - ૩૯[૩૯] + **ઉચ્ચગોત્ર + અંત૦૫** = ૬૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સં૦ક્રોધનો ઉદયવિચ્છેદ થયા પછી ૬૨, સં૦માનનો ઉદયવિચ્છેદ થયા પછી ૬૧ અને સં૦માયાનો ઉદયવિચ્છેદ થયા પછી ૬૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ અવેદમાર્ગણામાં ૧૦ થી ૧૪ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું....

-: વેદમાર્ગણા સમાપ્ત :-

કષાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

કષાયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

कोहाईसुं चउसुं, ओघव्व दु दु इग चउगुणेसु कमा ।
बार णव छ ति कसाया, विण ओघव्व दसमे गुणे लोहे ॥ ६४॥

ગાથાર્થ :- ક્રોધાદિ-૪ કષાયમાર્ગણામાં પહેલા બે ગુણઠાણે ૧૨ કષાય વિના, ત્રીજા-ચોથા ગુણઠાણે ૯ કષાય વિના, પાંચમા એક જ ગુણઠાણે ૬ કષાય વિના અને ૬ થી ૯ સુધીના ૪ ગુણઠાણે ત્રણ કષાય વિના ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું અને લોભમાર્ગણામાં દશમાગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

---

(૩૯)મનુષ્યગતિ +પંચે૦જાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦ + પહેલા ત્રણ સંઘ૦ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૧+ પ્ર૦૫ [અગુ૦૪, નિર્માણ] + ત્રસ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૩૯.

વિવેચનઃ- ક્રોધમાર્ગણામાં **અનંઽમાન, અપ્રઽમાન, પ્રત્યાઽમાન, સંઽમાન, અનંઽમાયા, અપ્રઽમાયા, પ્રત્યાઽમાયા, સંઽમાયા, અનંઽલોભ, અપ્રઽલોભ, પ્રત્યાઽલોભ, સંઽલોભ અને જિનનામ એમ કુલ-૧૩ વિના** ૧૦૯ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

ક્રોધમાર્ગણામાં ઓઘે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૧૬ [**૨૮ માંથી ૧૨ કષાય વિના**] + આયુ૦૪ + નામ-૬૬ [જિન૦વિના]+ ગો૦૨+અંત૦૫=૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ ક્રોધાદિ - ૪ કષાયો ઉદયમાં પરસ્પર વિરોધી હોવાથી જ્યારે ક્રોધનો ઉદય હોય છે ત્યારે માન, માયા અને લોભનો ઉદય હોતો નથી. જયારે માનનો ઉદય હોય છે ત્યારે ક્રોધ, માયા અને લોભનો ઉદય હોતો નથી અને જ્યારે લોભનો ઉદય હોય છે ત્યારે ક્રોધાદિ-૩નો ઉદય હોતો નથી.

★ જયારે અનંતાનુબંધી ક્રોધનો ઉદય હોય છે ત્યારે તેની સાથે અપ્રઽક્રોધ, પ્રત્યાઽક્રોધ અને સંઽક્રોધનો ઉદય અવશ્ય હોય છે. તેથી ક્રોધમાર્ગણામાં અનંતાનુબંધી વગેરે ચારે ક્રોધ વિના બાકીના ૧૨ કષાયનો [૪ માન+ ૪ માયા + ૪ લોભનો] ઉદય હોતો નથી.

★ તીર્થંકરનામકર્મનો ઉદય તીર્થંકર કેવલી ભગવંતને જ હોય છે અને તેઓને કષાય હોતો નથી. તેથી કષાયમાર્ગણામાં તીર્થંકરનામ-કર્મનો ઉદય હોતો નથી.

(૧) મિથ્યાત્વગુણઠાણે કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૧૧૭** પ્રકૃતિમાંથી ૪ માન + ૪ માયા + ૪ લોભ = ૧૨ કષાય વિના **૧૦૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) સાસ્વાદનગુણઠાણે કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૧૧૧** પ્રકૃતિમાંથી ૧૨ કષાય વિના ૯૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૧૦૦** પ્રકૃતિમાંથી ૩ માન + ૩ માયા + ૩ લોભ = ૯ કષાય વિના **૯૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૧૦૪** પ્રકૃતિમાંથી ૩ માન + ૩ માયા + ૩ લોભ = ૯ કષાય વિના **૯૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **ક્રોધમાર્ગણામાં ત્રીજા-ચોથા ગુણઠાણે અપ્ર૦ક્રોધની સાથે પ્રત્યા૦ક્રોધ અને સં૦ક્રોધનો ઉદય પણ હોય છે.** બાકીના અપ્ર૦માનાદિ-૩ + પ્રત્યા૦માનાદિ-૩ + સં૦માનાદિ-૩ = ૯ કષાયનો ઉદય હોતો નથી.

(૫) **દેશવિરતિગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૭ પ્રકૃતિમાંથી ૨ માન + ૨ માયા + ૨ લોભ = ૬ કષાય વિના ૮૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **ક્રોધમાર્ગણામાં પાંચમા ગુણઠાણે પ્રત્યા૦ ક્રોધની સાથે સં૦ક્રોધનો ઉદય પણ હોય છે.** બાકીના પ્રત્યા૦માનાદિ-૩ + સં૦માનાદિ-૩ = ૬ કષાયનો ઉદય હોતો નથી.

(૬) **પ્રમત્તગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૧ પ્રકૃતિમાંથી સં૦માન, સં૦માયા અને સં૦લોભ વિના ૭૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૭) **અપ્રમત્તગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૭૬ પ્રકૃતિમાંથી સં૦માન, સં૦માયા અને સં૦લોભ વિના ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૮) **અપૂર્વકરણગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૭૨ પ્રકૃતિમાંથી સં૦માન, સં૦માયા અને સં૦લોભ વિના ૬૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૯) **અનિવૃત્તિગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૬૬** પ્રકૃતિમાંથી સંઠમાન, સંઠમાયા અને સંઠલોભ વિના **૬૩** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **ક્રોધમાર્ગણામાં ૬થી૯ ગુણઠાણે માત્ર સંઠક્રોધનો જ ઉદય હોય છે.** સંઠમાન, સંઠમાયા અને સંઠલોભનો ઉદય હોતો નથી.

એ જ પ્રમાણે માન-માયાનું ઉદયસ્વામિત્વ સમજવું.

લોભમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સંઠલોભનો ઉદય **૧** થી **૧૦** ગુણઠાણા સુધી હોય છે. તેથી લોભમાર્ગણા **૧** થી **૧૦** ગુણઠાણા સુધી હોય છે. તેમાં **૧** થી ૯ ગુણઠાણા સુધી ક્રોધમાર્ગણાની જેમ ઉદયસ્વામિત્વ જાણવું અને **૧૦**મા ગુણઠાણે કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૬૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિભંગજ્ઞાનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

વિભંગજ્ઞાનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

मणजोगव्व विभंगे, दोण्णि व तिण्णि व गुणा णवरि ओहे ।
मिच्छे ससुरणिरयअणुपुव्वि साणे सुराणुपुव्विजुआ ॥६५॥

ગાથાર્થ :- મનોયોગની જેમ વિભંગજ્ઞાન માર્ગણામાં ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ અહીં બે અથવા ત્રણ ગુણઠાણા હોય છે. તેમાં ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે નરકાનુપૂર્વી અને દેવાનુપૂર્વી યુકત કરવી અને સાસ્વાદનગુણઠાણે દેવાનુપૂર્વી યુક્ત કરવી...

વિવેચન :-વિભંગજ્ઞાનમાર્ગણામાં સઠમોઠ, આહારકદ્વિક, જિનનામ, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ, મનુષ્યાનુપૂર્વી અને **તિર્યંચાનુપૂર્વી** એમ કુલ-**૧૫** વિના **૧૦૭** પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

વિભંગજ્ઞાનમાર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૭ [સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ-૫૩[૪૦] [આહારકશરીરાદિ-૧૪ વિના]+ ગો૦૨ + અંત૦૫ = ૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ જેમ મનોયોગ લબ્ધિ-પર્યાપ્તા પંચેન્દ્રિય જીવોને જ હોય છે. તેમ વિભંગજ્ઞાન પણ લબ્ધિ-પર્યાપ્તા પંચેન્દ્રિય જીવોને જ હોય છે. તેથી મનોયોગની જેમ વિભંગજ્ઞાનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ કહેવું. પરંતુ વિભંગજ્ઞાન બે અથવા ત્રણ ગુણઠાણા સુધી જ હોય છે. તેથી તેમાં સ૦મો૦, આહારકદ્વિક અને જિનનામનો ઉદય સંભવતો નથી. તેમજ બે ગુણસ્થાનકની અપેક્ષાએ મિશ્રમોહનીયનો ઉદય પણ સંભવતો નથી.

★ વિભંગજ્ઞાન લબ્ધિ-પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સર્વે લબ્ધિ-અપર્યાપ્તા જીવોને હોતુ નથી. તેથી વિભંગજ્ઞાનમાર્ગણામાં જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક અને આતપનો ઉદય હોતો નથી.

★ મનોયોગપર્યાપ્તાવસ્થામાં જ હોય છે અને વિભંગજ્ઞાન અપર્યાપ્તાવસ્થામાં પણ હોય છે. કારણ કે તિર્યંચ-મનુષ્યો વિભંગજ્ઞાન લઈને દેવ-નરકમાં ઉત્પન્ન થઈ શકે છે તેથી દેવ-નરકમાં ભવના પ્રથમ સમયથી વિભંગજ્ઞાન સંભવી શકે છે. એટલે વિભંગજ્ઞાનમાં દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીનો ઉદય હોય છે.

★ પન્નવણાસૂત્રમાં[૪૧] કહ્યું છે કે, વિભંગજ્ઞાની તિર્યંચો ઋજુગતિ

---

(૪૦) ગતિ - ૪ + પંચેન્દ્રિયજાતિ + શ૦૪ [ઔ૦, વૈ૦, તૈ૦, કા૦] + ઉપાંગ-૨ [ઔ૦ અં૦, વૈ૦ અં૦]+સં૦૬+સં૦૬+વર્ણાદિ-૪+આનુ૦૨+વિહા૦૨= ૩૧ + પ્ર૦૬ [અગુરૂ૦ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૩.

(૪૧) सर्वत्र च तिर्यक्षूत्पद्यमानोऽविग्रहेणोत्पद्यते विग्रहे विभंगस्य तिर्यक्षु मनुष्येषु च निषेधात्। यद्वक्ष्यति-"विभंगनाणी पंचिदियतिरिक्ख जोणिया मणूसा आहारगा, णो अणाहारगा" इति ॥ प्रज्ञा० पद० १८ प० ३९०॥

[અવિગ્રહ]થી ઉત્પન્ન થાય છે. વિગ્રહગતિમાં તિર્યંચ અને મનુષ્યને વિભંગજ્ઞાનનો નિષેધ છે. કારણ કે વિભંગજ્ઞાની તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યો આહારક હોય છે. અણાહારી હોતા નથી. તેથી **સિદ્ધાંતના મતે** વિભંગજ્ઞાનમાર્ગણામાં **તિર્યંચાનુપૂર્વી** અને **મનુષ્યાનુપૂર્વી**નો ઉદય સંભવતો નથી.

★ છટ્ઠાકર્મગ્રંથમાં વિભંગજ્ઞાન માર્ગણાના સંવેધમાં તિર્યંચ-મનુષ્યને ૨૧ ના ઉદયના ઉદયભાંગા બતાવેલા હોવાથી, તિર્યંચાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વીનો ઉદય સંભવે છે. તેથી **૧૦૭ + મનુષ્યાનુપૂર્વી + તિર્યંચાનુપૂર્વી = ૧૦૯** પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

વિભંગજ્ઞાનમાર્ગણામાં ૧થી ૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વે ૧૦૭**માંથી મિશ્રમોહનીય વિના **૧૦૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૫** [૨૬ માંથી મિથ્યા૦ વિના] + આયુ૦૪ + **નામ- ૫૨** [૫૩માંથી નરકાનુપૂર્વી વિના] + ગો૦૨ + અંત૦૫ = **૧૦૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ કોઇપણ જીવ સાસ્વાદનગુણઠાણુ લઇને નરકમાં જતો નથી. તેથી સાસ્વાદનગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

(૩) **મિશ્રે** ઓઘની જેમ **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

:- જ્ઞાનમાર્ગણા સમાપ્ત :-

પરિહારવિશુદ્ધિચારિત્રમાં ઉદયસ્વામિત્વ :-

પરિહારવિશુદ્ધિમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

પરિહારે છટ્ઠે વિણ, થીઆહારદુગપંચસંઘયણા ।
છટ્ઠોહો અપમત્તે, સયરી થીણદ્ધિતિગવજ્જા ॥ ૬૬ ॥

ગાથાર્થ :- કર્મસ્તવમાં છટ્ઠે ગુણઠાણે ઉદયમાં ૮૧ પ્રકૃતિ કહી છે. તેમાંથી સ્ત્રીવેદ, આહારકદ્વિક અને પાંચ સંઘયણ વિના ૭૩ પ્રકૃતિ પરિહારવિશુદ્ધિચારિત્રમાં પ્રમત્તે ઉદયમાં હોય છે. અને તેમાંથી થીણદ્ધિત્રિક વર્જીને ૭૦ પ્રકૃતિ અપ્રમત્તે ઉદયમાં હોય છે.

વિવેચન :- પરિહારવિશુદ્ધિચારિત્ર માર્ગણામાં છટ્ઠું અને સાતમું ગુણઠાણુ હોય છે. ત્યાં **ઓઘે અને છટ્ઠા ગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૧ પ્રકૃતિમાંથી સ્ત્રીવેદ વગેરે - ૮ વિના **જ્ઞા૦૫** + **દ૦૯** + **વે૦૨**+ **મોહ૦૧૩** [પહેલા-૧૨ કષાય, મિથ્યા૦, મિશ્ર, સ્ત્રીવેદ વિના]+ **મનુષ્યાયુ** + **નામ-૩૭**[૪૨]+ **ઉચ્ચગોત્ર** + **અંત૦૫** = ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અપ્રમત્તે-૭૩માંથી થીણદ્ધિત્રિક વિના ૭૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ જે પ્રમત્તસંયમી કાંઇક ન્યૂન દશપૂર્વધર હોય છે. તે પરિહારવિશુદ્ધિચારિત્રને ગ્રહણ કરી શકે છે. સ્ત્રીઓ પ્રમત્ત સંયમી હોય છે પણ પૂર્વનો અભ્યાસ ન હોવાથી પરિહારવિશુદ્ધિચારિત્રને પ્રાપ્ત કરી શકતી નથી. તેથી આ માર્ગણામાં સ્ત્રીવેદનો ઉદય સંભવતો નથી.

★ પરિહારવિશુદ્ધિચારિત્રવાળા જીવો સંપૂર્ણ ચૌદપૂર્વધર ન હોવાથી આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આ માર્ગણામાં આહારકદ્વિકનો ઉદય હોતો નથી.

★ પ્રથમ સંઘયણવાળા જીવો જ પરિહારવિશુદ્ધિચારિત્રને ગ્રહણ કરી શકે છે. તેથી આ માર્ગણામાં ઋષભનારાચાદિ પાંચ સંઘયણનો ઉદય હોતો નથી.

:- સંયમમાર્ગણા સમાપ્ત :-

---

(૪૨)મનુષ્યગતિ +પંચે૦જાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦ + પ્રથમ સંઘયણ + સંસ્થાન-૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૧૯+ પ્ર૦૫ [અગુ૦૪, નિર્માણ] + ત્રસ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૩૭.

ચક્ષુદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ચક્ષુદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

चक्खुम्मि तिजाइसुहम-थावर साहारणायवजिणूणा ।
चउदससयं दससयं, मिच्छे सम्माइचउवज्जं ॥ ६७ ॥
सासायणम्मि वज्जिअ, मिच्छापज्जणिरयाणुपुव्वीओ ।
सत्तजुअसयं दससुं, मिस्साइगुणेसु ओघव्व ॥ ६८ ॥

ગાથાર્થ :- ચક્ષુદર્શન માર્ગણામાં ઓઘે ત્રણજાતિ, સૂક્ષ્મ, સ્થાવર, સાધારણ, આતપ અને જિનનામ વિના ૧૧૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વમોહનીયાદિ-૪ વર્જીને ૧૧૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે. સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વ, અપર્યાપ્ત, નરકાનુપૂર્વી વિના ૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને મિશ્રાદિ દસગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું....

વિવેચન :- ચક્ષુદર્શનમાર્ગણામાં **એકેન્દ્રિયજાતિ, બેઇન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયજાતિ, સૂક્ષ્મ, સ્થાવર, સાધારણ, આતપ** અને **જિનનામ.....** એ ૮ વિના **ઓઘે** જ્ઞા૦૫+ દ૦૯+ વે૦૨+ **મોહ૦૨૮** + **આયુ૦૪** + **નામ-૫૯** (એકેન્દ્રિયજાત્યાદિ-૮ વિના) + ગો૦૨+ **અં૦૫** = **૧૧૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ [૪૩] કર્મગ્રન્થકારનાં મતે લબ્ધિ-પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિ જીવોને **સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી પર્યાપ્તાવસ્થામાં ચક્ષુદર્શન હોય છે** અને [૪૪] કેટલાક કર્મગ્રન્થકારનાં મતે **ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી**

---

(૪૩) पज्जचउरिंदिअसन्निसुदुदंस दुअनाण..... ॥ ६ ॥.....[ચોથો કર્મગ્રન્થ]
पज्जत्त चउपणिंदिसु सचक्खु..... ॥ ८ ॥.....[પંચસંગ્રહ દ્વાર-૧]

(૪૪) तिय छ व पज्जियर चक्खुंमि ॥ १७ ॥ [ચોથો કર્મગ્રન્થ]
ચક્ષુદર્શનમાર્ગણામાં પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિ ત્રણ જીવભેદ ઘટે છે. મતાંતરે ચઉરિન્દ્રિયાદિ ત્રણપર્યાપ્તા અને ત્રણ અપર્યાપ્તા એમ કુલ છ જીવભેદ ઘટે છે.
छतिगं व चक्खुदंसण.....[પંચસંગ્રહ દ્વાર-૧]
ટીકા : अपर्याप्तावस्थायामपि इन्द्रियपर्याप्तौ केश्चिच्चक्षुर्दर्शनोपयोगस्येष्टवात् ।

કરણ-અપર્યાપ્તાને ચક્ષુદર્શન હોય છે પણ લબ્ધિ-અપર્યાપ્તાને ચક્ષુદર્શન ન હોય.

★ [૪૫]સિદ્ધાંતમાં લબ્ધિ-અપર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિ જીવોને પણ ચક્ષુદર્શન માનેલું છે. તેથી ચક્ષુદર્શન માર્ગણામાં અપર્યાપ્તનામકર્મનો ઉદય કહ્યો છે.

★ આ બન્ને મતે વિગ્રહગતિમાં દ્રવ્યેન્દ્રિયનો અભાવ હોવા છતાં પણ ક્ષાયોપશમિકદર્શન-લબ્ધિ હોવાથી ચક્ષુદર્શન માનેલું છે. તેથી ચક્ષુદર્શનમાર્ગણામાં આનુપૂર્વીનો ઉદય પણ સંભવી શકે છે.

★ ચક્ષુદર્શન ચઉરિન્દ્રિયાદિને જ હોય. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને ચક્ષુરિન્દ્રિય ન હોવાથી ચક્ષુદર્શન હોતુ નથી. તેથી ચક્ષુદર્શન માર્ગણામાં એકેન્દ્રિયજાતિ વગેરે ૭ પ્રકૃતિનો ઉદય હોતો નથી.

★ ચક્ષુદર્શનમાર્ગણા ૧ થી ૧૨ ગુણઠાણા સુધી જ હોય છે અને જિનનામનો ઉદય ૧૩ મા ગુણઠાણે થાય છે એટલે ચક્ષુદર્શનમાર્ગણામાં જિનનામનો ઉદય હોતો નથી.

ચક્ષુદર્શનમાર્ગણામાં ૧ થી ૧૨ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી સ૦મો૦ અને મિશ્રમો૦ વિના] + આયુ૦૪ + નામ - ૫૭ [૫૯ માંથી આહા૦દ્વિક વિના] + ગો૦૨ + અંત૦૫=૧૧૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + આયુ૦૪ + નામ - ૫૫ [૫૭ માંથી અપર્યાપ્ત અને નરકાનુપૂર્વી વિના] + ગો૦૨ +

---

(૪૫) सैद्धान्तिकास्तु लब्ध्यपर्याप्तकेष्वपि तेषु चक्षुर्दर्शनं मन्यन्त इति ।
[ચોથા કર્મગ્રંથમાં ગાથા નં.૬ની નંદનમુનિકૃત ટીકા]

અંત૦૫ =૧૦૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ઉથી૧૨ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું...

:- દર્શનમાર્ગણા સમાપ્ત :-

કૃષ્ણાદિ ત્રણલેશ્યામાં ઉદયસ્વામિત્વ :-

અશુભલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ઓઘવ્વ કુલેસાસું, સિદ્ધંતેઽણ્ણહ ણ કિણ્હણીલાસું ।
દો અણુપુવ્વી સમ્મે, સુરાણુપુવ્વી ણ કાઊએ ॥ ૬૧ ॥

ગાથાર્થ :- સિદ્ધાંતના મતે કૃષ્ણાદિ-ત્રણ અશુભલેશ્યામાં ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું અને કર્મગ્રંથના મતે કૃષ્ણ-નીલ લેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે બે આનુપૂર્વી [દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી] નો ઉદય હોતો નથી અને કાપોતલેશ્યામાં દેવાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

વિવેચન :- કૃષ્ણાદિ - ત્રણ લેશ્યામાં ઓઘે **આહારકદ્વિક** અને **જિનનામ** વિના જ્ઞાના૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮+ આયુ૦૪+ નામ-૬૪ + ગો૦૨ + અંત૦૫ = ૧૧૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સિદ્ધાંતના મતે :- કર્મસ્તવમાં કહ્યાં મુજબ **મિથ્યાત્વે** - ૧૧૭, **સાસ્વાદને** -૧૧૧, **મિશ્રે**-૧૦૦ અને **સમ્યક્ત્વે** ૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **સિદ્ધાંતનાં મતે :-** જીવ ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને ૧ થી ૬ નરકમાં અને ભવનપત્યાદિક દેવમાં ઉત્પન્ન થઈ શકે છે. તેમજ ૧ થી ૬ નરકમાંથી અને ભવનપત્યાદિક દેવમાંથી નીકળેલો જીવ સમ્યક્ત્વ સહિત મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે અને ક્ષાયિકસમ્યક્ત્વી

કે કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી મનુષ્ય કૃષ્ણાદિ-૩ લેશ્યા લઈને યુગલિક તિર્યંચમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી કૃષ્ણાદિ-ત્રણ લેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે ચારે આનુપૂર્વીનો ઉદય સંભવે છે.

★ **કર્મગ્રંથના મતે** :- ઓઘે-**૧૧૯**, મિથ્યાત્વે-**૧૧૭**, સાસ્વાદને-**૧૧૧** અને મિશ્રે-**૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સમ્યક્ત્વે કૃષ્ણ-નીલ લેશ્યામાં **૧૦૪**માંથી દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વી વિના **૧૦૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે અને કાપોતલેશ્યામાં ૧૦૪માંથી દેવાનુપૂર્વી વિના **૧૦૩** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **કર્મગ્રન્થનાં મતે** :- **૧** થી **૬** નરક કે ભવનપત્યાદિક દેવમાંથી નીકળેલો અશુભલેશ્યાવાળો જીવ સમ્યક્ત્વ સહિત મનુષ્યમાં ઉત્પન્ન થાય છે અને ક્ષાયિકસમ્યક્ત્વી કે કૃતકરણક્ષયોપશમ સમ્યક્ત્વી મનુષ્ય અશુભલેશ્યામાં મરણ પામીને યુગલિકતિર્યંચમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે **મનુષ્યાનુપૂર્વી** અને **તિર્યંચાનુપૂર્વી**નો ઉદય સંભવે છે.

★ **કર્મગ્રંથનાં મતે** :- **(૧) સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો નિયમા વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થાય છે.** ભવનપત્યાદિ ત્રણમાં ઉત્પન્ન થતા નથી અને **(૨) જીવ જે લેશ્યામાં મરણ પામે છે તે જ લેશ્યા લઈને પરભવમાં ઉત્પન્ન થાય છે.** એ શાસ્ત્રાનુસારે જો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અશુભલેશ્યામાં મરણ પામે, તો તેને અશુભ લેશ્યા લઈને ભવનપતિ કે વ્યંતરમાં ઉત્પન્ન થવું પડે. તેથી પહેલા નિયમમાં વાંધો આવે છે. અને જો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો પહેલા નિયમ મુજબ વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય તો, તે બીજા નિયમ પ્રમાણે શુભ લેશ્યામાં મરણ પામીને શુભ લેશ્યામાં ઉત્પન્ન થઈ શકે છે પણ અશુભલેશ્યામાં મરણ પામીને, શુભ લેશ્યામાં ઉત્પન્ન થઈ શકતા નથી. કારણ કે અશુભલેશ્યામાં દેવાયુ બાંધીને, જો શુભ લેશ્યામાં ઉત્પન્ન થાય તો, બીજા નિયમમાં વાંધો આવે

છે. તેથી સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો અશુભલેશ્યામાં મરણ પામીને, દેવમાં ઉત્પન્ન થઇ શકતા નથી. તેથી કૃષ્ણાદિ - ત્રણ લેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય સંભવતો નથી.

★ ક્ષાયિકસમ્યક્ત્વી કે કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી મનુષ્ય ૧થી ૩ નરકમાં જ ઉત્પન્ન થઇ શકે છે. ત્યાં [૪૬]કાપોતલેશ્યા હોય છે. કૃષ્ણ અને નીલ લેશ્યા હોતી નથી. તેથી કાપોતલેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય સંભવે છે પણ કૃષ્ણ-નીલ લેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય સંભવતો નથી.

★ કૃષ્ણાદિ-૩ લેશ્યાવાળા જીવો દેશવિરતિ કે સર્વવિરતિ ગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી પણ દેશવિરતિ કે સર્વવિરતિ ગુણઠાણાને પ્રાપ્ત કર્યા પછી કૃષ્ણાદિ અશુભ લેશ્યા આવી જાય છે. તે વખતે દેશવિરતિ કે સર્વવિરતિ ગુણઠાણુ ચાલ્યું જતુ નથી. એટલે પૂર્વપ્રાપ્તિની અપેક્ષાએ કૃષ્ણાદિ-ત્રણ લેશ્યામાં ૧ થી ૬ ગુણઠાણા સંભવે છે. તેથી જિનનામ વિના ઓઘે -૧૨૧, મિથ્યાત્વે - ૧૧૭, સાસ્વાદને-૧૧૧, મિશ્રે-૧૦૦, સમ્યક્ત્વગુણઠાણે **સિદ્ધાંતના મતે ૧૦૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે. **કર્મગ્રન્થનાં મતે** કૃષ્ણ-નીલ લેશ્યામાં **૧૦૪**માંથી દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વી વિના **૧૦૨** અને કાપોત લેશ્યામાં **૧૦૪**માંથી દેવાનુપૂર્વી વિના **૧૦૩**, દેશવિરતિગુણઠાણે **૮૭** અને પ્રમત્તે [૪૭]**૮૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૪૬) પહેલી અને બીજી નરકમાં સર્વ નારકોને કાપોતલેશ્યા જ હોય છે. ત્રીજી નરકમાં સાધિક-૩ સાગરોપમ સુધીના આયુષ્યવાળાનારકને કાપોત લેશ્યા હોય છે તેનાથી અધિક આયુષ્યવાળા નારકને નીલલેશ્યા હોય છે. ચોથી નરકમાં સર્વને નીલલેશ્યા હોય છે. પાંચમી નરકમાં સાધિક ૧૦ સાગરોપમ સુધીના આયુષ્યવાળા નારકને નીલ લેશ્યા હોય છે. તેના કરતાં અધિક આયુષ્યવાળા નારકને કૃષ્ણ લેશ્યા હોય છે અને છઠ્ઠી-સાતમી નરકમાં સર્વને કૃષ્ણલેશ્યા જ હોય છે.

(૪૭) ચોથાકર્મગ્રન્થની **ગાથાનં. ૨૫**માં અશુભલેશ્યાત્રિકમાં આહારકકાયયોગ માનવામાં આવ્યો છે. તેથી **કૃષ્ણાદિ-૩** લેશ્યામાં છઠ્ઠાગુણઠાણે આહારકદ્વિકનો ઉદય સંભવેછે.

તેજોલેશ્યામાં ઉદયસ્વામિત્વ:-

તેજોલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

एगारसयं आयव, तित्थविगलणिरयसुहुमतिगहीणा ।
तेऊएसत्तसयं, मिच्छे सम्माइचउ वज्जा ॥७०॥

मिच्छूणा सासाणे, छजुअसयं मीसमोहसंजुत्ता ।
मीसे अडणवई विण, अणिगिंदिय थावराणुपुव्वीहिं ॥७१॥

सम्ममि मीसहीणा, सम्मतिरियणरसुराणुपुव्विजुआ ।
एगजुअसयं तीसुं, देसाइगुणेसु ओघव्व ॥७२॥

ગાથાર્થ :- તેજોલેશ્યામાર્ગણામાં આતપ, જિનનામ, વિકલેન્દ્રિયત્રિક, નરકત્રિક અને સૂક્ષ્મત્રિક ....એ.૧૧ વિના ૧૧૧ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વમોહનીયાદિ-૪ વર્જીને ૧૦૭, સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વ વિના ૧૦૬, મિશ્રગુણઠાણે અનંતા૦૪, એકેન્દ્રિય, સ્થાવર, ત્રણ આનુપૂર્વી વર્જીને, મિશ્રમોહનીય યુક્ત કરતાં ૯૮, સમ્યક્ત્વગુણઠાણે મિશ્રમોહનીય બાદ કરીને, સ૦મો૦, તિર્યંચાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી અને દેવાનુપૂર્વી યુક્ત કરતાં ૧૦૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને દેશવિરતિ વગેરે ૩ ગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

વિવેચન :- તેજોલેશ્યામાર્ગણામાં ઓઘે ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિમાંથી આતપાદિ-૧૧ વિના જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૩ [નરકાયુવિના] + નામ - ૫૭ [૬૭માંથી નરકગત્યાદિ-૧૦ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૧૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ પહેલા-બીજા દેવલોક સુધીના દેવો મરીને તેજોલેશ્યા સહિત પર્યાપ્તા બાદરપૃથ્વી, બાદરજલ અને પ્રત્યેકવનસ્પતિકાયમાં ઉત્પન્ન થઈ શકે છે. તે વખતે બાદરપૃથ્વ્યાદિને એકેન્દ્રિયના ભવમાં શરીરપર્યાપ્તિ

પૂર્ણ ન થાય ત્યાં સુધી જ તેજોલેશ્યા હોય છે. તે સિવાયના એકેન્દ્રિય, લબ્ધિ- અપર્યાપ્તા જીવો, વિકલેન્દ્રિય અને નારકોને તેજો વગેરે શુભલેશ્યા હોતી નથી. એટલે તેજોલેશ્યામાર્ગણામાં સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક અને નરકત્રિકનો ઉદય હોતો નથી.

★ આતપનો ઉદય બાદરપર્યાપ્તા પૃથ્વીકાયને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ હોય છે. અને તેજોલેશ્યા બાદરપર્યાપ્તા પૃથ્વ્યાદિ-એકેન્દ્રિયને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ હોય છે. તેથી જ્યારે બા૦પૃથ્વીને તેજોલેશ્યા હોય છે. ત્યારે આતપનો ઉદય હોતો નથી અને જ્યારે આતપનો ઉદય હોય છે ત્યારે તેજોલેશ્યા હોતી નથી. તેથી તેજોલેશ્યામાર્ગણામાં આતપનો ઉદય હોતો નથી.

★ જિનનામનો ઉદય તીર્થંકરકેવળી ભગવંતને **૧૩**મા ગુણઠાણે થાય છે. તે વખતે માત્ર શુક્લલેશ્યા જ હોય છે. તેથી કૃષ્ણાદિ - પાંચે લેશ્યામાં જિનનામનો ઉદય હોતો નથી.

તેજોલેશ્યામાર્ગણામાં ૧ થી ૭ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞા૦**૫** + દ૦૯ + વે૦૨ + મો૦૨૬ [મિશ્રમો૦, સ૦મો૦ વિના] + આયુ૦૩ [નરકાયુ વિના] + નામ-**૫૫** [૫૭માંથી આહારકદ્વિક વિના] + ગો૦૨ + અંત૦**૫** = **૧૦૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞા૦**૫** + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦**૨૫** [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + આયુ૦૩ + નામ-**૫૫**+ ગો૦૨ + અંત૦**૫** = **૧૦૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞા૦**૫** + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૨ [અનંતા૦ **૪** બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી] + આયુ૦૩ + નામ-**૫૦** [**૫૫**માંથી એકેન્દ્રિયજાતિ, સ્થાવર, આનુપૂર્વી-૩ વિના] + ગો૦૨ + અંત૦**૫** = ૯૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૨ [મિશ્રમોહ૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૩ + નામ-૫૩ [૫૦ + ત્રણ આનુપૂર્વી=૫૩] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મસ્તવમાં કહ્યાં મુજબ દેશવિરતિગુણઠાણે-૮૭, પ્રમત્તે-૮૧ અને અપ્રમત્તે-૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પદ્મલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વઃ-

પદ્મલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

પમ્હાએ णारगतिग, थावरजाइचउगायव जिणूणा ।
णवजुअसयं पणसयं, मिच्छे सम्माइचउवज्जं ॥७३॥

मिच्छूणा सासाणे, मीसाइगुणेसु पणसु तेउव्व ।
णवरि भवे सयमेगं, सम्मे तिरियाणुपुव्वी णो ॥७४॥

ગાથાર્થઃ- પદ્મલેશ્યામાર્ગણામાં ઓઘે નરકત્રિક, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ અને જિનનામ એમ કુલ-૧૩ વિના ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વમોહનીયાદિ-૪ વર્જીને ૧૦૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વમોહનીય વિના-૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે. અને મિશ્રાદિ-૫ ગુણઠાણામાં તેજોલેશ્યાની જેમ ઉદયસ્વામિત્વ કહેવું. પરંતુ વિશેષ એ છે કે, સમ્યક્ત્વગુણઠાણે તિર્યંચાનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચનઃ-પદ્મલેશ્યામાર્ગણામાં ઓઘે **નરકત્રિક, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ** અને **જિનનામ** એમ કુલ-૧૩ વિના જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૩ [નરકાયુ વિના] + નામ-

[૪૮]૫૫ [૬૭માંથી નરકગત્યાદિ ૧૨ વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા જીવો અને નારકોને પદ્મલેશ્યા હોતી નથી. તેથી પદ્મલેશ્યામાર્ગણામાં જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ અને નરકત્રિકનો ઉદય હોતો નથી.

પદ્મલેશ્યામાર્ગણામાં ૧ થી ૭ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ [૨૮માંથી સ૦મો૦, મિશ્રમો૦ વિના] + આયુ૦૩ + નામ-૫૩ [૫૫માંથી આહારકદ્વિક વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦ ૨૫ [૨૬માંથી મિથ્યાત્વ વિના] + આયુ૦૩ + નામ-૫૩ + ગો૦ ૨ + અંત૦૫ = ૧૦૪ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) **મિશ્રે** તેજોલેશ્યાની જેમ ૯૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૨ [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૩ + નામ - ૫૨ [૫૦ + દેવાનુપૂર્વી + મનુષ્યાનુપૂર્વી = ૫૨] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **કર્મગ્રન્થનાં મતે** :- ક્ષાયિકસમ્યક્ત્વી કે કૃતકરણ ક્ષયોપશમ-સમ્યક્ત્વી મનુષ્યો જો તિર્યંચમાં ઉત્પન્ન થાય, તો યુગલિક તિર્યંચમાં જ

---

(૪૮)ગતિ-૩ [દે૦, મ૦, તિ૦] + પંચે૦ જાતિ૦ + શરીર-૫ + ઉપાંગ-૩ + સં૦ ૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૩ + વિહા૦૨ = ૩૩ + પ્ર૦૬ [અગુરૂ૦૪, નિર્માણ, ઉદ્યોત]+ ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૫.

ઉત્પન્ન થાય છે. ત્યાં પદ્મલેશ્યા કે શુક્લલેશ્યા હોતી નથી. એટલે પદ્મલેશ્યામાં સમ્યક્ત્વગુણઠાણે તિર્યંચાનુપૂર્વીનો ઉદય હોતો નથી. તેથી સમ્યક્ત્વગુણઠાણે તેજોલેશ્યામાં કહ્યાં મુજબ **૧૦૧**માંથી તિર્યંચાનુપૂર્વી વિના **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.
૫ થી **૭** ગુણઠાણામાં તેજોલેશ્યાની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

શુક્લલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વઃ-

શુક્લલેશ્યામાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

सुक्काए तुरिअगुणं, जा पम्हव्वऽत्थि णवरि होइ ण वा।
तिरियाणुपुव्विउदओ, ओघव्वेत्तो सजोगिं जा ॥७५॥

ગાથાર્થઃ- શુક્લલેશ્યામાર્ગણામાં ૧ થી ૪ ગુણઠાણા સુધી પદ્મલેશ્યાની જેમ ઉદયસ્વામિત્વ કહેવું. પરંતુ વિશેષ એ છે કે, સિદ્ધાંતના મતે તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવે છે અને કર્મગ્રન્થનાં મતે તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવતો નથી. તથા દેશવિરતિ-ગુણઠાણાથી સયોગીગુણઠાણા સુધી ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

વિવેચનઃ- શુક્લલેશ્યામાર્ગણામાં ઓઘે **નરકત્રિક, વિકલેન્દ્રિયત્રિક એકેન્દ્રિયજાતિ, સ્થાવરચતુષ્ક,** અને **આતપ** એમ કુલ-**૧૨** વિના **જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ +** આયુ૦૩ [**નરકાયુ વિના**] + નામ-[૪૯] **૫૬** [નરકગત્યાદિ-**૧૧** વિના] + **ગો૦૨ + અંત૦૫** = **૧૧૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ સિદ્ધાંતના મતે :- છઠ્ઠા દેવલોકથી શુક્લલેશ્યા હોય છે

---

(૪૯) ગતિ-૩ [દે૦, મ૦, તિ૦] + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + આનુ૦૩ + વિહા૦ ૨ = ૩૩ + પ્ર૦૭ [અગુરુ૦૪, નિર્માણ, ઉદ્યોત, જિનનામ]+ ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૬.

અને ૬ થી ૮ દેવલોક સુધીના દેવો મરીને, તિર્યંચમાં ઉત્પન્ન થઇ શકે છે. તેથી શુક્લલેશ્યામાં તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવે છે.

★ **કર્મગ્રન્થનાં મતે** :- નવમા દેવલોકથી શુક્લલેશ્યા હોય છે. અને નવમાદિ દેવલોકના દેવો મરીને, નિયમા મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે, તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. તેથી શુક્લલેશ્યામાં તિર્યંચાનુપૂર્વીનો ઉદય સંભવતો નથી. તેથી ૧૧૦માંથી તિર્યંચાનુપૂર્વી વિના ૧૦૯ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

★ શુક્લલેશ્યા લબ્ધિ-પર્યાપ્તા સંજ્ઞીતિર્યંચ-મનુષ્ય અને દેવોને જ હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, સર્વલબ્ધિ-અપર્યાપ્તા અને નારકોને ન હોય. તેથી શુક્લલેશ્યામાર્ગણામાં જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ અને નરકત્રિકનો ઉદય હોતો નથી.

શુક્લલેશ્યામાર્ગણામાં ૧થી૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

સિદ્ધાંતનાં મતે પદ્મલેશ્યાની જેમ મિથ્યાત્વે-૧૦૫, સાસ્વાદને-૧૦૪, મિશ્રે-૯૮ અને સમ્યક્ત્વે-૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

કર્મગ્રન્થનાં મતે મિથ્યાત્વે-૧૦૫માંથી તિર્યંચાનુપૂર્વી વિના ૧૦૪, સાસ્વાદને ૧૦૪માંથી તિર્યંચાનુપૂર્વી વિના ૧૦૩, મિશ્રે-૯૮ અને સમ્યક્ત્વે-૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પથી૧૩ ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ ઉદયસ્વામિત્વ જાણવું.

-: લેશ્યામાર્ગણા સમાપ્ત :-

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ:-

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

सम्माईसु असम्मं, ओघव्व ण वा पणंतसंघयणा।
खइए देशे विण तिरि-गइआउज्जोअणीआणि ॥७६॥

ગાથાર્થ :- **ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં સમ્યક્ત્વાદિગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ ત્યાં સ૦મો૦ અને છેલ્લા પાંચ સંઘયણનો ઉદય હોતો નથી. કેટલાક આચાર્ય મ. સા.ના મતે પાંચ ભવ કરનારા ક્ષાયિકસમ્યક્ત્વીને છેલ્લા પાંચ સંઘયણનો ઉદય હોય છે. તેમજ દેશવિરતિગુણઠાણે તિર્યંચગતિ, તિર્યંચાયુષ્ય, ઉદ્યોત અને નીચગોત્રનો ઉદય હોતો નથી.**

વિવેચન :- ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ઓઘે **દર્શનસપ્તક, જાતિચતુષ્ક, અંતિમ પાંચસંઘયણ, આતપ** અને **સ્થાવરચતુષ્ક** એમ કુલ-૨૧ વિના **જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૧ + આ૦૪ + ના૦૫૩**[૫૦]**+ ગો૦૨ + અંત૦૫ =૧૦૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ ક્ષાયિકસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યને પ્રથમસંઘયણ જ હોય છે. પણ દુપ્પસહસૂરિજીની જેમ ક્વચિત પાંચભવ કરનારા ક્ષાયિકસમ્યક્ત્વીને ૭ સંઘયણમાંથી કોઈપણ સંઘયણનો ઉદય હોઈ શકે છે. તેથી પાંચ ભવ કરનારા ક્ષાયિકસમ્યક્ત્વીને **ઓઘે ૧૦૧** + છેલ્લા **પાંચ સંઘયણ** = **૧૦૬** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ૪ થી ૧૪ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૧૦૪** પ્રકૃતિમાંથી સ૦મો૦ અને છેલ્લા પાંચ સંઘયણ વિના **જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૧ + આ૦૪ + નામ-૫૦** [૫૩માંથી આહારકદ્વિક અને જિનનામ વિના]**+ગો૦૨+અંત૦૫ = ૯૮** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૫૦)ગતિ-૪ + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સં૦૬ + પ્રથમસં૦ + વર્ણાદિ-૪ + આનુ૦૪ + વિહા૦૨=૩૦ + પ્ર૦૭ [અગુરુ૦ ૪, નિર્માણ, જિનનામ, ઉદ્યોત] + ત્રસાદિ-૧૦ + અસ્થિરષટ્ક = ૫૩.

★ પાંચ ભવ કરનારા ક્ષાયિકસમ્યક્ત્વીને ૯૮ + છેલ્લા પાંચ સંઘયણ = **૧૦૩** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૫) **દેશવિરિતિગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૭ પ્રકૃતિમાંથી સ૦મો૦, છેલ્લા પાંચ સંઘયણ, તિર્યંચગતિ, તિર્યંચાયુ, ઉદ્યોત અને નીચગોત્ર એમ કુલ **૧૦** વિના **જ્ઞા૦૫** + **દર્શ૦૯** + **વે૦૨** + **મો૦૧૭** [૨૧માંથી અપ્ર૦૪ વિના] + **મનુષ્યાયુ** + **નામ** - ૩૭[૫૧] [**૫૦માંથી** દેવદ્વિક, નરકદ્વિક, તિર્યંચદ્વિક, મનુષ્યાનુપૂર્વી, વૈક્રિયદ્વિક, ઉદ્યોત, દુર્ભગ, અનાદેયદ્વિક વિના] + **ઉચ્ચગોત્ર** + **અંત૦૫** = **૭૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ ક્ષાયિકસમ્યક્ત્વી તિર્યંચને દેશવિરતિગુણઠાણુ હોતું નથી. કારણકે જેને પૂર્વે તિર્યંચનું આયુષ્ય બાંધેલુ છે એવો ક્ષાયિકસમ્યક્ત્વી મરીને, નિયમા યુગલિક તિર્યંચ જ થાય છે. તે દેશવિરતિગુણઠાણાને પ્રાપ્ત કરી શકતો નથી અને અયુગલિક તિર્યંચ દેશવિરતિગુણઠાણાને પ્રાપ્ત કરી શકે છે પણ ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં દેશવિરતિગુણઠાણે તિર્યંચભવને યોગ્ય તિર્યંચાયુ વગેરે-૪ પ્રકૃતિનો ઉદય હોતો નથી.

★ પાંચ ભવ કરનારા ક્ષાયિકસમ્યક્ત્વીને ૭૭ + છેલ્લા **પાંચસંઘયણ** = ૮૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૬) **પ્રમત્તગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૧ પ્રકૃતિમાંથી સ૦મો૦ અને છેલ્લા પાંચ સંઘયણ એમ કુલ - ૬ વિના **જ્ઞા૦૫** + **દર્શ૦૯** + **વે૦૨** + **મો૦૧૩** [૧૭માંથી પ્રત્યા૦ ૪ વિના]

---

(૫૧) મનુ૦ગતિ + પંચે૦જાતિ + શ૦૩ + ઔ૦અં૦ + પ્રથમસંઘયણ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૧૯ + પ્ર૦૫ [અગુરુ૦ ૪, નિર્માણ] + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + દુઃસ્વર = ૩૭.

+ **મનુષ્યાયુ+ નામ-૩૯** [૩૭ + આહારકદ્વિક =૩૯] + **ઉચ્ચગોત્ર+ અંત૦૫ = ૭૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ પાંચ ભવ કરનાર ક્ષાયિકસમ્યક્ત્વીને **૭૫ + ૫ =૮૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૭) **અપ્રમત્તગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૭૬** પ્રકૃતિમાંથી સ૦મો૦ અને છેલ્લા પાંચ સંઘયણ વિના **૭૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ પાંચ ભવ કરનારા ક્ષાયિક્સમ્યકત્વીને **૭૦** + છેલ્લા **પાંચ સંઘયણ=૭૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ અપ્રમત્તગુણઠાણે સ૦મો૦ અને છેલ્લા ત્રણ સંઘયણનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે અપૂર્વકરણાદિ-૪ ગુણઠાણે પહેલા ત્રણ સંઘયણનો ઉદય હોય છે તેમાંથી ક્ષાયિકસમ્યક્ત્વીને બીજા-ત્રીજા સંઘયણનો ઉદય હોતો નથી. એટલે ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ૮ થી **૧૧** ગુણઠાણા સુધી કર્મસ્તવમાં જે ગુણઠાણે જેટલી પ્રકૃતિ ઉદયમાં કહી છે. તેમાંથી બીજુ સંઘયણ અને ત્રીજુ સંઘયણ બાદ કરવાથી અપૂર્વકરણે-૭૨ને બદલે ૭૦, અનિવૃત્તિગુણઠાણે **૬૬**ને બદલે **૬૪**, સૂક્ષ્મસંપરાયે **૬૦**ને બદલે **૫૮** અને ઉપશાંતમોહે **૫૯** ને બદલે **૫૭** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૧૨ થી **૧૪** ગુણઠાણે કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું...

ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ओघव्व उवसमे अड, अजयाई णवरि चउसु सम्मूणा ।
अजए ण तिअणुपुव्वी, आहारदुगं वि ण य छट्ठे ॥ ७७ ॥

ગાથાર્થ :- ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે ૮ ગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે ચારગુણઠાણે **સ૦મો૦નો** ઉદય હોતો નથી. ચોથે ગુણઠાણે ત્રણ આનુપૂર્વીનો ઉદય હોતો નથી અને છટ્ઠે ગુણઠાણે આહારકદ્વિકનો ઉદય હોતો નથી.

વિવેચન :- ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઓઘે **દર્શનસપ્તક, જાતિચતુષ્ક, આતપ, સ્થાવરચતુષ્ક, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, નરકાનુપૂર્વી, આહારકદ્વિક** અને **જિનનામ.....** એ ૨૨ વિના ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ઓઘે જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૧ + આયુ૦૪ + નામ-૫૨ [જાતિચતુષ્કાદિ-૧૫ વિના] + **ગો૦૨ + અંત૦૫ = ૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ ઉપશમસમ્યક્ત્વ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય કે અસંજ્ઞીને પ્રાપ્ત થતું નથી. તેથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં જાતિચતુષ્ક, આતપ, અને સ્થાવર-ચતુષ્કનો ઉદય હોતો નથી.

★ ઉપશમસમ્યક્ત્વ-૨ પ્રકારે છે. (૧) ગ્રંથિભેદજન્યઉપશમ સમ્યક્ત્વ (૨) શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ..... તેમાંથી ગ્રંથિભેદજન્ય-ઉપશમસમ્યક્ત્વી મરણ પામતો નથી. પણ શ્રેણીગત ઉપશમસમ્યક્ત્વી મરણ પામી શકે છે અને તે નિયમા વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે. તેથી **ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં દેવાનુપૂર્વીનો જ ઉદય હોય છે. નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વીનો ઉદય હોતો નથી..**

★ [૫૨] કેટલાક આચાર્યમ.સા.નાં મતે જે મનુષ્ય ઉપશમશ્રેણીમાં ભવક્ષયે મૃત્યુ પામે છે. તેને મૃત્યુ પછીના પ્રથમ સમયે જ ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. એટલે વિગ્રહગતિમાં ક્ષયોપશમ-સમ્યક્ત્વ હોય છે પણ ઉપશમસમ્યક્ત્વ હોતું નથી. તેથી ઉપશમ-સમ્યક્ત્વ માર્ગણામાં દેવાનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે **૧૦૦**માંથી દેવાનુપૂર્વી બાદ કરતાં ૯૯ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે.

★ ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ લબ્ધિ ફોરવતો નથી. એટલે આહારકદ્વિકનો ઉદય ન હોય.

★ ઉપશમસમ્યક્ત્વ ૪ થી **૧૧** ગુણઠાણા સુધી જ હોય છે અને જિનનામનો ઉદય **૧૩**મે ગુણઠાણે હોય છે. તેથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં જિનનામનો ઉદય ન હોય.

ઉપશમસમ્યક્ત્વમાં ૪ થી ૧૧ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૪) **સમ્યક્ત્વે** ઓઘની જેમ **૧૦૦**પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૫) **દેશવિરતિગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૭માંથી સ૦મો૦ વિના ૮૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૬) **પ્રમત્તગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૮૧માંથી સ૦મો૦ અને આહારકદ્વિક વિના ૭૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૭) **અપ્રમત્તગુણઠાણે** કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૭૬માંથી સ૦મો૦ વિના **૭૫** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૮ થી **૧૧** ગુણઠાણા સુધી કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું...

:- સમ્યક્ત્વમાર્ગણા સમાપ્ત :-

---

(૫૨) જો ઉવસમસમ્મદ્દિટ્ઠી ઉવસમસેઢીએ કાલં કરેઇ સો પઢમસમયે ચેવ સમ્મત્ત પુંજં ઉદયાવલિયાએ, છોઢૂણ સમ્મત્તપુગ્ગલે વેએઇ, તેણ ન ઉવસમસમ્મદ્દિટ્ઠી અપજ્જત્તગો લબ્ભઇ । [પાંચમાં કર્મગ્રન્થની બૃહદ્ચૂર્ણી]

સંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

સંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

सण्णिम्मि विण जिणायव, थावर सुहम चउजाइ साहारं ।
तेरससयं णवसयं, मिच्छे सम्माइचउवज्जं ॥ ७८ ॥

सासाणे छसयं विण, मिच्छापज्जणिरयाणुपुव्वीहिं ।
ओघव्व अत्थि दससुं मिस्साईसु गुणठाणेसुं ॥ ७९ ॥

ગાથાર્થ :- સંજ્ઞીમાર્ગણામાં ઓઘે જિનનામ, આતપ, સ્થાવર, સૂક્ષ્મ, જાતિચતુષ્ક અને સાધારણ વિના ૧૧૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિથ્યાત્વગુણઠાણે સમ્યક્ત્વાદિ-૪ વર્જીને ૧૦૯ પ્રકૃતિ અને સાસ્વાદને મિથ્યાત્વ, અપર્યાપ્ત, અને નરકાનુપૂર્વી વિના ૧૦૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મિશ્રાદિ દશગુણઠાણે ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું..

વિવેચન :- સંજ્ઞીમાર્ગણામાં જિનનામાદિ - ૯ વિના જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૪ + નામ-૫૮[૫૩] (જિનનામાદિ-૯ વિના) + ગો૦૨ + અંત૦૫ = ૧૧૩ પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

★ સંજ્ઞીમાર્ગણામાં સંજ્ઞીપંચેન્દ્રિયનો જ સમાવેશ થાય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો સમાવેશ થતો નથી. એટલે એકેન્દ્રિયભવને યોગ્ય એકે૦જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપનો ઉદય હોતો નથી. તેમજ વિકલેન્દ્રિયભવને યોગ્ય વિકલેન્દ્રિયત્રિકનો ઉદય હોતો નથી.

★ સંજ્ઞીને ૧ થી ૧૨ ગુણઠાણા હોય છે અને જિનનામનો

---

(૫૩) ગતિ-૪ + પંચે૦જાતિ + શરીર-૫ + ઉપાંગ-૩ + સંઘ૦ ૬ + સં૦ ૬ + વર્ણાદિ - ૪ + આનુ૦૪ + વિહા૦૨ = ૩૫ + પ્ર૦૬ [અગુરુલઘુ ૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસ-૧૦ + અપર્યાપ્ત + અસ્થિરષટ્ક = ૫૮.

ઉદય તીર્થંકરકેવલી ભગવંતને ૧૩મે ગુણઠાણે થાય છે. તેથી સંજ્ઞીમાર્ગણામાં જિનનામનો ઉદય સંભવતો નથી.

સંજ્ઞીમાર્ગણામાં ૧ થી ૧૨ ગુણઠાણે ઉદય :-

(૧) મિથ્યાત્વગુણઠાણે જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૬ [૨૮માંથી મિશ્રમો૦, સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ-૫૬ [૫૯માંથી આહા૦દ્વિક, જિનનામ વિના] + ગો૦૨+ અંત૦૫ =૧૦૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + આયુ૦૪ + નામ-૫૪ [૫૬માંથી નરકાનુપૂર્વી [redacted] અપર્યાપ્ત વિના] + ગો૦૨ + અંત૦૫ = ૧૦૬ ઉદયમાં હોય છે.

૩ થી ૧૨ ગુણઠાણા સુધી ઓઘની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

અસંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

અસંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

અમણે જિણુચ્ચવિઉવદુગ આહારદુગ સમ્મમીસૂણા ।
અદ્ઠુત્તરસયમોહે મિચ્છે વિ વ णરતિગં વિણ પણસયં ॥ ૮૦ ॥
साणे अडसीई विण, पणनिद्दा णरतिगं य मिच्छतं।
परघाऊसासायव-सरखगइदुगसुहमतिगाणि ॥ ૮૧ ॥

ગાથાર્થ :- અસંજ્ઞીમાર્ગણામાં ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે જિનનામ, ઉચ્ચગોત્ર, વૈક્રિયાષ્ટક, આહારકદ્વિક, સ૦મો૦ અને મિશ્રમો૦ વિના ૧૦૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે. મતાંતરે મનુષ્યત્રિક વિના ૧૦૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને સાસ્વાદનગુણઠાણે પાંચનિદ્રા મનુષ્યત્રિક, મિથ્યાત્વમોહનીય, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત,

સુસ્વર-દુઃસ્વર, વિહાયોગતિદ્વિક અને સૂક્ષ્મત્રિક એમ કુલ - ૨૦ વિના ૮૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

વિવેચન :- અસંજ્ઞીમાર્ગણામાં ઉદયયોગ્ય **૧૨૨** પ્રકૃતિમાંથી જિનનામાદિ - **૧૪** વિના **જ્ઞા૦૫** + **દર્શ૦૯** + **વે૦૨** + **મો૦૨૬** + **આયુ૦૨** + [નરકાયુ, દેવાયુ વિના] + **નામ** - **૫૮** [નરકગત્યાદિ - ૯ વિના] + **નીચગોત્ર** + **અંત૦૫** =**૧૦૮ પ્રકૃતિ** ઓઘે અને **મિથ્યાત્વગુણઠાણે** ઉદયમાં હોય છે.

★ [૫૪]**સિદ્ધાંતમાં** ભાવવેદની અપેક્ષાએ અસંજ્ઞીને નપુંસકવેદી કહ્યાં છે અને [૫૫]**કર્મગ્રંથમાં** દ્રવ્યવેદની અપેક્ષાએ અસંજ્ઞીને સ્ત્રીવેદી અને પુરુષવેદી કહ્યાં છે. એટલે [redacted] અસંજ્ઞીમાર્ગણામાં સ્ત્રીવેદ અને પુરુષવેદનો ઉદય કહ્યો છે.

★ **સિદ્ધાંતનાં મતે** અસંજ્ઞીને છેલ્લા સંઘયણ અને છેલ્લા સંસ્થાનનો ઉદય માનવામાં આવ્યો છે અને **છટ્ઠાકર્મગ્રંથમાં** છ સંઘયણ, છ સંસ્થાન, અને સુભગ-આદેયનો ઉદય માનવામાં આવ્યો છે. એટલે **કર્મગ્રંથનાં મતે** અસંજ્ઞીમાર્ગણામાં છ સંઘયણ, છ સંસ્થાન અને સુભગ-આદેયનો ઉદય કહ્યો છે.

★ દેવ-નારકો અસંજ્ઞી હોતા નથી. તેથી અસંજ્ઞી માર્ગણામાં દેવત્રિક, નરકત્રિક અને વૈક્રિયદ્વિકનો ઉદય હોતો નથી.

---

(૫૪)તેણં ભંતે असनिपंचेदिय तिरिक्खजोणिया किं इत्थिवेयगा पुरिसवेयगा नपुंसकवेयगा ? गोयमा ! नो इत्थिवेयगा नो पुरिसवेयगा नपुंसकवेयगा । (ભગવતી સૂત્ર)

(૫૫) थीनरपणिंदि चरमा चउ... [ચોથા કર્મગ્રંથની ગાથા નં૦ ૧૮]

આ જ બાબતમાં પંચસંગ્રહમાં કહ્યું છે કે,
यद्यपि चासंज्ञिपर्याप्तापर्याप्तौ नपुंसकौ तथापि स्त्रीपुंसलिङ्गाकार मात्रमङ्गीकृत्य स्त्रीपुंसावुक्ताविति । [પંચસંગ્રહ દ્વાર-૧, ગાથા ૨૪ની ટીકા]

★ કેટલાક આચાર્યમ.સા.નું એવું માનવું છે કે, લબ્ધિ-અપર્યાપ્તા મનુષ્યો પણ સંજ્ઞી જ હોય છે, અસંજ્ઞી હોતા નથી. તેથી અસંજ્ઞી માર્ગણામાં મનુષ્યત્રિકનો ઉદય સંભવતો નથી. તેથી અસંજ્ઞીમાર્ગણામાં **૧૦૮** પ્રકૃતિમાંથી મનુષ્યત્રિક વિના **૧૦૫** પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વે** ઉદયમાં હોય છે.

(૨) **સાસ્વાદનગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૪ [નિદ્રાપંચક વિના]+ વે૦૨ + મો૦૨૫ [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + તિર્યંચાયુ, [મનુ૦આયુ વિના] + **નામ** - ૪૫ [૫૮માંથી મનુષ્યદ્વિક, આતપ, ઉદ્યોત, પરાઘાત, વિહા૦૨, ઉચ્છ્વાસ, સુસ્વર-દુઃસ્વર, સૂક્ષ્મત્રિક એ-૧૩ વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૮૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ અસંજ્ઞીમાર્ગણામાં મનુષ્યો લબ્ધિ-અપર્યાપ્તા જ હોય છે. અને લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યને પહેલું એક જ ગુણઠાણુ હોય છે. તેથી અસંજ્ઞીમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે અપર્યાપ્તનામકર્મ અને મનુષ્યત્રિકનો ઉદય હોતો નથી.

પર્યાપ્તા અસંજ્ઞી તિર્યંચને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે અને નિદ્રાપંચકનો ઉદય શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી થાય છે. તેથી અસંજ્ઞીમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે નિદ્રાપંચકનો ઉદય હોતો નથી.

-: સંજ્ઞીમાર્ગણા સમાપ્ત :-

આહારીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

આહારી અને અણાહારી માર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

ઓઘવ્વ આણુપુવ્વી, વિણ આહારે ભવે અણાહારે ।
કમ્મવ્વ ણવરિ ઓઘવ્વ અજોગિમ્મિ ત્તિ ઉદયસામિત્તં ॥ ૮૨ ॥

ગાથાર્થ :- આહારીમાર્ગણામાં ઓઘની જેમ આનુપૂર્વી વિના ઉદયસ્વામિત્વ જાણવું અને અણાહારીમાર્ગણામાં કાર્મણકાયયોગની જેમ ઉદયસ્વામિત્વ જાણવું પરંતુ અયોગીગુણઠાણે ઓઘની જેમ ઉદય - સ્વામિત્વ કહેવું. એ પ્રમાણે, ૬૨ માર્ગણામાં ઉદયસ્વામિત્વ કહ્યું...

વિવેચન :- આહારીમાર્ગણામાં ઓઘે ચાર આનુપૂર્વી વિના **જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૪ + નામ-૬૩** [ચાર આનુપૂર્વી વિના] + **ગો૦૨ + અંત૦૫** = **૧૧૮** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાં જ હોય છે. તે વખતે જીવ નિયમા અણાહારી હોય છે, આહારી હોતો નથી. એટલે આહારીમાર્ગણામાં એકે ય આનુપૂર્વીનો ઉદય હોતો નથી.

આહારીમાર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણે ઉદયસ્વામિત્વ :-

(૧) મિથ્યાત્વગુણઠાણે જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦ ૨૬ [૨૮માંથી મિશ્રમો૦, સ૦મો૦ વિના] + આયુ૦૪ + નામ- ૬૦ [**૬૩માંથી** આહા૦દ્વિક, જિનનામ વિના] + ગો૦૨ + અંત૦૫ =૧૧૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૨) સાસ્વાદનગુણઠાણે જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦ ૨૫ [૨૬માંથી મિથ્યાત્વમોહ૦ વિના] + આયુ૦૪ + નામ - ૫૬ [**૬૦માંથી** સૂક્ષ્મત્રિક, આતપ વિના] + ગો૦૨ + અંત૦૫ =૧૦૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૩) મિશ્રગુણઠાણે જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૨ [અનંતાનુબંધી-૪ બાદ કરીને, મિશ્રમો૦ ઉમેરવી] + આયુ૦૪ + **નામ** - ૫૧ [૫૬માંથી જાતિ-૪ અને સ્થાવર વિના] + ગો૦૨+ અંત૦૫ = ૧૦૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૪) **સમ્યક્ત્વગુણઠાણે જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦૨૨** [મિશ્રમો૦ બાદ કરીને, સ૦મો૦ ઉમેરવી] + આયુ૦૪+ નામ- **૫૧** + ગો૦૨+ અંત૦૫ =**૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

(૫) **દેશવિરતિગુણઠાણે** જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મો૦ ૧૮ [૨૨માંથી અપ્ર૦૪ વિના]+ **આયુ૦૨** [નરકાયુ - દેવાયુ વિના] + નામ - **૪૪** [**૫૧**માંથી નરકગતિ, દેવગતિ, વૈક્રિયદ્વિક, દુર્ભગ, અનાદેય, અયશ વિના]+ગો૦૨+ અંત૦૫=૮૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે. **૬થી૧૩** ગુણઠાણા સુધી કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું..

અણાહારીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ :-

જયારે જીવ માત્ર કાર્મણકાયયોગી જ હોય છે ત્યારે અવશ્ય અણાહારી હોય છે. તેથી અણાહારીમાર્ગણામાં કાર્મણકાયયોગની જેમ ઓઘે-૮૭, મિથ્યાત્વે-૮૫, સાસ્વાદને-૭૯, સમ્યક્ત્વે-૭૩ અને સયોગી ગુણઠાણે-૨૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

અયોગી કેવલીભગવંતો કાર્મણકાયયોગી નથી પણ અણાહારી છે. એટલે અણાહારીમાર્ગણામાં ચૌદમે ગુણઠાણે કર્મસ્તવમાં કહ્યાં મુજબ ૧૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સિદ્ધભગવંત અણાહારી હોય છે પણ તેઓ અષ્ટકર્મથી રહિત હોવાથી, કર્મનો ઉદય હોતો નથી.

-: આહારીમાર્ગણા સમાપ્ત :-

૬૨ માર્ગણામાં ઉદયસ્વામિત્વ

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણ-ઠાણા હોય?	ઓઘે	મિથ્યાત્વ	સાસ્વાદન	મિશ્ર	સમ્યક્ત્વ	દેશવિરતિ	પ્રમત્ત	અપ્રમત્ત	અપૂર્વકરણ	અનિવૃત્તિ	સૂક્ષ્મસંપરાય	ઉપશાંત	ક્ષીણમોહ	સયોગી	અયોગી
૧	સામાન્યથી **નરકગતિ**	૧થી૪	૭૬	૭૪	૭૨	૬૯	૭૦										
નરકગતિ	રત્નપ્રભાદિ-૩ નરક	૧થી૪	૭૬	૭૪	૭૨	૬૯	૭૦										
	પંકપ્રભાદિ-૪ નરક	૧થી૪	૭૬	૭૪	૭૨	૬૯	૬૯										
૨	સામાન્યથી **તિર્યંચગતિ**	૧થી૫	૧૦૭	૧૦૫	૧૦૦	૯૧	૯૨	૮૪									
તિર્યંચગતિ	પર્યાપ્તા તિર્પંચે૦	૧થી૫	૯૮	૯૬	૯૫	૯૧	૯૨	૮૪									
	અપ૦તિ૦પંચે૦	૧લું	૭૧	૭૧													
૩	**મનુષ્યગતિ**	૧થી૧૪	૧૦૨	૯૭	૯૫	૯૧	૯૨	૮૩	૮૧	૭૬	૭૨	૬૬	૬૦	૫૯	૫૭/૫૫	૪૨	૧૨
૪	સામાન્યથી **દેવગતિ**	૧થી૪	૮૦	૭૮	૭૭	૭૩	૭૪										
દેવગતિ	ભવનપત્યાદિક-૩	૧થી૪	૮૦	૭૮	૭૭	૭૩	૭૩										
	પહેલા બે દેવલોક	૧થી૪	૮૦	૭૮	૭૭	૭૩	૭૪										
	ઉથી૯ ગ્રૈવેયક	૧થી૪	૭૯	૭૭	૭૬	૭૨	૭૩										
	અનુત્તર	૪થું	૭૩				૭૩										
૫	**એકેન્દ્રિય**	૧લું,૨જું	૮૦	૮૦	૬૭												
૬	**બેઇન્દ્રિય**	૧લું,૨જું	૮૨	૮૨	૬૯												

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણસ્થાનક હોય?	ગતિ	ઇન્દ્રિય	કાય	યોગ	વેદ	કષાય	જ્ઞાન	સંયમ	દર્શન	લેશ્યા	ભવ્ય	સંજ્ઞી	આહારી
૭	તેઇન્દ્રિય	૧લું,૨જું	૮૨	૮૨	૬૯										૧૨
૮	ચઉરિન્દ્રિય	૧લું,૨જું	૮૨	૮૨	૬૯										૧૨
૯	પંચેન્દ્રિય	૧થી૧૪	૧૧૪	૧૦૯	૧૦૬	૧૦૦	૧૦૪	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
૧૦	પૃથ્વીકાય	૧લું,૨જું	૭૯	૭૯	૬૭	૭૩	૭૬	૭૯	૭૧	૬૬	૩૬	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
૧૧	અપ્કાય	૧લું,૨જું	૭૮	૭૮	૬૭	૭૩	૭૬	૭૯	૭૧	૬૬	૩૬	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
૧૨	તેઉકાય	૧લું	૭૬	૭૬	૬૬	૭૩	૭૬	૭૯	૭૧	૬૬	૩૬	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
૧૩	વાઉકાય	૧લું	૭૬	૭૬	૬૬	૭૩	૭૬	૭૯	૭૧	૬૬	૩૬	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
૧૪	વનસ્પતિકાય	૧લું,૨જું	૭૯	૭૯	૬૭	૭૩	૭૬	૭૯	૭૧	૬૬	૩૬	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
૧૫	ત્રસકાય	૧થી૧૪	૧૧૭	૧૧૨	૧૦૯	૧૦૦	૧૦૪	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
મનોયોગ	સામાન્યથી મનોયોગ	૧થી૧૩	૧૦૯	૧૦૪	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
	સત્ય૦, વ્યવ૦મનો૦	૧થી૧૩	૧૦૯	૧૦૪	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
	અસત્ય, મિશ્રમનો૦	૧થી૧૨	૧૦૮	૧૦૪	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	
વચનયોગ	સામાન્યથી વચનયોગ	૧થી૧૩	૧૧૨	૧૦૭	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
	સત્યવચનયોગ	૧થી૧૩	૧૦૯	૧૦૪	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨
	અસત્ય, મિશ્રવચનયોગ	૧થી૧૨	૧૦૮	૧૦૪	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	
	વ્યવહારવચનયોગ	૧થી૧૩	૧૧૨	૧૦૭	૧૦૩	૧૦૦	૧૦૦	૮૭	૮૧	૭૬	૫૩	૬૨	૫૬	૫૭/૫૫	૪૨

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણ-સ્થાનો હોય?	અલ્પ	મિથ્યાત્વ	સાસ્વાદન	મિશ્ર	અસંયમ	દેશવિરતિ	પ્રમત્ત	અપ્રમત્ત	અપૂર્વકરણ	અનિવૃત્તિકરણ	સૂક્ષ્મલો	ઉપશાંત	ક્ષીણમોહ	સયોગી	અયોગી
૧૮	સામાન્યથી કાયયોગ	૧થી૧૩	૧૨૨	૧૧૭	૧૧૧	૧૦૦	૧૦૪	૮૭	૮૧	૭૬	૭૨	૬૬	૬૦	૫૯	૫૭/૫૫	૪૨	
૧	ઔદારિકકાયયોગ	૧થી૧૩	૧૦૮	૧૦૬	૯૭	૯૪	૯૪	૮૭	૭૯	૭૬	૭૨	૬૬	૬૦	૫૯	૫૭/૫૫	૪૨	
૨	ઔદારિકમિશ્રયોગ	૧/૨/૪/૧૩	૧૦૧	૯૯	૯૦		૮૦										૩૬
૩	વૈક્રિયકાયયોગ	૧થી૪	૮૬	૮૪	૮૩	૮૦	૮૦										
૪	વૈક્રિયમિશ્રયોગ	૧/૨/૪	૭૭	૭૬	૭૦		૭૧										
૫	આહારકકાયયોગ	૬ઠ્ઠું, ૭મું	૬૨						૬૨	૬૨							
૬	આહારકમિશ્રયોગ	૬ઠ્ઠું	૫૬						૫૬								
૭	કાર્મણકાયયોગ	૧/૨/૪/૧૩	૮૭	૮૫	૭૮		૭૩									૨૫	
૧૯	પુરુષવેદ	૧થી૯	૧૦૭	૧૦૩	૧૦૨	૯૬	૯૬	૮૫	૭૯	૭૪	૭૦	૬૪					
૨૦	સ્ત્રીવેદ	૧થી૯	૧૦૫	૧૦૩	૧૦૨	૯૬	૯૬	૮૫	૭૭	૭૪	૭૦	૬૪					
૨૧	નપુંસકવેદ	૧થી૯	૧૧૬	૧૧૨	૧૦૬	૯૬	૯૭	૮૫	૭૯	૭૪	૭૦	૬૪					
	અવેદમાર્ગણા	૯થી૧૪	૬૪									૬૩	૬૦	૫૯	૫૭/૫૫	૪૨	૧૨
૨૨	ક્રોધ	૧થી૯	૧૦૯	૧૦૫	૯૯	૯૧	૯૫	૮૧	૭૯	૭૩	૬૯	૬૩					
૨૩	માન	૧થી૯	૧૦૯	૧૦૫	૯૯	૯૧	૯૫	૮૧	૭૯	૭૩	૬૯	૬૩					
૨૪	માયા	૧થી૯	૧૦૯	૧૦૫	૯૯	૯૧	૯૫	૮૧	૭૯	૭૩	૬૯	૬૩					

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા દ્વારમાં કેટલા ભેદ?	ગતિ	ઇન્દ્રિય	કાય	યોગ	વેદ	કષાય	જ્ઞાન	સંયમ	દર્શન	લેશ્યા	ભવ્ય	સંજ્ઞી	આહારી
૨૫	લોભ	૧થી૧૦	૧૦૯	૧૦૫	૯૯	૯૧	૯૫	૧	૮૪	૭૩	૬૩	૬૯	૬૨	૨	૧૨
	અકષાયમાર્ગણા	૧૧થી૧૪	૬૦												
૨૬	મતિજ્ઞાન	૪થી૧૨	૧૦૬			૧૦૪	૬૭	૮૧	૭૧	૭૩	૬૬	૬૨	૬૨	૨	૧૨
૨૭	શ્રુતજ્ઞાન	૪થી૧૨	૧૦૬			૧૦૪	૬૭	૮૧	૭૧	૭૩	૬૬	૬૨	૬૨	૨	૧૨
૨૮	અવધિજ્ઞાન	૪થી૧૨	૧૦૬			૧૦૪	૬૭	૮૧	૭૧	૭૩	૬૬	૬૨	૬૨	૨	૧૨
૨૯	મનઃપર્યવજ્ઞાન	૬થી૧૨	૮૧					૮૧	૭૧	૭૩	૬૬	૬૨	૬૨	૨	૧૨
૩૦	કેવળજ્ઞાન	૧૩મું,૧૪મું	૪૨											૨	૧૨
૩૧	મતિ-અજ્ઞાન	૧થી૩	૧૧૮	૧૧૭	૧૧૧	૧૦૦									
૩૨	શ્રુત-અજ્ઞાન	૧થી૩	૧૧૮	૧૧૭	૧૧૧	૧૦૦									
૩૩	વિભંગજ્ઞાન	૧થી૩	૧૦૭	૧૦૬	૧૦૪	૧૦૦									
૩૪	સામાયિકચારિત્ર	૬થી૯	૮૧						૮૧	૭૬	૭૨	૬૬			
૩૫	છેદોપસ્થાપનીયચારિત્ર	૬થી૯	૮૧						૮૧	૭૬	૭૨	૬૬			
૩૬	પરિહારવિશુદ્ધિચારિત્ર	૬ઠ્ઠું, ૭મું	૭૩						૭૩	૭૦					
૩૭	સૂક્ષ્મસંપરાયચારિત્ર	૧૦મું	૬૦										૬૦		
૩૮	યથાખ્યાતચારિત્ર	૧૧થી૧૪	૬૦											૨	૧૨

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણ-ઠાણા હોય?	ગતિ	ઇન્દ્રિય	કાય	યોગ	વેદ	કષાય	જ્ઞાન	સંયમ	દર્શન	લેશ્યા	ભવ્ય	સંજ્ઞી	આહારી
૩૯	દેશવિરતિ	૫ મું	૮૭				૮૭								
૪૦	અવિરતિ	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૭	૧૦૪		૧૦૪	૧૦૦	૧૦૨	૩	૬	૩૬	૭૨	૨
૪૧	ચક્ષુદર્શન	૧થી૧૨	૧૧૪	૧૧૦	૧૦૭	૧૦૦	૧૦૪	૧૦૪	૧૦૦	૧૦૨	૩	૬	૩૬	૭૨	૨
૪૨	અચક્ષુદર્શન	૧થી૧૨	૧૨૧	૧૧૭	૧૧૭	૧૦૦	૧૦૪	૧૦૪	૧૦૦	૧૦૨	૩	૬	૩૬	૭૨	૨
૪૩	અવધિદર્શન	૪થી૧૨	૧૦૬				૧૦૪	૮૭	૮૭	૧૦૩	૩	૬	૩૬	૭૨	૨
૪૪	કેવળદર્શન	૧૩મું૧૪મું	૪૨					૧૫	૧૫	૭	૩	૧	૨	૨	૨
૪૫	કૃષ્ણલેશ્યા	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૭	૧૦૦	૧૦૪								
૪૬	નીલલેશ્યા	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૭	૧૦૦	૧૦૪								
૪૭	કાપોતલેશ્યા	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૭	૧૦૦	૧૦૪								
૪૮	કૃષ્ણલેશ્યા	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૧	૧૦૦	૧૦૨								
	નીલલેશ્યા	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૧	૧૦૦	૧૦૨								
	કાપોતલેશ્યા	૧થી૪	૧૧૯	૧૧૭	૧૧૧	૧૦૦	૧૦૩								
૪૮	તેજોલેશ્યા	૧થી૭	૧૧૧	૧૦૭	૧૦૬	૯૮	૧૦૧	૮૭	૮૭	૩૬					
૪૯	પદ્મલેશ્યા	૧થી૭	૧૦૯	૧૦૫	૧૦૪	૯૮	૧૦૦	૮૭	૮૭	૩૬					
૫૦	શુક્લલેશ્યા	૧થી૧૩	૧૧૦	૧૦૫	૧૦૪	૯૮	૧૦૦	૮૭	૮૭	૩૬	૩૨	૬૩	૬૩	૫૮	૨૪

ક્રમ	માર્ગણાનું નામ	કેટલા ગુણસ્થાનક હોય?	ક્યારે	કેટલા	સ્પર્શના	ક્ષેત્ર	સ્પર્શના	કેટલા	ક્યારે	કાળ	ક્યાં	ક્યારે	કેટલા	કોને	કેવા	ક્યાંથી
૫૧	ભવ્ય	૧થી૧૪	૧૨૨	૧૧૭	૧૧૧	૧૦૦	૧૦૪	૮૭	૮૧	૭૬	૭૬	૭૨	૬૩	૫૯	૫૭/૫૫	૧૨
૫૨	અભવ્ય	૧લું	૧૧૭	૧૧૭												
૫૩	ક્ષાયિકસમ્યક્ત્વ	૪થી૧૪	૧૦૧				૯૮	૭૭	૭૫	૭૦	૭૦	૬૪	૫૮	૫૭	૫૭/૫૫	૧૨
૫૪	ઉપશમસમ્યક્ત્વ	૪થી૧૧	૧૦૦				૧૦૦	૭૮	૭૫	૭૬	૭૨	૬૪	૬૦	૫૮		
૫૫	ક્ષયોપશમસમ્યક્ત્વ	૪થી૭	૧૦૬				૧૦૪	૭૭	૭૧	૭૬						
૫૬	મિશ્ર	૩જું	૧૦૦			૧૦૦										
૫૭	સાસ્વાદન	૨જું	૧૧૧		૧૧૧											
૫૮	મિથ્યાત્વ	૧લું	૧૧૭	૧૧૭												
૫૯	સંજ્ઞી	૧થી૧૨	૧૧૩	૧૦૯	૧૦૬	૧૦૦	૧૦૪	૭૭	૭૧	૭૬	૭૨	૬૪	૬૦	૫૯	૫૭/૫૫	
૬૦	અસંજ્ઞી	૧થી૨	૧૦૮	૧૦૯	૮૮											
૬૧	આહારી	૧થી૧૩	૧૧૮	૧૧૩	૧૦૮	૧૦૦	૧૦૦	૭૭	૭૧	૭૬	૭૨	૬૪	૬૦	૫૯	૫૭/૫૫	૪૨
૬૨	અણાહારી	૧/૨/૪/ ૧૩/૧૪	૭૭	૮૫	૭૯		૭૩									૨૫ ૧૨

ઉદીરણાસ્વામિત્વ

उदयव्वुदीरणाए, सव्वह ओघव्व उण विसेसो वि ।
मुणिवीरसेहरथुअं, णमह णुदयुदीरणं वीरं ॥ ८३॥

ગાથાર્થ :- સર્વ માર્ગણામાં ઉદયની જેમ ઉદીરણાસ્વામિત્વ જાણવું. પરંતુ ઓઘની જેમ વિશેષતાઓ પણ કહેવી.

ગ્રંથની સમાપ્તિમાં મુનિશ્રી વીરશેખરવિજયજી મહારાજા સકલકર્મોની ઉદય-ઉદીરણાથી રહિત એવા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરવા પૂર્વક સ્તવના કરી રહ્યાં છે.

વિવેચન :- સામાન્યથી જે માર્ગણામાં જે ગુણઠાણે જેટલી કર્મપ્રકૃતિનો ઉદય હોય છે. તે માર્ગણામાં તે ગુણઠાણે તેટલી કર્મપ્રકૃતિની ઉદીરણા થાય છે. પરંતુ વિશેષ એ છે કે, કર્મસ્તવમાં કહ્યાં મુજબ **શાતા-અશાતા અને મનુષ્યાયુનો ઉદય ચૌદમા ગુણઠાણાના ચરમસમય સુધી હોય છે અને ઉદીરણા ૧થી ૬ ગુણઠાણા સુધી જ હોય છે.** તેમજ અયોગીગુણઠાણે યોગના અભાવે મનુષ્યગતિ વગેરે-૧૨ પ્રકૃતિની ઉદીરણા થતી નથી. તેથી જે માર્ગણામાં ૧ થી ૬ ગુણસ્થાનકોમાંથી જે ગુણઠાણે જેટલી પ્રકૃતિનો ઉદય હોય છે. તે માર્ગણામાં તે ગુણઠાણે તેટલી પ્રકૃતિની ઉદીરણા થાય છે. પરંતુ **જે માર્ગણામાં અપ્રમત્તાદિગુણસ્થાનકો સંભવે છે. તે માર્ગણામાં અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાંથી જે ગુણઠાણે જેટલી પ્રકૃતિનો ઉદય હોય છે તે માર્ગણામાં તે ગુણઠાણે તેટલી પ્રકૃતિમાંથી શાતા-અશાતા અને મનુષ્યાયુ એ-૩ પ્રકૃતિ ઓછી કરીને, બાકીની સર્વે પ્રકૃતિની ઉદીરણા થાય છે.**

દા.ત. મનુષ્યગતિમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે ૯૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે અને ૯૭ પ્રકૃતિની ઉદીરણા થાય છે.

★ સાસ્વાદને ૯૫ પ્રકૃતિનો ઉદય અને ૯૫ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ મિશ્રે ૯૧ પ્રકૃતિનો ઉદય અને ૯૧ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ સમ્યક્ત્વે ૯૨ પ્રકૃતિનો ઉદય અને ૯૨ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ દેશવિરતે ૮૩ પ્રકૃતિનો ઉદય અને ૮૩ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ પ્રમત્તે ૮૧ પ્રકૃતિનો ઉદય અને ૮૧ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ અપ્રમત્તે ૭૬ પ્રકૃતિનો ઉદય અને ૭૩ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ અપૂર્વકરણે ૭૨ પ્રકૃતિનો ઉદય અને ૬૯ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ અનિવૃત્તિગુણઠાણે ૬૬ પ્રકૃતિનો ઉદય અને ૬૩ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ સૂક્ષ્મસંપરાયે-૬૦ પ્રકૃતિનો ઉદય અને ૫૭ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ ઉપશાંતમોહે ૫૯ પ્રકૃતિનો ઉદય અને ૫૬ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ ક્ષીણમોહે-૫૭ પ્રકૃતિનો ઉદય અને ૫૪ પ્રકૃતિની ઉદીરણા થાય છે.
★ સયોગીગુણઠાણે. ૪૨ પ્રકૃતિનો ઉદય અને ૩૯ પ્રકૃતિની ઉદીરણા થાય છે.

ચૌદમા ગુણઠાણે મનુષ્યગતિ વગેરે ૧૨ પ્રકૃતિનો ઉદય હોય છે પણ યોગના અભાવે એકે ય પ્રકૃતિની ઉદીરણા થતી નથી.

એ પ્રમાણે, સર્વેમાર્ગણામાં ઉદીરણાસ્વામિત્વ સમજી લેવું.

सिरिपेमसूरिगुरुवररज्जे भूवा गहिंदुणह [२०१९] वासे।
वीरांऽकमय जिणद्दे [२४८९] जावालपुरे समत्तमिमं ॥८४॥

ગાથાર્થઃ- શ્રી પ્રેમસૂરીશ્વરગુરુવરના સામ્રાજ્યમાં શ્રી મુનિ વીરશેખરવિજયજી મહારાજે વિક્રમ સંવત ૨૦૧૯ અને વીર સંવત ૨૦૮૯ સાલમાં જાવલનગરે ઉદય અને ઉદીરણાસ્વામિત્વની રચના સમાપ્ત કરી છે.

આચાર્ય શ્રી વિજયવીરશેખરસૂરીશ્વરમહારાજા વિરચિત

ઉદય-ઉદીરણાસ્વામિત્વ સમાપ્ત



★ અનાદિકાળથી માંડીને સત્તાવિચ્છેદસ્થાન સુધી સર્વે જીવને જ્ઞાનાવરણીયકર્મની મતિજ્ઞાનાવરણીયાદિ-**૫** અને અંતરાયકર્મની દાનાન્તરાયાદિ-**૫** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે.

★ અનાદિકાળથી માંડીને નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી સર્વે જીવને દર્શનાવરણીયકર્મની **નવ** પ્રકૃતિ સત્તામાં હોય છે. ક્ષપકને નવમા ગુણઠાણાના બીજાભાગથી માંડીને ૧૨મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી થીણદ્ધિત્રિક વિના **૬** પ્રકૃતિ સત્તામાં હોય છે. અને ૧૨મા ગુણઠાણાના ચરમસમયે નિદ્રાદ્વિક વિના ચક્ષુદર્શનાવરણીયાદિ-૪ પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ અનાદિકાળથી માંડીને **૧૪**મા ગુણઠાણાના દ્વિચરમસમય સુધી સર્વે જીવને શાતા-અશાતા બન્ને કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે. અને અયોગીકેવલીને છેલ્લા સમયે બેમાંથી કોઇપણ એક જ વેદનીયકર્મ સત્તામાં હોય છે.

★ અનાદિકાળથી માંડીને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સર્વે જીવને મોહનીયકર્મની **૨૬** પ્રકૃતિ સત્તામાં હોય છે. ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી **૨૬** + **મિશ્ર** + **સ૦મો૦** = ૨૮ પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી મિથ્યાદૃષ્ટિજીવ જ્યારે સ૦મો૦ની ઉદ્વલના (સત્તામાંથી નાશ) કરે છે ત્યારે **૨૭** પ્રકૃતિ સત્તામાં રહે છે. તેમાંથી મિશ્રમો૦ની ઉદ્વલના (સત્તામાંથી નાશ) કરે છે. ત્યારે **૨૬** પ્રકૃતિ સત્તામાં રહે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતાનુબંધી ચતુષ્કની વિસંયોજના અથવા અનંતાનુબંધી ચતુષ્કનો ક્ષય કરે છે. ત્યારે **૨૪** પ્રકૃતિ સત્તામાં રહે છે. તેમાંથી મિથ્યાત્વમોહનીયનો ક્ષય થાય છે ત્યારે **૨૩** પ્રકૃતિ સત્તામાં રહે છે. તેમાંથી મિશ્રમોહનીયનો ક્ષય થાય છે ત્યારે **૨૨** પ્રકૃતિ સત્તામાં રહે છે. તેમાંથી સ૦મો૦નો ક્ષય થાય છે ત્યારે **૨૧** પ્રકૃતિ સત્તામાં

રહે છે. તે વખતે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. એટલે ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને મોહનીયકર્મની **૨૧** કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે.

ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યગ્દૃષ્ટિને ૮ થી **૧૧** ગુણઠાણા સુધી મોહનીયકર્મની **૨૪**, મતાંતરે **૨૮** અને ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને **૨૧** પ્રકૃતિ સત્તામાં હોય છે. ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણાથી ૯મા ગુણઠાણાના બીજા ભાગ સુધી **૨૧** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી મધ્યમકષાયાષ્ટક વિના ત્રીજા ભાગે-**૧૩**, નપુંસકવેદ વિના ચોથાભાગે-**૧૨**, સ્ત્રીવેદ વિના પાંચમા ભાગે-**૧૧**, હાસ્યષટ્ક વિના છઠ્ઠાભાગે-**૫**, પુરુષવેદ વિના સાતમા ભાગે-**૪**, સં૦ક્રોધ વિના આઠમા ભાગે-૩, સંજ્વલનમાન વિના નવમા ભાગે-૨ અને સં૦ માયા વિના ૧૦મા ગુણઠાણે **એક જ** સં૦લોભ સત્તામાં હોય છે.

એ રીતે, **મોહનીયકર્મના ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨** અને **૧** એમ કુલ "**૧૫**" સત્તાસ્થાન હોય છે.

એકી સાથે સત્તામાં રહેલી પ્રકૃતિના સમુદાયને સત્તાસ્થાન કહે છે.

કોઈપણ જીવે જો પરભવનું આયુષ્ય બાંધેલું હોય, તો તેને બે[1] આયુષ્ય સત્તામાં હોય છે અને જો પરભવનું આયુષ્ય બાંધેલુ ન હોય, તો ભોગવાતું એક જ આયુષ્ય સત્તામાં હોય છે.

(૧) જે જીવે જિનનામકર્મ અને આહારકદ્વિક બાંધેલું હોય, તેને સત્તામાં ૯૩ પ્રકૃતિ હોય છે. (૨) જે જીવે જિનનામકર્મ બાંધેલું ન હોય, પણ આહારકદ્વિક બાંધેલું હોય, તેને જિનનામ વિના ૯૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. (૩) જે જીવે જિનનામ બાંધેલું હોય પણ આહારકદ્વિક બાંધેલું ન હોય, તેને આહારકચતુષ્ક વિના ૮૯ પ્રકૃતિ સત્તામાં હોય છે. (૪)

(૧) જે મનુષ્યે પરભવનું મનુષ્યાયુષ્ય જ બાંધેલું હોય, તો તેને એક જ મનુષ્યાયુ સત્તામાં હોય છે અને જે તિર્યંચે પરભવનું તિર્યંચાયુ જ બાંધેલુ હોય, તો તેને એક જ તિર્યંચાયુ સત્તામાં હોય છે.

જે જીવે જિનનામ બાંધેલું ન હોય અને આહા૦દ્વિક પણ બાંધેલુ ન હોય, તેને જિનનામ અને આહારકચતુષ્ક વિના ૮૮ પ્રકૃતિ સત્તામાં હોય છે.

જે જીવને ૮૮ પ્રકૃતિ સત્તામાં છે. તે જીવ જ્યારે દેવદ્વિકની ઉદ્વલના (સત્તામાંથી નાશ) કરે છે. ત્યારે તેને ૮૬ પ્રકૃતિ સત્તામાં રહે છે. તે જ જીવ જ્યારે નરકદ્વિક અને વૈક્રિયચતુષ્કની ઉદ્વલના કરી નાંખે છે ત્યારે તેને ૮૦ પ્રકૃતિ સત્તામાં રહે છે અને તે જ જીવ જ્યારે તેઉકાય અથવા વાઉકાયમાં જઈને મનુષ્યદ્વિકની ઉદ્વલના કરી નાંખે છે ત્યારે તેને ૭૮ પ્રકૃતિ સત્તામાં રહે છે.

ક્ષપકશ્રેણીમાં (૧) ૯૩ પ્રકૃતિની સત્તાવાળા જીવને નવમા ગુણઠાણાના પહેલા ભાગે નામકર્મની **સ્થાવરાદિ-૧૩** પ્રકૃતિની સત્તાનો ક્ષય થવાથી ૮૦ પ્રકૃતિ સત્તામાં રહે છે. (૨) ૯૨ પ્રકૃતિની સત્તાવાળા જીવને **સ્થાવરાદિ-૧૩**નો ક્ષય થવાથી ૭૯ પ્રકૃતિ સત્તામાં રહે છે. (૩) ૮૯ પ્રકૃતિની સત્તાવાળા જીવને **સ્થાવરાદિ-૧૩** પ્રકૃતિનો ક્ષય થવાથી ૭૬ પ્રકૃતિ સત્તામાં રહે છે. અને (૪) ૮૮ પ્રકૃતિની સત્તાવાળા જીવને **સ્થાવરાદિ-૧૩** પ્રકૃતિનો ક્ષય થવાથી **૭૫** પ્રકૃતિ સત્તામાં રહે છે.

અયોગીગુણઠાણાના ચરમસમયે તીર્થંકરકેવલીભગવંતને (૧) **મનુષ્યગતિ** (૨) **પંચેન્દ્રિયજાતિ** (૩) **તીર્થંકરનામકર્મ** (૪) **ત્રસ** (૫) **બાદર** (૬) **પર્યાપ્તા** (૭) **સુભગ** (૮) **આદેય** અને (૯) **યશ** સત્તામાં હોય છે. તેમાંથી તીર્થંકરનામકર્મ વિના સામાન્યકેવલીને ૮ પ્રકૃતિ સત્તામાં હોય છે.

એ રીતે, નામકર્મના ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦[૨], ૭૯, ૭૮, ૭૬, **૭૫**, ૯ અને ૮ એમ કુલ **૧૨** સત્તાસ્થાન હોય છે.

● તેઉકાય અથવા વાઉકાયમાં ગયેલો જીવ જ્યારે ઉચ્ચગોત્રને ઉવેલી નાંખે છે. ત્યારે માત્ર નીચગોત્ર જ સત્તામાં રહે છે. અને અયોગીકેવલીગુણઠાણાના ચરમસમયે માત્ર ઉચ્ચગોત્ર જ સત્તામાં રહે છે.

---

(૨) નામકર્મમાં ૮૦નું સત્તાસ્થાન ૨ પ્રકારે છે. પરંતુ સંખ્યાની દૃષ્ટિએ તે બન્ને સમાન હોવાથી, એક જ ગણાય છે.

ગુણઠાણામાં મોહનીયકર્મનાં સત્તાસ્થાનઃ-

મિથ્યાત્વ ગુણઠાણે ૨૮, ૨૭, અને ૨૬નું સત્તાસ્થાન હોય છે.
સાસ્વાદન ગુણઠાણે ૨૮નું એક જ સત્તાસ્થાન હોય છે.
મિશ્ર ગુણઠાણે ૨૮, ૨૭, અને ૨૪નું સત્તાસ્થાન હોય છે.
સમ્યક્ત્વ ગુણઠાણે ૨૮, ૨૪, ૨૩, ૨૨ અને ૨૧નું સત્તાસ્થાન હોય છે.
દેશવિરતિ ગુણઠાણે ૨૮, ૨૪, ૨૩, ૨૨ અને ૨૧નું સત્તાસ્થાન હોય છે.
પ્રમત્ત ગુણઠાણે ૨૮, ૨૪, ૨૩, ૨૨ અને ૨૧નું સત્તાસ્થાન હોય છે.
અપ્રમત્ત ગુણઠાણે ૨૮, ૨૪, ૨૩, ૨૨ અને ૨૧નું સત્તાસ્થાન હોય છે.
અપૂર્વકરણ ગુણઠાણે **ઉપશમશ્રેણિ**માં ઉપશમસમ્યગ્દૃષ્ટિને ૨૮ અને ૨૪નું સત્તાસ્થાન હોય છે. **ઉપશમશ્રેણિ**માં ક્ષાયિકસમ્યક્ત્વીને ૨૧નું સત્તાસ્થાન હોય છે અને **ક્ષપકશ્રેણિ**માં ૨૧નું સત્તાસ્થાન હોય છે.
અનિવૃત્તિ ગુણઠાણે ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વીને ૨૮ અને ૨૪નું તથા **ક્ષાયિક સમ્યક્ત્વી**ને ૨૧નું સત્તાસ્થાન હોય છે. અને **ક્ષપકશ્રેણિ**માં ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨ અને ૧નું સત્તાસ્થાન હોય છે.
સૂક્ષ્મસંપરાય ગુણઠાણે **ઉપશમશ્રેણિ**માં ઉપશમ સમ્યક્ત્વીને ૨૮ અને ૨૪નું અને ક્ષાયિક સમ્યક્ત્વીને ૨૧નું સત્તાસ્થાન હોય છે. **ક્ષપકશ્રેણિ**માં ૧નું સત્તાસ્થાન હોય છે.
ઉપશાંતમોહ ગુણઠાણે ઉપશમશ્રેણિમાં ઉપશમ સમ્યક્ત્વીને ૨૮ અને ૨૪નું અને ક્ષાયિક સમ્યક્ત્વીને ૨૧નું સત્તાસ્થાન હોય છે.

ગુણઠાણામાં નામકર્મનાં સત્તાસ્થાનઃ-

મિથ્યાત્વગુણઠાણે ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮નું સત્તાસ્થાન હોય છે.
સાસ્વાદનગુણઠાણે ૯૨ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
મિશ્રગુણઠાણે ૯૨, અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
સમ્યક્ત્વગુણઠાણે ૯૩, ૯૨, ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
દેશવિરતિગુણઠાણે ૯૩, ૯૨, ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
પ્રમત્તગુણસ્થાનકે ૯૩, ૯૨, ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
અપ્રમત્તગુણઠાણે ૯૩, ૯૨, ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
અપૂર્વકરણગુણઠાણે ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિમાં ૯૩, ૯૨, ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
અનિવૃત્તિગુણઠાણે ઉપશમશ્રેણિમાં ૯૩, ૯૨, ૮૯ **અને ૮૮નું સત્તાસ્થાન હોય છે. ક્ષપકશ્રેણી**માં પહેલા ભાગ સુધી ૯૩, ૯૨, ૮૯ અને ૮૮ તથા બીજાભાગથી નવમા ભાગ સુધી ૮૦, ૭૯, ૭૬ અને ૭૫નું સત્તાસ્થાન હોય છે.
સૂક્ષ્મસંપરાયગુણઠાણે **ઉપશમશ્રેણી**માં ૯૩, ૯૨ ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે. અને **ક્ષપકશ્રેણી**માં ૮૦, ૭૯, ૭૬ **અને** ૭૫નું સત્તાસ્થાન હોય છે.
ઉપશાંતમોહગુણઠાણે ૯૩, ૯૨, ૮૯ અને ૮૮નું સત્તાસ્થાન હોય છે.
૧૨ થી ૧૪ મા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી ૮૦, ૭૯, ૭૬ અને ૭૫નું સત્તાસ્થાન હોય છે.
૧૪મા ગુણઠાણાના ચરમ સમયે ૯ અને ૮નું સત્તાસ્થાન હોય છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પૂજ્ય શ્રીવીરશેખરસૂરીશ્વર મહારાજા વિરચિત

સત્તાસ્વામિત્વ

મંગલાચરણ :-

હય નિખિલકમ્મસત્તં, સિરિવીરં વીરસેહરં સરિઉં ।
પયડીણ મગ્ગણાસું જહસુત્તં કહિમુ સત્તસામિત્તં ॥ ૧ ॥

ગાથાર્થઃ-વીરપુરુષોમાં શિરોમણી અને સંપૂર્ણ કર્મસત્તાનો ક્ષય કર્યો છે જેમણે એવા શ્રીવીરજિનેશ્વરનું સ્મરણ કરીને, જે પ્રમાણે સૂત્રમાં કહ્યું છે, તે પ્રમાણે માર્ગણામાં પ્રકૃતિનું સત્તાસ્વામિત્વ કહીશ.....

નરકગતિમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

નરકગતિમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

णिरयेसु विण सुराउं, सगचत्तसयं तहाऽज्जतुरिएसुं ।
बीए बायालसयं, आहारचउक्कतित्थूणा ॥૨॥

आहारचउक्कजुआ, हवेज्ज मीसे छचत्तसयमेवं ।
पढमचउत्थगुणेसु वि, तीसुं तुरिआइणिरयेसुं ॥૩॥

जिणणरदेवाऊ विण, पणचत्तअहियसयं तमतमाए ।
एवं गुणेसु चउसु वि, परमाहारचउगं विणा बीए ॥૪॥

ગાથાર્થ :- પહેલી ત્રણ નરકમાર્ગણામાં દેવાયુ વિના ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, પહેલા અને ચોથા ગુણઠાણે જાણવું. બીજાગુણઠાણે આહારકચતુષ્ક અને જિનનામ વિના ૧૪૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. મિશ્રગુણઠાણે આહારકચતુષ્ક યુક્ત કરતાં

૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ચોથી, પાંચમી અને છઠ્ઠી નરકમાં ૧થી૪ ગુણઠાણે સત્તાસ્વામિત્વ જાણવું. પરંતુ બીજા ગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોતી નથી.

તમસ્તમઃપ્રભા નરકમાં જિનનામ, મનુષ્યાયુ અને દેવાયુ વિના ૧૪૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ૧થી૪ ગુણઠાણામાં જાણવું. પરંતુ બીજાગુણઠાણામાં આહારકચતુષ્કની સત્તા હોતી નથી.

વિવેચનઃ- ગ્રન્થકાર ભગવંતે નરકગતિમાર્ગણા કુલ-૮ પ્રકારે કહી છે. (૧) સામાન્યથી નરકગતિ માર્ગણા (૨) પ્રથમ નરકમાર્ગણા (૩) બીજી નરકમાર્ગણા (૪) ત્રીજી નરકમાર્ગણા (૫) ચોથી નરકમાર્ગણા (૬) પાંચમી નરકમાર્ગણા (૭) છઠ્ઠી નરકમાર્ગણા અને (૮) સાતમી નરકમાર્ગણા છે. તેમાં સામાન્યથી નરકગતિમાર્ગણામાં **ઓઘે** જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૩ (દેવાયુ વિના) + નામ-૯૩ + ગો૦૨ + અંત૦૫ = **૧૪૭** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ નારક મરીને દેવ કે નરકમાં ઉત્પન્ન થતો નથી. તેથી દેવાયુ કે નરકાયુને બાંધતો નથી. તેથી દેવાયુની સત્તા હોતી નથી. પરંતુ નરકાયુને ભોગવી રહ્યો હોવાથી નરકાયુની સત્તા હોય છે.

સામાન્યથી નરકગતિમાર્ગણામાં ૧થી૪ ગુણઠાણે સત્તાસ્વામિત્વઃ-

(૧) **મિથ્યાત્વગુણઠાણે** જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૩ [દેવાયુ વિના] નામ-૯૩ + ગો૦૨ + અંત૦૫ = **૧૪૭** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ કોઈ મનુષ્ય જિનનામને બાંધીને નરકમાં જાય છે. તો કોઈ મનુષ્ય આહારકદ્વિકને બાંધીને નરકમાં જાય છે. એટલે નરકગતિમાં અનેક નારકોની અપેક્ષાએ ૯૩ પ્રકૃતિ સત્તામાં હોય છે. પરંતુ એક નારકની અપેક્ષાએ જિનનામ વિના-૯૨ પ્રકૃતિ સત્તામાં હોઈ શકે છે. કારણકે તીર્થંકરનામકર્મ અને આહા૦૪ની સત્તાવાળો કોઈ પણ જીવ નરકગતિમાં ઉત્પન્ન થતો નથી. એટલે એક નારકને ૯૩ પ્રકૃતિ સત્તામાં હોતી નથી.

★ જે જીવે પહેલા નરકાયુષ્ય બાંધેલુ હોય, પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામીને, વિશુદ્ધિના વશથી જિનનામને નિકાચિત કરે, તે જીવને નરકમાં

જતી વખતે મનુષ્યભવનું છેલ્લું એક જ અંતર્મુહૂર્ત જેટલું આયુષ્ય બાકી રહે છે ત્યારે મિથ્યાત્વગુણઠાણુ આવી જાય છે. પછી તે જીવ નરકમાં ઉત્પન્ન થઈને, સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ સમ્યક્ત્વ ગુણઠાણે આવી જાય છે. એટલે જિનનામની સત્તાવાળા જીવને મિથ્યાત્વગુણઠાણે મનુષ્યભવના છેલ્લા અંતર્મુહૂર્તમાં અને નારકભવના પહેલા અંતર્મુહૂર્તમાં ૮૯ પ્રકૃતિ સત્તામાં હોય છે. તે સિવાય અન્ય કોઈ પણ જીવને મિથ્યાત્વગુણઠાણે ૮૯ પ્રકૃતિ સત્તામાં હોતી નથી.

-: નરકગતિમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી દેવાયુ વિના	૫	૯	૨	૨૮	૩	૯૩	૨	૫	૧૪૭
એકને આશ્રયી ૩ આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૩ન૦	૯૨	૨	૫	૧૪૪
બદ્ધાયુને ૨ આયુ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૪ન૦	૮૯	૨	૫	૧૪૧
૩ આયુ+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	ન૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	ન૦	૮૮	૨	૫	૧૩૯
બદ્ધાયુને સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિમિ૦	૫	૯	૨	૨૬	ન૦	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯

-: નરકગતિમાં સાસ્વાદન ગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને દેવાયુ+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૮	૩	૮૮	૨	૫	૧૪૨
એકને ૩ આ૦+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૮	ન૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ૦+જિન૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧

(૩) એક નારકની અપેક્ષાએ જો પરભવાયુ બાંધેલુ હોય, તો બે આયુષ્ય સત્તામાં હોય છે. અને જો પરભવાયુ બાંધેલું ન હોય, તો એક જ આયુષ્ય સત્તામાં હોય છે.

(૪) જિનનામની સત્તાવાળા જીવને નરકભવમાં પહેલા અંતર્મુહૂર્તમાં જ મિથ્યાત્વગુણઠાણુ હોય છે. તે વખતે પરભવાયુનો બંધ થતો નથી. એટલે ૮૯ની સત્તાવાળા નારકને મિથ્યાત્વગુણઠાણે માત્ર નરકાયુની જ સત્તા હોય છે.

(૨) **સાસ્વાદન ગુણઠાણે** જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૩ + નામ-૮૮ [આહા૦૪+જિનનામ વિના] + ગો૦૨ + અં૦ ૫ = **૧૪૨** પ્રકૃતિ સત્તામાં હોય છે.

જિનનામને નિકાચિત કરનારો જીવ સામાન્યથી ચોથા ગુણઠાણેથી નીચે ઉતરતો નથી. પરંતુ જે જીવે પહેલા નરકાયુષ્ય બાંધેલું હોય, તે કાલાંતરે ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને, જિનનામને નિકાચિત કરે, તે જીવને નરકમાં જતી વખતે મનુષ્યભવના છેલ્લા અંતર્મુહૂર્તમાં અને નરકભવના પહેલા અંતમુહૂર્તમાં મિથ્યાત્વગુણઠાણુ આવી જાય છે એટલે તે જીવને મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા હોય છે. તે સિવાયનો કોઈપણ જીવ જિનનામની સત્તા લઈને ૪થા ગુણઠાણેથી નીચેના ગુણઠાણે આવતો નથી. એટલે બીજા-ત્રીજા ગુણઠાણે જિનનામની સત્તા હોતી નથી.

★ મનુષ્યગતિમાં જ આહારકચતુષ્કની સત્તા પ્રાપ્ત થાય છે. પછી તે જીવ આહારકચતુષ્કની સત્તા સહિત ચારે ગતિમાં જઈ શકે છે. તેથી ચારે ગતિમાં આહારકચતુષ્કની સત્તા હોય છે. પરંતુ કોઈપણ જીવ સાસ્વાદન ગુણઠાણુ લઈને નરકમાં જતો નથી. તેથી આહારકચતુષ્કની સત્તાવાળા જીવને પણ સાસ્વાદન ગુણઠાણુ લઈને નરકમાં જવાનું હોતું નથી. તેથી નારકોને સાસ્વાદનગુણઠાણે આહારક ચતુષ્ક સત્તામાં હોતું નથી....એટલે નારકોને સાસ્વાદન ગુણઠાણે જિનનામ અને આહારકચતુષ્ક વિના નામકર્મની - ૮૮ પ્રકૃતિ જ સત્તામાં હોય છે.

(૩) **મિશ્રગુણઠાણે** જ્ઞા૦૫+દ૦૯+વે૦૨+મો૦૨૮+આયુ૦૩+નામ-૯૨ [જિનનામ વિના] + ગો૦૨+અં૦૫=**૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ **કર્મગ્રંથનાં મતે** :- જે મિથ્યાદૃષ્ટિ જીવ આહારકચતુષ્કની સત્તા સહિત નરકમાં ઉત્પન્ન થાય છે. તે અંતર્મુહૂર્તકાળ પછી ત્રીજા ગુણઠાણે

આવી શકે છે. તેથી ત્રીજા ગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોય છે.

-: નરકગતિમાં મિશ્રગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ દે૦+જિન વિના	૫	૯	૨	૨૮	૩	૯૨	૨	૫	૧૪૬
એકની અપેક્ષાએ ૩આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ૦+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+જિ૦+આહા૦ ૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને દે૦+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૩	૯૨	૨	૫	૧૪૨
એકને ૩ આ૦+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૧૦	૯૨	૨	૫	૧૪૦
૨ આયુ૦+જિન૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩ આ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૧૦	૮૮	૨	૫	૧૩૬
૨ આ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧૦	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦

(૪) **સમ્યક્ત્વગુણઠાણે** જ્ઞા૦૫+દ૦૯ + વે૦૨ + મો૦૨૮ + આયુ૦૩ [દેવાયુ વિના] + નામ - ૯૩ + ગો૦૨ + અં૦૫ = ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે.

કોઇક કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી કે ક્ષાયિકસમ્યક્ત્વી જિનનામની સત્તા સહિત નરકમાં ઉત્પન્ન થઇ શકે છે. તો કોઇક કૃતકરણ ક્ષયોપશમ સમ્યક્ત્વી કે ક્ષાયિકસમ્યક્ત્વી આહારકચતુષ્કની સત્તા સહિત નરકમાં ઉત્પન્ન થઇ શકે છે. તો કોઇક મિથ્યાદૃષ્ટિ જીવ આહારકચતુષ્કની સત્તા સહિત નરકમાં ઉત્પન્ન થયા બાદ અંતર્મુહૂર્તમાં ચોથે ગુણઠાણે આવી શકે છે. તેથી સમ્યક્ત્વ ગુણઠાણે નારકોને જિનનામ અને આહારક ચતુષ્કની સત્તા હોય છે.

-: નરકગતિમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ દેવાયુ વિના	૫	૯	૨	૨૮	૩	૯૩	૨	૫	૧૪૭
એકની અપેક્ષાએ ૩ આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	ન૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ +આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	ન૦	૮૯	૨	૫	૧૪૧
૨ આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩ આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	ન૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને દેવાયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૩	૯૩	૨	૫	૧૪૩
એકને ૩ આયુ૦+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	ન૦	૯૨	૨	૫	૧૪૦
૨ આ૦+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩ આયુ૦+અનં૦૪+આહા૦૪વિના	૫	૯	૨	૨૪	ન૦	૮૯	૨	૫	૧૩૭
૨ આયુ+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૯	૨	૫	૧૩૮
૩ આયુ+અનં૦૪+આહા૦૪+ જિ૦ વિના	૫	૯	૨	૨૪	ન૦	૮૮	૨	૫	૧૩૬
૨ આયુ૦+અનં૦૪+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
અનેકાશ્રિત ૩ આયુ૦+અનં૦૪+મિ૦+મિશ્ર	૫	૯	૨	૨૨	ન૦[૫]	૯૩	૨	૫	૧૩૯
એકને આશ્રયી ૩આ૦+અનં૦૬+જિ૦વિના	૫	૯	૨	૨૨	ન૦	૯૨	૨	૫	૧૩૮
૩આ૦+અનં૦૪+મિ૦+મિ૦+આ૦૪વિના	૫	૯	૨	૨૨	ન૦	૮૯	૨	૫	૧૩૫
૩ આ૦+અનં૦૬+ આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૨	ન૦	૮૮	૨	૫	૧૩૪
અનેકને આશ્રયી ૨આયુ+૬૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૨[૬]	૯૩	૨	૫	૧૩૯
એકને ૩આ૦+૬૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	ન૦	૯૨	૨	૫	૧૩૭
૨ આયુ+ ૬૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩ આયુ+ ૬૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	ન૦	૮૯	૨	૫	૧૩૪
૨ આયુ+ ૬૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૯	૨	૫	૧૩૫
૩ આયુ+૬૦સ૦+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	ન૦	૮૮	૨	૫	૧૩૩
૨ આયુ+૬૦સ૦+આહા૦૪+જિ૦વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪

(૫) કૃતકરણ ક્ષયોપશમ સમ્યક્ત્વીને નરકભવમાં પહેલા એક અંતર્મુહૂર્ત સુધી જ મોહનીયકર્મની ૨૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. તે વખતે પરભવનું મનુષ્યાયુ બંધાતુ નથી. એટલે ૨૨ની સત્તાવાળા નારકીને માત્ર ભોગવાતું નરકાયુ જ સત્તામાં હોય છે.
(૬) ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ નારક મનુષ્યાયુ જ બાંધે છે. તેથી તેને નરકાયુ અને મનુષ્યાયુની જ સત્તા હોય છે. તિર્યંચાયુ અને દેવાયુ સત્તામાં હોતું નથી.

નરકગતિમાર્ગણામાં **૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮,૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨,૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬** અને **૧૪૭** એમ કુલ **"૧૫"** સત્તાસ્થાન હોય છે.

એ જ પ્રમાણે, **રત્નપ્રભાદિ-ત્રણ** નરકમાં સત્તાસ્વામિત્વ સમજવું.

પંકપ્રભાદિ - ૩ નરકમાં સત્તાસ્વામિત્વ :-

જિનનામની સત્તાવાળો જીવ પંકપ્રભાદિ નરકમાં ઉત્પન્ન થતો નથી. અને ત્યાં તથાવિધ વિશુદ્ધિના અભાવે જિનનામ બંધાતુ નથી. તેથી ત્યાં જિનનામની સત્તા હોતી નથી. એટલે પંકપ્રભાદિ - ૩ નરકમાર્ગણામાં **દેવાયુ** અને **જિનનામ** વિના ઓઘે - **૧૪૬**, મિથ્યાત્વે - **૧૪૬**, સાસ્વાદને આહારકચતુષ્ક વિના-**૧૪૨**, મિશ્રે - **૧૪૬** અને સમ્યક્ત્વે-**૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

તમસ્તમઃ પ્રભામાં સત્તાસ્વામિત્વ :-

જિનનામની સત્તાવાળો જીવ સાતમીનરકમાં ઉત્પન્ન થતો નથી અને ત્યાં તથાવિધ વિશુદ્ધિના અભાવે મનુષ્યાયુ બંધાતું નથી. એટલે સાતમીનરકમાં જિનનામ અને મનુષ્યાયુની સત્તા હોતી નથી. તેથી સાતમીનરકમાં ઓઘે **દેવાયુ, જિનનામ** અને **મનુષ્યાયુ** વિના **૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે. મિથ્યાત્વે - **૧૪૫**, સાસ્વાદને આહા૦૪ વિના-**૧૪૧**, મિશ્રે-**૧૪૫** અને સમ્યક્ત્વે - **૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે.

તિર્યંચગતિમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

સામાન્યથી તિર્યંચગતિ અને તિર્યંચપંચેન્દ્રિયમાં સત્તાસ્વામિત્વ :-

तिरिये पणिंदितिरिये, जिणं विणा सत्तचत्तसयमेवं ।
पंचसु वि गुणेसु परं, बीए आहारचउगूणा ॥५॥

ગાથાર્થઃ- સામાન્યથી તિર્યંચગતિ અને પંચેન્દ્રિયતિર્યંચ માર્ગણામાં જિનનામ વિના ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, પાંચે ગુણઠાણામાં સમજવું. પરંતુ બીજા ગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોતી નથી.

વિવેચન :- તિર્યંચગતિમાર્ગણામાં જિનનામ બંધાતું નથી અને નિકાચિત જિનનામની સત્તાવાળો જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થતો નથી. તેથી ત્યાં **ઓઘે** અને **મિથ્યાત્વે** જિનનામ વિના **૧૪૭** સત્તામાં હોય છે.

-: તિર્યંચગતિમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી જિ૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩ આયુ+જિ૦વિના	૫	૯	૨	૨૮	તિ૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આ૦+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	તિ૦	૮૮	૨	૫	૧૪૦
૨ આ૦+જિન+આહા૦૪વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	તિ૦	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ના ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	તિ૦	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯
દેવદ્વિકની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૬	તિ૦	૮૬	૨	૫	૧૩૬
દેવદ્વિકની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૬	૨	૮૬	૨	૫	૧૩૭
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૬	તિ૦	૮૦	૨	૫	૧૩૦
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૬	૨	૮૦	૨	૫	૧૩૧
ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૬	તિ૦[૭]	૮૦	ની૦	૫	૧૨૯
મનુષ્યદ્વિકની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૬	તિ૦	૭૮	ની૦	૫	૧૨૭

★ સપ્તતિકા[૮] ગ્રન્થમાં [છઠ્ઠાકર્મગ્રન્થમાં] ગાથાનં૦૪૯ની ટીકામાં કહ્યું છે કે, **"જે જીવ આહારકચતુષ્કને બાંધીને, ઉપશમ-શ્રેણીથી પડતા સાસ્વાદનભાવને પામે છે. તેને ૯૨નું સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. અન્યને નહિ."** એ શાસ્ત્રાનુસારે જે મનુષ્ય આહારકચતુષ્કને બાંધીને, ઉપશમશ્રેણીથી પડતાં, સાસ્વાદનભાવને પામે છે. તે મનુષ્યને સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્ક સત્તામાં

(૭) મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રની ઉદ્વલના તેઉ-વાઉ જ કરે છે. તે મરીને નિયમા તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે. તેથી તેને માત્ર તિર્યંચાયુની જ સત્તા હોય છે.

(૮) सासादनस्य द्वे सत्तास्थाने तद्यथा-द्विनवतिरष्टाशीतिश्च । तत्र द्विनवति र्यं आहारक चतुष्टयं बद्ध्वा उपशमश्रेणीतः प्रतिपतन् सासादनभावमुपगच्छति तस्य लभ्यते, न शेषस्य। [સપ્તતિકાગ્રન્થમાં ગાથા નં૦ ૪૯ની ટીકા]

હોય છે. અને આહારકચતુષ્કની સત્તાવાળો મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને, સાસ્વાદનભાવને પામ્યા પછી જો કાળ કરે, તો તે અવશ્ય દેવમાં જ ઉત્પન્ન થાય છે. બીજી કોઈ પણ ગતિમાં ઉત્પન્ન થતો નથી. તેથી દેવગતિમાં સાસ્વાદનગુણઠાણે ૯૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. બાકીની નરકગતિ કે તિર્યંચગતિમાં સાસ્વાદનગુણઠાણે ૯૨ પ્રકૃતિ સત્તામાં હોતી નથી.

-: તિર્યંચગતિમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ જિન+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૪	૮૮	૨	૫	૧૪૩
એકને ૩ આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	તિ૦	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧

-: તિર્યંચગતિમાં મિશ્રગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી જિન૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩ આયુ૦+ જિન૦વિના	૫	૯	૨	૨૮	તિ૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ+જિન૦+અહા૦૪ વિના	૫	૯	૨	૨૮	તિ૦	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને આશ્રયી જિન૦+અનં૦ ૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૨	૨	૫	૧૪૩
એકને ૩આયુ+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	તિ૦	૯૨	૨	૫	૧૪૦
૨આયુ૦+જિ૦+અનં૦૪વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩ આયુ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	તિ૦	૮૮	૨	૫	૧૩૬
૨આયુ+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	તિ૦	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦

★ મિથ્યાદૃષ્ટિ જીવ આહારકચતુષ્કની સત્તા સહિત તિર્યંચમાં ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત બાદ ત્રીજે ગુણઠાણે જઈ શકે છે. તેથી તિર્યંચ ગતિમાં મિશ્રગુણઠાણે **૧૪૩+આહા૦૪=૧૪૭** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ જેને પૂર્વે તિર્યંચાયુષ્ય બાધેલું છે એવો ૯૨ની સત્તાવાળો કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી કે ક્ષાયિકસમ્યક્ત્વી કાળ કરીને, યુગલિકતિર્યંચમાં ઉત્પન્ન થઈ શકે છે અને કોઈક મિથ્યાદૃષ્ટિ જીવ આહા૦૪ની સત્તા સહિત તિર્યંચમાં ઉત્પન્ન થયા બાદ અંતર્મુહૂર્તમાં ચોથે ગુણઠાણે આવી શકે છે. ત્યાંથી પાંચમે ગુણઠાણે પણ આવી શકે છે. તેથી તિર્યંચગતિમાર્ગણામાં સમ્યક્ત્વગુણઠાણે અને દેશવિરતિ ગુણઠાણે જિનનામ વિના **૧૪૭** પ્રકૃતિ સત્તામાં હોય છે.

-: તિર્યંચગતિમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ જિન૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩આયુ૦+ જિન૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ+જિન૦+આહા૦ ૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+જિ૦+આહા૦ ૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને જિન૦+અનં૦ ૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૨	૨	૫	૧૪૩
એકને ૩ આયુ+જિ૦+અનં૦ ૪ વિના	૫	૯	૨	૨૪	૧	૯૨	૨	૫	૧૪૦
૨આયુ૦+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩ આયુ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૮૮	૨	૫	૧૩૬
૨આયુ+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
૩ આ૦+જિન+અનં૦૪+મિ૦+મિશ્ર વિના	૫	૯	૨	૨૨	તિ૦	૯૨	૨	૫	૧૩૮
૩ આ૦+જિન+અનં૦ ૬+આહા૦૪ વિના	૫	૯	૨	૨૨	તિ૦	૮૮	૨	૫	૧૩૪
૩ આયુ+દર્શનસપ્તક+જિ૦ વિના	૫	૯	૨	૨૧	તિ૦	૯૨	૨	૫	૧૩૭
૨આયુ+દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩ આ૦+દ૦સ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	તિ૦	૮૮	૨	૫	૧૩૩
૨આ૦+દ૦સ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪

-: તિર્યંચગતિમાં દેશવિરતિગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ જિન૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩આયુ૦+ જિન૦ વિના	૫	૯	૨	૨૮	તિ૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ+જિન વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	તિ૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને જિન+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૨	૨	૫	૧૪૩
એકને ૩આયુ+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	તિ૦	૯૨	૨	૫	૧૪૦
૨આયુ+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ+જિ૦+અનં૦૪+આહા૦૪વિના	૫	૯	૨	૨૪	તિ૦	૮૮	૨	૫	૧૩૬
૨આયુ+જિ૦+અનં૦૪+આહા૦૪વિના	૫	૯	૨	[૯]૨૪	૨	૮૮	૨	૫	૧૩૭

તિર્યંચગતિમાર્ગણામાં **૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૩, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૪, ૧૪૫ અને ૧૪૭ એમ** કુલ **૧૬** સત્તાસ્થાન ઘટે છે.

એ જ પ્રમાણે, **તિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં** સમજી લેવું.

અપર્યાપ્ત તિ૦પં૦ અને અ૦મનુષ્યમાં સત્તાસ્વામિત્વ:-

અ૦તિ૦પં૦, અ૦મનુષ્ય અને દેવગતિમાં સત્તાસ્વામિત્વ :-

असमत्त पणिंदि तिरिय-णरेसु विण तित्थणारगसुराऊ ।
पणयालीसजुअसयं, देवेसु विणाऽत्थि णिरयाऊ ॥६॥
सगयालीसहियसयं, एवं तुरिए गुणम्मि तित्थूणा ।
छायालब्भहियसयं, आइमदुइअतइअगुणेसुं ॥७॥

---

(૯) જે મનુષ્યે પૂર્વે યુગલિક તિર્યંચનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય, તે મનુષ્ય મૃત્યુ પામીને યુગલિક તિર્યંચમાં ઉત્પન્ન થાય છે ત્યાં તેને ૪થું જ ગુણઠાણું હોય છે. પાંચમું ગુણઠાણું પ્રાપ્ત થતુ નથી. અને કોઈપણ દેશવિરતિ તિર્યંચ ક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી તિર્યંચગતિમાર્ગણામાં દેશવિરતિ ગુણઠાણે મોહનીયકર્મનું ૨૧ પ્રકૃતિનું સત્તાસ્થાન હોતું નથી.

ગાથાર્થ:- લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્ત મનુષ્યગતિમાર્ગણામાં તીર્થંકરનામકર્મ, નરકાયુ અને દેવાયુ વિના ૧૪૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. અને દેવગતિમાર્ગણામાં નરકાયુ વિના ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ચોથા ગુણઠાણે સમજવું. તથા પહેલા, બીજા અને ત્રીજા ગુણઠાણે જિનનામ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :- લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચપંચેન્દ્રિયમાર્ગણામાં અને લબ્ધિ-અપર્યાપ્ત મનુષ્યગતિમાર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે જ્ઞા૦૫+ દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૨** [દેવાયુ-નરકાયુ વિના] + **નામ-૯૨** [જિનનામ વિના] + **ગો૦૨ + અંત૦૫ = ૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ જિનનામની સત્તાવાળો જીવ લબ્ધિ-અપર્યાપ્તમાં ઉત્પન્ન થતો નથી. તેથી ત્યાં જિનનામની સત્તા હોતી નથી અને લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો મરીને, દેવ કે નરકમાં જતા નથી. તેથી દેવાયુ કે નરકાયુને બાંધવાનું હોતુ નથી. તેથી ત્યાં દેવાયુ કે નરકાયુની સત્તા હોતી નથી.

દેવગતિમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

સામાન્યથી દેવગતિમાર્ગણામાં **જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૩** [નરકાયુ વિના] + **નામ-૯૩ + ગો૦૨ + અંત૦૫ = ૧૪૭** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ દેવો મરીને નરક કે દેવમાં ઉત્પન્ન થતા નથી. તેથી તેને નરકાયુ કે દેવાયુને બાંધવાનું હોતું નથી. એટલે નરકાયુની સત્તા હોતી નથી. દેવાયુને ભોગવી રહ્યો હોવાથી દેવાયુની સત્તા હોય છે.

૧ થી ૩ ગુણઠાણે જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૩ [નરકાયુ વિના] + **નામ** - ૯૨ [જિનનામ વિના] + **ગો૦૨ + અંત૦૫ = ૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ જે જીવ પહેલા નરકાયુને બાંધીને, ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને,

વિશુદ્ધિના વશથી જિનનામને નિકાચિત કરે છે. તે જીવને નરકમાં જતી વખતે મનુષ્યભવના છેલ્લા એક અંતર્મુહૂર્તમાં અને નરકભવના પહેલા એક અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા હોય છે. તે સિવાયના બીજા કોઈ પણ જીવને મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા હોતી નથી. એટલે દેવગતિમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા ન હોય.

-: દેવગતિમાં મિથ્યાદૃષ્ટિગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને નરકાયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૩	૯૨	૨	૫	૧૪૬
એકને ૩ આયુ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૬૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૬૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૬૦	૮૮	૨	૫	૧૩૯
સો૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રમો૦ની ઉદ્વલના પછી કે અનાદિમિ૦	૫	૯	૨	૨૬	૬૦	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિથ્યા૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯

★ આહારકચતુષ્કની સત્તાવાળો મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને, સાસ્વાદને આવ્યા પછી જો કાળ કરે, તો તે અવશ્ય દેવમાં[૧૦] ઉત્પન્ન થાય છે. ત્યાં તેને અપર્યાપ્તાવસ્થામાં જ સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોય છે. તે સિવાય દેવગતિમાં સાસ્વાદન-ગુણઠાણે આહારકચતુષ્કની સત્તા સંભવતી નથી.

-: દેવગતિમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
શ્રેણીથી પતિતને ૩ આ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૬૦	૯૨	૨	૫	૧૪૪
અનેકને નરકાયુ+જિનનામ વિના	૫	૯	૨	૨૮	૩	૯૨	૨	૫	''૧૪૬
૩આ૦+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૬૦	૮૮	૨	૫	૧૪૦
૨ આ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧

(૧૦) સેઢિપડિઓ તમ્હા છડાવલિ સાસણો વિ દેવેસુ । [ઉપશમનાકરણ ગાથાનં-૯૩]

★ જે મિથ્યાદૃષ્ટિ જીવ આહારકચતુષ્કની સત્તા સહિત દેવમાં ઉત્પન્ન થાય છે. તે અંતર્મુહૂર્ત બાદ ત્રીજે ગુણઠાણે આવી શકે છે. અને ક્ષયોપશમસમ્યક્ત્વી દેવ આહારકચતુષ્કની સત્તા સહિત ચોથે ગુણઠાણેથી ત્રીજાગુણઠાણે આવી શકે છે. તેથી દેવગતિમાર્ગણામાં ત્રીજાગુણઠાણે આહારકચતુષ્કની સત્તા સંભવે છે.

-: દેવગતિમાં મિશ્રદૃષ્ટિગુણઠાણે સત્તાસ્વામિત્વ :

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને નરકાયુ+જિનવિના	૫	૯	૨	૨૮	૩	૯૨	૨	૫	૧૪૬
એકને ૩આ૦+ જિનવિના	૫	૯	૨	૨૮	૬૦	૯૨	૨	૫	૧૪૪
૨આ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૬૦	૮૮	૨	૫	૧૪૦
બદ્ધાયુને ૨આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને ન૦આ૦+ જિ૦+ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૩	૯૨	૨	૫	૧૪૨
એકને ૩આ૦+ જિ૦+ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૬૦	૯૨	૨	૫	૧૪૦
૨આયુ+ જિ૦+ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૬૦	૮૮	૨	૫	૧૩૬
૨આયુ+જિ૦+અનં૦૪+આહા૦૪વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૬૦	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦

(૪) **સમ્યક્ત્વગુણઠાણે જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + આયુ૦૩ [નરકાયુ વિના] + નામ-૯૩ + ગો૦૨ + અંત૦૫ = ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

---

(૧૧) દેવગતિમાં સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્કની સત્તા અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે તે વખતે પરભવનું આયુષ્ય બંધાતું નથી પણ પર્યાપ્તાવસ્થામાં બદ્ધાયુદેવ ઉપશમ-સમ્યક્ત્વથી પડીને સાસ્વાદન ગુણઠાણે આવે છે. ત્યારે મનુષ્યાયુ કે તિર્યંચાયુની સત્તા હોય છે. અથવા અબદ્ધાયુદેવ સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ કે તિર્યંચાયુને બાંધી શકે છે. તેથી ત્યાં મનુષ્યાયુ કે તિર્યંચાયુની સત્તા પ્રાપ્ત થાય છે. એટલે અનેકદેવની અપેક્ષાએ સાસ્વાદનગુણઠાણે ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

-: દેવગતિમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞાના૦	દર્શના૦	વેદનીય	મોહનીય	આયુષ્ય	નામ	ગોત્ર	અંતરાય	કુલ	જિન૦વિના	આહા૦૪ વિના	જિન૦+ આહા૦૪ વિના
અનેક દેવની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૩	૯૩	૨	૫	૧૪૭			
અબદ્ધાયુદેવને ૩ આયુ વિના	૫	૯	૨	૨૮	દે૦	૯૩	૨	૫	૧૪૫	૧૪૪	૧૪૧	૧૪૦
બદ્ધાયુદેવને ૨ આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬	૧૪૫	૧૪૨	૧૪૧
અનેકદેવની અપેક્ષાએ નરકાયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૩	૯૩	૨	૫	૧૪૩			
અબદ્ધાયુદેવને ૩ આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	દે૦	૯૩	૨	૫	૧૪૧	૧૪૦	૧૩૭	૧૩૬
બદ્ધાયુદેવને ૨ આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૩	૨	૫	૧૪૨	૧૪૧	૧૩૮	૧૩૭
અબદ્ધાયુદેવને ૩ આયુ+અનં૦૪+મિ૦+મિ૦ વિના	૫	૯	૨	૨૨	દે૦	૯૩	૨	૫	૧૩૯	૧૩૮	૧૩૫	૧૩૪
અબદ્ધાયુદેવને ૩ આયુ+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	દે૦	૯૩	૨	૫	૧૩૮	૧૩૭	૧૩૪	૧૩૩
બદ્ધાયુદેવને ૨ આયુ+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯	૧૩૮	૧૩૫	૧૩૪

દેવગતિમાર્ગણામાં ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬ અને ૧૪૭ એમ કુલ ૧૫ સત્તાસ્થાન હોય છે.

ભવનપત્યાદિકમાં સત્તાસ્વામિત્વ :-

ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કમાં સત્તાસ્વામિત્વ :-

णिरयाउ तित्थरहियं छचत्तअहियसयमत्थि भवणतिगे ।
तह चउगुणेसु वि णवरि, सयमाहारचउगस्स बीअगुणे ॥८॥

ગાથાર્થ :- ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કમાર્ગણામાં નરકાયુ અને તીર્થંકરનામકર્મ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ચારે ગુણઠાણામાં સમજવું. પરંતુ બીજા ગુણઠાણે આહારકચતુષ્કનું સત્તાસ્વામિત્વ સ્વયં વિચારણીય છે.

વિવેચન :- ભવનપતિ, વ્યંતર અને **જ્યોતિષ્કમાં ઓઘે** નરકાયુ અને જિનનામ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્કદેવો તીર્થંકર નામકર્મને બાંધી શકતા નથી. અને ત્યાં જિનનામની સત્તાવાળો જીવ ઉત્પન્ન થતો નથી. એટલે ભવનપત્યાદિકમાં જિનનામની સત્તા હોતી[૧૨] નથી.

પહેલા, ત્રીજા અને ચોથા ગુણઠાણે નરકાયુ અને જિનનામ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ ગ્રન્થકારભગવંતે કહ્યું છે કે, બીજાગુણઠાણે આહારકચતુષ્કની સત્તા ઘટી શકે? કે નહીં? એ સ્વયં વિચારવું.... કારણકે ઉપશમનાકરણ **ગાથાનં૦ ૯૩**માં કહ્યું છે કે, જે મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને સાસ્વાદનગુણઠાણે આવ્યા પછી જો કાળ કરે, તો તે અવશ્ય દેવ થાય છે. પરંતુ વૈમાનિકદેવ થાય એમ કહ્યું નથી. તેથી આહારકચતુષ્કની સત્તાવાળો મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને, સાસ્વાદને આવ્યા પછી જો કાળ કરીને, ભવનપત્યાદિકદેવમાં ઉત્પન્ન થઈ

---

(૧૨) વસુદેવ હીંડીમાં કહ્યું છે કે, ક્યારેક અપવાદરૂપે ભવનપતિમાંથી આવેલો પણ તીર્થંકર થઈ શકે છે પણ તે ક્વચિત્ હોવાથી કર્મગ્રંથમાં ભવનપતિને તીર્થંકર નામકર્મની સત્તા કહી નથી.

શકતો હોય, તો ત્યાં આહારકચતુષ્કની સત્તા ઘટી શકે છે અને જો ભવનપત્યાદિક દેવમાં ઉત્પન્ન ન થઈ શકતો હોય, તો ત્યાં આહારકચતુષ્કની સત્તા ઘટી શકે નહીં...

આનતાદિદેવોમાં સત્તાસ્વામિત્વ :-

આનતથી અનુત્તર દેવો અને આહારકદ્વિકમાં સત્તાસ્વામિત્વ :-

णिरयतिरियाउगूणा, गेविज्जंतेसु आणयाईसुं ।
छायालसयं एवं, तुरिए पढमाइ तिगुणेसुं ॥९॥

पणयालीसजुअसयं, तित्थूणाऽणुत्तरेसु तुरिअगुणे ।
आहारदुगे छट्ठे तिरिणिरयाऊ विणा छचत्तसयं ॥१०॥

ગાથાર્થઃ-આનતાદિથી ગ્રૈવેયક સુધીના દેવોમાં નરકાયુ અને તિર્યંચાયુ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ચોથા ગુણઠાણે સમજવું. અને પ્રથમાદિ ત્રણ ગુણઠાણામાં તીર્થંકરનામકર્મ વિના ૧૪૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. અનુત્તર-દેવમાર્ગણામાં ચોથે ગુણઠાણે અને આહારકદ્વિકમાર્ગણામાં છઠ્ઠા ગુણઠાણે નરકાયુ અને તિર્યંચાયુ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચનઃ-૧થી૮ દેવલોકના દેવોનું સત્તાસ્વામિત્વ સામાન્યથી દેવગતિમાર્ગણાની જેમ જાણવું.

★ **આનતાદિથી નવગ્રૈવેયક** સુધીના દેવોને **ઓઘે** નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ આનતાદિથી ગ્રૈવેયક સુધીના દેવો તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. તેથી તિર્યંચાયુને બાંધવાનું હોતું નથી. એટલે તિર્યંચાયુની સત્તા હોતી નથી.

આનતાદિથી નવગ્રૈવેયક સુધીના દેવોને **૧થી૩ ગુણઠાણે**

નરકાયુ, તિર્યંચાયુ અને જિનનામ વિના **૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે અને **સમ્યક્ત્વગુણઠાણે ૧૪૫ + જિનનામ = ૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ અનુત્તરદેવમાર્ગણામાં એક જ ચોથું ગુણઠાણુ હોય છે. ત્યાં નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે. કારણકે દેવ મરીને નરકમાં જતા નથી અને અનુત્તરદેવો મરીને તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી. તેથી તેમને નરકાયુ અને તિર્યંચાયુની સત્તા હોતી નથી.

આહારકદ્વિકમાં સત્તાસ્વામિત્વ:-

આહારકકાયયોગ અને આહારકમિશ્રયોગમાર્ગણામાં છઠ્ઠાગુણઠાણે નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ જેને પૂર્વે નરકાયુ અને તિર્યંચાયુ બાંધેલુ નથી એવો ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી મહાત્મા જ આહારકલબ્ધિના વશથી આહારકશરીર બનાવી શકે છે.

આહારકકાયયોગમાર્ગણામાં સાતમું ગુણઠાણુ હોય છે ત્યાં પણ નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

અનુત્તરની જેમ આહારકદ્વિકનું સત્તાસ્વામિત્વ હોવાથી અનુત્તરની સાથે આહારકદ્વિકનું સત્તાસ્વામિત્વ કહ્યું છે.

મનુષ્યગતિ માર્ગણામાં સત્તાસ્વામિત્વ:-

મનુ૦, પંચે૦, ત્રસ, ભવ્ય, યોગ, શુકલ અને આહારીમાં સત્તાસ્વામિત્વ :-

ઓઘવ્વ णरपणिंदियतसभवियेसु सयला गुणा तेर।
दुमणवयण कायउरल सुक्काहारेसु पढमाऽत्थि ॥११॥

ગાથાર્થ :- મનુષ્યગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય, અને ભવ્ય માર્ગણામાં ઓઘની જેમ ૧થી ૧૪ ગુણસ્થાનકમાં સત્તાસ્વામિત્વ જાણવું. સત્યમનોયોગ, વ્યવહારમનોયોગ, સત્યવચનયોગ,

વ્યવહારવચનયોગ, સામાન્યથી કાયયોગ, ઔદારિકકાયયોગ, શુકલલેશ્યા અને આહારીમાર્ગણામાં ઓઘની જેમ ૧થી૧૩ ગુણઠાણા સુધી સત્તાસ્વામિત્વ જાણવું.

વિવેચનઃ- મનુષ્યગતિમાર્ગણામાં ઓઘની જેમ [કર્મસ્તવમાં કહ્યાં મુજબ] **૧થી૧૪** ગુણઠાણે સત્તાસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, દરેક મનુષ્યને મનુષ્યત્રિક અને ઉચ્ચગોત્રની સત્તા અવશ્ય હોય છે. તેથી મનુષ્યગતિમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે **૧૩૦** પ્રકૃતિના સત્તાસ્થાનમાંથી ઉચ્ચગોત્ર વિના ૧૨૯ પ્રકૃતિનું સત્તાસ્થાન હોતું નથી અને ૧૨૯ના સત્તાસ્થાનમાંથી મનુષ્યદ્વિક વિના ૧૨૭ પ્રકૃતિનું સત્તાસ્થાન હોતું નથી.

-: મનુષ્યગતિમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેક મનુષ્યની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
એકને ૩ આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૨	૨	૫	૧૪૪
૨આયુ+ જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૨આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ૦+ આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+ આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	મ૦	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિમિથ્યા૦	૫	૯	૨	૨૬	મ૦	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિમિથ્યા૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯
૮૮માંથી દેવદ્વિક[૧૩] વિના	૫	૯	૨	૨૬	મ૦	૮૬	૨	૫	૧૩૬
૮૮માંથી દેવદ્વિક વિના	૫	૯	૨	૨૬	૨	૮૬	૨	૫	૧૩૭
૮૮માંથી વૈક્રિયાષ્ટક વિના	૫	૯	૨	૨૬	મ૦	૮૦	૨	૫	૧૩૦
૮૮માંથી વૈક્રિયાષ્ટક વિના	૫	૯	૨	૨૬	૨	૮૦	૨	૫	૧૩૧

-: મનુષ્યગતિમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી જિ૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩ આયુ૦+જિ૦વિના	૫	૯	૨	૨૮	૩૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૩૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧

-: મનુષ્યગતિમાં મિશ્રગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી જિન૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩ આયુ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૩૦	૯૨	૨	૫	૧૪૪
૨ આયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ૦+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૩૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ૦+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકને આશ્રયી જિન૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૨	૨	૫	૧૪૩
એકને ૩ આયુ૦+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૩૦	૯૨	૨	૫	૧૪૦
૨ આયુ૦+ જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૩૦	૮૮	૨	૫	૧૩૯
૨ આયુ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	૩૦	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦

(૧૩) ૮૦ની સત્તાવાળો જીવ એકેન્દ્રિયાદિ ભવમાંથી નીકળીને મનુષ્યમાં આવ્યા બાદ સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ૮૦ પ્રકૃતિ સત્તામાં હોય છે. સર્વ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ્યારે દેવપ્રાયોગ્ય બંધ કરે છે ત્યારે દેવદ્વિક અને વૈક્રિયચતુષ્કની સત્તા પ્રાપ્ત થવાથી ૮૦ + ૬ = ૮૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. અથવા જ્યારે નરક પ્રાયોગ્ય બંધ કરે છે ત્યારે નરકદ્વિક અને વૈક્રિયચતુષ્કની સત્તા પ્રાપ્ત થવાથી ૮૦ + ૬ = ૮૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

-: ઉપશમશ્રેણીમાં સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
બદ્ધાયુને ૨ આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
અબદ્ધાયુને ૩ આયુ વિના	૫	૯	૨	૨૮	૦	૯૩	૨	૫	૧૪૫
૨આયુ+ જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+જિન વિના	૫	૯	૨	૨૮	૦	૯૨	૨	૫	૧૪૪
૨આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૦	૮૯	૨	૫	૧૪૧
૨આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩ આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૩	૨	૫	૧૪૨
૩ આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૦	૯૩	૨	૫	૧૪૧
૨ આયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩ આયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૦	૯૨	૨	૫	૧૪૦
૨ આ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૯	૨	૫	૧૩૮
૩ આ૦+અનં૦૪+આ૦૪ વિના	૫	૯	૨	૨૪	૦	૮૯	૨	૫	૧૩૭
૨ આ૦+અનં૦૪+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
૩આ૦+અનં૦૪+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૪	૦	૮૮	૨	૫	૧૩૬
૨ આયુ+દર્શન સપ્તક વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯
૩ આયુ+દ૦ સ૦ વિના	૫	૯	૨	૨૧	૦	૯૩	૨	૫	૧૩૮
૨ આયુ+દ૦ સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩ આયુ+દ૦ સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૦	૯૨	૨	૫	૧૩૭
૨ આ૦+દ૦ સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૯	૨	૫	૧૩૫
૩ આ+દ૦ સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૦	૮૯	૨	૫	૧૩૪
૨ આ૦+દ૦ સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪
૩ આ૦+દ૦ સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૦	૮૮	૨	૫	૧૩૩

-: ક્ષપકશ્રેણીમાં સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ	જિન૦ વિના	આહા૦ ૪ વિના	આહા૦૪+ જિન૦વિના
દર્શનસપ્તક+નરકાયુ+દેવાયુ+તિ૦આ૦ વિના	૫	૯	૨	૨૧	૫૦	૯૩	૨	૫	૧૩૮	૧૩૭	૧૩૪	૧૩૩
૧૦+ થીણદ્ધિત્રિકાદિ-૧૬ = ૨૬ વિના	૫	૬	૨	૨૧	૫૦	૮૦	૨	૫	૧૨૨	૧૨૧	૧૧૮	૧૧૭
૧૦+૧૬+મધ્યમકષાયાષ્ટક = ૩૪ વિના	૫	૬	૨	૧૩	૫૦	૮૦	૨	૫	૧૧૪	૧૧૩	૧૧૦	૧૦૯
૩૪+ નપુંસકવેદ = ૩૫ વિના	૫	૬	૨	૧૨	૫૦	૮૦	૨	૫	૧૧૩	૧૧૨	૧૦૯	૧૦૮
૩૫+ સ્ત્રીવેદ = ૩૬ વિના	૫	૬	૨	૧૧	૫૦	૮૦	૨	૫	૧૧૨	૧૧૧	૧૦૮	૧૦૭
૩૬+ હાસ્યષટ્ક = ૪૨ વિના	૫	૬	૨	૫	૫૦	૮૦	૨	૫	૧૦૬	૧૦૫	૧૦૨	૧૦૧
૪૨+ પુરુષવેદ = ૪૩ વિના	૫	૬	૨	૪	૫૦	૮૦	૨	૫	૧૦૫	૧૦૪	૧૦૧	૧૦૦
૪૩+ સં૦ક્રોધ = ૪૪ વિના	૫	૬	૨	૩	૫૦	૮૦	૨	૫	૧૦૪	૧૦૩	૧૦૦	૯૯
૪૪+ સં૦માન = ૪૫ વિના	૫	૬	૨	૨	૫૦	૮૦	૨	૫	૧૦૩	૧૦૨	૯૯	૯૮
૪૫+ સં૦માયા = ૪૬ વિના	૫	૬	૨	૧	૫૦	૮૦	૨	૫	૧૦૨	૧૦૧	૯૮	૯૭
૪૬+ સં૦લોભ = ૪૭ વિના	૫	૬	૨	૦	૫૦	૮૦	૨	૫	૧૦૧	૧૦૦	૯૭	૯૬
૪૭+ નિદ્રાદ્વિક = ૪૯ વિના	૫	૪	૨	૦	૫૦	૮૦	૨	૫	૯૯	૯૮	૯૫	૯૪
૪૯+ જ્ઞા૦૫+દ૦૪+અં૦૫ = ૬૩ વિના	૦	૦	૨	૦	૫૦	૮૦	૨	૦	૮૫	૮૪	૮૧	૮૦
૬૩+ વે૦૧+ના૦૭૧+ગો૦૧ = ૧૩૬ વિના	૦	૦	૧	૦	૫૦	૯	૧	૦	૧૨	૧૧		

મનુષ્યગતિમાર્ગણામાં ૧૧, ૧૨, ૮૦, ૮૧, ૮૪, ૮૫, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૨૧, ૧૨૨, ૧૩૦, ૧૩૧, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, અને ૧૪૮ એમ કુલ ૪૯ સત્તાસ્થાન હોય છે.

પંચેન્દ્રિયમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

પંચેન્દ્રિયમાર્ગણામાં મનુષ્યગતિની જેમ સત્તાસ્વામિત્વ જાણવું. પરંતુ તિર્યંચગતિમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે કહ્યાં મુજબ [૧૪]૧૨૭નું એક જ સત્તાસ્થાન અધિક હોય છે. તેથી પંચેન્દ્રિયમાર્ગણામાં ૧૧, ૧૨, ૮૦, ૮૧, ૮૪, ૮૫, ૯૪ થી ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૨૧, ૧૨૨, ૧૨૭, ૧૩૦, ૧૩૧ અને ૧૩૩ થી ૧૪૮ એમ કુલ ૫૦ સત્તાસ્થાન હોય છે.

એ જ પ્રમાણે, ત્રસકાય અને ભવ્યમાર્ગણામાં સત્તાસ્વામિત્વ જાણવું...

સત્યમનોયોગ, વ્યવહારમનોયોગ, સત્યવચનયોગ, વ્યવહાર વચનયોગ માર્ગણામાં ઓઘની જેમ [મનુષ્યગતિની જેમ] ૧થી૧૩ ગુણઠાણા સુધી સત્તાસ્વામિત્વ જાણવું...

સામાન્યથી કાયયોગ, ઔ૦કાયયોગ અને **આહારી** માર્ગણામાં ઓઘની જેમ ૧થી ૧૩ ગુણઠાણા સુધી સત્તાસ્વામિત્વ જાણવું.

---

(૧૪) ૭૮ની સત્તાવાળો જીવ તેઉ-વાઉમાંથી નીકળીને તિર્યંચપંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકે છે. ત્યાં શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૬ + તિર્યંચાયુ+નામ-૭૮+નીચગોત્ર+અંત૦૫=૧૨૭** પ્રકૃતિ સત્તામાં હોય છે. અને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી **મનુષ્યદ્વિક** અને **ઉચ્ચગોત્ર** બંધાતુ હોવાથી ૧૨૭+૩=૧૩૦ પ્રકૃતિની સત્તા પ્રાપ્ત થાય છે.

શુક્લલેશ્યામાં સત્તાસ્વામિત્વ:-

શુકલલેશ્યામાર્ગણામાં ઓઘે **૧૪૮** અને મિથ્યાત્વગુણઠાણે જિનનામ વિના **૧૪૭** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ જે જીવે પહેલા નરકાયુ બાંધેલુ હોય અને પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામીને, જિનનામ નિકાચિત કરે, એવા જીવને નરકમાં જતી વખતે અંતર્મુહૂર્ત કાળ જ મિથ્યાત્વગુણઠાણુ હોય છે. તે વખતે શુભલેશ્યા હોતી નથી તેથી મિથ્યાત્વગુણઠાણે શુભલેશ્યામાં જિનનામની સત્તા હોતી નથી...

-: શુક્લલેશ્યામાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી જિ૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને આશ્રયી ૩આયુ+જિન૦વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
એકને આશ્રયી ૨આયુ+ જિન૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+ જિન૦+ આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+ જિન૦+ આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯

૨થી૧૩ ગુણઠાણા સુધી ઓઘની જેમ [મનુષ્યગતિમાર્ગણાની જેમ] સત્તાસ્વામિત્વ જાણવું....

અસત્યમનોયોગાદિમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

दुमणवय-णयण-अणयण, सण्णीसु हवेज्ज बारसगुणाऽज्जा ।
दस लोहे चउ विउवा-ऽजएसु चउ छ व कुलेसासुं ॥१२॥

ગાથાર્થ :-અસત્યમનોયોગ, મિશ્રમનોયોગ, અસત્યવચનયોગ, મિશ્રવચનયોગ, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને સંજ્ઞી માર્ગણામાં પહેલા ૧૨ ગુણઠાણે, લોભમાર્ગણામાં પહેલા ૧૦ ગુણઠાણે, વૈક્રિયકાયયોગ અને અસંયમમાર્ગણામાં પહેલા ૪ ગુણઠાણે અને અશુભલેશ્યામાં [કૃષ્ણાદિ-૩ લેશ્યામાં] ચાર અથવા છ ગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.

વિવેચન:-અસત્યમનોયોગ, સત્યાસત્યમનોયોગ, અસત્યવચનયોગ, સત્યાસત્યવચનયોગ અને ચક્ષુદર્શન માર્ગણામાં ૧થી૧૨ ગુણઠાણા સુધી ઓઘની જેમ [મનુષ્યગતિની જેમ] સત્તાસ્વામિત્વ જાણવું.

સંજ્ઞીમાર્ગણામાં ૧થી૧૨ ગુણઠાણા સુધી ઓઘની જેમ [પંચેન્દ્રિયની જેમ] સત્તાસ્વામિત્વ જાણવું....અચક્ષુદર્શનમાં ૧ થી ૧૨ ગુણઠાણા સુધી અને લોભમાર્ગણામાં ૧ થી ૧૦ ગુણઠાણા સુધી ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું....

-: વૈ૦કાયયોગમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેક વૈ૦કાયયોગીની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૪	[૧૫]૯૩	૨	૫	૧૪૮
એકને ૩ આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ૦+ જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ૦+આહા૦૪વિના	૫	૯	૨	૨૮	ન૦	૮૯	૨	૫	૧૪૧
૩આયુ૦+ આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ૦+ આહા૦૪+ જિ૦વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિમિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
મિશ્ર૦ની ઉદ્વલના પછી કે અનાદિમિથ્યા૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯

-: વૈ૦કાયયોગમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૪	૮૮[૬]	૨	૫	૧૪૩
એકને ૩ આ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧

-: વૈ૦કાયયોગમાં મિશ્રદૃષ્ટિગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ
અનેકની અપેક્ષાએ જિ૦ વિના	૫	૯	૨	૨૮	૪	૯૨	૨	૫	૧૪૭
એકને ૩આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+જિ૦+આહા૦૪વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકવૈ૦કા૦ને જિન૦+ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૨	૨	૫	૧૪૩
એકને ૩આયુ +જિન૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૯૨	૨	૫	૧૪૦
૨આયુ+જિન૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ+અનં૦૪+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૮૮	૨	૫	૧૩૬
૨આયુ+અનં૦૪+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પ્રાછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦

(૧૫) કેટલાક આચાર્ય ભગવંતો કહે છે કે, દેવ-નારકને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈ૦મિશ્રયોગ હોય છે અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી વૈ૦કાયયોગ હોય છે. એ મતાનુસારે નારકોને અપર્યાપ્તાવસ્થામાં પણ વૈ૦કાયયોગ હોય છે. એટલે અનેક જીવની અપેક્ષાએ વૈ૦કાયયોગમાં મિથ્યાત્વગુણઠાણે ૯૩નું સત્તાસ્થાન ઘટી શકે છે અને એક નારકની અપેક્ષાએ ૮૯નું સત્તાસ્થાન ઘટી શકે છે.

(૧૬) આહારકચતુષ્કની સત્તાવાળો જે મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને સાસ્વાદન-ગુણઠાણે આવીને, કાળ કરે છે. તે અવશ્ય દેવમાં જાય છે. ત્યાં તેને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. તે વખતે તે દેવને વૈ૦મિશ્રયોગ હોય છે. પણ વૈ૦કાયયોગ હોતો નથી. તેથી વૈ૦કાયયોગ માર્ગણામાં સાસ્વાદન-ગુણઠાણે આહારકચતુષ્કની સત્તા ઘટતી નથી.

-: વૈ૦કાયયોગમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેક વૈ૦કા૦ની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
અબદ્ધાયુને ૩આયુ વિના	૫	૯	૨	૨૮	૧	૯૩	૨	૫	૧૪૫
બદ્ધાયુને ૨આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
અબદ્ધાયુને ૩આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
બદ્ધાયુને ૨આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
અબદ્ધાયુને ૩આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૯	૨	૫	૧૪૧
બદ્ધાયુને ૨આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
અનેકની અપેક્ષાએ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૩	૨	૫	૧૪૪
એકને ૩આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૯૩	૨	૫	૧૪૧
૨આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૩	૨	૫	૧૪૨
૩આયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૯૨	૨	૫	૧૪૦
૨આયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૮૯	૨	૫	૧૩૭
૨આયુ+ અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૯	૨	૫	૧૩૮
૩આયુ+ અનં૦૪+આહા૦૪+જિ૦વિના	૫	૯	૨	૨૪	૧	૮૮	૨	૫	૧૩૬
૨આયુ+અનં૦૪+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
૩આયુ+દર્શનસપ્તક વિના	૫	૯	૨	૨૧	૧	૯૩	૨	૫	૧૩૮
૨આયુ+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯
૩આયુ+દ૦સ૦+જિન૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૨	૨	૫	૧૩૭
૨આયુ+દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩આયુ+દ૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૧	૮૯	૨	૫	૧૩૪
૨આયુ+દ૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૯	૨	૫	૧૩૫
૩આયુ+દ૦સ૦+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૮૮	૨	૫	૧૩૩
૨આયુ+દ૦સ૦+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪

વૈક્રિયકાયયોગમાર્ગણામાં **૧૩૩ થી ૧૪૮ સુધીના** કુલ ૧૬ સત્તાસ્થાન હોય છે.

અસંયમમાર્ગણામાં ૧થી૪ ગુણઠાણા સુધી અને **અશુભલેશ્યા માર્ગણામાં ૧થી૪** અથવા **૧થી ૬** ગુણઠાણા સુધી ઓઘની જેમ [પંચેન્દ્રિયમાર્ગણાની જેમ] સત્તાસ્વામિત્વ જાણવું....

★ જેને પૂર્વે નરકાયુ બાંધેલુ હોય એવો જીવ ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને, જિનનામ નિકાચિત કરે છે. તેને નરકમાં જતી વખતે છેલ્લુ એક અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે મિથ્યાત્વગુણઠાણુ આવી જાય છે. તે વખતે અશુભલેશ્યા પણ આવી જાય છે. તેથી અશુભલેશ્યામાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા હોઈ શકે છે.

વેદ અને કષાયમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

સ્ત્રી-પુ૦વેદ અને ક્રોધાદિ ત્રણ માર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

बारसयं तेरसयं, जा पुमथीसु नवमे कमाऽज्जाई ।
पण चउतिजुअसयं जा कोहाइतिगे कमा णवमे ॥१३॥

ગાથાર્થ :- પુરુષવેદ અને સ્ત્રીવેદમાર્ગણામાં ૧થી૯ ગુણઠાણા હોય છે. ત્યાં અનુક્રમે છેલ્લે ૧૧૨ અને ૧૧૩ પ્રકૃતિ સત્તામાં હોય છે. તથા ક્રોધાદિ-૩ માર્ગણામાં નવમે ગુણઠાણે અનુક્રમે છેલ્લે ૧૦૫... ૧૦૪...અને ૧૦૩.... પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન: પુ૦વેદમાર્ગણા, સ્ત્રીવેદમાર્ગણા, સં૦ક્રોધમાર્ગણા, સં૦માનમાર્ગણા અને સં૦માયામાર્ગણામાં ૧થી ૯ ગુણઠાણા હોય છે. પણ નવમાગુણઠાણાના અંત સુધી પુ૦વેદાદિ-૫ માર્ગણાઓ હોતી નથી. કારણકે પુ૦વેદે શ્રેણી માંડનારા જીવને નવમાગુણઠાણે જ્યાં સુધી પુ૦વેદનો ઉદય હોય છે. ત્યાં સુધી જ પુ૦વેદ માર્ગણા હોય છે. સ્ત્રીવેદે શ્રેણી માંડનારા જીવને નવમાગુણઠાણે જ્યાં સુધી સ્ત્રીવેદનો ઉદય હોય છે ત્યાં સુધી જ સ્ત્રીવેદમાર્ગણા હોય છે. સં૦ક્રોધોદયે શ્રેણી

માંડનારા જીવને નવમાગુણઠાણે જ્યાં સુધી સં૦ક્રોધનો ઉદય હોય છે ત્યાં સુધી જ સં૦ક્રોધમાર્ગણા હોય છે. સં૦માનોદયે શ્રેણી માંડનારા જીવને નવમાગુણઠાણે જ્યાં સુધી સં૦માનનો ઉદય હોય છે ત્યાં સુધી જ સં૦માનમાર્ગણા હોય છે અને સં૦માયાના ઉદયે શ્રેણી માંડનારા જીવને નવમાગુણઠાણે જ્યાં સુધી સં૦માયાનો ઉદય હોય છે. ત્યાં સુધી જ સં૦માયામાર્ગણા હોય છે. એટલે નવમાગુણઠાણાના અમુક-અમુક ભાગ સુધી જ પુ૦વેદાદિ પાંચે માર્ગણા હોય છે.

પુરુષવેદમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

સત્તાની અપેક્ષાએ નવમા ગુણઠાણાના ૯ ભાગ પાડવામાં આવ્યા છે. તેમાંથી પાંચમા ભાગના અંત સુધી પુરુષવેદનો ઉદય હોય છે. તેથી પુરુષવેદમાર્ગણા પાંચમાભાગના અંત સુધી જ હોય છે. એટલે પુરુષવેદમાર્ગણામાં નવમા ગુણઠાણાના પાંચમા ભાગ સુધી પંચેન્દ્રિયમાર્ગણાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું...

પુરુષવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી **૧૩૮** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી સ્થાવરાદિ-૧૬ પ્રકૃતિનો ક્ષય થવાથી, બીજાભાગે **૧૨૨** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી મધ્યમકષાયાષ્ટકનો ક્ષય થવાથી ત્રીજાભાગે **૧૧૪** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી નપુંસકવેદનો ક્ષય થવાથી ચોથાભાગે **૧૧૩** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી સ્ત્રીવેદનો ક્ષય થવાથી પાંચમા ભાગે **૧૧૨** પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાર પછી જે સમયે પુ૦વેદનો ઉદયવિચ્છેદ થાય છે તે જ સમયે પુ૦વેદમાર્ગણા પૂર્ણ થાય છે. **એટલે પુ૦વેદમાર્ગણામાં છેલ્લે ૧૧૨ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

સ્ત્રીવેદમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને નવમા ગુણઠાણાના ચોથાભાગના અંત સુધી સ્ત્રીવેદનો ઉદય હોય છે. તેથી સ્ત્રીવેદમાર્ગણા નવમા ગુણઠાણાના ચોથાભાગ સુધી જ હોય છે. એટલે સ્ત્રીવેદ-

માર્ગણામાં નવમા ગુણઠાણાના ચોથાભાગ સુધી પંચેન્દ્રિયમાર્ગણાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું...

સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી **૧૩૮** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી સ્થાવરાદિ-૧૬ વિના **૧૨૨** પ્રકૃતિ બીજાભાગે સત્તામાં હોય છે. મધ્યમકષાયાષ્ટક વિના **૧૧૪** પ્રકૃતિ ત્રીજાભાગે સત્તામાં હોય છે અને નપુંસકવેદ વિના **૧૧૩** પ્રકૃતિ ચોથાભાગે સત્તામાં હોય છે. ત્યાર પછી જે સમયે સ્ત્રીવેદનો ઉદયવિચ્છેદ થાય છે તે સમયે સ્ત્રીવેદમાર્ગણા પૂર્ણ થાય છે. **એટલે સ્ત્રીવેદમાર્ગણામાં છેલ્લે ૧૧૩ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

ક્રોધમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

સં૦ક્રોધોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી **૧૩૮** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી સ્થાવરાદિ-૧૬નો ક્ષય થવાથી બીજાભાગે **૧૨૨** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી મધ્યમકષાયાષ્ટકનો ક્ષય થવાથી ત્રીજાભાગે **૧૧૪** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી નપુંસકવેદનો ક્ષય થવાથી ચોથાભાગે **૧૧૩** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી સ્ત્રીવેદનો ક્ષય થવાથી પાંચમા ભાગે **૧૧૨** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી હાસ્યષટ્કનો ક્ષય થવાથી છઠ્ઠાભાગે **૧૦૬** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી પુરુષવેદનો ક્ષય થવાથી સાતમા ભાગે **૧૦૫** પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાં જે[૧૭] સમયે સં૦ક્રોધનો ઉદયવિચ્છેદ થાય છે. તે જ સમયે ક્રોધમાર્ગણા પૂર્ણ થાય છે. **એટલે ક્રોધમાર્ગણામાં છેલ્લે ૧૦૫ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

માનમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

સં૦માનોદયે શ્રેણી માંડનારા જીવને સં૦ક્રોધોદયે ક્ષપકશ્રેણી

(૧૭) અહીં ખાસ ધ્યાન રાખવું કે, સં૦ક્રોધનો ઉદય વિચ્છેદ થયા પછી સમયન્યૂન બે આવલિકાકાળે સં૦ક્રોધની સત્તાનો ક્ષય થાય છે. તે વખતે સાતમો ભાગ પૂર્ણ થાય છે. એટલે સાતમા ભાગના અંત સુધી ક્રોધમાર્ગણા હોતી નથી. પણ જ્યાં સુધી સં.ક્રોધનો ઉદય હોય ત્યાં સુધી જ સં.ક્રોધ માર્ગણા હોય છે.
એ જ રીતે, માનમાર્ગણા અને માયામાર્ગણામાં પણ સમજી લેવું.

માંડનારા જીવની જેમ સાતમા ભાગે **૧૦૫** પ્રકૃતિસત્તામાં હોય છે તેમાંથી સંઠક્રોધનો ક્ષય થવાથી આઠમા ભાગે **૧૦૪** પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાં જે સમયે સંઠમાનનો ઉદય વિચ્છેદ થાય છે. તે જ સમયે સંઠમાનમાર્ગણા પૂર્ણ થાય છે. એટલે **માનમાર્ગણામાં છેલ્લે ૧૦૪ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

માયામાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

સંઠમાયાના ઉદયે શ્રેણી માંડનારા જીવને આઠમા ભાગે **૧૦૪** પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમાંથી સંઠમાનનો ક્ષય થવાથી નવમા ભાગે ૧૦૩ પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાં જે સમયે સંઠમાયાનો ઉદય વિચ્છેદ થાય છે. તે જ સમયે માયામાર્ગણા પૂર્ણ થાય છે. તેથી **માયામાર્ગણામાં છેલ્લે ૧૦૩ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

અકષાયમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

અકષાયમાર્ગણામાં **૧૧**થી **૧૪** ગુણઠાણા હોય છે. ત્યાં મનુષ્યગતિમાર્ગણાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.....

જ્ઞાનમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

જ્ઞાનમાર્ગણા અને ક્ષયોપશમસમ્યક્ત્વમાં સત્તાસ્વામિત્વ :-

णाणतिगे ओहिम्मि य, नव अजयाई उ वेअगे चउरो ।
केवलदुगे दुवेंऽताऽज्जा दो तिण्णि व अणाणतिगे ॥१४॥

ગાથાર્થ :-મત્યાદિ-ત્રણજ્ઞાન અને અવધિદર્શન માર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા સુધીના કુલ નવગુણઠાણે, ક્ષયોપશમ સમ્યક્ત્વમાં ૪ થી ૭ સુધીના કુલ ૪ ગુણઠાણે, કેવલદ્વિકમાં છેલ્લા બે ગુણઠાણે અને અજ્ઞાનત્રિકમાં પહેલા બે અથવા ત્રણ ગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.....

વિવેચનઃ- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન માર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા સુધી ઓઘની જેમ [મનુષ્યગતિની

જેમ] સત્તાસ્વામિત્વ જાણવું. ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ૪થી૭ ગુણઠાણે ઓઘની જેમ [મનુષ્યગતિમાર્ગણાની જેમ] સત્તાસ્વામિત્વ જાણવું. કેવળજ્ઞાન અને કેવળદર્શનમાર્ગણામાં છેલ્લા બે ગુણઠાણે મનુષ્યગતિની જેમ સત્તાસ્વામિત્વ જાણવું...

-: અજ્ઞાનદ્વિકમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
એકને ૩ આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧૦	૮૯	૨	૫	૧૪૧
૨આ૦+ આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ+ આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ+ આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૬	૨	૫	૧૩૬
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૬	૨	૫	૧૩૭
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૦	૨	૫	૧૩૦
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૦	૨	૫	૧૩૧
ઉચ્ચગોત્રની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૦	૧	૫	૧૨૯
મનુષ્યદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૭૮	૧	૫	૧૨૭

સાસ્વાદન ગુણઠાણે અને મિશ્રગુણઠાણે ઓઘની જેમ [મનુષ્યગતિની જેમ] સત્તાસ્વામિત્વ જાણવું....

મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાનમાર્ગણામાં ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧,

૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૭ અને ૧૪૮ એમ કુલ ૧૬ સત્તાસ્થાન હોય છે.

વિભંગજ્ઞાનમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
એકની અપેક્ષાએ ૩ આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧૦	૮૯[૧૮]	૨	૫	૧૪૧
૨ આયુ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ૦+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯

સાસ્વાદનગુણઠાણે અને મિશ્રગુણઠાણે મનુષ્યગતિની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.... વિભંગજ્ઞાનમાર્ગણામાં ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૭ અને ૧૪૮ એમ કુલ. ૧૨ સત્તાસ્થાન હોય છે.

દેશ૦, સૂક્ષ્મ૦, સાસ્વા૦, મિશ્ર, મિથ્યા૦, યથાખ્યાત, તેજો-પદ્મમાં સત્તાસ્વામિત્વ:-

હોઇ સઠાણં દેસે, સુહમે સાસાણમીસમિચ્છેસું ।
અહખાએ ચરમચઊ, સત્તઽજ્જા તેઉપઉમાસું ॥૧૫॥
ણવરં તિત્થયરં વિણ, સગચત્તાલીસસંજુયસયં તુ ।
ગુણઠાણમ્મિ ય પઢમે, તીસુ પસત્થાસુ લેસાસું ॥૧૬॥

---

(૧૮) જેને પૂર્વે નરકાયુ બાંધેલુ છે. એવો જિનનામની સત્તાવાળો ક્ષયોપશમ સમ્યક્ત્વી મનુષ્ય છેલ્લુ એક અંતર્મુહૂર્ત બાકી રહે છે ત્યારે મિથ્યાત્વગુણઠાણે આવી જાય છે. તે વિભંગજ્ઞાન સહિત નરકમાં ઉત્પન્ન થઇ શકે છે. તેથી વિભંગજ્ઞાનમાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે એક અંતર્મુહૂર્ત સુધી ૮૯ની સત્તા ઘટે છે.

ગાથાર્થ :- દેશવિરતિ, સૂક્ષ્મસંપરાય, સાસ્વાદન, મિશ્ર અને મિથ્યાત્વમાર્ગણામાં પોતપોતાના ગુણઠાણે, યથાખ્યાતચારિત્ર-માર્ગણામાં છેલ્લા ચાર ગુણઠાણે અને તેજો-પદ્મલેશ્યામાં ૧થી૭ ગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું. પરંતુ ત્રણ શુભલેશ્યામાં પહેલા ગુણઠાણે તીર્થંકરનામકર્મ વિના ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :-દેશવિરતિમાર્ગણામાં પાંચમું એક જ ગુણઠાણુ હોય છે. સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં દસમું એક જ ગુણઠાણુ હોય છે.

સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં બીજુ એક જ ગુણઠાણુ હોય છે. મિશ્રમાર્ગણામાં ત્રીજુ એક જ ગુણઠાણુ હોય છે. અને મિથ્યાત્વ માર્ગણામાં પહેલું એક જ ગુણઠાણુ હોય છે. તે સર્વે માર્ગણામાં પોત-પોતાના ગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું....

યથાખ્યાતચારિત્ર માર્ગણામાં **૧૧થી૧૪** ગુણઠાણે મનુષ્યગતિ માર્ગણામાં કહ્યાં મુજબ સત્તાસ્વામિત્વ જાણવું....

★ તેજો અને પદ્મલેશ્યામાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા હોતી નથી. તેનું કારણ પૂર્વે શુકલલેશ્યામાં કહ્યું છે.

તેજો અને પદ્મલેશ્યામાર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે શુકલલેશ્યાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું અને **૨થી૭** ગુણઠાણે મનુષ્યગતિ-માર્ગણામાં કહ્યાં મુજબ સત્તાસ્વામિત્વ જાણવું.

ઇન્દ્રિય અને કાયમાર્ગણામાં સત્તાસ્વામિત્વ:-

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાયમાં સત્તાસ્વામિત્વ :-

एगिंदि विगलभूदग-वणेसु विण तित्थणारगसुराऊ ।
पणयालसयं बीए णराउआहारचउगूणा ॥१७॥

ગાથાર્થ :- એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાય માર્ગણામાં તીર્થંકરનામકર્મ, નરકાયુ અને દેવાયુ

વિના ૧૪૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. બીજાગુણઠાણે મનુષ્યાયુ અને આહારકચતુષ્ક વિના ૧૪૦ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :-એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાય માર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વે** જિનનામ, નરકાયુ અને દેવાયુ વિના **૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને દેવ કે નરકમાં ઉત્પન્ન થતો નથી. તેથી તેને દેવાયુ કે નરકાયુને બાંધવાનું હોતુ નથી. એટલે દેવાયુ અને નરકાયુની સત્તા હોતી નથી અને નિકાચિત જિનનામની સત્તાવાળો જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થતો નથી. તેથી ત્યાં જિનનામની સત્તા હોતી નથી....

-: એકેન્દ્રિયાદિમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
નરકાયુ+દેવાયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩ આયુ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ૦+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩આયુ+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિમિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૬	૨	૫	૧૩૬
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૬	૨	૫	૧૩૭
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૦	૨	૫	૧૩૦
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૦	૨	૫	૧૩૧
તેઉ-વાઉને ઉચ્ચગોત્રની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	તિ૦	૮૦	૧	૫	૧૨૯
તેઉ-વાઉને મનુષ્યદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	તિ૦	૭૮	૧	૫	૧૨૭

(૨) **સાસ્વાદનગુણઠાણે જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૮ + તિર્યંચાયુ + નામ-૮૮** [જિન૦, આહા૦૪ વિના] + **ગો૦૨ + અંત૦૫ = ૧૪૦** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદન ગુણઠાણુ હોય છે. તે વખતે પરભવનું આયુષ્ય બંધાતું નથી. કારણકે લબ્ધિ-પર્યાપ્તા જીવો સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરભવનું આયુષ્ય બાંધી શકે છે. એટલે એકેન્દ્રિયાદિ સાતમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુની સત્તા હોતી નથી. તેથી માત્ર ભોગવાતું તિર્યંચઆયુષ્ય જ સત્તામાં હોય છે.

★ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય માર્ગણામાં **સાસ્વાદનગુણઠાણે** આહારક ચતુષ્કની સત્તા નહીં હોવાનું કારણ તિર્યંચગતિમાં કહ્યાં મુજબ સમજી લેવું....

એકેન્દ્રિયમાર્ગણામાં **૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧** અને **૧૪૫** એમ કુલ **૧૧** સત્તાસ્થાન હોય છે.

તેઉકાય-વાઉકાયમાર્ગણામાં સત્તાસ્વામિત્વ:-

તેઉકાય, વાઉકાય અને ઔદારિકમિશ્રયોગમાં સત્તાસ્વામિત્વ :-

चउआलीससयं जिण-तिआउहीणाऽत्थि तेउवाऊसुं ।
णिरयामराउगूणा, छायालसयं उरलमीसे ॥१८॥

एमेव चउत्थे विण, तित्थं पढमतइएसु सासाणे ।
तित्थाहारचउक्कं, विणा सजोगिम्मि ओघव्व ॥१९॥

ગાથાર્થ :- તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં જિનનામ, મનુષ્યાયુ, દેવાયુ અને નરકાયુ વિના ૧૪૪ પ્રકૃતિ સત્તામાં હોય છે. ઔદારિકમિશ્રમાં નરકાયુ અને દેવાયુ વિના ૧૪૬ પ્રકૃતિ

સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ચોથાગુણઠાણે સમજવું. પહેલા અને ત્રીજાગુણઠાણે તીર્થંકરનામકર્મ વિના ૧૪૫ પ્રકૃતિ સત્તામાં હોય છે. બીજાગુણઠાણે તીર્થંકરનામકર્મ અને આહા૦૪ વિના ૧૪૧ પ્રકૃતિ સત્તામાં હોય છે. અને સયોગીગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.....

વિવેચન :- તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** જિનનામ, મનુષ્યાયુ, નરકાયુ અને દેવાયુ વિના ૧૪૪ પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ તેઉકાય અને વાઉકાય મરીને, દેવ-નરક અને મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. તેથી દેવાયુ, નરકાયુ અને મનુષ્યાયુને બાંધવાનું હોતું નથી. તેથી તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં દેવાદિ-૩ આયુષ્યની સત્તા હોતી નથી. અને નિકાચિત જિનનામની સત્તાવાળો જીવ તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી. તેથી તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં જિનનામની સત્તા હોતી નથી.

ઔદારિકમિશ્રયોગમાં સત્તાસ્વામિત્વઃ-

ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં **ઓઘે** નરકાયુ અને દેવાયુ વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. કારણકે તિર્યંચ-મનુષ્યને [૧૯]અપર્યાપ્તાવસ્થામાં જ ઔદારિકમિશ્રયોગ હોય છે. અને તિર્યંચ-મનુષ્યો પર્યાપ્તાવસ્થામાં જ દેવાયુ અને નરકાયુને બાંધી શકે છે. તે વખતે તેઓને ઔદારિકકાયયોગ હોય છે પણ ઔદારિકમિશ્રયોગ હોતો નથી. તેથી ઔદારિકમિશ્રયોગમાં દેવાયુ અને નરકાયુની સત્તા હોતી નથી.

(૧) **મિથ્યાત્વગુણઠાણે** દેવાયુ-નરકાયુ અને જિનનામ વિના **૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે.

---

(૧૯) સિદ્ધાંતના મતે ઉત્તરવૈક્રિયશરીરના પ્રારંભકાળે અને આહારકશરીરના પ્રારંભકાળે ઔદારિકમિશ્રયોગ હોય છે અને કેટલાક ગ્રન્થોમાં તે બન્ને શરીરને છોડતી વખતે ઔદારિકમિશ્રયોગ માનેલો છે. એટલે સિદ્ધાંતના મતે પર્યાપ્તાવસ્થામાં પણ ઔ૦મિશ્રયોગ હોય છે પણ તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી.

★ જે મનુષ્યે પૂર્વે નરકાયુ બાંધેલુ હોય અને પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામીને જિનનામ નિકાચિત કરે, તેને નરકમાં જતી વખતે મનુષ્યભવના છેલ્લા એક અંતર્મુહૂર્તમાં અને નરકભવના પહેલા એક અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વગુણઠાણુ હોય છે. તે વખતે મનુષ્યભવમાં ઔદારિકકાયયોગ હોય છે. અને નરકભવમાં વૈક્રિયમિશ્રયોગ હોય છે. પણ ઔદારિકમિશ્રયોગ હોતો નથી. એટલે ઔદારિકમિશ્રયોગ માર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા હોતી નથી.

-: ઔદારિકમિશ્રમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને ૨આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
એકને ૩ આયુ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
એકને ૨આયુ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૬	૨	૫	૧૩૬
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૬	૨	૫	૧૩૭
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૦	૨	૫	૧૩૦
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૨	૮૦	૨	૫	૧૩૧
ઉચ્ચગોત્રની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	તિ૦	૮૦	૧	૫	૧૨૯
મનુષ્યદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	તિ૦	૭૮	૧	૫	૧૨૭

(૨) **સાસ્વાદનગુણઠાણે** દેવાયુ - નરકાયુ, જિનનામ અને આહારકચતુષ્ક વિના **૧૪૧** પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ આહારકચતુષ્કની સત્તાવાળો જે મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને, સાસ્વાદન ભાવને પામે છે. તેને સાસ્વાદન ગુણઠાણે આહારકચતુષ્કની

સત્તા હોય છે. પણ તે વખતે તે મનુષ્યને ઔદારિકકાયયોગ હોય છે. ઔદારિકમિશ્રયોગ હોતો નથી. તેથી ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે આહારક ચતુષ્કની સત્તા હોતી નથી.

-: ઔદારિકમિશ્રમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને ૨આ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
એકને ૩ આ૦+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૮	૧[૨૦]	૮૮	૨	૫	૧૪૦

-: ઔદારિકમિશ્રમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને ૨આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
એકને ૩આયુ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૩	૨	૫	૧૪૫
૩આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૩આયુ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૯	૨	૫	૧૪૧
૩આયુ+આ૦૪+ જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
અનેકને ૨આ૦+ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૩	૨	૫	૧૪૨
એકને ૩આ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૯૩	૨	૫	૧૪૧
૩આ૦+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૯૨	૨	૫	૧૪૦
૩આ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૮૯	૨	૫	૧૩૭
૩આ૦+અ૦૪+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૮૮	૨	૫	૧૩૬
અનેકને૨આ૦+અ૦૪+મિ૦+મિ૦+જિ૦વિના	૫	૯	૨	૨૨	૨	૯૨	૨	૫	૧૩૯
એકને ૩આ૦+અનં૦૬+જિ૦ વિના	૫	૯	૨	૨૨	૧	૯૨	૨	૫	૧૩૮
૩આ૦+અનં૦૬+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૨	૧	૮૮	૨	૫	૧૩૪
અનેકને ૨આ૦+દર્શનસ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯
એકને ૩આ૦+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	મ૦	૯૩	૨	૫	૧૩૮
૩આયુ૦+દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૨	૨	૫	૧૩૭
૩આયુ૦+દ૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	મ૦	૮૯	૨	૫	૧૩૪
૩આયુ+દ૦સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૮૮	૨	૫	૧૩૩

★ જિનનામની સત્તાવાળો જીવ દેવભવમાંથી કે નરકભવમાંથી સમ્યક્ત્વ ગુણઠાણું લઈને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકતો હોવાથી, ઔદારિકમિશ્રયોગમાં સમ્યક્ત્વગુણઠાણે જિનનામની સત્તા હોય છે.

-: ઔદારિકમિશ્રમાં સયોગીગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	વેદ.	આયુ.	નામ	ગોત્ર	કુલ
ઘાતી ૪૭+૩ આ૦+ના૦ ૧૩ વિના	૨	૫૦	૮૦	૨	૮૫
૬૩+જિન૦ વિના	૨	૫૦	૭૯	૨	૮૪
૬૩+આહા૦૪ વિના	૨	૫૦	૭૬	૨	૮૧
૬૩+આહા૦૪+જિ૦ વિના	૨	૫૦	૭૫	૨	૮૦

ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં ૮૦, ૮૧, ૮૪, ૮૫, ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૩, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫, અને ૧૪૬ એમ કુલ ૨૦ સત્તાસ્થાન ઘટે છે.

વૈક્રિયમિશ્રયોગમાં સત્તાસ્વામિત્વઃ-

વૈક્રિયમિશ્રયોગમાં સત્તાસ્વામિત્વ :-

छायालसयं विक्किय-मीसे विण तिरिणराउगं एवं ।
पढमचउत्थे बीए, चउचत्तसयं अतित्थणिरयाऊ ॥२०॥

ગાથાર્થ :- વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં ઓઘે તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, પહેલા અને ચોથા ગુણઠાણે સમજવું. તથા બીજા ગુણઠાણે તીર્થંકર નામકર્મ અને નરકાયુષ્ય વિના ૧૪૪ પ્રકૃતિ સત્તામાં હોય છે.

---

(૨૦) ઔદારિકમિશ્રયોગ માર્ગણામાં શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણું હોય છે. તે વખતે પરભવાયુ બંધાતું ન હોવાથી, માત્ર ભોગવાતું આયુષ્ય જ સત્તામાં હોય છે.

વિવેચન :- વૈક્રિયમિશ્રયોગ દેવ-નારકને અપર્યાપ્તાવસ્થામાં[૨૧] જ હોય છે. ત્યાં પરભવાયુનો બંધ થતો નથી. કારણકે દેવ-નારકો પોતાના આયુષ્યના ૬ માસ બાકી રહે છે. ત્યારે પરભવાયુને બાંધે છે. તે વખતે દેવ-નારકને વૈક્રિયકાયયોગ હોય છે. પણ વૈક્રિયમિશ્રયોગ હોતો નથી. તેથી વૈક્રિયમિશ્રયોગ માર્ગણામાં ઓઘે મનુષ્યાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬ પ્રકૃતિ** સત્તામાં હોય છે.

★ વૈક્રિયમિશ્રયોગમાં મિથ્યાત્વગુણઠાણે દેવને જિનનામની સત્તા હોતી નથી. પરંતુ નારકને જિનનામની સત્તા હોય છે. તેથી વૈક્રિયમિશ્રયોગ માર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા કહી છે.

-: વૈક્રિયમિશ્રમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ ૨આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
એકને ૩આયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૩આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	ન૦	૮૯	૨	૫	૧૪૧
૩આયુ+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮

★ કોઈપણ જીવ સાસ્વાદનગુણઠાણુ લઈને નરકમાં જતો નથી. તેથી વૈક્રિય-મિશ્રયોગ માર્ગણામાં સાસ્વાદન ગુણઠાણે નરકાયુષ્યની સત્તા હોતી નથી...

-: વૈક્રિયમિશ્રમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
૩આયુ+જિન વિના	૫	૯	૨	૨૮	દે૦	૯૨	૨	૫	૧૪૪
૩આયુ+જિન૦+ આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	દે૦	૮૮	૨	૫	૧૪૦

(૨૧) તિર્યંચ-મનુષ્યોને ઉત્તરવૈક્રિયશરીરના પ્રારંભકાળે અને દેવ - નારકોને પણ ઉત્તરવૈક્રિયશરીરના પ્રારંભકાળે વૈક્રિયમિશ્રયોગ હોય છે તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી.

-: વૈક્રિયમિશ્રમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ ૨આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
એકની અપેક્ષાએ ૩આયુ વિના	૫	૯	૨	૨૮	૬૦	૯૩	૨	૫	૧૪૫
૩આયુ+જિન૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૩આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૯	૨	૫	૧૪૧
૩આયુ+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
અનેકને ૨આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૩	૨	૫	૧૪૨
એકને ૩આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૬૦	૯૩	૨	૫	૧૪૧
૩આ૦+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૯૨	૨	૫	૧૪૦
૩આ૦+અનં૦૪+ આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૮૯	૨	૫	૧૩૭
૩આ૦+અનં૦૪+ આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૮૮	૨	૫	૧૩૬
અનેકને ૨આયુ+અનં૦૬ વિના	૫	૯	૨	૨૨	૨	૯૩	૨	૫	૧૪૦
એકને ૩આયુ+અનં૦૬ વિના	૫	૯	૨	૨૨	૬૦	૯૩	૨	૫	૧૩૯
૩આયુ+અનં૦૬+જિ૦ વિના	૫	૯	૨	૨૨	૧	૯૨	૨	૫	૧૩૮
૩આયુ+અનં૦૬+આહા૦૪ વિના	૫	૯	૨	૨૨	૧	૮૯	૨	૫	૧૩૫
૩આયુ+અનં૦૬+ આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૨	૧	૮૮	૨	૫	૧૩૪
અનેકને ૨આયુ+ દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯
એકને ૩આયુ+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૬૦	૯૩	૨	૫	૧૩૮
૩આયુ+ દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૨	૨	૫	૧૩૭
૩આયુ+દ૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૧	૮૯	૨	૫	૧૩૪
૩આયુ+દ૦સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૮૮	૨	૫	૧૩૩

વૈક્રિયમિશ્રયોગમાર્ગણામાં ૧૪૩ વિના ૧૩૩થી ૧૪૬ સુધીના કુલ-૧૩ સત્તાસ્થાન હોય છે.

કાર્મણકાયયોગમાં સત્તાસ્વામિત્વ :-

કાર્મણકાયયોગમાં સત્તાસ્વામિત્વ :-

कम्मे सव्वा एवं, पढमचउत्थेसु तित्थणिरयाऊ ।
विण छायालहियसयं, बीए ओघव्व तेरसमे ॥२१॥

ગાથાર્થ :-કાર્મણકાયયોગ માર્ગણામાં ઓઘે સર્વે પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, પહેલા અને ચોથા ગુણઠાણે સમજવું. બીજા ગુણઠાણે તીર્થંકરનામકર્મ અને નરકાયુષ્ય વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે અને તેરમા ગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું....

વિવેચન :- વિગ્રહગતિમાં અને કેવલીસમુદ્‌ઘાતમાં ત્રીજા-ચોથા-પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય છે. તેથી **કાર્મણકાયયોગમાર્ગણામાં પહેલું, બીજું, ચોથું** અને **તેરમું** એમ કુલ. ૪ ગુણઠાણા હોય છે.

-: કાર્મણકાયયોગમાં મિથ્યાત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેક કા૦કાયયોગીની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
એકને ૩ આયુ૦+ જિન૦વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૩ આયુ+આહા૦૪	૫	૯	૨	૨૮	[૨૨]ન૦	૮૯	૨	૫	૧૪૧
૩આયુ+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલના કર્યા પછી	૫	૯	૨	૨૭	૧	૮૮	૨	૫	૧૩૯
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૧	૮૮	૨	૫	૧૩૮
દેવદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૬	૨	૫	૧૩૬
વૈક્રિયાષ્ટકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૦	૨	૫	૧૩૦
ઉચ્ચગોત્રની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૮૦	૧	૫	૧૨૯
મનુષ્યદ્વિકની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૬	૧	૭૮	૧	૫	૧૨૭

(૨૨) કાર્મણકાયયોગમાં મિથ્યાત્વગુણઠાણે જિનનામની સત્તા માત્ર નારકને જ હોય છે. મનુષ્યને હોતી નથી.

★ કોઈ પણ જીવ સાસ્વાદનગુણઠાણુ લઈને નરકમાં જઈ શકતો નથી. તેથી કાર્મણકાયયોગમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે નરકાયુષ્યની સત્તા હોતી નથી.

-: કાર્મણકાયયોગમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને નરકાયુ+જિન૦વિના	૫	૯	૨	૨૮	૩	૯૨	૨	૫	૧૪૬
એકને ઉઆયુ+જિન૦વિના	૫	૯	૨	૨૮	૬૦[૨૩]	૯૨	૨	૫	૧૪૪
ઉઆ૦+જિન૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦

-: કાર્મણકાયયોગમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકની અપેક્ષાએ	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
એકને ઉઆયુ વિના	૫	૯	૨	૨૮	૧	૯૩	૨	૫	૧૪૫
ઉઆયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
ઉઆયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૯	૨	૫	૧૪૧
ઉઆયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
અનેકની અપેક્ષાએ અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૪	૯૩	૨	૫	૧૪૪
એકને ઉઆ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૯૩	૨	૫	૧૪૧
ઉઆયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૯૨	૨	૫	૧૪૦
ઉઆયુ+ અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૧	૮૯	૨	૫	૧૩૭
ઉઆ૦+અનં૦૪+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૧	૮૮	૨	૫	૧૩૬
અનેકને અનં૦૪+ મિ૦+મિ૦ વિના	૫	૯	૨	૨૨	૪	૯૩	૨	૫	૧૪૨
એકને ઉઆયુ+અનં૦૪+મિ૦+મિ૦ વિના	૫	૯	૨	૨૨	૬૦	૯૩	૨	૫	૧૩૯
ઉઆ૦+અનં૦૪+મિ૦+મિ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૨	૧	૯૨	૨	૫	૧૩૮
ઉઆ૦+અનં૦૪+મિ૦+મિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૨	૧	૮૯	૨	૫	૧૩૫
ઉઆ૦+અનં૦૬+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૨	૧	૮૮	૨	૫	૧૩૪
અનેકને દર્શનસપ્તક વિના	૫	૯	૨	૨૧	૪	૯૩	૨	૫	૧૪૧
એકને ઉઆયુ+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૩	૨	૫	૧૩૮
ઉઆયુ+દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૨	૨	૫	૧૩૭
ઉઆયુ+દ૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૧	૮૯	૨	૫	૧૩૪
ઉઆયુ+દ૦સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૮૮	૨	૫	૧૩૩

-: કાર્મણકાયયોગમાં સયોગીગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

ઘાતી ૪૭+આયુ૦૩+નામ-૧૩ વિના	૨	મ૦	૮૦	૨	૮૫
૬૩+જિ૦વિના	૨	મ૦	૭૯	૨	૮૪
૬૩+આહા૦૪	૨	મ૦	૭૬	૨	૮૧
૬૩ +આહા૦૪+જિ૦ વિના	૨	મ૦	૭૫	૨	૮૦

કાર્મણકાયયોગમાં ૮૦, ૮૧, ૮૪, ૮૫, ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૬ અને ૧૪૮..... એમ કુલ. ૨૧ સત્તાસ્થાન હોય છે.

નપુંસકવેદમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

નપુંસકવેદમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

णपुमे अडतीससयं, जा ओघव्व गुणठाणणवगम्मि ।
ताउ खवगसेढीए, गुणठाणे अट्ठमे णवमे ॥२२॥
णेया सगतीससयं, विण तित्थयरं तओऽत्थि णवमगुणे ।
ओघव्विगवीससयं, तेरसयं च विण तित्थयरं ॥२३॥

ગાથાર્થ :- નપુંસકવેદમાર્ગણામાં નવમાગુણઠાણા સુધી ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું... ક્ષપકશ્રેણીમાં આઠમા-નવમાગુણઠાણે ૧૩૮ પ્રકૃતિ સત્તામાં કહી છે. તેમાંથી તીર્થંકરનામકર્મ વિના ૧૩૭ પ્રકૃતિ સત્તામાં હોય છે. તેમજ નવમા ગુણઠાણે ઓઘની જેમ ૧૨૨ માંથી તીર્થંકરનામકર્મ વિના ૧૨૧, અને ૧૧૪ માંથી તીર્થંકરનામકર્મ વિના ૧૧૩ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :- નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને જે સમયે સ્ત્રીવેદનો ઉદય અને સત્તા નાશ પામે છે. તે જ સમયે નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા

---

(૨૩) આહારકચતુષ્કની સત્તાવાળો જે મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને, સાસ્વાદન ગુણઠાણે આવીને, કાળ કરે છે. તેને દેવમાં જતી વખતે કાર્મણકાયયોગમાં સાસ્વાદનગુણઠાણે ૯૨નું સત્તાસ્થાન હોય છે. અન્યને નહિ....

જીવને નપુંસકવેદનો ઉદય અને સત્તા નાશ પામે છે. એટલે સ્ત્રીવેદીને જે સમયે સ્ત્રીવેદમાર્ગણા પૂર્ણ થાય છે. તે જ સમયે નપુંસકવેદીને નપુંસકમાર્ગણા પૂર્ણ થાય છે.

નપુંસકવેદમાર્ગણામાં ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું. પરંતુ ક્ષપકશ્રેણીમાં આઠમા અને નવમા ગુણઠાણે તીર્થંકરનામકર્મની સત્તા હોતી નથી. કારણકે તીર્થંકરભગવંતો પુરુષવેદી જ હોય છે. જો કે આશ્ચર્યરૂપે મલ્લિનાથ પ્રભુ સ્ત્રીવેદે તીર્થંકર થયા. પરંતુ **"ક્યારેય કોઈ પણ જીવ નપુંસકવેદે તીર્થંકર થયા નથી, અને થવાના પણ નથી."** એટલે નપુંસકવેદીને ક્ષપકશ્રેણીમાં આઠમા અને નવમા ગુણઠાણે તીર્થંકરનામકર્મની સત્તા હોતી નથી. તેથી નપુંસકવેદમાર્ગણામાં ક્ષપકને આઠમાથી નવમા ગુણઠાણાના પહેલાભાગ સુધી ૧૩૮માંથી તીર્થંકરનામકર્મ વિના **૧૩૭** પ્રકૃતિ સત્તામાં હોય છે. બીજાભાગે **૧૨૨** પ્રકૃતિમાંથી તીર્થંકરનામકર્મ વિના **૧૨૧** અને ત્રીજા ભાગે ૧૧૪ માંથી તીર્થંકરનામકર્મ વિના **૧૧૩** પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાર પછી જે સમયે નપુંસકવેદનો ઉદય અને સત્તા એકી સાથે નાશ પામે છે તે જ સમયે નપુંસકવેદ માર્ગણા પૂર્ણ થાય છે. એટલે **નપુંસકવેદમાર્ગણામાં છેલ્લે ૧૧૩ પ્રકૃતિ સત્તામાં હોય છે.**

અવેદમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને સ્ત્રીવેદનો ઉદય અને સત્તા એકી સાથે નાશ પામવાથી તે જીવ અવેદી બને છે તે વખતે છેલ્લે **૧૧૩** પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાર પછી **અવેદમાર્ગણામાં ૯મા ગુણઠાણે** ૧૧૩માંથી સ્ત્રીવેદ વિના **૧૧૨** પ્રકૃતિ, પુરુષવેદ અને હાસ્યષટ્કનો એકી સાથે ક્ષય થવાથી **૧૦૫**, સં૦ક્રોધનો ક્ષય થવાથી **૧૦૪**, સં૦ માનનો ક્ષય થવાથી **૧૦૩** અને સં૦માયાનો ક્ષય થવાથી **૧૦૨** પ્રકૃતિ સત્તામાં રહે છે.

નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને નવમાગુણઠાણાના

પહેલાભાગે ૧૩૭, બીજાભાગે સ્થાવરાદિ-૧૬ વિના ૧૨૧, ત્રીજાભાગે કષાયાષ્ટક વિના ૧૧૩ પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાર પછી નપુંસકવેદનો ઉદય અને સત્તા એકી સાથે નાશ પામે છે. તેની સાથે જ સ્ત્રીવેદની સત્તાનો પણ ક્ષય થાય છે. એટલે તે જીવ અવેદી બને છે. તે વખતે **અવેદમાર્ગણામાં** ૯મા ગુણઠાણે ૧૧૩માંથી નપુંસકવેદ અને સ્ત્રીવેદ વિના ૧૧૧ પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાર પછી પુરુષવેદ અને હાસ્યષટ્કનો એકી સાથે ક્ષય થવાથી ૧૦૪, સંઠક્રોધનો ક્ષય થવાથી ૧૦૩, સંઠમાનનો ક્ષય થવાથી ૧૦૨, અને સંઠમાયાનો ક્ષય થવાથી ૧૦૧ પ્રકૃતિ સત્તામાં રહે છે.

પુરુષવેદોદયે ક્ષપકશ્રેણી માંડનારા જીવને છેલ્લે ૧૧૨ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાર પછી જે સમયે પુરુષવેદનો ઉદયવિચ્છેદ થાય છે. તેની સાથે જ હાસ્યષટ્કનો ક્ષય થાય છે. ત્યાર પછી તે જીવ અવેદી બને છે. તે વખતે **અવેદમાર્ગણામાં** ૯મા ગુણઠાણે ૧૧૨માંથી હાસ્યષટ્ક વિના ૧૦૬ પ્રકૃતિ સત્તામાં રહે છે. ત્યાર પછી પુરુષવેદનો ક્ષય થવાથી ૧૦૫, સંઠક્રોધનો ક્ષય થવાથી ૧૦૪, સંઠમાનનો ક્ષય થવાથી ૧૦૩ અને સંઠમાયાનો ક્ષય થવાથી ૧૦૨ પ્રકૃતિ સત્તામાં રહે છે.

આ પ્રમાણે, **અવેદમાર્ગણામાં** નવમા ગુણઠાણે ૧૧૨, ૧૧૧, ૧૦૬, ૧૦૫, ૧૦૪, ૧૦૩, ૧૦૨ અને ૧૦૧ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાર પછી ૧૦ થી ૧૪ ગુણઠાણા સુધી મનુષ્યગતિમાર્ગણાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.

મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

ઓઘવ્વ પમત્તાઈ, સત્ત ઉ મણપજ્જવમ્મિ અત્થિ પરં ।
અડયાલસયટ્ઠાણે તિરિણિરયાઊ વિણા છચત્તસયં ॥૨૪॥

ગાથાર્થ :- મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં પ્રમત્તાદિ સાતગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ કહેવું. પરંતુ વિશેષ એ છે કે, ૧૪૮ પ્રકૃતિમાંથી તિર્યંચાયુ અને નરકાયુષ્ય વિના ૧૪૬ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :- મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં **ઓઘે** અને **પ્રમત્ત-અપ્રમત્તે** નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના **૧૪૬** પ્રકૃતિસત્તામાં હોય છે અને ૮ થી૧૨ ગુણઠાણા સુધી મનુષ્યગતિમાર્ગણાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું...

સામાયિકાદિ-૩ ચારિત્ર અને અભવ્યમાં સત્તાસ્વામિત્વઃ-

સામાયિકાદિ-૩ ચારિત્ર અને અભવ્યમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

ओह चउ पमत्ताई, समइअछेएसु तुरिअणाणव्व
दो परिहारे अभवे, तित्थाहारचउसम्ममीसूणा ॥२५॥

ગાથાર્થ :- સામાયિક અને છેદોપસ્થાપનીય માર્ગણામાં પ્રમત્તાદિ-૪ ગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું. પરિહારવિશુદ્ધિચારિત્રમાં છટ્ઠું અને સાતમું એમ બે ગુણઠાણા હોય છે. ત્યાં મનઃપર્યવજ્ઞાનની જેમ સત્તાસ્વામિત્વ જાણવું અને અભવ્યમાર્ગણામાં તીર્થંકરનામકર્મ, આહારકચતુષ્ક, સમ્યક્ત્વ-મોહનીય, મિશ્રમોહનીય વિના ૧૪૧ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :- સામાયિક અને છેદોપસ્થાપનીયચારિત્ર માર્ગણામાં ૬થી ૯ સુધીના ૪ ગુણઠાણે મનુષ્યગતિમાર્ગણાની જેમ સત્તાસ્વામિત્વ જાણવું.. પરિહારવિશુદ્ધિચારિત્રમાં છઠ્ઠે અને સાતમે ગુણઠાણે મનઃપર્યવજ્ઞાનની જેમ નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

અભવ્યમાર્ગણામાં પહેલુ એક જ ગુણઠાણુ હોય છે. ત્યાં જિનનામ, આહ૦૪, સ૦મો૦ અને મિશ્રમો૦ વિના **૧૪૧** પ્રકૃતિ

સત્તામાં હોય છે. કારણકે જે જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જિનનામ બાંધેલું હોય અને અપ્રમત્તગુણઠાણે આહારકદ્વિક બાંધેલુ હોય, તે જીવ ત્યાંથી પડીને મિથ્યાત્વે આવે, તો તેને મિથ્યાત્વે જિનનામ, આહા૦૪, સ૦મો૦ અને મિશ્રમો૦ સત્તામાં હોય છે. પણ અભવ્ય ક્યારેય મિથ્યાત્વગુણસ્થાનકથી આગળ જઈ શકતો નથી. તેથી તેને જિનનામાદિ-૭ પ્રકૃતિ સત્તામાં હોતી નથી.

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં સત્તાસ્વામિત્વઃ-

खइए इग-चत्तसयं, विण दंसणसत्तगं चउसु एवं ।
तुरियाईसुं केइ उ, देसाइतिगे विणाउदुगं ॥ २६॥

गुणचत्तसयं अट्ठम-गुणाइ चउगे ऽट्ठमे गुणे णवमे ।
अडतीससया इत्तो, जाव अजोगिगुणमोघव्व ॥२७॥

ગાથાર્થ :- ક્ષાયિકસમ્યક્ત્વ માર્ગણામાં દર્શનસપ્તક વિના ૧૪૧ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, ચોથાથી સાતમાગુણઠાણા સુધીના કુલ ચારગુણઠાણે સત્તાસ્વામિત્વ જાણવું. કેટલાક આચાર્ય મહારાજાના મતે દેશવિરતિ વગેરે ત્રણ ગુણઠાણે નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના ૧૩૯ પ્રકૃતિ સત્તામાં હોય છે. ઉપશમશ્રેણીમાં ૮ થી ૧૧ સુધીના કુલ ૪ ગુણઠાણે ૧૩૯ પ્રકૃતિ સત્તામાં હોય છે. ક્ષપકશ્રેણીમાં આઠમે-નવમે ગુણઠાણે ૧૩૮ પ્રકૃતિ સત્તામાં હોય છે. ત્યાંથી આગળ ૧૪મા ગુણઠાણા સુધી ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું..

વિવેચન :- ક્ષાયિકસમ્યક્ત્વ માર્ગણામાં **ઓઘે** અને ૪ થી ૭ સુધીના કુલ-૪ ગુણઠાણે દર્શનસપ્તક વિના ૧૪૧ પ્રકૃતિ સત્તામાં હોય છે.

★ ક્ષાયિકસમ્યક્ત્વ માર્ગણામાં દેશવિરતિગુણઠાણુ માત્ર સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યને જ હોય છે. તિર્યંચને ન હોય. કારણકે સંખ્યાતવર્ષના આયુષ્યવાળા દેશવિરતિધર તિર્યંચો ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી અને ક્ષાયિકસમ્યક્ત્વી યુગલિકતિર્યંચ-મનુષ્યને ૪થું જ ગુણઠાણુ હોય છે. ક્ષા૦સ૦ દેવ-નારકને પણ ચોથું જ ગુણઠાણુ હોય છે. તેથી ક્ષાયિકસમ્યક્ત્વ માર્ગણામાં દેશવિરતિ વગેરે ગુણઠાણા માત્ર મનુષ્યને જ હોય છે.

★ જે મનુષ્યે યુગલિક તિર્યંચ-મનુષ્ય કે દેવ-નારકનું આયુષ્ય બાંધેલું હોય, તે મનુષ્ય ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી ૭ મા ગુણઠાણા સુધી જઈ શકે છે. તેથી ક્ષાયિકસમ્યક્ત્વ માર્ગણામાં દેશવિરતિ વગેરે ત્રણ ગુણઠાણે ચારે આયુષ્યની સત્તા ઘટી શકે છે.

કેટલાક આચાર્ય મ૦સા૦નાં મતે દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત એમ કુલ ત્રણ ગુણઠાણે દર્શનસપ્તક, નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના ૧૩૯ પ્રકૃતિ સત્તામાં હોય છે.

-: ક્ષાયિકસમ્યક્ત્વમાં ૪ થી ૭ ગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેકને આશ્રયી દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૪	૯૩	૨	૫	૧૪૧
એકને ૩આ૦+દ૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૩	૨	૫	૧૩૮
એકને ૨આ૦+દ૦સ૦+વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯
૩આયુ+દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૯૨	૨	૫	૧૩૭
૨આયુ+દ૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩આયુ+દ૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૧	૮૯	૨	૫	૧૩૪
૨આયુ+દ૦સ૦+ આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૯	૨	૫	૧૩૫
૩આયુ+દ૦સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૧	૮૮	૨	૫	૧૩૩
૨આયુ+દ૦સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪

-: ઉપશમશ્રેણીમાં ક્ષપકને ૮થી૧૧ ગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઇ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
૩આયુ+૬૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૪૦	૯૩	૨	૫	૧૩૮
૨આયુ+૬૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૩	૨	૫	૧૩૯
૩આયુ+૬૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૪૦	૯૨	૨	૫	૧૩૭
૨આયુ+૬૦સ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩આયુ+૬૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૪૦	૮૯	૨	૫	૧૩૪
૨આયુ+૬૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૯	૨	૫	૧૩૫
૩આ૦+૬૦સ૦+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૧	૪૦	૮૮	૨	૫	૧૩૩
૨આ૦+૬૦સ૦+આ૦૪+જિ૦+વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪

ક્ષપકશ્રેણીમાં ૮થી ૧૪ ગુણઠાણા સુધી મનુષ્યગતિમાર્ગણામાં કહ્યાં મુજબ સત્તાસ્વામિત્વ જાણવું...

ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ૧૪૧, ૧૩૯, ૧૩૮, ૧૩૭, ૧૩૫, ૧૩૪, ૧૩૩, ૧૧૪, ૧૧૩, ૧૧૨, ૧૧૧, ૧૧૦, ૧૦૯, ૧૦૮, ૧૦૭, ૧૦૬, ૧૦૫, ૧૦૪, ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૧૦૦, ૯૯, ૯૮, ૯૭, ૯૬, ૯૫, ૯૪, ૮૫, ૮૪, ૮૧, ૮૦, ૧૨, ૧૧ એમ કુલ-૩૪ સત્તાસ્થાન હોય છે.

ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

अजयाईसुं अट्ठसु, गुणेसु खलु उवसमम्मि ओघव्व ।
णवरि णवमदसमेसुं, बावीससयाइ वज्जाओ ॥२८॥

ગાથાર્થ :- ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે આઠગુણઠાણે ઓઘની જેમ સત્તાસ્વામિત્વ જાણવું. પરંતુ વિશેષ એ છે કે, નવમા-દસમા ગુણઠાણે ૧૨૨ વગેરેની સત્તા હોતી નથી.

વિવેચન :- ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં **ઓઘે** અને ૪થી૭

સુધીના કુલ ૪ ગુણઠાણે **૧૪૮** પ્રકૃતિ સત્તામાં હોય છે તેમાં ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યક્ત્વમાં જિનનામ અને આહારકચતુષ્કની સત્તા સંભવતી નથી. પણ શ્રેણિગતઉપશમસમ્યક્ત્વની અપેક્ષાએ જિનનામ અને આહારકચતુષ્કની સત્તા સમજવી.

ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વીને **૮થી૧૧** સુધીના કુલ-૪ ગુણઠાણે અનંતાનુબંધીચતુષ્ક, નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના **૧૪૨** પ્રકૃતિ સત્તામાં હોય છે.

કેટલાક આચાર્ય ભગવંતનું એવું માનવું છે કે, અનંતાનુબંધી ચતુષ્કની ઉપશમના કરનારા જીવો પણ ઉપશમશ્રેણી માંડી શકે છે. તેથી મતાંતરે ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વીને નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે. પરંતુ ક્ષપકશ્રેણીમાં નવમા ગુણઠાણે જે **૧૨૨** વગેરેની સત્તા અને દશમા ગુણઠાણે **૧૦૨** પ્રકૃતિની સત્તા કહી છે. તે ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં ન હોય... કારણકે ઉપશમસમ્યક્ત્વી ક્ષપકશ્રેણી માંડી શકતો નથી...

-: ઉપશમસમ્યક્ત્વમાં ૪થી ૭ ગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
અનેક ૩૦સમ્યક્ત્વીને આશ્રયી	૫	૯	૨	૨૮	૪	૯૩	૨	૫	૧૪૮
એકને આશ્રયી ૩આયુ વિના	૫	૯	૨	૨૮	૧	૯૩	૨	૫	૧૪૫
એકને આશ્રયી ૨આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
૩આયુ + જિન વિના	૫	૯	૨	૨૮	૧	૯૨	૨	૫	૧૪૪
૨આયુ + જિન વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ + આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૧	૮૯	૨	૫	૧૪૧
૨આયુ + આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ + આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૧	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ + આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧

-: ઉપશમશ્રેણીમાં ઉપશમકને ૮થી૧૧ ગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા.	દ.	વે.	મો.	આ.	ના.	ગો.	અં.	કુલ
૨આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૩	૨	૫	૧૪૨
૩આયુ+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૯૩	૨	૫	૧૪૧
૨આયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ+અનં૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	મ૦	૯૨	૨	૫	૧૪૦
૨આયુ+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૯	૨	૫	૧૩૮
૩આ૦+ અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૮૯	૨	૫	૧૩૭
૨આ૦+ અ૦૪+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
૩આ૦+અ૦૪+આ૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૪	મ૦	૮૮	૨	૫	૧૩૬
મતાંતરે ૨આયુ વિના	૫	૯	૨	૨૮	૨	૯૩	૨	૫	૧૪૬
૩આયુ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૩	૨	૫	૧૪૫
૨આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+ જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૨	૨	૫	૧૪૪
૨આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૯	૨	૫	૧૪૨
૩આયુ+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૯	૨	૫	૧૪૧
૨આ૦+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩આ૦+આહા૦૪+જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૮	૨	૫	૧૪૦

ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૬ અને ૧૪૮ એમ કુલ ૧૦ સત્તાસ્થાન હોય છે.

અસંજ્ઞીમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

અસંજ્ઞીમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

અમણે સગચત્તસયં, વિણા જિણં એવમેવ મિચ્છગુણે ।
સાણે ચતહિયસયં, તિઆઉ આહારચઉગૂણા ॥૨૯॥

ગાથાર્થ :- અંસજ્ઞીમાર્ગણામાં ઓઘે જિનનામ વિના ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે. એ જ પ્રમાણે, મિથ્યાત્વગુણઠાણે સમજવું. સાસ્વાદન-

ગુણઠાણે ત્રણ આયુષ્ય અને આહારકચતુષ્ક વિના ૧૪૦ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વિવેચન :- અસંજ્ઞીમાર્ગણામાં **ઓઘે** અને **મિથ્યાત્વે** જિનનામ વિના ૧૪૭ પ્રકૃતિ સત્તામાં હોય છે, કારણકે જિનનામની સત્તાવાળો જીવ અસંજ્ઞીમાં ઉત્પન્ન થતો નથી. તેથી અસંજ્ઞીમાર્ગણામાં જિનનામની સત્તા હોતી નથી.

અસંજ્ઞીમાર્ગણામાં રહેલો જીવ પૂર્વભવમાંથી સાસ્વાદન ગુણઠાણુ લઈને, આવેલો હોવાથી શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે. તે વખતે પરભવાયુ બંધાતુ નથી એટલે ભોગવાતું તિર્યંચાયુ જ સત્તામાં હોય છે. તે સિવાયના બાકીના ત્રણ આયુષ્યની સત્તા હોતી નથી. અને આહારકચતુષ્કની સત્તાવાળો જે મનુષ્ય ઉપશમશ્રેણીથી પડીને સાસ્વાદને આવે છે. તેને જ સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોય છે, અન્યને નહીં. એ શાસ્ત્રાનુસારે તિર્યંચોને સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોતી નથી. તેથી અસંજ્ઞીમાર્ગણામાં સાસ્વાદન ગુણઠાણે ત્રણ આયુષ્ય, આહા૦૪ અને જિનનામ વિના **૧૪૦** પ્રકૃતિ સત્તામાં હોય છે.

અણાહારીમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

અણાહારીમાર્ગણામાં સત્તાસ્વામિત્વ :-

कम्मव्व अणाहारे, ओघव्व चउदसमेऽत्थि वीरपहुं ।
मुणिवीरसेहर थुअं णमह हयासेसकम्मरयसत्तं ॥३०॥

ગાથાર્થ :- **અણાહારી માર્ગણામાં [પહેલા, બીજા, ચોથા અને તેરમા ગુણઠાણે] કાર્મણકાયયોગની જેમ સત્તાસ્વામિત્વ જાણવું અને ચૌદમા ગુણઠાણે કર્મસ્તવમાં કહ્યાં મુજબ સત્તાસ્વામિત્વ જાણવું.**

મુનિ શ્રીવીરશેખરવિજયજી મહારાજા, સંપૂર્ણ કર્મરજનો સત્તામાંથી જેમણે નાશ કર્યો છે એવા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરવા પૂર્વક સ્તવના કરી રહ્યાં છે.

વિવેચન :- અણાહારીમાર્ગણાં **પહેલું, બીજુ, ચોથું, તેરમું** અને **ચૌદમું** એમ કુલ **પાંચ** ગુણઠાણા હોય છે. તેમાંથી પહેલું, બીજું, ચોથું અને તેરમું એમ કુલ ૪ ગુણઠાણે કાર્મણકાયયોગની જેમ સત્તાસ્વામિત્વ જાણવું. તથા ચૌદમાગુણઠાણે દ્વિચરમસમય સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ **૮૫** પ્રકૃતિ સત્તામાં હોય છે. અને ચરમસમયે અનેકજીવની અપેક્ષાએ **૧૩** પ્રકૃતિ સત્તામાં હોય છે. કારણકે કોઈક અયોગીકેવલીભગવંતને શાતાનો ઉદય હોય છે અને કોઈક અયોગીકેવલીભગવંતને અશાતાનો ઉદય હોય છે એટલે અનેક જીવની અપેક્ષાએ ૧૪મા ગુણઠાણાના છેલ્લા સમયે શાતા-અશાતા બન્ને સત્તામાં હોય છે અને એકજીવની અપેક્ષાએ **૧૨** પ્રકૃતિ સત્તામાં હોય છે.

પ્રસ્તુત ગ્રન્થના અંતે પૂ.આચાર્યભગવંતશ્રીવીરશેખરસૂરીશ્વરજી મહારાજા "**णमह**" પદથી શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરવા દ્વારા અંતિમ મંગલાચરણ કરી રહ્યાં છે.

सिरिपेमसूरिगुरुवररज्जे भूवा गहिंदुनह [२०१९] वासे ।
वीरां-ऽकमय जिणद्दे [२४८९] जावालपुरे समत्तमिणं ॥३१॥

ગાથાર્થ :- આચાર્યભગવંતશ્રીપ્રેમસૂરીશ્વરજી મહારાજાની શુભનિશ્રામાં શ્રીવીરશેખરવિજયજીમહારાજે જાવલનગરમાં વિક્રમ સંવત ૨૦૧૯ અને વીર સંવત ૨૪૮૯ની સાલમાં સત્તાસ્વામિત્વ ગ્રન્થની રચના સમાપ્ત કરી છે.

પૂ. શ્રીવીરશેખરસૂરીશ્વરજી મહારાજા વિરચિત
સત્તાસ્વામિત્વ સમાપ્ત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



પ્રશ્ન :- (૧) આ ગ્રન્થના નામની સાર્થકતા જણાવો ?

જવાબ :- પૂજ્યશ્રી ગ્રન્થકારભગવંતે આ ગ્રંથમાં કઇ માર્ગણામાં રહેલા જીવો ઓઘે [સામાન્યથી] કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે છે? અને તે માર્ગણામાં રહેલા જીવો કયા ગુણઠાણા સુધી કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે છે, એ સર્વે હકીકત જણાવેલી છે. તેથી જે માર્ગણામાં જે જીવ ઓઘે અને જે ગુણઠાણે જેટલી કર્મપ્રકૃતિને બાંધી શકતો હોય, તે માર્ગણામાં તે જીવ ઓઘે અને તે તે ગુણઠાણે તેટલી કર્મપ્રકૃતિના બંધના સ્વામી કહેવાય છે. તેથી આ ગ્રન્થનું નામ **"બંધસ્વામિત્વ"** રાખવામાં આવ્યું છે.

પ્રશ્ન :- (૨) જ્ઞાનમાર્ગણામાં જ્ઞાનની વિરોધી અજ્ઞાન, સંયમમાર્ગણામાં સંયમની વિરોધી અસંયમ માર્ગણા કેમ કહી છે ?

જવાબ :- ગત્યાદિ-૧૪ મૂળ માર્ગણામાંથી એક-એક મૂળ માર્ગણામાં સર્વે સંસારી જીવોનો સમાવેશ કરવાનો છે એટલે જો જ્ઞાનમાર્ગણાની વિરોધી અજ્ઞાનમાર્ગણા ન લેવામાં આવે, તો મત્યાદિ જ્ઞાનમાર્ગણામાં જ્ઞાની જીવોનો સમાવેશ થાય છે પણ અજ્ઞાનીજીવો રહી જાય છે એટલે જ્ઞાનમાર્ગણામાં સર્વે સંસારીજીવોનો સમાવેશ થતો નથી પણ જો જ્ઞાનની વિરોધી અજ્ઞાન માર્ગણા લેવામાં આવે, તો જ્ઞાનમાર્ગણામાં સર્વે સંસારીજીવોનો સમાવેશ થઈ શકે, તેથી જ્ઞાનમાર્ગણામાં જ્ઞાનની પ્રતિપક્ષી અજ્ઞાનમાર્ગણા કહી છે.

એ જ રીતે, સંયમમાર્ગણામાં અસંયમી જીવોનો પણ સમાવેશ કરવાનો હોવાથી, સંયમમાર્ગણાની વિરોધી અસંયમ માર્ગણા કહી છે.

પ્રશ્ન :- (૩) જો એક-એક મૂળમાર્ગણામાં સર્વ સંસારી જીવનો સમાવેશ કરવાનો છે, તો વેદમાર્ગણામાં અવેદમાર્ગણા અને

કષાયમાર્ગણામાં અકષાયમાર્ગણા કેમ નથી કહી ?

જવાબ :- વેદમાર્ગણામાં અવેદમાર્ગણા અને કષાયમાર્ગણામાં અકષાયમાર્ગણા સંભવે છે. છતાં ગ્રન્થકારભગવંતે વેદમાર્ગણામાં અવેદમાર્ગણા અને કષાયમાર્ગણામાં અકષાયમાર્ગણા નથી કહી. તેનું કારણ અવિવક્ષા જણાય છે.

પ્રશ્ન :- **(૪) નારકો કઈ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે ? અને કઈ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી ?**

જવાબ :-- નરકમાંથી નીકળેલો જીવ મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકે છે. તેથી મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે.

નારકો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય અને દેવ-નારકમાં ઉત્પન્ન થતાં નથી. તેથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય અને દેવ-નરક પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી.

પ્રશ્ન :- **(૫) સાતમી નરકમાં રહેલા નારકોને મનુષ્યગતિમાં ઉત્પન્ન થવાનું જ નથી. તેથી ત્યાં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્રને કેમ બાંધી શકે?**

જવાબ :- સામાન્યથી જીવ જે ગતિમાં જવાની યોગ્યતાવાળો હોય, તે ગતિપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે.[૧] જેમકે, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો દેવ-નરકમાં જઈ શકતા નથી. તેથી તે જીવો દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી. તે જીવો મનુષ્ય

---

(૧) જ્યારે આયુષ્ય બંધાય છે ત્યારે જે ભવનું આયુષ્ય બંધાતુ હોય, તે જ ભવને યોગ્ય ગતિ, જાતિ, આનુપૂર્વી, શરીરાદિ કર્મપ્રકૃતિ બંધાય છે. પણ આયુષ્યકર્મના બંધ પછીથી મરણ સુધી જે જીવે જે આયુષ્ય બાંધ્યુ હોય, તે જીવ તે જ ભવને યોગ્ય ગતિ, જાતિ વગેરે કર્મપ્રકૃતિને બાંધે, એવો નિયમ નથી. એટલે કોઇ પણ જીવ જ્યારે આયુષ્ય ન બંધાતું હોય ત્યારે જે જે ગતિમાં જવાની યોગ્યતાવાળો હોય છે, તે તે ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે.

અને તિર્યંચગતિમાં જ જઈ શકે છે તેથી તે જીવો મનુષ્યગતિ અને તિર્યંચગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે.

એ જ રીતે, સાતમી નરકમાં રહેલો નારક માત્ર તિર્યંચગતિમાં જઈ શકે છે તેથી તે તિર્યંચગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે પણ મનુષ્યગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે નહીં એ વાત સાચી છે. પરંતુ નારકો ભવસ્વભાવે જ દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધતા નથી અને ત્રીજે-ચોથે ગુણઠાણે વિશુદ્ધિના કારણે તિર્યંચ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિ બંધાતી નથી. એટલે સાતમીનરકમાં રહેલો નારક ત્રીજા-ચોથા ગુણઠાણે મનુષ્યપ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધે છે. તેથી ત્યાં મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર બંધાય છે.

પ્રશ્ન :- (૬) પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય કઈ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે ? અને કઈ ગતિ પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકતા નથી?

જવાબ :- પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય - ૨ પ્રકારે છે.

(૧) **યુગલિક તિર્યંચ-મનુષ્ય** (૨) **અયુગલિક તિર્યંચ-મનુષ્ય.**

(૧) **યુગલિક તિર્યંચ-મનુષ્ય મરીને અવશ્ય દેવલોકમાં જ ઉત્પન્ન થાય છે.** તેથી તે જીવો દેવગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે. બાકીની-૩ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી.

(૨) અયુગલિક સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય મરીને દેવ-નરક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય અને સંજ્ઞી તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી તે જીવો દેવગતિ, નરકગતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીતિર્યંચપંચેન્દ્રિય અને સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે.

પ્રશ્ન :- (૭) યુગલિક તિર્યંચ[૨]-મનુષ્યનું બંધસ્વામિત્વ જણાવો...

જવાબ :- યુગલિક તિર્યંચ-મનુષ્યને નપુંસકવેદ, નરકત્રિક, તિર્યંચત્રિક,

(૨) [જુઓ સપ્તતિકાગ્રન્થની ગાથાનં. ૧૫૦, ૧૫૧, ૧૫૨].

મનુષ્યત્રિક, જાતિચતુષ્ક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, સંઘયણ-૬, પહેલા વિનાના પાંચ સંસ્થાન, અશુભવિહાયોગતિ, આતપ, ઉદ્યોત, તીર્થંકર-નામકર્મ, સ્થાવરચતુષ્ક, દુર્ભગત્રિક અને નીચગોત્ર એમ કુલ-૪૧ વિના ઓઘે જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૫ [૨૬માંથી નપુંસકવેદ વિના] + દેવાયુ + નામ-૩૧[૩] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૯ પ્રકૃતિને બાંધી શકે છે. મિથ્યાત્વે-૭૯, સાસ્વાદને-૭૮ [મિથ્યાત્વ વિના], મિશ્રે-૬૯ [થીણદ્ધિત્રિક, અનં૦૪, સ્ત્રીવેદ વિના અને દેવાયુનો અબંધ] અને સમ્યક્ત્વે-૬૯ + દેવાયુ = ૭૦ પ્રકૃતિ બંધાય છે.

પ્રશ્ન :- (૮) લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો કઈ ગતિ પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકે છે ? અને કઈ ગતિ પ્રાયોગ્ય પ્રકૃતિને બાંધી શકતા નથી ?

જવાબ :- લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો મરીને લબ્ધિ-પર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય કે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં જ ઉત્પન્ન થઈ શકે છે. દેવ-નરકમાં ઉત્પન્ન થઈ શકતા નથી. તેથી તે જીવો લબ્ધિ-પર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય કે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે. દેવ-નરકગતિ પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકતા નથી.

પ્રશ્ન :- (૯) કયા દેવો કઈ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે ?

જવાબ :- ભવનપતિથી માંડીને પહેલા બે દેવલોક સુધીના મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ દેવો મરીને, બાદર પર્યાપ્તા પૃથ્વીકાય, બાદર પર્યાપ્તા જલકાય, પ્રત્યેકવનસ્પતિકાય અને અયુગલિક સંજ્ઞી તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી તે એકેન્દ્રિય અને સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે. ૩ થી ૮ દેવલોક સુધીના મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ દેવો અયુગલિક સંજ્ઞી તિર્યંચ-મનુષ્યમાં જ ઉત્પન્ન થઈ શકે છે. તેથી તે અયુગલિક સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે ૯મા દેવલોકથી અનુત્તર

(૩) દેવગતિ + પંચેન્દ્રિયજાતિ + શ૦૩ [વૈ૦, તૈ૦, કા૦] + વૈ૦અં૦ + પ્રથમ સં૦+ વર્ણાદિ-૪ + દેવાનુપૂર્વી + શુભવિહા૦ = ૧૩ + પ્ર૦૫ [અગુરુ૦૪, નિર્માણ] + ત્રસાદિ-૧૦ + અસ્થિર + અશુભ + અયશ = ૩૧

સુધીના દેવો અને ભવનપત્યાદિક ચારે પ્રકારના સમ્યગ્દૃષ્ટિદેવો માત્ર મનુષ્યમાં જ ઉત્પન્ન થઇ શકે છે. તેથી તે મનુષ્ય પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધે છે.

પ્રશ્ન :- (૧૦) ભવનપતિથી માંડીને પહેલા બે દેવલોક સુધીના દેવો તેઉકાય અને વાઉકાયમાં કેમ ઉત્પન્ન થતા નથી ?

જવાબ :- સામાન્યથી જીવ આયુષ્ય કર્મ બાંધતી વખતે જે પદાર્થમાં આસક્ત હોય તે પદાર્થમાં ઉત્પન્ન થઇ શકે એવું આયુષ્ય બાંધી શકે છે. જેમકે, ભવનપતિથી માંડીને પહેલા બે દેવલોક સુધીના દેવો જ્યારે રત્નમાં, વાવડીના જલમાં કે કમળોમાં આસક્ત બનેલા હોય છે. ત્યારે જો પરભવનું આયુષ્ય બંધાઈ જાય, તો તેને બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય કે પ્રત્યેકવનસ્પતિમાં ઉત્પન્ન થવુ પડે છે.

એ રીતે, દેવોને બાદરતેઉકાય કે વાઉકાયમાં આસક્ત થવાનો સંભવ નથી. કારણ કે બાદરઅગ્નિ અઢીદ્વીપની અંદર જ હોય છે. દેવલોકમાં બાદર અગ્નિ નથી તેથી, તેમાં આસક્ત થવાનો સંભવ નથી અને દેવલોકમાં ઠંડી કે ગરમી હોતી નથી. તેથી દેવોને ઠંડા પવનથી ખુશ થવાનું હોતું નથી. એટલે વાઉકાયમાં પણ આસક્ત થવાનો સંભવ નથી. તેથી ભવનપતિથી માંડીને પહેલા બે દેવલોક સુધીના દેવો તેઉકાય અને વાઉકાયમાં ઉત્પન્ન થતા નથી.

પ્રશ્ન :- (૧૧) કયા દેવ-નારકો તીર્થંકર નામકર્મને બાંધી શકતા નથી? શા માટે ?

જવાબ :- ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવલોકના દેવો અને પંકપ્રભાદિ-૪ નરકમાં રહેલા નારકો તીર્થંકર નામકર્મને બાંધી શકતા નથી. કારણકે તે ક્ષેત્રનો પ્રભાવ એવો છે કે, ત્યાં રહેનારા જીવોને સમ્યક્ત્વ હોવા છતાં તીર્થંકરનામકર્મના બંધને યોગ્ય અધ્યવસાય ન આવી શકવાથી તીર્થંકર નામકર્મ બંધાતુ નથી અને જે જીવને તીર્થંકર પરમાત્મા થવાનું છે. તે છેલ્લા ત્રણ ભવ બાકી રહે છે ત્યારે તીર્થંકરનામકર્મનો નિકાચિત બંધ કરે છે. ત્યાર પછી ત્રણે ભવમાં ચોથા ગુણઠાણાથી ૮મા ગુણઠાણાના છઠ્ઠા ભાગ સુધી સતત તીર્થંકરનામકર્મનો

બંધ ચાલુ રહે છે. પરંતુ તીર્થંકરનામકર્મની સત્તાવાળો જીવ વૈમાનિકદેવમાં કે પહેલી ત્રણ નરકમાં જ ઉત્પન્ન થઇ શકે છે. ભવનપત્યાદિક ત્રણ પ્રકારના દેવમાં કે પંકપ્રભાદિ-૪ નરકમાં ઉત્પન્ન થતો નથી. તેથી ત્યાં તીર્થંકર નામકર્મ બંધાતું નથી...

પ્રશ્ન :- (૧૨) એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય કઇ ગતિ પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકે છે ? અને કઇ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી ?

જવાબ :- એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને લબ્ધિ-પર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય કે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઇ શકે છે પણ યુગલિક તિર્યંચ-મનુષ્ય કે દેવ-નરકમાં ઉત્પન્ન થઇ શકતા નથી. તેથી લબ્ધિ-પર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય કે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકે છે પણ યુગલિક તિર્યંચ-મનુષ્ય કે દેવ-નરક પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકતા નથી.

પ્રશ્ન :- (૧૩) એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ અને તિર્યંચાયુને કેવી રીતે બાંધી શકે ? કારણકે તે જીવોને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. તેથી ત્યાંથી પડીને સાસ્વાદન ગુણઠાણે આવવાનું હોતું નથી અને પૂર્વભવમાંથી સાસ્વાદનગુણઠાણુ લઈને આવેલા એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયજીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ સાસ્વાદનગુણઠાણુ હોય છે, તે વખતે પરભવાયુનો બંધ થતો નથી. કારણકે પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ પરભવાયુનો બંધ થઈ શકે છે. તેથી જ્યારે સાસ્વાદન ગુણઠાણુ હોય છે ત્યારે પરભવાયુનો બંધ થઈ શકતો નથી. અને જ્યારે પરભવાયુનો બંધ થાય છે ત્યારે સાસ્વાદનગુણઠાણુ હોતું નથી. એટલે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ અને તિર્યંચાયુને કેવી રીતે બાંધી શકે ?

જવાબ :- ગ્રન્થકારભગવંતે ગાથા **નં૦૧૩**માં કહ્યું છે કે, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ અને તિર્યંચાયુને બાંધી શકે

છે. પણ એ બંધ કેવી રીતે ઘટે ? તેનો ખુલાસો ગાથામાં કર્યો નથી અને હાલમાં ત્રીજાકર્મગ્રન્થની સ્વોપજ્ઞટીકા મલતી નથી. તેથી ગ્રન્થકાર ભગવંતે કઈ અપેક્ષાએ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ અને તિર્યંચાયુનો બંધ કહ્યો છે તે જાણી શકાતું નથી. પરંતુ ત્રીજા કર્મગ્રન્થની અવચૂર્ણિમાં કહ્યું છે કે, એકેન્દ્રિયાદિ સાત માર્ગણામાં સાસ્વાદનભાવ શરીરપર્યાપ્તિ પછીના કાલે પણ હોય છે. અથવા પરભવાયુના બંધકાલ સુધી સાસ્વાદનગુણઠાણુ હોય છે. એટલે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો સાસ્વાદનગુણઠાણે મનુષ્યાયુ અને તિર્યંચાયુને બાંધી શકે છે.

પ્રશ્ન :- (૧૪) તેઉકાય અને વાઉકાય કઈ ગતિ પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકે છે? અને કઈ ગતિ પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકતા નથી?

જવાબ :- તેઉકાય અને વાઉકાય મરીને લબ્ધિ-પર્યાપ્તા કે લબ્ધિ-અપર્યાપ્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચપંચે૦ અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઈ શકે છે પણ મનુષ્ય અને દેવ-નરકમાં ઉત્પન્ન થઈ શકતા નથી. તેથી તે જીવો લબ્ધિ-પર્યાપ્તા કે લબ્ધિ-અપર્યાપ્તા એકેન્દ્રિય વિકલેન્દ્રિય, અસંજ્ઞીતિર્યંચપંચેન્દ્રિય અને સંજ્ઞીતિર્યંચ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે છે. પણ મનુષ્યગતિ અને દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકતા નથી.

પ્રશ્ન :- (૧૫) મિશ્રયોગની બાબતમાં મતાંતર જણાવો....

જવાબ :-(૧) પૂજયશ્રી શીલાંકાચાર્ય[૪] મહારાજે આચારાંગસૂત્રની ટીકામાં કહ્યું છે કે, તિર્યંચ-મનુષ્યને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ હોય છે અને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ હોય છે.

એ જ રીતે, [૫]ભદ્રબાહુસ્વામીજીએ કહ્યું છે કે, જીવ ઉત્પત્તિસ્થાનમાં

---

(૪) औदारिकयोगस्तिर्यग्मनुजयोः शरीरपर्याप्तेरुर्ध्वं, तदारतस्तु मिश्रः ।
[આચારાંગ, અધ્યાય.૨, ઉદ્દેશ ૧ ટીકા.]

(૫) जोएण कम्मएणं, आहारेइ अणंतरो जीवो ।
तेण परंमीसेणं, जाव सरीर निप्फत्ती ॥

આવ્યા પછી તુર્ત જ કાર્મણકાયયોગથી આહારને ગ્રહણ કરે છે અને ત્યારપછીથી શરીરની સમાપ્તિ થાય ત્યાં સુધી મિશ્રયોગવડે આહારને ગ્રહણ કરે છે.

(૨) ગ્રન્થકાર ભગવંતશ્રી [૬]દેવેન્દ્રસૂરિમહારાજાદિનું એવું માનવું છે કે, ઉત્પત્તિના બીજા સમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી મિશ્રયોગ હોય છે. ત્યારપછી શુદ્ધયોગ હોય છે.

પ્રશ્ન :-(૧૬) મિશ્રયોગની બાબતમાં પૂજ્યશ્રી ભદ્રબાહુસ્વામીજીની માન્યતા સાથે ગ્રન્થકાર ભગવંતની માન્યતાનો સમન્વય કેવી રીતે થશે ?

જવાબ :- શ્રીભદ્રબાહુસ્વામીજીએ ગાથામાં જે **"सरीर निप्फत्ती"** પદ કહ્યું છે. તેનો અર્થ શરીરપર્યાપ્તિની સમાપ્તિ એવો ન કરવો. પરંતુ સંપૂર્ણતયા શરીરની રચનાની સમાપ્તિ એવો અર્થ કરવો. કારણકે ગ્રંથકાર ભગવંતે ચોથા કર્મગ્રંથની ચોથી ગાથાની ટીકામાં કહ્યું છે કે, શરીર પર્યાપ્તિ પૂર્ણ થવાથી તે શરીર સ્વતંત્ર રીતે કામ કરી શકતું નથી. પણ જ્યારે ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનઃપર્યાપ્તિ પૂર્ણ થાય છે ત્યારે તે શરીર સ્વતંત્ર રીતે કામ કરવાને માટે સમર્થ બને છે. તેથી જ્યાં સુધી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી મિશ્રયોગ માનવો જોઈએ. જો **"सरीर निप्फत्ती"** પદનો અર્થ સંપૂર્ણતયા શરીરની રચનાની સમાપ્તિ એવો કરવામાં આવે, તો ભદ્રબાહુસ્વામીજીના કથનની સાથે ગ્રન્થકાર ભગવંતના કથનનો સમન્વય થઇ જશે.

પ્રશ્ન :- (૧૭) ગ્રન્થકાર ભગવંતે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ માનલો છે અને ટીકાકાર[૭] ભગવંતે શરીરની નિષ્પત્તિ સુધી ઔદારિકમિશ્રયોગ માનેલો છે. તેથી

---

(૬) कार्मणकाययोगोऽपान्तरालगतावुत्पत्ति प्रथमसमये च शेषकालं त्वौदारिकमिश्र-काययोगः । [ચોથા કર્મગ્રન્થમાં ગાથાનં૦૪ની સ્વોપજ્ઞ ટીકા]

(૭) उत्पत्तिदेशे हि पूर्वभवादनन्तरमागतो जीवः प्रथमसमये कार्मणनैव केवलेनाहारयति, ततः परमौदारिकस्याप्यारब्धत्वादौदारिकेण कार्मण-मिश्रेण यावद् शरीरस्य निष्पत्तिः, [ત્રીજા કર્મગ્રન્થની ગાથા નં૦ ૧૪ ની ટીકા]

ગ્રન્થકારશ્રીના કથનની સાથે ટીકાકારના કથનનો સમન્વય કેવી રીતે થશે ?

જવાબ :- અહીં પણ ઉપર કહ્યાં મુજબ **"શરીર નિષ્પત્તિ"**નો અર્થ સંપૂર્ણતયા શરીરની રચનાની સમાપ્તિ એવો કરવામાં આવે, તો ગ્રન્થકારશ્રીના કથનની સાથે ટીકાકાર ભગવંતના કથનનો સમન્વય થઈ જશે.

પ્રશ્ન :- **(૧૮) સિદ્ધાંતકારનાં મતે ઔદારિકમિશ્રકાયયોગ માર્ગણામાં બંધસ્વામિત્વ જણાવો.**

જવાબ :- સિદ્ધાંતકાર ભગવંતનું એવું માનવું છે કે, આહારકલબ્ધિધારી ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી મહાત્મા આહારકશરીર બનાવે છે ત્યારે ઔદારિક કાયયોગથી આહારકશરીરને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરતા હોવાથી, તે વખતે ઔદારિકશરીરની પ્રધાનતા હોય છે. તેથી **આહારકશરીરના પ્રારંભકાળે ઔદારિકમિશ્રકાયયોગ** હોય છે. એ જ રીતે, તિર્યંચ-મનુષ્યને **ઉત્તરવૈક્રિયશરીરના પ્રારંભકાળે ઔદારિકમિશ્રયોગ** હોય છે. તેથી સિદ્ધાંતકારના મતે ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં **૧લું, ૨જું, ૪થું, ૫મું, ૬ઠ્ઠું** અને **૧૩મું** એમ કુલ-૬ ગુણસ્થાનક હોય છે. ત્યાં ઓઘે-**૧૧૪**, મિથ્યાત્વે-**૧૦૯**, સાસ્વાદને-**૯૪**, સમ્યક્ત્વે-**૭૦**, દેશવિરતિગુણઠાણે-**૬૭**, પ્રમત્તે-**૬૩** અને સયોગીગુણઠાણે-**૧** [શાતાવેદનીય] બંધાય છે.

પ્રશ્ન :- **(૧૯) વૈક્રિયદ્વિકયોગ કયા તિર્યંચ-મનુષ્યને હોય ? અને કયા તિર્યંચ-મનુષ્યને ન હોય ?**

જવાબ :- જ્યારે વૈક્રિયલબ્ધિવાળા બાદરવાઉકાય અને સંજ્ઞી તિર્યંચ-મનુષ્યો ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે ત્યારે વૈક્રિયદ્વિકયોગ હોય છે અને વૈક્રિયલબ્ધિવાળા બાદરવાઉકાય સિવાયના એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીતિર્યંચપંચેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો અને યુગલિક તિર્યંચ-મનુષ્ય ઉત્તરવૈક્રિયશરીર બનાવી શકતા નથી. તેથી તેઓને વૈક્રિયદ્વિકયોગ હોતો નથી.

પ્રશ્ન :- (૨૦) જ્યારે વૈક્રિયલબ્ધિધારી શ્રાવક કે સાધુભગવંત ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ત્યારે વૈક્રિયમિશ્ર અને વૈક્રિયકાયયોગ હોય છે. તેમાં બંધસ્વામિત્વ કેમ નથી કહ્યું ?

જવાબ :- વૈક્રિયલબ્ધિધારી શ્રાવક કે સાધુભગવંત જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે ત્યારે સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિયમિશ્ર યોગ હોય છે અને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી વૈક્રિયકાયયોગ હોય છે. એટલે વૈક્રિયમિશ્ર અને વૈક્રિયકાયયોગ માર્ગણામાં **પાંચમું** અને **છટ્ઠું** ગુણઠાણુ હોય છે. તેથી વૈક્રિયમિશ્રયોગ માર્ગણામાં ઓઘે-**૧૦૨**, મિથ્યાત્વે-**૧૦૧**, સાસ્વાદને-**૯૪**, સમ્યક્ત્વે-**૭૧** દેશવિરતિગુણઠાણે-**૬૭** અને પ્રમત્તે-**૬૩** પ્રકૃતિ બંધાય છે અને વૈક્રિયકાયયોગમાર્ગણામાં ઓઘે-**૧૦૪**, મિથ્યાત્વે-**૧૦૩**, સાસ્વાદને-**૯૬**, મિશ્રે-**૭૦**, સમ્યક્ત્વે-**૭૨** દેશવિરતિ ગુણઠાણે-**૬૭** અને પ્રમત્તે-**૬૩** પ્રકૃતિ બંધાય છે. પરંતુ અહીં ભવધારણીય વૈક્રિયશરીરની અપેક્ષાએ જ બંધસ્વામિત્વ કહેલું છે અને તે શરીર દેવ-નારકને જ હોય છે. તેઓ વધુમાં વધુ ચાર ગુણઠાણાને પ્રાપ્ત કરી શકે છે. તેથી વૈક્રિયમિશ્રયોગમાં ત્રીજા વિના **૧થી૪** અને વૈક્રિયકાયયોગમાં **૧થી૪** ગુણઠાણે જ બંધસ્વામિત્વ કહ્યું છે. પાંચમે-છટ્ઠે ગુણઠાણે બંધસ્વામિત્વ નથી કહ્યું.

પ્રશ્ન :- (૨૧) કાર્મણકાયયોગની બાબતમાં મતાંતર જણાવો.

જવાબ :- [૮]ચૂર્ણિકાર ભગવંતોના મતે કાર્મણકાયયોગ વિગ્રહગતિમાં હોય છે અને ટીકાકાર[૯] ભગવંતનાં મતે કાર્મણકાયયોગ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે હોય છે.

પ્રશ્ન :- (૨૨) કેવળકાયયોગ અને કેવળવચનયોગમાં બંધસ્વામિત્વ જણાવો.

---

(૮) કાર્મણમન્તરાલગતૌ, ઔદારિકં પર્યાપ્તાવસ્થાયામ્, તન્મિશ્રં ત્વપર્યાપ્તાનામ
[ચોથા કર્મગ્રન્થમાં ગાથા નં૦ ૨૭ની ચૂર્ણિ]

(૯) કાર્મણકાયયોગોઽપાન્તારાલગતાવુત્પત્તિ પ્રથમસમયે ચ,
[ચોથા કર્મગ્રન્થમાં ગાથા નં૦ ૪ની સ્વોપજ્ઞ ટીકા]

જવાબ :- મનોયોગ અને વચનયોગ વિના કેવળકાયયોગ માત્ર એકેન્દ્રિય જીવોને જ હોય છે. તેથી કેવળકાયયોગ માર્ગણામાં એકેન્દ્રિયની જેમ ઓઘે-૧૦૯, મિથ્યાત્વે-૧૦૯ અને સાસ્વાદને-૯૬ [મતાંતરે-૯૪] પ્રકૃતિ બંધાય છે. તથા મનોયોગ વિના કેવળવચનયોગ વિકલેન્દ્રિય જીવોને જ હોય છે. તેથી કેવળવચનયોગમાર્ગણામાં વિકલેન્દ્રિયની જેમ ઓઘે-૧૦૯, મિથ્યાત્વે-૧૦૯ અને સાસ્વાદને ૯૬ [મતાંતરે-૯૪] પ્રકૃતિ બંધાય છે.

પ્રશ્ન :- (૨૩) શાસ્ત્રમાં[૧૦] કહ્યું છે કે, ત્રણે વેદવાળા જીવો સિદ્ધ થઈ શકે છે. તેથી વેદમાર્ગણામાં ૧થી૧૩ ગુણઠાણા સુધી બંધસ્વામિત્વ કેમ નથી કહ્યું ?

જવાબ :- વેદ-૨ પ્રકારે છે. (૧) દ્રવ્યવેદ અને (૨) ભાવવેદ **નામકર્મના ઉદયથી શરીરની જે આકૃતિ બને છે, તે દ્રવ્યવેદ કહેવાય છે અને મોહનીય કર્મના ઉદયથી જે સંસારના ભોગસુખની અભિલાષા ઉત્પન્ન થાય છે તે ભાવવેદ કહેવાય છે.**

દ્રવ્યવેદ-૩ પ્રકારે છે. તેમાં (૧) જે વ્યક્તિનો શરીરનો આકાર દાઢી, મુંછાદિ ચિહ્નોવાળો હોય છે, તે **પુરુષવેદી** કહેવાય છે. (૨) જે વ્યક્તિમાં દાઢી, મુંછાદિ ચિહ્નો ન હોય પરંતુ સ્તનાદિ ચિહ્નો હોય છે, તે **સ્ત્રીવેદી** કહેવાય છે અને (૩) જે વ્યક્તિમાં સ્ત્રી-પુરુષ બન્નેના થોડા થોડા ચિહ્નો જણાય છે, તે **નપુંસકવેદી** કહેવાય છે. એ ત્રણે વેદવાળા જીવો કેવળજ્ઞાન પામીને, મોક્ષમાં જઈ શકે છે. પરંતુ વેદમાર્ગણા દ્રવ્યવેદની અપેક્ષાએ કહેવાતી નથી. માત્ર ભાવવેદની અપેક્ષાએ જ કહેવાય છે. અને ભાવવેદ ૧થી૯ ગુણઠાણા સુધી જ હોય છે. એટલે વેદમાર્ગણામાં બંધસ્વામિત્વ ૧થી૯ ગુણઠાણા સુધી જ કહ્યું છે. ૧ થી ૧૩ ગુણઠાણા સુધી નથી કહ્યું.

પ્રશ્ન :- (૨૪) વેદત્રિકનો ઉદય નવમાગુણઠાણા સુધી હોવાથી વેદમાર્ગણા પણ નવમાગુણઠાણા સુધી હોય છે. તેથી વેદમાર્ગણામાં બંધસ્વામિત્વ નવમાગુણઠાણાના અંત સુધી ન કહેતાં, પહેલા ભાગ સુધી જ કેમ કહ્યું છે ?

---

(૧૦) થોવા નપુંસ સિદ્ધા થી નર સિદ્ધા કમેણ સંખગુણા । ..... ॥૫૦॥ [નવતત્ત્વ]

જવાબ :- સામાન્યથી કર્મસ્તવમાં કહ્યાં મુજબ વેદત્રિકનો ઉદય નવમાગુણઠાણા સુધી હોય છે. પરંતુ વિશેષથી પુરુષવેદોદયે શ્રેણી માંડનારા જીવને બંધની અપેક્ષાએ નવમાગુણઠાણાના પહેલાભાગના અંતે પુરુષવેદના બંધવિચ્છેદની સાથે જ પુરુષવેદનો ઉદયવિચ્છેદ થતો હોવાથી, તે જ સમયે પુરુષવેદમાર્ગણા પૂર્ણ થાય છે. અને તેની પહેલા જ સ્ત્રીવેદ અને નપુંસકવેદ માર્ગણા પૂર્ણ થાય છે. કારણકે ઉપશમનાકરણમાં[૧૧] કહ્યું છે કે, ત્રણે વેદવાળા જીવો જો એકી સાથે શ્રેણી માંડે, તો જે સમયે નપુંસકવેદીને નપુંસકવેદનો ઉદયવિચ્છેદ થાય છે તે જ સમયે સ્ત્રીવેદીને સ્ત્રીવેદનો ઉદયવિચ્છેદ થાય છે. ત્યાર પછી અંતર્મુહૂર્તકાળે પુ૦વેદીને પુરુષવેદનો ઉદયવિચ્છેદ થાય છે. એ શાસ્ત્રાનુસારે પહેલા નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ઉદયવિચ્છેદ થયા પછી નવમાગુણઠાણાના પહેલા ભાગના અંતે પુરુષવેદનો ઉદય વિચ્છેદ થાય છે. તેથી પહેલા નપુંસકવેદ અને સ્ત્રીવેદ માર્ગણા પૂર્ણ થાય છે. ત્યાર પછી નવમા ગુણઠાણાના પહેલાભાગે પુરુષવેદમાર્ગણા પૂર્ણ થાય છે. તેથી વેદમાર્ગણામાં બંધસ્વામિત્વ નવમાગુણઠાણાના અંત સુધી ન કહેતાં, પહેલાભાગ સુધી જ કહ્યું છે.

પ્રશ્ન :- (૨૫) સંજ્વલનત્રિકનો ઉદય નવમાગુણઠાણા સુધી હોવાથી, સંજ્વલનત્રિક માર્ગણા પણ નવમાગુણઠાણા સુધી હોય છે. તેથી સંજ્વલનત્રિક માર્ગણામાં બંધસ્વામિત્વ નવમાગુણઠાણાના અંત સુધી ન કહેતાં, બીજા ત્રીજા અને ચોથાભાગ સુધી જ કેમ કહ્યું છે?

જવાબ :- સામાન્યથી કર્મસ્તવમાં કહ્યાં મુજબ સંજ્વલનત્રિકનો ઉદય નવમાગુણઠાણા સુધી હોય છે. પરંતુ વિશેષથી સં૦ક્રોધોદયે શ્રેણી માંડનારા જીવને બંધની અપેક્ષાએ નવમાગુણઠાણાના બીજાભાગે સં૦ક્રોધના બંધવિચ્છેદની સાથે જ સં૦ક્રોધનો ઉદયવિચ્છેદ થાય છે. તે જ સમયે સં૦ક્રોધમાર્ગણા પૂર્ણ થાય છે. તેથી સં૦ક્રોધમાર્ગણા ૯મા ગુણઠાણાના બીજાભાગ સુધી જ હોય છે. એટલે સં૦ક્રોધમાર્ગણામાં ૯મા ગુણઠાણાના બીજાભાગ સુધી જ બંધસ્વામિત્વ કહ્યું છે.

---

(૧૧) स्त्रीवेदनपुंसकवेदयोरुदयकालः सर्वस्तोकः स्वस्थाने तु परस्परं तुल्यः, ततः पुरुषवेदस्य संख्येयगुणः ।

એ જ રીતે, સંઽમાનોદયે શ્રેણી માંડનારા જીવને નવમા-ગુણઠાણાના ત્રીજાભાગે સંઽમાનના બંધવિચ્છેદની સાથે જ સંઽમાનનો ઉદયવિચ્છેદ થાય છે. તે જ સમયે સંઽમાનમાર્ગણા પૂર્ણ થાય છે. તેથી સંઽમાનમાર્ગણા નવમાગુણઠાણાના ત્રીજાભાગ સુધી જ હોય છે. એટલે સંઽમાનમાર્ગણામાં ૯મા ગુણઠાણાના ત્રીજાભાગ સુધી જ બંધસ્વામિત્વ કહ્યું છે. એ જ રીતે, સંઽમાયાના ઉદયે શ્રેણી માંડનારા જીવને નવમાગુણઠાણાના ચોથા ભાગે સંઽમાયાના બંધવિચ્છેદની સાથે જ સંઽમાયાનો ઉદયવિચ્છેદ થાય છે. તે જ સમયે સંઽમાયામાર્ગણા પૂર્ણ થાય છે. તેથી સંઽમાયામાર્ગણા નવમા ગુણઠાણાના ચોથાભાગ સુધી જ હોય છે. માટે સંઽમાયામાર્ગણામાં ૯મા ગુણઠાણાના ચોથાભાગ સુધી જ બંધસ્વામિત્વ કહ્યું છે. ત્યાર પછી માત્ર સંઽલોભનો જ ઉદય હોય છે. સંઽક્રોધાદિ-૩ માર્ગણા હોતી નથી. એટલે સંજ્વલનત્રિક માર્ગણામાં બંધસ્વામિત્વ નવમાગુણઠાણાના અંત સુધી ન કહેતાં, બીજા - ત્રીજા-ચોથા ભાગ સુધી જ કહ્યું છે.

પ્રશ્ન :- (૨૬) સર્વે સંસારીજીવોમાંથી કેટલાક અજ્ઞાની હોય છે. કેટલાક જ્ઞાની હોય છે અને કેટલાક મિશ્રજ્ઞાની પણ હોય છે. એ સર્વે જીવોનો સમાવેશ એક જ જ્ઞાનમાર્ગણામાં કરવાનો હોવાથી, જ્ઞાનમાર્ગણાના (૧) અજ્ઞાનમાર્ગણા (૨) મિશ્રજ્ઞાનમાર્ગણા અને (૩) જ્ઞાનમાર્ગણા એમ કુલ-૩ પેટાભેદ કેમ નથી કહ્યાં ?

જવાબ :- મિશ્રદૃષ્ટિગુણઠાણે રહેલા જીવોમાં સમ્યક્ત્વના અભાવે શુદ્ધ જ્ઞાન હોતું નથી અને મિથ્યાત્વના અભાવે સંપૂર્ણ અજ્ઞાનતા પણ હોતી નથી. તેથી કેટલાક અંશે જ્ઞાન અને કેટલાક અંશે અજ્ઞાન એ બન્નેનું મિશ્રણ હોય છે. એ મિશ્રજ્ઞાનવાળા જીવો જો સમ્યક્ત્વની સન્મુખ હોય, તો તેઓ અજ્ઞાનતાને છોડીને સમ્યગ્જ્ઞાન [શુદ્ધજ્ઞાન] ને પ્રાપ્ત કરવાના હોવાથી, તેમના મિશ્રજ્ઞાનની ગણતરી જ્ઞાનમાં થાય છે. અને જો મિથ્યાત્વની સન્મુખ હોય, તો તેઓ અજ્ઞાનતાને પ્રાપ્ત કરવાના હોવાથી, તેમના મિશ્રજ્ઞાનની ગણતરી અજ્ઞાનમાં થાય છે, એ રીતે, મિશ્રજ્ઞાનનો

સમાવેશ જ્ઞાનમાર્ગણા કે અજ્ઞાનમાર્ગણામાં થઈ જતો હોવાથી, મિશ્રજ્ઞાનમાર્ગણા જુદી કહી નથી.

પ્રશ્ન :- (૨૭) વિભંગજ્ઞાન અને અવધિજ્ઞાનમાં શું તફાવત છે ?

જવાબ :- અજ્ઞાની જીવને મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્મા દ્વારા માત્ર રૂપી દ્રવ્યોનો જે બોધ થાય છે તે **વિભંગજ્ઞાન** કહેવાય છે અને જ્ઞાની જીવને મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્મા દ્વારા માત્ર રૂપી દ્રવ્યોનો જે બોધ થાય છે તે અવધિજ્ઞાન કહેવાય છે.

પ્રશ્ન :- (૨૮) વિભંગજ્ઞાનીને વિભંગદર્શન હોય કે નહીં ?

જવાબ :- જ્ઞાન, વિશેષધર્મગ્રાહી છે. તેથી તે હિતકારી કાર્યમાં પ્રવૃત્તિ અને અહિતકારી કાર્યમાં નિવૃત્તિ કરાવી શકે છે. તેથી આધ્યાત્મિક દૃષ્ટિએ જે જ્ઞાન હિતકારી કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે, તે **શુદ્ધજ્ઞાન** કહેવાય છે અને જે જ્ઞાન અહિતકારી કાર્યોમાં પ્રવૃત્તિ કરાવે છે, તે **મિથ્યાજ્ઞાન** કહેવાય છે. તેથી જ્ઞાનના મિથ્યાજ્ઞાન [અજ્ઞાન] અને શુદ્ધજ્ઞાન [સમ્યગ્જ્ઞાન] એવા બે ભેદ પડે છે. પણ દર્શન, સામાન્યધર્મગ્રાહી છે. તેથી તે હિતકારી કાર્યમાં પ્રવૃત્તિ અને અહિતકારી કાર્યમાં નિવૃત્તિ કરાવી શકતું નથી. તેથી જ્ઞાનની જેમ દર્શનમાં મિથ્યાદર્શન અને શુદ્ધદર્શન એવા બે ભેદ પડતા નથી. એટલે વિભંગજ્ઞાનીને વિભંગદર્શન= મિથ્યાદર્શન હોતું નથી.

પ્રશ્ન :- (૨૯) વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય કે નહીં ?

જવાબ :- કર્મગ્રન્થકાર મહાપુરુષોનું એવું માનવું છે કે, જ્ઞાની જીવને મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માદ્વારા માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મનો જે બોધ થાય છે, તે સમ્યગ્બોધ છે. તેથી તે અવધિદર્શન કહેવાય છે. પરંતુ અજ્ઞાની જીવને મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્મા દ્વારા માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મનો જે બોધ થાય છે, તે સમ્યગ્બોધ હોતો નથી. તેથી તે અવધિદર્શન કહેવાતું નથી. એટલે વિભંગજ્ઞાનીને અવધિદર્શન ન હોય.

સિદ્ધાંતકાર મહાપુરુષોનું એવું માનવું છે કે, જેમ અવધિજ્ઞાનીને મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માદ્વારા માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મનો બોધ થાય છે. તેમ વિભંગજ્ઞાનીને પણ મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્મા દ્વારા માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મનો બોધ થાય છે. તેથી તે બન્ને વ્યક્તિનું દર્શન એકસરખું છે. તેથી જેમ અવધિજ્ઞાનીને અવધિદર્શન હોય છે. તેમ વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન હોય છે.

પ્રશ્ન :- (૩૦) સિદ્ધાંતનાં મતે અવધિદર્શનમાર્ગણામાં બંધસ્વામિત્વ જણાવો.

જવાબ :- સિદ્ધાંતનાં મતે અવધિદર્શન માર્ગણામાં **૧થી૧૨** ગુણઠાણા હોય છે. તેથી **૧થી૧૨** ગુણઠાણા સુધી કર્મસ્તવમાં કહ્યાં મુજબ બંધસ્વામિત્વ જાણવું.

પ્રશ્ન :- (૩૧) મનઃપર્યવજ્ઞાની તે જ ભવમાં મોક્ષમાં જાય છે. તેથી મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં દેવાયુષ્યનો બંધ કેવી રીતે ઘટી શકે ?

જવાબ :- મનઃપર્યવજ્ઞાન ૨ પ્રકારે છે. (૧) **ઋજુમતિમનઃપર્યવજ્ઞાન** અને (૨) **વિપુલમતિમનઃપર્યવજ્ઞાન**..... તેમાં વિપુલમતિમનઃપર્યવજ્ઞાન અપ્રતિપાતિ છે. તેથી વિપુલમતિમનઃપર્યવજ્ઞાનીને તે જ ભવમાં મોક્ષમાં જવાનું હોવાથી દેવાયુષ્યને બાંધી શકતા નથી. પરંતુ ઋજુમતિમનઃ પર્યવજ્ઞાન પ્રતિપ્રાતિ છે. એટલે ઋજુમતિમનઃપર્યવજ્ઞાની તે જ ભવમાં મોક્ષમાં જાય, એવો નિયમ નથી. તેથી તે દેવાયુષ્યને બાંધી શકે છે. એટલે મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં દેવાયુષ્યનો બંધ ઘટી શકે છે.

પ્રશ્ન :- (૩૨) કયા જીવોને કઈ કઈ લેશ્યા હોય છે ?

જવાબ :- બાદર પૃથ્વીકાય, બાદર જલકાય અને પ્રત્યેક વનસ્પતિકાયને કૃષ્ણાદિ-૪ લેશ્યા હોય છે. તે સિવાયના સર્વે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય અને નારકને કૃષ્ણાદિ-૩ લેશ્યા હોય છે. તથા સંજ્ઞી તિર્યંચ-મનુષ્યને ૬ લેશ્યા હોય છે.

ભવનપતિ અને વ્યંતરદેવોને કૃષ્ણાદિ-૪ લેશ્યા હોય છે. જ્યોતિષ્ક અને પહેલા બે દેવલોકમાં તેજો, ત્રીજા-ચોથા-પાંચમા દેવલોકમાં પદ્મ અને છઠ્ઠાથી અનુત્તર દેવલોકમાં શુક્લલેશ્યા જ હોય છે.

પ્રશ્ન :- (૩૩) શાસ્ત્રમાં કહ્યું છે કે, સમ્યક્ત્વની પ્રાપ્તિ શુભલેશ્યામાં જ થાય છે અને નારકોને જન્મથી માંડીને મરણ સુધી અશુભ લેશ્યા હોય છે. તેથી નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ?

જવાબ :- લેશ્યા-૨ પ્રકારે છે. (૧) **દ્રવ્યલેશ્યા** (૨) **ભાવલેશ્યા.**
યોગવર્ગણાની અંદર કાળા વગેરે રંગના જે પુદ્ગલો છે, તે **દ્રવ્યલેશ્યા** કહેવાય છે અને દ્રવ્યલેશ્યાથી શુભાશુભ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **ભાવલેશ્યા** કહેવાય છે. નારકીના જીવોને જન્મથી મરણ સુધી દ્રવ્યલેશ્યા અશુભ હોય છે પણ ભાવલેશ્યા શુભ અને અશુભ બન્ને હોય છે. એટલે નારકોને સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે દ્રવ્યલેશ્યા અશુભ હોવા છતાં પણ ભાવલેશ્યા શુભ જ હોય છે. તેથી નારકોને શુભલેશ્યામાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન :- (૩૪) અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ કઈ ગતિ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિને બાંધી શકે?

જવાબ :- અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો મરીને લબ્ધિ-પર્યાપ્તા કે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય, દેવ-નારક અને **૫૬** અંતરદ્વીપના યુગલિક તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી તે જીવો લબ્ધિ-પર્યાપ્તા કે અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય, દેવ-નારક અને યુગલિક તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય કર્મ પ્રકૃતિને બાંધી શકે છે.

પ્રશ્ન :- (૩૫) આહાર કેટલા પ્રકારે છે ? કયા જીવો કેટલા પ્રકારે આહાર કરી શકે છે ?

જવાબ :- આહાર **ત્રણ** પ્રકારે છે.
(૧) ઓજાહાર (૨) લોમાહાર (૩) કવલાહાર

એકેન્દ્રિય અને દેવ-નારકને કવલાહાર હોતો નથી. ઓજાહાર અને લોમાહાર જ હોય છે. બાકીના તિર્યંચ-મનુષ્યો ત્રણે પ્રકારનો આહાર કરી શકે છે.

પ્રશ્ન :- (૩૬) કઈ માર્ગણામાં આયુષ્યકર્મ બંધાતુ નથી ?

જવાબ :- વૈક્રિયમિશ્રયોગ, કાર્મણકાયયોગ, કેવળજ્ઞાન, કેવળદર્શન, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, ઉપશમસમ્યક્ત્વ, મિશ્રસમ્યક્ત્વ અને અણાહારી માર્ગણામાં આયુષ્યકર્મ બંધાતુ નથી.

પ્રશ્ન :- (૩૭) કઈ માર્ગણામાં જિનનામકર્મ બંધાતુ નથી ?

જવાબ :- પંકપ્રભાદિ-૪ નરક, ભવનપત્યાદિક ત્રણ નિકાયના દેવ, તિર્યંચગતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, કેવળજ્ઞાન, ત્રણઅજ્ઞાન, સૂક્ષ્મસંપરાયચારિત્ર, યથાખ્યાતચારિત્ર, કેવળદર્શન, અભવ્ય, અસંજ્ઞી, મિશ્રસમ્યક્ત્વ, સાસ્વાદન અને મિથ્યાત્વમાર્ગણામાં જિનનામકર્મ બંધાતું નથી.

પ્રશ્ન :- (૩૮) પતંગીયાનું બંધસ્વામિત્વ જણાવો ?

જવાબ :- પતંગીયુ મરીને દેવ કે નરકમાં ઉત્પન્ન થતું નથી. તેથી દેવ-નરક પ્રાયોગ્ય દેવત્રિક, નરકત્રિક અને વૈક્રિયદ્વિકને બાંધતું નથી અને વધુમાં વધુ બીજા ગુણસ્થાનક સુધી જ જઈ શકે છે. ત્રીજા વગેરે ગુણઠાણાને પ્રાપ્ત કરી શકતું નથી. તેથી જિનનામ અને આહારકદ્વિકને બાંધતું નથી. એટલે **પતંગીયુ ઓઘે** અને **મિથ્યાત્વે ૧૨૦**માંથી **દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, જિનનામ** અને **આહા૦દ્વિક** વિના **૧૦૯** પ્રકૃતિને બાંધી શકે છે. સાસ્વાદને **૧૦૯** માંથી સૂક્ષ્માદિ-૧૩ વિના ૯૬ (મતાંતરે-૯૪) પ્રકૃતિને બાંધી શકે છે.

પ્રશ્ન :- (૩૯) કેટલી માર્ગણામાં દેવાયુષ્ય બંધાય છે ?

જવાબ :- મનુષ્યગતિ, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, કેવળજ્ઞાન વિના ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, દેશવિરતિ, અવિરતિ, પરિહારવિશુદ્ધિ, કેવળદર્શન વિના ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, ક્ષયોપશમ, ક્ષાયિક, સંજ્ઞી, અસંજ્ઞી અને આહારી એમ કુલ-૪૪ માર્ગણામાં દેવાયુષ્ય બંધાય છે.

પ્રશ્ન :- (૪૦) કઈ પ્રકૃતિનો બંધ સર્વેમાર્ગણામાં હોય ?

જવાબ :- એક જ શાતાવેદનીયનો બંધ સર્વેમાર્ગણામાં હોય છે. બીજી કોઈ પણ પ્રકૃતિનો બંધ સર્વેમાર્ગણામાં હોતો નથી.

પ્રશ્ન :- (૪૧) કેટલી માર્ગણામાં ઓઘબંધ ઘટી શકે છે ?

જવાબ :- પંચેન્દ્રિય, ત્રસકાય, મનોયોગ, વચનયોગ, સામાન્યથી કાયયોગ, [આહારકકાયયોગ, આહારકમિશ્રયોગ] ૩ વેદ, ૪ કષાય, ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ દર્શન, ૭ સંયમ, કૃષ્ણાદિ-૩ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ક્ષાયિક, ક્ષયોપશમ, સાસ્વાદન, મિશ્ર, મિથ્યાત્વ, સંજ્ઞી, અસંજ્ઞી અને આહારી એમ કુલ-૪૪ માર્ગણામાં ઓઘબંધ ઘટી શકે છે.

ઉદયસ્વામિત્વ

પ્રશ્ન :- (૪૨) સમ્યક્ત્વગુણઠાણે કઈ નરકમાં નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી ?

જવાબ :- પંચસંગ્રહકારનાં મતે : તિર્યંચ-મનુષ્યો સમ્યક્ત્વ લઈને પ્રથમ નરક સુધી જ જઈ શકે છે. તેથી પહેલી નરકમાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોય છે. પણ બીજી વગેરે નરકમાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

● **કર્મગ્રન્થકારનાં મતે :** ક્ષાયિકસમ્યક્ત્વી જીવ ૧થી ૩ નરક સુધી જ જઈ શકે છે. તેથી ૧થી ૩ નરકમાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોય છે. પણ ચોથી વગેરે નરકમાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

● **સિદ્ધાંતનાં મતે :** ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ ૧થી ૬ નરક સુધી જઈ શકે છે. તેથી ૧થી૬ નરકમાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોય છે. પણ સાતમી નરકમાં સમ્યક્ત્વગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :- (૪૩) યુગલિકતિર્યંચ-મનુષ્યનું ઉદયસ્વામિત્વ જણાવો.

જવાબ :- યુગલિક મનુષ્યગતિ માર્ગણામાં **થીણદ્ધિત્રિક, નપુંસકવેદ, નરકત્રિક, તિર્યંચત્રિક, દેવત્રિક, જાતિચતુષ્ક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, પહેલા** વિનાના **૫ સંઘ૦,** પહેલા વિનાના **૫ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, આતપ, ઉદ્યોત, તીર્થંકરનામકર્મ, સ્થા૦૪, દુર્ભગ-૪** અને **નીચગોત્ર** એમ કુલ-૪૪ વિના ઓઘે જ્ઞા૦૫ + દ૦૬+ વે૦૨ + મોહ૦૨૭ + મનુષ્યાયુ + નામ[૧૨]-૩૧ + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૮ પ્રકૃતિ ઉદયમાં હોય છે. **મિથ્યાત્વગુણઠાણે** ૭૮માંથી મિશ્ર અને સ૦મો૦ વિના ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે. **સાસ્વાદને** ૭૬માંથી મિથ્યાત્વ વિના-૭૫ ઉદયમાં હોય છે.

મિશ્રગુણઠાણે જ્ઞા૦૫+દ૦૬+વે૦૨+મો૦૨૧[૨૪માંથી અનં૦૪ કાઢીને મિશ્રોમો૦ ઉમેરવી.]+મનુષ્યાયુ+નામ-૩૦ [મનુષ્યાનુપૂર્વીનો અનુદય] + ઉચ્ચગોત્ર + અંત૦૫ = **૭૧** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સમ્યક્ત્વે ૭૧ + મનુષ્યાનુ૦ = **૭૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

યુગલિકતિર્યંચગતિમાર્ગણામાં મનુષ્યગતિની જેમ ૭૮ + ઉદ્યોત = ૭૯ પ્રકૃતિ ઓઘે ઉદયમાં હોય છે. મિથ્યાત્વે ૭૯માંથી મિશ્ર અને સ૦મો૦ વિના ૭૭, સાસ્વાદને ૭૭માંથી મિથ્યાત્વ વિના ૭૬, મિશ્રે ૭૬માંથી અનંતા૦૪ અને તિર્યંચાનુપૂર્વી કાઢીને મિશ્રમો૦ ઉમેરતાં ૭૨ અને સમ્યક્ત્વે ૭૨ + તિર્યંચાનુપૂર્વી = ૭૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે. (અહીં દરેક સ્થળે મનુષ્યત્રિકને બદલે તિર્યંચત્રિક સમજવું...)

પ્રશ્ન :- (૪૪) લબ્ધિ-અપર્યાપ્ત એકે.-વિકલે.નું ઉદયસ્વામિત્વ જણાવો.

જવાબ :- લબ્ધિ-અપર્યાપ્તા એકેન્દ્રિયમાર્ગણામાં **થીણદ્ધિત્રિક, મિશ્રમો૦, સ૦મો૦, સ્ત્રીવેદ, પુરુષવેદ, નરકત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક,**

---

(૧૨) મનુષ્યગતિ + પંચે૦જાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦ + પ્રથમસંઘયણ + પ્રથમસંસ્થાન + વર્ણાદિ-૪ + મનુષ્યાનુપૂર્વી + શુભવિહા૦ = ૧૪ + પ્ર૦૫ [અગુરુલઘુ, નિર્માણ] + ત્રસ-૧૦ + સ્થા૦૨ [અસ્થિર, અશુભ] = ૩૧ [જુઓ ગોમ્મટસાર કર્મકાંડ ગાથા નં૦ ૩૦૨, ૩૦૩]

બેઇન્દ્રિયાદિ-૪ જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, ઔ૦અં૦, સંઘ૦૬, પહેલા પાંચસંસ્થાન, વિહા૦૨, જિનનામ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, ત્રસ, પર્યાપ્ત, સુભગચતુષ્ક, દુઃસ્વર અને **ઉચ્ચગોત્ર** એમ કુલ **૫૧** વિના **૭૧** પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** ઉદયમાં હોય છે.

લબ્ધિ-અપર્યાપ્તા બેઇન્દ્રિયમાર્ગણામાં **થીણદ્ધિત્રિક, મિશ્રમો૦, સ૦મો૦, સ્ત્રીવેદ, પુરુષવેદ, નરકત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક, એકેન્દ્રિયજાતિ, તેઇન્દ્રિયાદિ-૩ જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, પહેલા પાંચસંઘયણ, પહેલા પાંચસંસ્થાન, વિહા૦૨, આતપ, ઉદ્યોત, જિનનામ, પરાઘાત, ઉચ્છ્વાસ, પર્યાપ્તનામકર્મ, સુભગચતુષ્ક, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, દુઃસ્વર** અને **ઉચ્ચગોત્ર** એમ કુલ-**૫૧** વિના **૭૧** પ્રકૃતિ **ઓઘે** અને **મિથ્યાત્વગુણઠાણે** ઉદયમાં હોય છે. એ જ પ્રમાણે, લબ્ધિ-અપર્યાપ્તા તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં ઉદયસ્વામિત્વ જાણવું. પરંતુ દરેક સ્થળે પોત-પોતાની જાતિનો ઉદય સમજવો.

પ્રશ્ન :- (૪૫) મનુષ્યગતિ માર્ગણામાં એકી સાથે કઈ કર્મપ્રકૃતિનો બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ થાય છે ?

જવાબ :- મનુષ્યગતિમાર્ગણામાં મિથ્યાત્વમોહનીય, પહેલા-૧૨ કષાય, સંજ્વલનત્રિક હાસ્ય, રતિ ભય, જુગુપ્સા, પુરુષવેદ અને અપર્યાપ્તનામકર્મ એમ કુલ-૨૨ પ્રકૃતિનો એકી સાથે બંધવિચ્છેદ અને ઉદયવિચ્છેદ થાય છે.

પ્રશ્ન :- (૪૬) મનુષ્યગતિમાર્ગણામાં કઈ કર્મપ્રકૃતિનો પહેલા બંધવિચ્છેદ થાય છે ? અને પછી ઉદયવિચ્છેદ થાય છે ?

જવાબ :- જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૫ (સં.લોભ, શોક-અરતિ, સ્ત્રી-નપું.વેદ) + મનુષ્યાયુ + નામ-[૧૩]૪૬+ ગો૦૨+ અંત૦૫ = ૭૫ પ્રકૃતિનો પહેલા બંધવિચ્છેદ થાય છે અને પછી ઉદયવિચ્છેદ થાય છે.

પ્રશ્ન :- (૪૭) મનુષ્યગતિમાર્ગણામાં કઈ કર્મપ્રકૃતિનો પહેલા ઉદયવિચ્છેદ થાય છે અને પછી બંધવિચ્છેદ થાય છે ?

---

(૧૩) મનુ૦ + પંચે૦ + શ૦૩ [ઔ૦,તૈ૦કા૦] + ઔ૦અં૦ + સંઘ૦૬ + સં૦ ૬ + વર્ણાદિ-૪ + મનુષ્યાનુ૦ + વિહા૦ ૨ = ૨૫ + પ્ર૦૬ [અગુરુ૦ ૪, નિર્માણ, જિન] + ત્રસ-૧૦ + સ્થા૦ ૫ [અસ્થિર, અશુભ, દુર્ભગત્રિક] =૪૬.

જવાબ :- મનુષ્યગતિમાર્ગણામાં આહારકદ્વિક અને અપયશ એ ત્રણ પ્રકૃતિનો પહેલા ઉદયવિચ્છેદ થાય છે અને પછી બંધવિચ્છેદ થાય છે.

પ્રશ્ન :- (૪૮) કયા દેવોને સમ્યક્ત્વગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય હોય? અને કયા દેવોને ન હોય ?

જવાબ :- **કર્મગ્રન્થનાં મતે** વૈમાનિકદેવોને જ સમ્યક્ત્વગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય હોય છે. ભવનપત્યાદિક ત્રણ પ્રકારના દેવોને સમ્યક્ત્વ ગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય હોતો નથી અને **સિદ્ધાંતનાં મતે** ભવનપતિ વગેરે ચારે પ્રકારના દેવોને સમ્યક્ત્વગુણઠાણે દેવાનુપૂર્વીનો ઉદય હોય છે.

પ્રશ્ન :- (૪૯) પર્યાપ્ત એકેન્દ્રિયમાર્ગણામાં ઉદયસ્વામિત્વ જણાવો.

જવાબ :- પર્યાપ્ત એકેન્દ્રિયમાર્ગણામાં **ઓઘે** જ્ઞાના૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ [પુ૦વેદ, સ્ત્રીવેદ, સ૦મો૦, મિશ્રમો૦ વિના]+ **તિર્યંચાયુ** + નામ-૩૨ [ધ્રુવોદયી-૧૨, તિર્યંચદ્વિક, એકે૦જાતિ, ઔદારિકશરીર, હુંડક, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, બાદરત્રિક, યશ, સ્થાવરદ્વિક, સાધારણ, દુર્ભગ, અનાદેય, અયશ] + નીચગોત્ર+અંત૦૫= ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

★ **મિથ્યાત્વગુણઠાણે** ઓઘની જેમ ૭૯ પ્રકૃતિ ઉદયમાં હોય છે.
★ **સાસ્વાદનગુણઠાણે** જ્ઞાના૦૫ + દર્શ૦૪ + વે૦૨ + મોહ૦૨૩ [૨૪માંથી મિથ્યાત્વ વિના] + તિર્યંચાયુ + નામ-૨૬ [૩૨માંથી આતપ, ઉદ્યોત, પરાઘાત, ઉચ્છ્વાસ, સૂક્ષ્મ, સાધારણ વિના] + નીચગોત્ર + અંત૦૫ = ૬૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૫૦) પર્યાપ્ત વિકલેન્દ્રિયને વિગ્રહગતિમાં નામકર્મની કેટલી પ્રકૃતિ ઉદયમાં હોય છે ? ઉત્પત્તિસ્થાને આવ્યા પછી કેટલી પ્રકૃતિ ઉદયમાં હોય છે ? અને શરીરાદિ-પર્યાપ્તિ પૂર્ણ થયા પછી કેટલી પ્રકૃતિ ઉદયમાં હોય છે ?

જવાબ :- પર્યાપ્તવિકલેન્દ્રિયને વિગ્રહગતિમાં નામકર્મની તિર્યંચગતિ, પોતપોતાની જાતિ, તૈજસશરીર, કાર્મણશરીર, વર્ણાદિ-૪, તિર્યંચાનુપૂર્વી,

અગુરૂલઘુ, નિર્માણ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સ્થિર, શુભ, યશ, અસ્થિરત્રિક અને અનાદેયદ્વિક... કુલ-૨૨ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ઉત્પત્તિસ્થાને આવ્યા પછી ઔદારિકશરીર, ઔદારિકઅંગોપાંગ, હુંડક, છેવટ્ઠું, ઉપઘાત અને પ્રત્યેકનામકર્મનો ઉદય થાય છે. અને તિર્યંચાનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે ૨૨માંથી તિર્યંચાનુપૂર્વી બાદ કરીને, ઔદારિકશરીરાદિ-૬ ઉમેરતાં કુલ ૨૭ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરાઘાત અને અશુભવિહાયોગતિ નામકર્મનો ઉદય થાય છે. અને ઉદ્યોતનો ઉદય પણ થઈ શકે છે. એટલે ૨૭ + ૩ = ૩૦ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્વાસનામકર્મનો ઉદય થાય છે. એટલે ૩૦ + **ઉચ્છ્વાસ** = ૩૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી દુઃસ્વરનો ઉદય થાય છે અને કેટલાક આચાર્ય મ.સા.નાં મતે સુસ્વરનો ઉદય પણ થાય છે. એટલે ૩૧ + ૨ = ૩૩ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૫૧) સૂક્ષ્મનિગોદમાર્ગણામાં ઉદયસ્વામિત્વ જણાવો.

જવાબ :- સૂક્ષ્મનિગોદ માર્ગણામાં ઓઘે અને મિથ્યાત્વગુણઠાણે સ્ત્રીવેદ, પુરુષવેદ, સ૦મો૦, મિશ્રમો૦, નરકત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક, બેઇન્દ્રિયાદિ-૪ જાતિ, વૈક્રિયદ્વિક, આહા૦દ્વિક, ઔ૦અં૦, ૬સંઘયણ, પહેલા પાંચસંસ્થાન, વિહા૦૨, જિનનામ, આતપ, ઉદ્યોત, ત્રસ, બાદર, પ્રત્યેક, સુભગચતુષ્ક, દુઃસ્વર અને ઉચ્ચગોત્ર એમ કુલ ૪૭ વિના જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મોહ૦૨૪ + તિર્યંચાયુ + નામ-૨૮ [તિર્યંચદ્વિક, એકે૦જાતિ, ઔદારિકશરીર, ધ્રુવોદયી-૧૨, સ્થાવરચતુષ્ક, પર્યાપ્તા, દુર્ભગ, અનાદેયદ્વિક, હુંડક, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ] + નીચગોત્ર + અંત૦૫ = ૭૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૫૨) તત્ત્વાર્થમાં કહ્યું છે કે, એક જીવને એકી સાથે વધુમાં વધુ ચાર શરીર હોય છે. તે વખતે ઔદારિકશરીરની સાથે ઉત્તરવૈક્રિયશરીર

કે આહારકશરીર હોય છે. એટલે ઔદારિકકાયયોગમાર્ગણામાં વૈક્રિયદ્વિક અને આહારકદ્વિકનો ઉદય કેમ ન ઘટી શકે ?

જવાબ :- એક જીવને એકી સાથે વધુમાં વધુ કાર્મણશરીર, તૈજસશરીર, ઔદારિકશરીર અને ઉત્તરવૈક્રિયશરીર અથવા આહારકશરીર એમ કુલ-૪ શરીર હોય છે. એટલે ઔદારિકશરીરની સાથે ઉત્તરવૈક્રિયશરીર કે ઔદારિકશરીરની સાથે આહારકશરીર હોય છે. પણ કેટલાક ગ્રન્થકાર મહાપુરુષનું એવું માનવું છે કે, જ્યારે વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ-મનુષ્યો ઉત્તરવૈક્રિયશરીર કે આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી આહારકશરીર બનાવે છે. ત્યારે વૈક્રિયશરીર કે આહારકશરીરની પ્રધાનતા અને ઔદારિકશરીરની ગૌણતા હોય છે. તેથી તેની વિવક્ષા કરાતી નથી.

કેટલાક ગ્રન્થકાર મહાપુરુષોનું એવું માનવું છે કે, જ્યારે વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ-મનુષ્યો ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે ત્યારે ઔદારિકશરીરમાં આત્મપ્રદેશો હોવા છતાં ઔદારિકશરીરનામકર્મનો ઉદય હોતો નથી તે વખતે વૈક્રિયદ્વિકનો ઉદય હોય છે. એટલે જ્યાં સુધી તિર્યંચ-મનુષ્યને ઉત્તરવૈક્રિયશરીર હોય ત્યાં સુધી જેમ ઔદારિકશરીર નામકર્મનો ઉદય હોતો નથી તેમ ઔદારિકકાયયોગ પણ હોતો નથી. એ જ રીતે, જ્યાં સુધી આહારકલબ્ધિવાળા પ્રમત્તસંયમીને આહારકશરીર હોય છે ત્યાં સુધી આહારકદ્વિકનો ઉદય હોય છે. તે વખતે ઔદારિકદ્વિકનો ઉદય હોતો નથી. એટલે ઔદારિકકાયયોગ પણ હોતો નથી તેથી ઔદારિકકાયયોગ માર્ગણામાં વૈક્રિયદ્વિક અને આહારકદ્વિકનો ઉદય ઘટી શકતો નથી...

પ્રશ્ન :- **(૫૩) ક્ષાયિકસમ્યક્ત્વી સર્વવિરતિધર સાધ્વીજી મહારાજનું ઉદયસ્વામિત્વ જણાવો ?**

જવાબ :- ક્ષાયિકસમ્યક્ત્વી સર્વવિરતિધર સાધ્વીજીને જ્ઞા૦૫ + દર્શ૦૯ + વે૦૨ + મોહ૦૧૧ [સં૦૪, હાસ્યષટ્ક, સ્ત્રીવેદ] + મનુષ્યાયુ + નામ-૩૭ [મનુષ્યગતિ + પંચે૦જાતિ + શરીર-૩ + ઔ૦અં૦ + પ્રથમસંઘ૦ + સં૦૬ + વર્ણાદિ - ૪ + વિહા૦૨ = ૧૯ + પ્ર૦૫

(અગુ૦૪, નિર્માણ) + ત્ર૦૧૦ + અસ્થિર + અશુભ + અયશ + ઉચ્ચગોત્ર + અંત૦૫ = ૭૧ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૫૪) કઈ ગતિમાં જીવ કયા વેદે ઉત્પન્ન થઈ શકે છે ?

જવાબ :- નરકગતિમાં નારકો અને તિર્યંચગતિમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સર્વે લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચો નપુંસકવેદે જ ઉત્પન્ન થાય છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ભાવવેદની અપેક્ષાએ નપુંસકવેદે ઉત્પન્ન થાય છે અને દ્રવ્યવેદની અપેક્ષાએ પુરુષવેદે અને સ્ત્રીવેદે ઉત્પન્ન થાય છે અને સંજ્ઞી તિર્યંચો ત્રણે વેદમાંથી કોઈપણ વેદે ઉત્પન્ન થઈ શકે છે.

મનુષ્યગતિમાં લબ્ધિ-અપર્યાપ્તા મનુષ્યો નપુંસકવેદે જ ઉત્પન્ન થાય છે અને લબ્ધિ-પર્યાપ્તા મનુષ્યો ત્રણ વેદમાંથી કોઈ પણ વેદે ઉત્પન્ન થઈ શકે છે.

દેવગતિમાં ભવનપતિથી માંડીને પહેલા બે દેવલોક સુધીના દેવો સ્ત્રીવેદે કે પુરુષવેદે ઉત્પન્ન થઈ શકે છે અને ત્રીજાદેવલોકથી અનુત્તરસુધીના દેવો પુરુષવેદે જ ઉત્પન્ન થાય છે.

સમ્યગ્દૃષ્ટિ દેવ અને સમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યો પુરુષવેદે જ ઉત્પન્ન થાય છે. જો કે બ્રાહ્મી, સુંદરી, મલ્લિકુમારી વગેરે સમ્યગ્દૃષ્ટિ જીવો મનુષ્યમાં સ્ત્રીવેદે ઉત્પન્ન થયા હતા. પરંતુ એવું ક્યારેક અપવાદરૂપે જ બને છે. તેથી તેની વિવક્ષા કરવામાં આવતી નથી....

પ્રશ્ન :- (૫૫) વિભંગજ્ઞાની તિર્યંચનું ઉદયસ્વામિત્વ જણાવો....

જવાબ :- વિભંગજ્ઞાની તિર્યંચને **ઓઘે** મિશ્રમો૦, સ૦મો૦, નરકત્રિક, મનુષ્યત્રિક, દેવત્રિક, જાતિચતુષ્ક, આહારકદ્વિક, વૈક્રિયદ્વિક, તિર્યંચાનુપૂર્વી, આતપ, જિનનામ સ્થાવરચતુષ્ક અને ઉચ્ચગોત્ર એમ કુલ ૨૭ વિના જ્ઞા૦૫ + દ૦૯+ વે૦૨ + મો૦૨૬ + તિર્યંચાયુ + નામ-૪૬[૧૪] નીચગોત્ર + અંત૦૫ = ૯૫ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

---

(૧૪) તિર્યંચગતિ + પંચેન્દ્રિયજાતિ + શરીર-૩ [ઔ૦, તૈ૦, કા૦] + ઔ૦અં૦ + સં૦૬ + સં૦૬ + વર્ણાદિ-૪ + વિહા૦૨ = ૨૪ + પ્ર૦૬ [અગુ૦૪, નિર્માણ, ઉદ્યોત] + ત્રસ-૧૦ + અસ્થિરષટ્ક = ૪૬

★ સિદ્ધાંતકારનું એવું માનવું છે કે, નારકમાંથી નીકળેલો જીવ વિભંગજ્ઞાન લઈને તિર્યંચમાં ઋજુગતિથી ઉત્પન્ન થઈ શકે છે પણ વિગ્રહગતિથી ઉત્પન્ન થતો નથી અને વિગ્રહગતિ વિના અનુપૂર્વીનો ઉદય હોતો નથી. એટલે વિભંગજ્ઞાની તિર્યંચને તિર્યંચાનુપૂર્વીનો ઉદય ન હોય.

પ્રશ્ન :- (૫૬) વિભંગજ્ઞાન માર્ગણામાં કઈ આનુપૂર્વીનો ઉદય હોય? અને કઈ અનુપૂર્વીનો ઉદય ન હોય ?

જવાબ :- સંજ્ઞી તિર્યંચ-મનુષ્યો વિભંગજ્ઞાન લઈને દેવ કે નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી દેવ-નારકને ભવના પ્રથમ સમયથી વિભંગજ્ઞાન હોય છે. એટલે વિભંગજ્ઞાન માર્ગણામાં દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીનો ઉદય હોય છે.

સિદ્ધાંતકારભગવંતનું એવું માનવું છે કે, સંજ્ઞી તિર્યંચ-મનુષ્યને વિગ્રહગતિમાં વિભંગજ્ઞાન હોતું નથી. તેથી વિભંગજ્ઞાનમાર્ગણામાં તિર્યંચાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

સપ્તતિકાગ્રંથમાં વિભંગજ્ઞાનમાર્ગણાના સંવેધમાં તિર્યંચ-મનુષ્યને ૨૧ના ઉદયના ઉદયભાંગા બતાવેલા છે. એટલે વિભંગજ્ઞાનામાર્ગણામાં તિર્યંચાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વીનો ઉદય સંભવે છે.

પ્રશ્ન :- (૫૭) ચક્ષુદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ જણાવો.

જવાબ :- (૧) **કર્મગ્રન્થકાર**ભગવંતનું એવું માનવું છે કે, લબ્ધિ-પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને જ ચક્ષુદર્શન હોય છે.

આ બાબતમાં પણ **બે** મત છે.

(૧) કેટલાક કર્મગ્રન્થકારભગવંતનું એવું માનવું છે કે, લબ્ધિ-પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં જ ચક્ષુદર્શનનો ઉપયોગ હોય છે.

(૨) કેટલાક કર્મગ્રન્થકાર ભગવંતનું એવું માનવું છે કે, લબ્ધિ-પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્તાવસ્થામાં પણ ચક્ષુદર્શનનો ઉપયોગ હોય છે. પણ તેઓ કરણ-અપર્યાપ્તા હોય છે. લબ્ધિ-અપર્યાપ્તા નથી હોતા. તેથી **ચક્ષુદર્શનમાર્ગણામાં** એકેન્દ્રિયાદિ

ત્રણજાતિ, આનુપૂર્વીચતુષ્ક, આતપ, જિનનામ અને સ્થાવરચતુષ્ક એમ કુલ-૧૩ વિના ૧૦૯ પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

(૨) **સિદ્ધાંતકારભગવંતનું** એવું માનવું છે કે, લબ્ધિ-અપર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિજીવોને પણ ચક્ષુદર્શન હોય છે. તેથી **ચક્ષુદર્શનમાર્ગણામાં** એકેન્દ્રિયાદિ-ત્રણજાતિ, આનુપૂર્વીચતુષ્ક, સ્થાવરદ્વિક, સાધારણ, આતપ અને જિનનામ એમ કુલ-૧૨ વિના **૧૧૦** પ્રકૃતિ **ઓઘે** ઉદયમાં હોય છે.

આ બન્ને મતે વિગ્રહગતિમાં દ્રવ્યેન્દ્રિયનો અભાવ હોવા છતાં પણ લબ્ધિથી ચક્ષુદર્શન માનેલું છે. તેથી આનુપૂર્વી ચતુષ્કનો ઉદય પણ સંભવે છે. એટલે **કર્મગ્રન્થકારનાં મતેઃ- ૧૦૯ + આનુપૂર્વીચતુષ્ક = ૧૧૩** અને **સિદ્ધાંતકારનાં મતે :- ૧૧૦ + આનુપૂર્વીચતુષ્ક = ૧૧૪** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૫૮) સિદ્ધાંતકારનાં મતે અવધિદર્શનમાર્ગણામાં ઉદયસ્વામિત્વ જણાવો ?

જવાબ :- સિદ્ધાંતકારનાં મતે વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન હોય છે. તેથી અવધિદર્શનમાર્ગણામાં **૧** થી **૧૨** ગુણઠાણા હોય છે. તેમાં **ઓઘે** જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ અને જિનનામ વિના **૧૧૨** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મિથ્યાત્વે ૧૧૨માંથી મિશ્રમો૦, સ૦મો૦, આહા૦દ્વિક વિના **૧૦૮,**

સાસ્વાદને ૧૦૮માંથી મિથ્યાત્વમો૦, નરકાનુપૂર્વી વિના **૧૦૬,**

મિશ્રે ૧૦૬માંથી અનં૦૪, ત્રણ આનુપૂર્વી વિના ૯૯ + મિશ્રમો૦ = **૧૦૦** પ્રકૃતિ ઉદયમાં હોય છે.

૪થી૧૨ ગુણઠાણા સુધી કર્મસ્તવની જેમ ઉદયસ્વામિત્વ જાણવું.

પ્રશ્ન :- (૫૯) કઈ લેશ્યામાં મરણ પામેલો જીવ ક્યાં ઉત્પન્ન થઈ શકે છે ?

જવાબ :- શાસ્ત્રમાં કહ્યું છે કે, **जीव जल्लसे मरइ तल्लेसे उववज्जइ। જે લેશ્યામાં મરણ પામે છે. તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે.** એ નિયમાનુસારે જે જીવ કૃષ્ણલેશ્યામાં મરણ પામે છે, તે ભવનપતિ કે

વ્યંતરદેવમાં, પાંચમી-છઠ્ઠી-સાતમીનરકમાં અને તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. જે જીવ નીલલેશ્યામાં મરણ પામે છે, તે ભવનપતિ કે વ્યંતરદેવમાં, ત્રીજી-ચોથી-પાંચમીનરકમાં અને તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. જે જીવ કાપોતલેશ્યામાં મરણ પામે છે, તે ભવનપતિ કે વ્યંતરદેવમાં, પહેલી-બીજી-ત્રીજીનરકમાં અને તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે.

● જે જીવ તેજોલેશ્યામાં મરણ પામે છે, તે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક કે પહેલા બે દેવલોકમાં, એકેન્દ્રિય કે તિર્યંચપંચેન્દ્રિયમાં અને મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. જે જીવ પદ્મલેશ્યામાં મરણ પામે છે, તે જીવ ત્રીજા-ચોથા-પાંચમાદેવલોકમાં, તિર્યંચપંચેન્દ્રિયમાં અને મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. જે જીવ શુક્લલેશ્યામાં મરણ પામે છે, તે જીવ છઠ્ઠાદેવલોકથી અનુત્તરદેવમાં,[૧૫] તિર્યંચપંચેન્દ્રિયમાં અને મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે.

પ્રશ્ન :- (૬૦) જીવ પરભવમાંથી જે લેશ્યા લઈને આવ્યો હોય, તે જ લેશ્યા મરણ સુધી રહે ? કે બદલાઈ જાય ?

જવાબ :- શાસ્ત્રમાં[૧૬] કહ્યું છે કે, દેવ-નારકોને પરભવમાંથી જે લેશ્યા લઈને આવ્યા હોય, તે જ લેશ્યા મરણ સુધી રહે છે. અને તિર્યંચ-મનુષ્યને પરભવમાંથી જે લેશ્યા લઈને આવ્યા હોય તે લેશ્યા માત્ર અંતર્મુહૂર્તકાળ સુધી જ રહે છે. પછી મરણ સુધી પોતાના અધ્યવસાય અનુસારે અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે લેશ્યા બદલાઈ જાય છે.

પ્રશ્ન :- (૬૧) કઈ સમ્યક્ત્વમાર્ગણામાં કઈ આનુપૂર્વીનો ઉદય હોય ?

જવાબ :- ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યગ્દૃષ્ટિ મરણ પામતો ન હોવાથી તેને ઉપશમસમ્યક્ત્વ લઈને પરભવમાં જવાનુ હોતુ નથી. તેથી તેને એકે ય આનુપૂર્વીનો ઉદય હોતો નથી. પણ શ્રેણિગત ઉપશમસમ્યગ્દૃષ્ટિ મરણ

---

(૧૫) પીત-પદ્મ શુક્લલેશ્યા દ્વિ-ત્રિ- શેષેષુ । ।।૪, ૨૩।। તત્ત્વાર્થના આધારે ૬ઠ્ઠાથી ૮મા દેવલોકમાં રહેલા મંદશુકલલેશ્યવાળા દેવો સંજ્ઞીતિર્યંચમાં પણ ઉત્પન્ન થઈ શકે છે.
(૧૬) જુઓ દ્રવ્યલોકપ્રકાશ સર્ગ-૩ શ્લોક નં૦ ૩૧૫ / ૩૨૩

પામીને માત્ર વૈમાનિક દેવમાં જ ઉત્પન્ન થઈ શકે છે. તેથી ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં માત્ર દેવાનુપૂર્વીનો જ ઉદય હોય છે.

ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ અને કૃતકરણ ક્ષયોપશમસમ્યક્ત્વી વૈમાનિકદેવમાં, પહેલી ત્રણ નરકમાં અને યુગલિક તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ચારે આનુપૂર્વીનો ઉદય હોય છે.

સિદ્ધાંતનાં મતે મોહનીયકર્મની ૨૮ કે ૨૪ પ્રકૃતિની સત્તાવાળો ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને **૧થી૬** નરકમાં, ભવનપત્યાદિક ચારે પ્રકારના દેવમાં અને તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ચારે આનુપૂર્વીનો ઉદય હોય છે.

કર્મગ્રન્થનાં મતે મોહનીયકર્મની ૨૮ કે ૨૪ પ્રકૃતિની સત્તાવાળો ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિજીવ ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને વૈમાનિકદેવમાં જ ઉત્પન્ન થઈ શકે છે, અન્યત્ર ઉત્પન્ન થઈ શકતો નથી. તેથી તેમાં દેવાનુપૂર્વીનો જ ઉદય સંભવે છે.

મિશ્રદૃષ્ટિજીવ મરણ પામતો નથી. તેથી તેને મિશ્રસમ્યક્ત્વ લઈને પરભવમાં જવાનું હોતું નથી. એટલે મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં એકે ય આનુપૂર્વીનો ઉદય હોતો નથી.

સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિજીવ સાસ્વાદનસમ્યક્ત્વ લઈને માત્ર નરકગતિમાં જઈ શકતો નથી. બાકીની ત્રણે ગતિમાં જઈ શકે છે. તેથી સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં ત્રણે આનુપૂર્વીનો ઉદય હોય છે.

પ્રશ્ન :- (૬૨) સિદ્ધાંતકારનાં મતે અસંજ્ઞીમાર્ગણામાં ઉદયસ્વામિત્વ જણાવો.

જવાબ :- સિદ્ધાતકારનાં મતે અસંજ્ઞીને નપુંસકવેદ જ હોય છે, સ્ત્રીવેદ કે પુરુષવેદ હોતો નથી. અને અસંજ્ઞીને છેલ્લુ સંઘયણ અને છેલ્લુ સંસ્થાન જ હોય છે. તેથી પહેલા પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન હોતા નથી. એટલે **અસંજ્ઞીમાર્ગણામાં ઓઘે** સ્ત્રીવેદ, પુરુષવેદ, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, વૈક્રિયાષ્ટક. આહારકદ્વિક, જિનનામ, પહેલા પાંચ

સંઘયણ, પહેલા પાંચ સંસ્થાન અને ઉચ્ચગોત્ર એમ કુલ-૨૬ વિના જ્ઞા૦૫ + દ૦૯ + વે૦૨ + મો૦૨૪ + આ૦૨ + નામ-૪૮ [નરકગતિવગેરે ૧૯ વિના] + **નીચગોત્ર** + અં૦૫ = ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

મિથ્યાત્વે ઓઘની જેમ ૯૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

સાસ્વાદનગુણઠાણે જ્ઞા૦૫ + દ૦૪ [નિદ્રાપંચક વિના] + વે૦૨ + મોહ૦૨૩ [૨૪માંથી મિથ્યાત્વમો૦ વિના] + **તિર્યંચાયુ** [મનુષ્યાયુ વિના]+ નામ-૩૫ [૪૮માંથી મનુષ્યદ્વિક, આતપ, ઉદ્યોત, પરાઘાત, વિહા૦૨, ઉચ્છ્વાસ, સુસ્વર, દુઃસ્વર, સૂક્ષ્મત્રિક એ-૧૩ વિના] + **નીચગોત્ર** + અંત૦૫ = ૭૬ પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૬૩) ઉદ્યોતનો ઉદય કયા જીવને હોય ? કયા જીવને ન હોય ?

જવાબ :- (૧) નારકને ઉદ્યોતનો ઉદય હોતો નથી.

(૨) દેવોને મૂળવૈક્રિય શરીરમાં ઉદ્યોતનો ઉદય હોતો નથી પણ ઉત્તરવૈક્રિયશરીરમાં ઉદ્યોતનો ઉદય હોય છે.

(૩) મનુષ્યને ઔદારિકશરીરમાં ઉદ્યોતનો ઉદય હોતો નથી પણ સંયમીને ઉત્તરવૈક્રિયશરીર અને આહારકશરીરમાં ઉદ્યોતનો ઉદય હોય છે.

(૪) તેઉકાય અને વાઉકાયને ઉદ્યોતનો ઉદય હોતો નથી. પણ પૃથ્વીકાય, જલકાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીતિર્યંચપંચેન્દ્રિય અને સંજ્ઞી તિર્યંચને ઔદારિકશરીરમાં ઉદ્યોતનો ઉદય હોય છે. તેમજ સંજ્ઞી તિર્યંચને ઉત્તરવૈક્રિયશરીરમાં પણ ઉદ્યોતનો ઉદય હોય છે.

(૫) લબ્ધિ-અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યને ઉદ્યોતનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :- (૬૪) થીણદ્ધિત્રિકનો ઉદય કઈ માર્ગણામાં ન હોય ?

જવાબ :- નરકગતિ, દેવગતિ, યુગલિક તિર્યંચ-મનુષ્ય, લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્ય, ઔદારિકમિશ્રયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્રયોગ, કાર્મણકાયયોગ, કેવળજ્ઞાન, સૂક્ષ્મ-સંપરાયચારિત્ર, યથાખ્યાત, કેવળદર્શન અને અણાહારી માર્ગણામાં થીણદ્ધિત્રિકનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :-(૬૫) કઈ માર્ગણામાં યશનામકર્મનો ઉદય ન હોય ?

જવાબ :- નરકગતિ, તેઉકાય, વાઉકાય, અને લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યમાર્ગણામાં યશનામકર્મનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :- (૬૬) આનુપૂર્વીનો ઉદય કઈ માર્ગણામાં ન હોય ?

જવાબ :- મનોયોગ, વચનયોગ, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્રયોગ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન, દેશવિરતિ, સામાયિકચારિત્ર, છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, મિશ્રસમ્યક્ત્વ અને આહારીમાર્ગણામાં એકે ય આનુપૂર્વીનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :- (૬૭) કઈ પ્રકૃતિનો ઉદય સર્વે માર્ગણામાં હોય ?

જવાબ :- શાતા, અશાતા, કાર્મણશરીર, તૈજસશરીર, વર્ણાદિ-૪, અગુરુલઘુ, નિર્માણ, બાદર, પર્યાપ્તનામકર્મ, સ્થિર, શુભ, અસ્થિર અને અશુભ એ-૧૬ પ્રકૃતિનો ઉદય સર્વેમાર્ગણામાં હોય છે.

પ્રશ્ન :- (૬૮) દર્શનમોહનીય કર્મનો ઉદય કેટલી માર્ગણામાં ન હોય ?

જવાબ :-કેવળજ્ઞાન, કેવળદર્શન, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, સાસ્વાદન, ઉપશમ-સમ્યક્ત્વ અને ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં દર્શનમોહનીયનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :-(૬૯) કઈ માર્ગણામાં પ્રમત્તસંયમીને આહારકદ્વિકનો ઉદય ન હોય?

જવાબ :- ઔદારિકકાયયોગ, સ્ત્રીવેદ, પરિહાર વિશુદ્ધિ અને ઉપશમ સમ્યક્ત્વ માર્ગણામાં પ્રમત્ત સંયમીને આહારકદ્વિકનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :-(૭૦) કેટલી માર્ગણામાં એક જ ગુણઠાણે ઉદયસ્વામિત્વ ઘટી શકે છે?

જવાબ :-અગ્નિકાય, વાયુકાય, મિથ્યાત્વ, મિશ્ર, સાસ્વાદન, દેશવિરતિ, સૂક્ષ્મ-સંપરાય અને અભવ્યમાર્ગણામાં માત્ર એક જ ગુણઠાણે ઉદયસ્વામિત્વ ઘટી શકે છે.

પ્રશ્ન :- (૭૧) કેટલી માર્ગણામાં ઉદ્યોતનો ઉદય હોતો નથી ?

જવાબ :--નરકગતિ, દેવગતિ, મનુષ્યગતિ, તેઉકાય, વાઉકાય, ઔદારિક મિશ્રયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રયોગ, કાર્મણકાયયોગ, મનઃપર્યવજ્ઞાન,

કેવળજ્ઞાન, સામાયિકચારિત્ર, છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચારિત્ર, કેવળદર્શન, અને અણાહારીમાર્ગણામાં ઉદ્યોતનો ઉદય હોતો નથી.

પ્રશ્ન :--(૭૨) કેટલી માર્ગણામાં સર્વ [૧૨૨] પ્રકૃતિનો ઉદય હોય છે ?

જવાબ :- (૧) સામાન્યથી કાયયોગ અને (૨) ભવ્યમાર્ગણામાં સર્વ [૧૨૨] પ્રકૃતિ ઉદયમાં હોય છે.

પ્રશ્ન :- (૭૩) કેટલી માર્ગણામાં ઓઘની જેમ [કર્મસ્તવમાં કહ્યાં મુજબ] ઉદયસ્વામિત્વ ઘટી શકે છે ?

જવાબ :--મત્યાદિ-૫ જ્ઞાન, મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, સામાન્યથી કાયયોગ, અવિરતિ, દેશવિરતિ, સામાયિકચારિત્ર, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચારિત્ર, મિથ્યાત્વ, મિશ્ર, સાસ્વાદન, ક્ષયોપશમ, ભવ્ય, અભવ્ય અને કૃષ્ણાદિ-૩ લેશ્યા એમ કુલ-૨૩ માર્ગણામાં ઓઘની જેમ [કર્મસ્તવમાં કહ્યા મુજબ] ઉદયસ્વામિત્વ ઘટી શકે છે.

પ્રશ્ન :- (૭૪) કેટલીમાર્ગણામાં માત્ર નીચગોત્રનો જ ઉદય હોય છે? અને કેટલી માર્ગણામાં માત્ર ઉચ્ચગોત્રનો જ ઉદય હોય છે ?

જવાબ :- નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને અસંજ્ઞી એમ કુલ-૧૨ માર્ગણામાં માત્ર નીચગોત્રનો જ ઉદય હોય છે.

દેવગતિ, મનઃપર્યવજ્ઞાન, કેવળદ્વિક, સામાયિક, છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ-૯ માર્ગણામાં ઉચ્ચ-ગોત્રનો જ ઉદય હોય છે.

પ્રશ્ન :- (૭૫) કઈ માર્ગણામાં આયુષ્યકર્મની ઉદીરણા ન હોય ?

જવાબ :- કેવળજ્ઞાન, સૂક્ષ્મસંપરાયચારિત્ર, યથાખ્યાતચારિત્ર, અને કેવળદર્શન માર્ગણામાં આયુષ્યકર્મની ઉદીરણા હોતી નથી.

સત્તાસ્વામિત્વ

પ્રશ્ન :- (૭૬) નામકર્મની ૯૩ પ્રકૃતિની સત્તાવાળો જીવ કઈ માર્ગણામાં ઉત્પન્ન થઈ શકતો નથી ?

જવાબ :-નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, વિભંગજ્ઞાન, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર અને અસંજ્ઞીમાર્ગણામાં નામકર્મની ૯૩ પ્રકૃતિની સત્તાવાળો જીવ ઉત્પન્ન થઈ શકતો નથી.

પ્રશ્ન :- (૭૭) તિર્યંચગતિમાં તીર્થંકરનામકર્મની સત્તા હોય કે નહીં ?

જવાબ :--શાસ્ત્રમાં કહ્યું છે કે, અનિકાચિત તીર્થંકરનામકર્મની સત્તાવાળો જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. પણ નિકાચિત તીર્થંકર નામકર્મની સત્તાવાળો જીવ તિર્યંચગતિમાં ઉત્પન્ન થઈ શકતો નથી. એટલે તિર્યંચગતિમાર્ગણામાં નિકાચિત તીર્થંકરનામકર્મની સત્તા ન હોય પણ અનિકાચિત તીર્થંકરની સત્તા હોઈ શકે છે.

પ્રશ્ન :- (૭૮) કઈ માર્ગણામાં નરકાયુષ્યની સત્તા ન હોય ?

જવાબ :- દેવગતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, જલકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ઔદારિકમિશ્રયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્રયોગ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રમાર્ગણામાં નરકાયુષ્યની સત્તા હોતી નથી.

પ્રશ્ન :--(૭૯) કઈ માર્ગણામાં તિર્યંચાયુની સત્તા ન હોય ?

જવાબ :--વૈક્રિયમિશ્રયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્રયોગ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રમાર્ગણામાં તિર્યંચાયુષ્યની સત્તા હોતી નથી.

પ્રશ્ન :- (૮૦) મનુષ્યગતિમાર્ગણામાં કઈ પ્રકૃતિઓ એકી સાથે ઉદય અને સત્તામાંથી નાશ પામે છે ?

જવાબ :--જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, વેદનીય-૨, નપુંસકવેદોદયે શ્રેણી માંડનારને નપુંસકવેદ, સ્ત્રીવેદોદયેશ્રેણી માંડનારને સ્ત્રીવેદ,

સમ્યક્ત્વમોહનીય, સંજ્વલનલોભ, મનુષ્યાયુ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, સુભગ, આદેય, યશઃકીર્તિ, તીર્થંકરનામકર્મ, ઉચ્ચગોત્ર અને અંતરાય-૫ એમ કુલ-૩૧ પ્રકૃતિ એકીસાથે ઉદય અને સત્તામાંથી નાશ પામે છે.

પ્રશ્ન :- (૮૧) મનુષ્યાયુષ્યની સત્તા કઈ માર્ગણામાં ન હોય ?

જવાબ :--(૧) અગ્નિકાય, (૨) વાયુકાય અને (૩) વૈક્રિયમિશ્રયોગ-માર્ગણામાં મનુષ્યાયુષ્યની સત્તા હોતી નથી.

પ્રશ્ન :- (૮૨) યુગલિક તિર્યંચ-મનુષ્ય માર્ગણામાં સત્તાસ્વામિત્વ જણાવો.

જવાબ :--યુગલિક તિર્યંચ-મનુષ્યમાર્ગણામાં **ઓઘે** નરકાયુ, મનુષ્યાયુ અને જિનનામ વિના **૧૪૫** પ્રકૃતિ સત્તામાં હોય છે.

:- યુગલિકમનુષ્યમાર્ગણામાં મિથ્યાત્વે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ
નરકાયુ+ તિર્યંચાયુ + જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
ન૦આ૦+તિ૦આ૦+ દે૦આ૦+જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૨	૨	૫	૧૪૪
૨આયુ૦+જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩આયુ+જિ૦+આહા૦૪વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલંના પછી	૫	૯	૨	૨૭	મ૦	૮૮	૨	૫	૧૩૯
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ મિ૦	૫	૯	૨	૨૬	૨	૮૮	૨	૫	૧૩૯
મિશ્રની ઉદ્વલના પછી કે અનાદિ- મિ૦	૫	૯	૨	૨૬	મ૦	૮૮	૨	૫	૧૩૮

-: યુગલિકમનુષ્યમાં સાસ્વાદનગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ
૨આ૦+જિ૦+આ૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩આયુ+ જિ૦ +આ૦૪ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૮	૨	૫	૧૪૦

-: યુગલિકમનુષ્યમાં મિશ્રગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ	
૨આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૨	૨	૫	૧૪૪
૨આયુ+ જિ૦ +આ૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩ આયુ+ જિ૦ +આ૦૪ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	૨	૮૮	૨	૫	૧૪૦
સ૦મો૦ની ઉદ્વલના પછી	૫	૯	૨	૨૭	મ૦	૮૮	૨	૫	૧૩૯
૨આ૦+જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩આયુ+ જિ૦ +અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૯૨	૨	૫	૧૪૦
૨આ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
૩આયુ+ જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૮૮	૨	૫	૧૩૬

-: યુગલિકમનુષ્યમાં સમ્યક્ત્વગુણઠાણે સત્તાસ્વામિત્વ :-

કઈ પ્રકૃતિ ન હોય ?	જ્ઞા૦	દ૦	વે૦	મો૦	આ૦	ના૦	ગો૦	અં૦	કુલ
૨આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	૨	૯૨	૨	૫	૧૪૫
૩આયુ+જિ૦ વિના	૫	૯	૨	૨૮	મ૦	૯૨	૨	૫	૧૪૪
૨આયુ+ જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	૨	૮૮	૨	૫	૧૪૧
૩ આયુ+ જિ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૮	મ૦	૮૮	૨	૫	૧૪૦
૨ આયુ+ જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	૨	૯૨	૨	૫	૧૪૧
૩ આયુ+ જિ૦+અનં૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૯૨	૨	૫	૧૪૦
૨ આ૦+જિ૦+અનં૦૪+આહા૪ વિના	૫	૯	૨	૨૪	૨	૮૮	૨	૫	૧૩૭
૩આ૦+જિ૦+અનં૦૪+આહા૦૪ વિના	૫	૯	૨	૨૪	મ૦	૮૮	૨	૫	૧૩૬
૩આ૦+જિ૦+અનં૦૬ વિના	૫	૯	૨	૨૨	મ૦	૯૨	૨	૫	૧૩૮
૩આ૦+જિ૦+અનં૦૬+આહા૦૪ વિના	૫	૯	૨	૨૨	મ૦	૮૮	૨	૫	૧૩૪
૨ આ૦+ જિ૦+૬૦સ૦ વિના	૫	૯	૨	૨૧	૨	૯૨	૨	૫	૧૩૮
૩ આયુ+જિ૦+૬૦સ૦ વિના	૫	૯	૨	૨૧	મ૦	૯૨	૨	૫	૧૩૭
૨ આ+જિ૦+૬૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	૨	૮૮	૨	૫	૧૩૪
૩ આ૦+જિ૦+૬૦સ૦+આહા૦૪ વિના	૫	૯	૨	૨૧	મ૦	૮૮	૨	૫	૧૩૩

યુગલિકમનુષ્યમાર્ગણામાં ૧૩૩, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૪ અને ૧૪૫ એમ કુલ ૧૦ સત્તાસ્થાન ઘટે છે. એ જ પ્રમાણે યુગલિકતિર્યંચમાં સત્તાસ્વામિત્વ કહેવું પણ મનુષ્યાયુને સ્થાને તિર્યંચાયુ કહેવું.

પ્રશ્ન :- (૮૩) કઈ માર્ગણામાં સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્કની સત્તા ન હોય ?

જવાબ :--નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, જલકાય, વનસ્પતિકાય, ઔદારિકમિશ્રયોગ, વૈક્રિયકાયયોગ અને અસંજ્ઞીમાર્ગણામાં સાસ્વાદનગુણઠાણે આહારકચતુષ્કની સત્તા હોતી નથી.

પ્રશ્ન-:- (૮૪) કઈ માર્ગણામાં મોહનીયકર્મની ૨૨ પ્રકૃતિ સત્તામાં ન હોય ?

જવાબ :--એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાયાદિ-૫, ૩ અજ્ઞાન, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, અભવ્ય, ઉપશમસમ્યક્ત્વ, ક્ષાયિકસમ્યક્ત્વ, મિશ્રસમ્યક્ત્વ, સાસ્વાદનસમ્યક્ત્વ મિથ્યાત્વ, અસંજ્ઞી, કેવલજ્ઞાન અને કેવલદર્શન માર્ગણામાં મોહનીયકર્મની ૨૨ પ્રકૃતિ સત્તામાં હોતી નથી.

પ્રશ્ન :- (૮૫) તીર્થંકરનામકર્મની સત્તા કેટલી માર્ગણામાં ન હોય ?

(૧) તિર્યંચગતિ (૨) એકેન્દ્રિય (૩) બેઇન્દ્રિય (૪) તેઇન્દ્રિય (૫) ચઉરિન્દ્રિય (૬) પૃથ્વીકાય (૭) જલકાય (૮) અગ્નિકાય (૯) વાયુકાય (૧૦) વનસ્પતિકાય (૧૧) અભવ્ય (૧૨) સાસ્વાદનસમ્યક્ત્વ (૧૩) મિશ્રસમ્યક્ત્વ અને (૧૪) અસંજ્ઞીમાર્ગણામાં તીર્થંકરનામકર્મની સત્તા હોતી નથી.

પ્રશ્ન :- (૮૬) કઈ માર્ગણામાં મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મની સત્તા ન હોય ?

જવાબ :- દેવગતિ, શુભલેશ્યા-૩ અને ઔદારિકમિશ્રયોગમાં મિથ્યાત્વગુણઠાણે તીર્થંકરનામકર્મની સત્તા હોતી નથી.

પ્રશ્ન :- (૮૭) કેટલી માર્ગણામાં સર્વપ્રકૃતિ [૧૪૮] સત્તામાં હોય છે?

જવાબ :- મનુષ્યગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય, મનોયોગ, વચનયોગ, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, કાર્મણકાયયોગ, વેદ-૩, કષાય ૪, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-૩, અવિરતિ, દેશવિરતિ, સામાયિક, છેદોપસ્થાપનીય, કૃષ્ણાદિ-૬ લેશ્યા, ભવ્ય, ઉપશમસમ્યક્ત્વ, ક્ષાયિક, ક્ષયોપશમ, મિથ્યાત્વ, સંજ્ઞી, આહારી અને અણાહારી એમ કુલ-૪૨ માર્ગણામાં **૧૪૮** પ્રકૃતિ સત્તામાં હોય છે.

પ્રશ્ન :- **(૮૮) ઉપશમસમ્યક્ત્વ માર્ગણામાં સત્તાસ્વામિત્વ જણાવો.**

જવાબ :- ઉપશમસમ્યક્ત્વ ૨ પ્રકારે છે.

(૧) **ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ** (૨) **શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ**

ગ્રન્થિભેદજન્યઉપશમ સમ્યક્ત્વમાં આહારકદ્વિકનો બંધ થતો નથી તેથી ત્યાં આહારકચતુષ્કની સત્તા હોતી નથી.

શ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ ૪ થી **૧૧** ગુણઠાણા સુધી હોય છે. કારણકે ઉપશમસમ્યક્ત્વીને ઉપશમશ્રેણીમાં ચઢતા ૮ થી **૧૧** અને નીચે ઉતરતા **૧૧** થી ૪ ગુણઠાણા સુધી શ્રેણિગતઉપશમસમ્યક્ત્વ હોય છે. ત્યાં તીર્થંકરનામકર્મ અને આહારકચતુષ્કની સત્તા હોય છે. એટલે શ્રેણિગતઉપશમસમ્યક્ત્વમાં અનંતાનુબંધીચતુષ્ક નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૨** પ્રકૃતિ સત્તામાં હોય છે.

કેટલાક આચાર્ય મ૦સા૦નું એવું માનવું છે કે, જે જીવે અનંતાનુબંધીની ઉપશમના કરી હોય તે જીવ ઉપશમ શ્રેણી માંડી શકે છે. તેથી મતાંતરે શ્રેણિગતઉપશમસમ્યક્ત્વમાં ૪ થી **૧૧** ગુણઠાણા સુધી નરકાયુ અને તિર્યંચાયુ વિના **૧૪૬** પ્રકૃતિ સત્તામાં હોય છે.

પ્રશ્ન :- **(૮૯) સત્તાસ્થાન એટલે શું ? મોહનીયકર્મનાં કેટલા સત્તાસ્થાન છે ? એ સર્વ સત્તાસ્થાનો કઈ માર્ગણામાં હોય છે ?**

જવાબ :- **એકી સાથે સત્તામાં રહેલી પ્રકૃતિના સમુહને સત્તાસ્થાન કહે છે** મોહનીય કર્મના ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩,

૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨ અને ૧ એમ કુલ-૧૫ સત્તાસ્થાન છે.

(૧) મનુષ્યગતિ (૨) પંચેન્દ્રિય (૩) ત્રસકાય (૪) મનોયોગ (૫) વચનયોગ (૬) ઔદારિક કાયયોગ (૭) સંજ્વલનલોભ (૮) ચક્ષુદર્શન (૯) અચક્ષુદર્શન (૧૦) શુક્લલેશ્યા (૧૧) ભવ્ય (૧૨) સંજ્ઞી અને (૧૩) આહારીમાર્ગણામાં મોહનીયકર્મનાં સર્વ [૧૫] સત્તાસ્થાનો હોય છે.

પ્રશ્ન :- (૯૦) નામકર્મના કેટલા સત્તાસ્થાનો છે ? એ સર્વે સત્તાસ્થાનો કઈ માર્ગણામાં હોય છે ?

જવાબ :- નામકર્મના ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૯, ૭૮, ૭૬, ૭૫, ૯ અને ૮ એમ કુલ-૧૨ સત્તાસ્થાન છે.

પંચેન્દ્રિય, ત્રસકાય, ભવ્ય અને અણાહારી એમ કુલ-૪ માર્ગણામાં સર્વે સત્તાસ્થાનો ઘટે છે.

પ્રશ્ન :- (૯૧) કઈ પ્રકૃતિની સત્તા સર્વેમાર્ગણામાં હોય છે ?

જવાબ :- શાતા, અશાતા, નીચગોત્ર, ઉચ્ચગોત્ર, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, શરીર-૫, અંગોપાંગ-૩, બંધન-૫, સંઘાતન-૫, સંઘયણ-૬, સંસ્થાન-૬, વર્ણાદિ-૨૦, વિહાયોગતિ-૨, અગુરુલઘુચતુષ્ક, નિર્માણ, ત્રસ-૧૦, અપર્યાપ્તનામકર્મ, અસ્થિરષટ્ક એમ કુલ-૮૩ પ્રકૃતિની સત્તા સર્વેમાર્ગણામાં હોય છે.

પ્રશ્ન :- (૯૨) કેટલી માર્ગણામાં ઓઘની જેમ [કર્મસ્તવમાં કહ્યાં મુજબ] સત્તાસ્વામિત્વ ઘટી શકે છે ?

જવાબ :- મનુષ્યગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય, મનોયોગ, વચનયોગ, સામાન્યથી કાયયોગ [ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ], વેદ-૩, કષાય-૪, મત્યાદિ-૩ જ્ઞાન, અજ્ઞાન-૩, અવિરતિ, દેશવિરતિ, સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન, કેવળદ્વિક, ૬લેશ્યા, ભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, ક્ષયોપશમ, સંજ્ઞી, અને આહારી એમ કુલ-૪૩ માર્ગણામાં પોતપોતાના

સર્વ ગુણઠાણે ઓઘની જેમ [કર્મસ્તવમાં કહ્યાં મુજબ] સત્તાસ્વામિત્વ જાણવું.....

પ્રશ્ન : (૯૩) કઈ માર્ગણામાં સૌથી ઓછી પ્રકૃતિ સત્તામાં હોય છે ?

જવાબ :- કેવળજ્ઞાન અને કેવળદર્શન માર્ગણામાં સૌથી ઓછી [૮૫] પ્રકૃતિ સત્તામાં હોય છે.

પ્રશ્ન :- (૯૪) કેટલી માર્ગણામાં નામકર્મની ૮૦ પ્રકૃતિ સત્તામાં ન હોય?

જવાબ :- નરકગતિ, દેવગતિ, વૈક્રિયમિશ્રયોગ, વૈક્રિયકાયયોગ, આહારક-મિશ્રયોગ, આહારકકાયયોગ, વિભંગજ્ઞાન, દેશવિરતિ, પરિહારવિશુદ્ધિ, તેજો, પદ્મ, સાસ્વાદનસમ્યક્ત્વ, મિશ્રસમ્યક્ત્વ, ઉપશમસમ્યક્ત્વ, ક્ષયોપશમ-સમ્યક્ત્વ માર્ગણામાં નામકર્મની ૮૦ પ્રકૃતિ સત્તામાં હોતી નથી.

પ્રશ્ન :- (૯૫) કઈ માર્ગણામાંથી જીવ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે ?

જવાબ :- (૧) મનુષ્યગતિ (૨) પંચેન્દ્રિય (૩) ત્રસકાય (૪) કેવળજ્ઞાન (૫) યથાખ્યાતચારિત્ર (૬) કેવળદર્શન (૭) ભવ્ય (૮) ક્ષાયિકસમ્યક્ત્વ (૯) સંજ્ઞી અને (૧૦) અણાહારી માર્ગણામાંથી જીવ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

--: પ્રશ્નોત્તરી સમાપ્ત :-

પૂ. શ્રી દેવેન્દ્રસૂરિમહારાજા વિરચિત

બંધસ્વામિત્વ

बंधविहाणविमुक्कं, वंदिय सिरिवद्धमाणजिणचंदं ।
गइयाईसु वुच्छं, समासओ बंधसामित्तं ॥१॥
जिण सुरविउव्वाहारदु, देवाउ य निरयसुहुमविगलतिगं ।
एगिंदि थावरायव, नपु-मिच्छं हुंड-छेवट्ठं ॥२॥
अणमज्झागिइसंघयण-कुखगईनियइत्थिदुहगथीणतिगं ।
उज्जोय तिरिदुगं, तिरिनराउ नरउरलदुगरिसहं ॥३॥
सुरइगुणवीसवज्जं, इगसउ ओहेण बंधहिं निरया ।
तित्थ विणा मिच्छि सयं, सासणि नपु चउ विणा छन्नुई ॥४॥
विणु अणछवीस मीसे, बिसयरि सम्ममि जिणनराउ जुया ।
इय रयणाइसु भंगो, पंकाइसु तित्थयरहीणो ॥५॥
अजिणमणुआउ ओहे, सत्तमिए नरदुगुच्चविणु मिच्छे ।
इगनवई सासाणे, तिरिआउ नपुंसचउवज्जं ॥६॥
अणचउवीसविरहिया, सनरदुगुच्चा य सयरि मीसदुगे ।
सतरसओ ओहि मिच्छे, पज्जतिरिया विणु जिणाहारं ॥७॥
विणु नरयसोल सासणि, सुराउ अण एगतीस विणु मीसे ।
ससुराउ सयरि सम्मे, बीयकसाए विणा देसे ॥८॥
इय चउगुणेसु वि नरा, परमजया सजिण ओहु देसाई ।
जिणइक्कारसहीणं, नवसउ अपज्जत्ततिरियनरा ॥९॥
निरयव्व सुरा नवरं, ओहे मिच्छे इगिंदितिगसहिया ।
कप्पदुगे वि य एवं, जिणहीणो जोइभवणवणे ॥१०॥
रयणुव्व सणंकुमाराइ, आणयाई उज्जोय चउरहिया ।
अपज्जतिरियव्व नवसय-मिगिंदिपुढविजलतरुविगले ॥११॥
छनवइ सासणि विणु, सुहुमतेर केइ पुण, बिंति चउनवइं ।
तिरियनराऊहिं विणा, तणुपज्जत्तिं न जंति जओ ॥१२॥

ओहु पणिंदितसे, गइतसे जिणिक्कार नरतिगुच्चविणा ।
मणवयजोगे ओहो, उरले नरभंगु तम्मिस्से ॥१३॥
आहारछगविणोहे, चउदससउमिच्छिजिणपणगहीणं ।
सासणि चउनवइ विणा, तिरिअनराऊ सुहुमतेर ॥१४॥
अणचउवीसाइ विणा, जिणपणजुय सम्मि जोगिणो सायं ।
विणु तिरिनराउ कम्मेवि, एवमाहारदुगि ओहो ॥१५॥
सुरओहो वेउव्वे, तिरियनराउरहिओ य तम्मिस्से ।
वेयतिगाइमबियतिय कसाय नव दु चउ-पंच गुणे ॥१६॥
संजलणतिगे नव दस, लोभे चउ अजइ दुति अनाणतिगे ।
बारस अचक्खुचक्खुसु, पढमा अहक्खाय चरमचऊ ॥१७॥
मणनाणि सग जयाई, समइयच्छेय चउ दुन्नि परिहारे ।
केवलदुगि दो चरमा, ऽजयाइ नव मइसुओहि दुगे ॥१८॥
अड उवसमि चउ वेयगि, खइए इक्कार मिच्छतिगि देसे ।
सुहुमि सठाणं तेरस, आहारगि नियनियगुणोहो ॥१९॥
परमुवसमि वट्टंता, आउ न बंधंति तेण अजयगुणे ।
देवमणुआउहीणो, देसाइसु पुण सुराउ विणा ॥२०॥
ओहे अट्ठारसयं, आहारदुगूण माइलेसतिगे ।
तं तित्थोणं मिच्छे, साणाइसु सव्वहिं ओहो ॥२१॥
तेऊ नरयनवूणा, उज्जोयचउनरयबार विणु सुक्का ।
विणु नरयबार पम्हा, अजिणाहारा इमा मिच्छे ॥२२॥
सव्वगुणभव्वसन्निसु, ओहु अभव्वा असन्निमिच्छिसमा ।
सासणि असन्नि सन्निव्व, कम्मणभंगो अणाहारे ॥२३॥
तिसु दुसु सुक्काइ गुणा, चउ सग तेरत्ति बन्धसामित्तं ।
देविंदसूरिलिहियं, नेयं कम्मत्थयं सोउं ॥२४॥

પૂ વીરશેખરસૂરિમહારાજા વિરચિત

ઉદય-ઉદીરણાસ્વામિત્વ

णमिअ अणुदयणुदीरग-सिरिवीरं उदयुदीरणासामिं ।
पयडीण मग्गणासुं कहिमु, जहसुयं गुरुपसाया ॥१॥
णिरयेसुदयछसयरी, थीणद्धितिगपुमथी विणा घाई ।
सायेयरणिरयाऊ, णीअं णामस्स तीसाओ ॥२॥
णिरयुदयारिहणामा, णिरयविउवदुगपणिंदिहुंडधुवा ।
परघूसासुवघाया, कुखगइतसदुहगचउगाणि ॥३॥
सम्मत्तमीसऽणुदया, मिच्छे चउसत्तरी उ मिच्छंतो ।
णिरयाणुपुव्विणुदया, दुसयरिपयडीअ सासाणे ॥४॥
चउअणछेओ मीसे, गुणसयरी मीससंजुआ णेया ।
मीसच्छेओ सम्मे, सयरी णिरयाणुसम्मजुओ ॥५॥
णवरं पंकाईसु, सासाणे च्च णिरयाणुपुव्विखओ ।
बीअतइअणिरयेसु वि, एवं इच्छंति अण्णे उ ॥६॥
सिद्धंतमएऽज्जणिरय-छगे ससम्मो वि जाइ तेणुदओ ।
छज्जणिरयेसु तुरिए, गुणम्मि णिरयाणुपुव्वीए ॥७॥
तिरिये विउवट्ठगणर-तिगआहारदुगतित्थउच्चूणा ।
सत्तसयं मिच्छत्ते, पंचसयं सम्ममीसूणा ॥८॥
सासाणे मिच्छायव-सुहमतिगंता सयं मीसे ।
अणजाइचउगथावर-तिरियाणुं विण समीसा य ॥९॥
एगणवई दुणवई, सम्मे सम्मतिरियाणु पुव्विजुआ
मीसं विणं देसे णरतिगं, विणोघव्व चुलसीई ॥१०॥
पज्जपणिंदितिरिक्खे, थावरजाइचउगायवेहि विणा ।
तिरियोहो अडणवई, मिच्छे विण दोहि छण्णवई ॥११॥
मिच्छत्तमोहवज्जा, पयडी सासायणम्मि पणणवई ।
तिरियव्व अत्थि तीसुं, मीसाईसु गुणठाणेसुं ॥१२॥

तदपज्जे घाई विण, पुमथीसम्मजुगलं व थीणतिगं ।
सायेयरतिरियाऊ, णीअं णामस्स सगवीसा ॥१३॥
तिरिउरलदुगपणिंदिय-धुवहुंडछिवट्ठबायरुवघाया ।
तसपत्तेअअपज्जा, दुहगाणादेयअजसाणि ॥१४॥
विउवऽट्ठगतिरितिगचउ-जाइपणगथावरायवदुगूणा ।
मणुए दुसयं मिच्छे, पंच विणा सत्तणवईओ ॥१५॥
मिच्छापज्जूणा पणणवई साणे तिरिव्व मीसतिगे ।
णवरि णियाऽत्थि तहुच्चं, णुज्जोअं णीअमवि देसे ॥१६॥
सत्त पमत्ताईसुं, ओघव्व अपज्जतिरिपणिंदिव्व ।
असमत्तनरे णवरं, मणुयतिगं तिरितिगट्ठाणे ॥१७॥
देवेसु उदयसीई, थीणद्धितिगणपुमा विणा घाई ।
सायेयरदेवाऊ उच्चं णामस्स तेत्तीसा ॥१८॥
सुरविउवदुगपणिंदिय-ऽणादेयदुहगसुहागिई अजसं ।
परघूसासुवघाया, सुखगइतससुहगचउगधुवणामा ॥१९॥
सम्मत्तमीसमोहा, वज्जेउं अट्ठसत्तरी मिच्छे ।
मिच्छत्तमोहवज्जा, सासाणे सत्तसयरीओ ॥२०॥
विण अणसुराणुपुव्वी, मिस्से मिस्सोदयेण य तिसयरी ।
मीसूणा चउसयरी, सम्मे सम्माणुपुव्विजुआ ॥२१॥
णवरं सिद्धंतमए, भवणतिगे एवमेव कम्ममए ।
देवाणुपुव्विवज्जा, विण्णेया तिसयरी सम्मे ॥२२॥
तइआईसु सुरेसुं, गेविज्जंतेसु इत्थिवेऊणा ।
पणऽणुत्तरेसु तुरिअं, च्च गुणं तहि तिसयरी विण थिं ॥२३॥
एगिंदिये असीई, घाई थीपुरिससम्ममीसूणा ।
सायेयरतिरियाऊ णीअं णामस्स तेत्तीसा ॥२४॥
तिरिदुगएगिंदियुरल धुवथावरचउगबायरतिगाणि ।
दुहगाणादेयअजस-जसहुंडगपंचपत्तेआ ॥२५॥
मिच्छे असीइपयडी सडसट्ठी अत्थि सासणे मोत्तुं ।
पणनिद्द सुहमतिगमिच्छआयवदुगपरघायऊसासा ॥२६॥

विगलेसु इगिंदियथावरदुगसाहारणायवूणा ता ।
ससजाइउरलुवंगकुखगइछिवट्ठतसदुसरजुआ ॥२७॥
मिच्छे बासीई गुणसयरी साणे विणा-ऽत्थि पणनिद्दा
मिच्छकुखगइपरघू-सासुज्जोअसरदुगअपज्जविणा ॥२८॥
अत्थि चउजाइआयव-साहारणथावरदुगूणा ।
चउदसयं पंचक्खे, पण विण मिच्छे णवजुअसयं ॥२९॥
सासाणे छसयं विण, मिच्छापज्जणिरयाणुपुव्वीहिं ।
ओघव्व जाणियव्वा, मिस्साईसु गुणठाणेसुं ॥३०॥
एगिंदियव्व पुहवी-दगहरिएसु परमत्थि पुहवीए ।
साहारणं विण वणे, विणायवं दोण्णि वि विण दगे ॥३१॥
साहारायवदुगजस-वज्जो एगिंदियोहभंगो उ ।
तेउअणिलकायेसुं, ओहे मिच्छे य णायव्वो ॥३२॥
एगिंदियसाहारण-थावरसुहमायवं विणा-ऽत्थि तसे ।
सत्तरससयं ओहे, मिच्छे पंच विण बारसयं ॥३३॥
सासाणम्मि णवसयं, मिच्छापज्जणिरयाणुपुव्विविणा ।
ओघव्व जाणियव्वा, मिस्साईसु गुणठाणेसुं ॥३४॥
मणवयणेसुं आयव-थावरजाइअणुपुव्विचउगूणा ।
मिच्छम्मि विणा पणगं, मिच्छूणा सासणे तिसयं ॥३५॥
ओघव्व जाव सगुणं, परमणुपुव्विं विणा सयं सम्मे ।
ववहारवये कुज्जा, ओहे मिच्छे य विगलजुआ ॥३६॥
तम्मिस्से अदुणिद्दा परघूसाससरखगइदुगमीसा।
ओघव्व कायजोगे, पढमा तेरस गुणा अणाणदुगे ।
अज्जा दो तिण्णि व णव, तिणाणओहीसु अजयाई ॥३७॥
सत्त खलु पमत्ताई, चउत्थणाणम्मि केवलदुगम्मि ।
दो चरमगुणा समइअ-छेएसुं चउपमत्ताई ॥३८॥

सट्ठाण खलु देसे, सुहमे सासाणमीसमिच्छेसुं ।
चत्तारि अहक्खाये, चरमा ऽज्जा य चउरो अजए ॥३९॥
बार अचक्खुदरिसणे, पढमा भवियम्मि सव्वगुणठाणा ।
पढममभविये चउरो, अजयाई वेअगे णेया ॥४०॥
ओराले विउवऽट्ठग-आहारऽणुपुव्विदुगअपज्जूणा ।
णवजुत्तसयं मिच्छे, छसयं सम्माइतिगहीणो ॥४१॥
मिच्छचउजाइआयव-साहारणथावरदुगूणा ।
साणे सगणवई चउ-णवई मीसे समीसअणहीणा ॥४२॥
मीसं विणा ससम्मा, सम्मे ओघव्व सेसगुणणवगे ।
णवरि पमत्ते आहारदुगाभावाउ णवसयरी ॥४३॥
परघूसास विउवऽट्ठग-सरायवाहारखगइआणुदुगं ।
मीसं विणिगसयमुरल-मीसे व विण पणनिद्द थीणतिगं ॥४४॥
सम्मजिणा विण मिच्छे, मिच्छापज्जत्तसुहुमसाहारं ।
पणनिद्दा विण साणे, सम्मे सम्म सहियाऽसीई ॥४५॥
चउअणजाइणपुमथी-थावरहीणा व दुपणणिद्दजुआ ।
परघूसासखगइसर-दुगवज्जोहो सजोगिम्मि ॥४६॥
विउवे णिरयाउगगइ-हुंडणपुमणीअकुसरखगइजुओ ।
देवाणुपुव्विविजुओ, देवोहो पयडिछासीई ॥४७॥
मीसदुगूणा मिच्छे, चुलसीई सासणम्मि मिच्छूणा ।
मीसे सम्मेऽसीई, अणं विण कमेण मीससम्मजुआ ॥४८॥
विउवोहोसगसयरी, मिच्छे सम्मं विणा छसयरीओ ॥४९॥
सासायणम्मि सयरी, णिरयाउगआइपणगमिच्छूणा ।
सम्मे थीअणवज्जा, णिरयाउगआइपणगसम्मजुआ ॥५०॥
थीणद्धितिगउरलदुग-थीआगिइपणगसंघयणछक्कं ।
अपसत्था सरखगई विणोह छट्ठगुणठाणसमा ॥५१॥
आहारकायजोगे, बासट्ठी तस्स मीसजोगम्मि ।
परघाऊसासखगइ-सरनिद्दूणा छवण्णाओ ॥५२॥

विणपणनिद्दा मीसं, विउवुरलाहारदुगछसंघयणा ।
छागिइखगइसरायव-दुगपरघूसासउवघाया ॥५३॥
साहारणपत्तेआ, विण सगसीइ उ कम्मणे मिच्छे ।
सम्मजिणूणा पंचासीई साणे गुणासीई ॥५४॥
मिच्छणिरयतिगसुहमअ-पज्जूणा सम्मणिरयतिगजुत्ता ।
अणजाइचउगथावर-थी विण सम्मे उण तिसयरी ॥५५॥
ओहो उरलदुगवइर-आगिइखगइसरणामपत्तेआ ।
परघूसासुवघाया, विण पणवीसा सजोगिम्मि ॥५६॥
वेअजुगलणारयतिग-थावरजाइचउगायवजिणूणा ।
सत्तजुअसयं पुरिसे, मिच्छे सम्माइचउवज्जा ॥५७॥
मिच्छत्तमोहवज्जा, दुसयं सासायणम्मि अणुपुव्वी ।
पढमकसाया य विणा, मीसजुआ छणवई मीसे ॥५८॥
मीसूणा णवणवई, सम्मम्मि तिआणुपुव्विसम्मजुआ ।
ओघव्व दुवेऊणा, देसाईसु गुणठाणेसुं ॥५९॥
थीअ पुमव्व णवरि विण, आहारदुगं कमोहछट्ठेसुं ।
पंचसयं सगसयरी, विणाऽणुपुव्वी य छणवई सम्मे ॥६०॥
सोलसजुअसयपयडी, णपुमे थीपुरिससुरतिगजिणूणा।
मिच्छे दुवालससयं, सम्माहारदुगमीसूणा ॥ ६१॥
छजुअसयं मिच्छायव-नारयअणुपुव्विसुहमतिगवज्जा ।
बीए मीसे चउअण-जाइदुअणपुव्विथावरूणाऽत्थि ॥६२॥
मीससहिया छणवई, ससम्मणिरयाणुपुव्विमीसूणा ।
सम्मम्मि सत्तणवई, पणदेसाईसु पुरिसव्व ॥६३॥
कोहाईसुं चउसुं, ओघव्व दु दु इग चउगुणेसु कमा ।
बार णव छ ति कसाया, विण ओघव्व दसमे गुणे लोहे ॥६४॥
मणजोगव्व विभंगे, दोण्णि व तिण्णि व गुणा णवरि ओहे ।
मिच्छे ससुरणिरयअणु-पुव्वी साणे सुराणुपुव्विजुआ ॥६५॥

परिहारे छट्ठे विण, थीआहारदुगपंचसंघयणा ।
छट्ठोहो अपमत्ते, सयरी थीणद्धितिगवज्जा ॥६६॥
चक्खुम्मि तिजाइसुहम-थावरसाहारणायवजिणूणा ।
चउदससयं दससयं, मिच्छे सम्माइचउवज्जं ॥६७॥
सासायणम्मि वज्जिअ, मिच्छापज्जणिरयाणुपुव्वीओ ।
सत्तजुअसयं दससुं, मिस्साइगुणेसु ओघव्व ॥६८॥
ओघव्व कुलेसासुं, सिद्धंतेऽण्णह ण किण्हणीलासुं ।
दो अणुपुव्वी सम्मे, सुराणुपुव्वी ण काऊए ॥६९॥
एगारसयं आयव-तित्थविगलणिरयसुहमतिगहीणा ।
तेऊए सत्तसयं, मिच्छे सम्माइचउवज्जा ॥७०॥
मिच्छूणा सासाणे, छजुअसयं मीसमोहसंजुत्ता ।
मीसे अडणवई विण, अणिगिंदियथावराणुपुव्वीहिं ॥७१॥
सम्मम्मि मीसहीणा, सम्मतिरियणरसुराणुपुव्विजुआ ।
एगजुअसयं तीसुं, देसाइगुणेसु ओघव्व ॥७२॥
पम्हाए णारगतिग-थावरजाइचउगायवजिणूणा ।
णवजुअसयं पणसयं, मिच्छे सम्माइचउवज्जं ॥७३॥
मिच्छूणा सासाणे, मीसाइगुणेसु पणसु तेउव्व ।
णवरि भवे सयमेगं, सम्मे तिरियाणुपुव्वी णो ॥७४॥
सुक्काए तुरिअगुणं, जा पम्हव्वऽत्थि णवरि होइ ण वा ।
तिरियाणुपुव्विउदओ, ओघव्वेत्तो सजोगिं जा ॥७५॥
सम्माईसु असम्मं, ओघव्व ण वा पणंतसंघयणा ।
खइए देसे विण तिरि-गइआउज्जोअणीआणि ॥७६॥
ओघव्व उवसमे अड, अजयाई णवरि चउसु सम्मूणा ।
अजए ण तिअणुपुव्वी, आहारदुगं वि ण य छट्ठे ॥७७॥
सण्णिम्मि विण जिणायव-थावरसुहमचउजाइसाहारं ।
तेरससयं णवसयं, मिच्छे सम्माइचउवज्जं ॥७८॥

सासाणे छसयं विण, मिच्छापज्जणिरयाणुपुव्वीहिं ।
ओघव्व अत्थि दससुं, मिस्साईसु गुणठाणेसुं ॥७९॥
अमणे जिणुच्चविउवट्ठगआहारदुगसम्ममीसूणा ।
अट्ठुत्तरसयमोहे, मिच्छे वि व णरतिगं विण पणसयं ॥८०॥
साणे अडसीई विण, पणणिद्दाणरतिगं य मिच्छतं ।
परघाऊसासायव-सरखगइदुगसुहमतिगाणि ॥८१॥
ओघव्व आणुपुव्वी, विण आहारे भवे अणाहारे ।
कम्मव्व णवरि ओघव्व अजोगिम्मि त्ति उदयसामित्तं ॥८२॥
उदयव्वुदीरणाए, सव्वह ओघव्व उण विसेसो वि ।
मुणिवीरसेहरथुअं, णमह णुदयुदीरणं वीरं ॥८३॥
सिरिपेमसूरिगुरुवर-रज्जे भूवा गहिंदुणह (२०१९) वासे ।
वीरां-ऽकमयजिणद्दे (२४८९) जावालपुरे समत्तमिमं ॥८४॥

પૂ શ્રી વીરશેખરસૂરિમહારાજા વિરચિત

सत्तास्वामित्व

हयनिखिलकम्मसत्तं, सिरिवीरं वीरसेहरं सरिउं ।
पयडीण मग्गणासुं जहसुत्तं कहिमु सत्तसामित्तं ॥१॥

णिरयेसु विण सुराउं, सगचत्तसयं तहाऽज्जतुरिएसुं ।
बीए बायालसयं, आहारचउक्कतित्थूणा ॥२॥

आहारचउक्कजुआ, हवेज्ज मीसे छचत्तसयमेवं ।
पढमचउत्थगुणेसु वि, तीसुं तुरिआइणिरयेसुं ॥३॥

जिणणरदेवाऊ विण, पणचत्तअहियसयं तमतमाए ।
एवं गुणेसु चउसु वि, परमाहारचउगं विणा बीए ॥४॥

तिरिये पणिंदितिरिये, जिणं विणा सत्तचत्तसयमेवं ।
पंचसु वि गुणेसु परं, बीए आहारचउगूणा ॥५॥

असमत्तपणिंदितिरिय-णरेसु विण तित्थणारगसुराऊ ।
पणयालीसजुअसयं, देवेसु विणा-ऽत्थि णिरयाऊ ॥६॥
सगयालीसहियसयं, एवं तुरिए गुणम्मि तित्थूणा ।
छायालब्भहियसयं, आइमदुइअतइअगुणेसुं ॥७॥
णिरयाउतित्थरहियं, छचत्तअहियसयमत्थि भवणतिगे ।
तह चउगुणेसु वि णवरि, सयमाहारचउगस्स बीअगुणे ॥८॥
णिरयतिरियाउगूणा, गेविज्जंतेसु आणयाईसुं ।
छायालसयं एवं, तुरिए पढमाइतिगुणेसुं ॥९॥
पणयालीसजुअसयं, तित्थूणाऽणुत्तरेसु तुरिअगुणे ।
आहारदुगे छट्ठे, तिरिणिरयाऊ विणा छचत्तसयं ॥१०॥
ओघव्व णरपणिंदिय-तसभवियेसु सयला गुणा तेर ।
दुमणवयणकायउरल-सुक्काहारेसु पढमा-ऽत्थि ॥११॥
दुमणवय-णयण-अणयण-सण्णीसु हवेज्ज बारसगुणाऽज्जा ।
दस लोहे चउ विउवा-ऽजएसु चउ छ व कुलेसासुं ॥१२॥
बारसयं तेरसयं, जा पुमथीसु नवमे कमाऽज्जाई ।
पणचउतिजुअसयं जा, कोहाइतिगे कमा णवमे ॥१३॥
णाणतिगे ओहिम्मि य, नव अजयाई उ वेअगे चउरो ।
केवलदुगे दुवेंऽता-ऽज्जा दो तिण्णि व अणाणतिगे ॥१४॥
होइ सठाणं देसे, सुहमे सासाणमीसमिच्छेसुं ।
अहखाए चरमचऊ, सत्तऽज्जा तेउपउमासुं ॥१५॥
णवरं तित्थयरं विण, सगचत्तालीससंजुयसयं तु ।
गुणठाणम्मि य पढमे, तीसु पसत्थासु लेसासुं ॥१६॥
एगिंदिविगलभूदग-वणेसु विण तित्थणारगसुराऊ ।
पणयालसयं बीए, णराउआहारचउगूणा ॥१७॥
चउआलीससयं जिण-तिआउहीणाऽत्थि तेउवाऊसुं ।
णिरयामराउगूणा, छायालसयं उरलमीसे ॥१८॥

एमेव चउत्थे विण, तित्थं पढमतइएसु सासाणे ।
तित्थाहारचउक्कं, विणा सजोगिम्मि ओघव्व ॥१९॥
छायालसयं विक्किय-मीसे विण तिरिणराउगं एवं ।
पढमचउत्थे बीए, चउचत्तसयं अतित्थणिरयाऊ ॥२०॥
कम्मे सव्वा एवं, पढमचउत्थेसु तित्थणिरयाऊ ।
विण छायालहियसयं, बीए ओघव्व तेरसमे ॥२१॥
णपुमे अडतीससयं, जा ओघव्व गुणठाणणवगम्मि ।
ताउ खवगसेढीए, गुणठाणे अट्ठमे णवमे ॥२२॥
णेया सगतीससयं, विण तित्थयरं तओऽत्थि णवमगुणे ।
ओघव्विगवीससयं, तेरसयं च विण तित्थयरं ॥२३॥
ओघव्व पमत्ताई, सत्त उ मणपज्जवम्मि अत्थि परं ।
अडयालसयट्ठाणे, तिरिणिरयाऊ विणा छचत्तसयं ॥२४॥
ओहचउपमत्ताई, समइअछेएसु तुरिअणाणव्व ।
दो परिहारे अभवे, तित्थाहारचउसम्ममीसूणा ॥२५॥
खइए इगचत्तसयं, विण दंसणसत्तगं चउसु एवं ।
तुरियाईसुं केइ उ, देसाइतिगे विणाउदुगं ॥२६॥
गुणचत्तसयं अट्ठम-गुणाइचउगेऽट्ठमे गुणे णवमे ।
अडतीससया इत्तो, जाव अजोगिगुणमोघव्व ॥२७॥
अजयाईसुं अट्ठसु, गुणेसु खलु उवसमम्मि ओघव्व ।
णवरिं णवमदसमेसुं, बावीससयाइवज्जाओ ॥२८॥
अमणे सगचत्तसयं, विणा जिणं एवमेव मिच्छगुणे ।
साणे चत्तहियसयं, तिआउआहारचउगूणा ॥२९॥
कम्मव्व अणाहारे, ओघव्व चउदसमेऽत्थि वीरपहुं ।
मुणिवीरसेहरथुअं, णमह हयासेसकम्मरयसत्तं ॥३०॥
सिरिपेमसूरिगुरुवर-रज्जे भूवागहिंदुनह (२०१९) वासे ।
वीरां-ऽकमयजिणहे (२४८९), जावालपुरे समत्तमिणं ॥३१॥

તૃતીયકર્મગ્રંથ

બંધસ્વામિત્વ

રમ્યરેણુ



BHARAT GRAPHICS : Ahmedabad.
Ph. : (079) 22134176, 22124723